'પ્રજાબંધુ' ના
ગ્રાહકોને સને ૧૯૨૯ ની ભેટ.

સોરઠનો મહાવીર



[illegible]
[illegible]

આજે જ લખો: નમુનો મંગાવી ખાત્રી કરો.

મહાન અમેરીકન ઈલાજ

પ્રો. જેમ્સની

વીજળીક શકિતની ગોળીઓ



જેઓને પહેલાં જે ઉમંગ અને જુસ્સો ધરાવતા હતા તે કમી થતો જાય છે એમ લાગતું હોય, જેઓને રાત્રે નિદ્રા ન આવતાં વિચાર જ આવ્યા કરતા હોય, સવારે બીછાનામાંથી ઉઠતાં થાક અને નબળાઈ માલમ પડતી હોય, ભુખ ન લાગતી હોય, હાથ-પગમાં કળતર થયા કરતી હોય, થોડું કે કામ કરવાથી થાકી ગયા જેવું લાગતું હોય, યાદદાસ્ત-શક્તિ મંદ થતી જતી હોય, પીશાબમાં અથવા સ્વપ્નામાં ધાતુ જવાથી શક્તિ ઘટતી જતી લાગતી હોય, જેઓ બંધકોશ-અજીર્ણથી પીડાતા હોય— જેઓ આ એક અથવા વધુ દરદોથી પીડાતા હોય, અને બીજી દવાઓથી ફાયદો ન થયો હોય તો આજેજ

પ્રો. જેમ્સની વીજળીક શક્તિની ગોળીઓ

નો ઉપયોગ કરવાનું શરૂ કરો. તે તમારામાં ઘટી ગએલી જીવન શક્તિ પુરતા જથ્થામાં ઉત્પન્ન કરી ઉપર જણાવેલા એક યા વધુ દરદોને દૂર કરી શરીરના આખા સાંચા કામને બરાબર ઉમંગી હાલતમાં મુકી આપશે. હજારો લોકોએ આ ગોળીઓ વાપરી પૂરતો સંતોષ જાહેર કર્યો છે. તેમ તમો પણ ફાયદો મેળવી શકશો.

કીંમત—૪૦ ગોળીની શીશીના રૂ. ૨-૦-૦
„ ૨૫ „ „ રૂ. ૧-૪-૦.

વી. પી. ખર્ચ જુદું.

નમુનાની શીશી (બે દિવસ ચાલે તેટલી) રૂ. ૦-૪-૦.

ખરીદતી વખતે પ્રો. જેમ્સની વીજળીક શકિતની ગોળીઓ નામ વાંચી શીશી ખરીદશો.

સોલ એજન્ટ:—

[illegible] ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.

નં. ૨૮૫, જુમા મસીદ, મુંબઇ નં. ૨.

સોરઠનો મુત્સદ્દી વીર.

[ઐતિહાસિક નવલકથા.]

લેખક

ચંદુલાલ જેઠાલાલ વ્યાસ

રાણપુર (કાઠીયાવાડ).

કો ઘોડો, કો પરખડો, કો સત્સંગી નાર;
સરજનહારે સરજીયાં, તીન રતન સંસાર.

આવૃત્તિ ૧ લી — પ્રત ૩૮૦૦

સંવત ૧૯૮૫ — ઇ. સ. ૧૯૨૯

અમદાવાદ:
ખાડીઆ, જેઠાભાઈની પોળમાં " પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કસ " માં
ઇન્દ્રવદન બા. ઠાકોરે છાપી તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું.

મૂલ્ય રૂ. ૧

'પ્રજાબંધુ' ની ભેટો.

પુસ્તકનું નામ.	મૂલ્ય.	પુસ્તકનું નામ.	મૂલ્ય.
* અઢારમી સદીનું મહારાષ્ટ્ર	રૂા. ૧।	* ભાગ્યશાળી અમરસિંહ	રૂા. ૧।
ધારાનગરીનો મુંજ	રૂા. ૧।	* કૉન્સ્ટાન્ટીનોપલની કથા	રૂા. ૧।
* સિંધ ઉપર સ્વારી	રૂા. ૧।	* સંભાજીનું રાજ્યારોહણ	રૂા. ૧।
સોમનાથનું શિવલિંગ	રૂા. ૧।	* પુનરૂત્થાન	રૂા. ૧।
* નિઝામશાહીનો વફાદાર વઝીર	રૂા. ૧	* સ્વતંત્રતાના સિદ્ધાન્તો	રૂા. ૧।
* પાટણની પડતીનો પ્રારંભ	રૂા. ૧।	* કુમારી કામનદકી	રૂા. ૧।
* વસઈનો ઘેરો	રૂા. ૧।	* સવિતાનું સાવિત્રીવ્રત	રૂા. ૧।
ગુજરાતની ગર્જના	રૂા. ૧।	* જર કે ઝેર ?	રૂા. ૧।
* મહારાષ્ટ્રનું નૌકાબળ	રૂા. ૧।	* ઠગાઇનો ભોગ	રૂા. ૧।
* રત્નમંદિર	રૂા. ૧।	સોરઠનો મુત્સદ્દી વીર	રૂા. ૧।

* આ પુસ્તકોની થોડી થોડી પ્રતો સીલીક છે, તે 'પ્રજાબંધુ'ના ગ્રાહકને દરેક આઠ આનાની કીંમતે મળશે. બીજાઓને પૂરી કીંમતે મળશે.

"પ્રજાબંધુ" પત્રની ઓફીસ, ખાડીઆ–અમદાવાદ.

આ નવલકથાના લેખકની અન્ય નવલકથાઓ.

નિઝામશાહીનો વફાદાર વઝીર	રૂ. ૧–૪–૦
ચમત્કારિક ગુફા ભાગ ૧–૨	૫–૦–૦
પંચાસરનો જયશિખરી ભાગ ૧–૨	૬–૦–૦
અદ્ભુત લૂટારો ભાગ ૧–૨	૩–૮–૦
વિચિત્ર જગત ભાગ ૧–૨	૬–૦–૦
ભયંકર ભેદ ભાગ ૧–૨	૨–૮–૦
વેર વસૂલ ભાગ ૧ થી ૪	૧૨–૦–૦
ચાલીસ વર્ષનો માણસ	૪–૦–૦
ચમત્કારિક ખૂન	૨–૦–૦
આગ્રાનો ખજાનો	૨–૦–૦
શેરલોક હોમ્સનાં સાહસકર્મો	૨–૦–૦
ભૂલનો ભોગ	૪–૦–૦
કુટુમ્બીનું કારસ્થાન ભાગ ૧–૨	૫–૦–૦
સફેદ ઠગ ભાગ ૧–૨–૩	૪–૮–૦
સોનેરી ટોળી ભાગ ૧–૨	૪–૮–૦
વિપત્તિનું વાદળ	૩–૮–૦
શ્રીમંત સંહારક મંડળ ભાગ ૧–૨	૪–૦–૦
ઠગાઈનો ભોગ	૧–૪–૦

સોરઠનો મુત્સદ્દી વીર.

પ્રકરણ ૧ લું.

બહારવટીયાની વચ્ચે.

થોડે દૂર ગિરનારનાં ગગનચુંબતાં શિખરો સપ્તર્ષિના નક્ષત્ર સમાં શોભતાં, ભગવાન કૃષ્ણની પુરાણપ્રસિદ્ધ દ્વારિકાના નષ્ટભ્રષ્ટ થતા હાડપિંજરની જાણે ચોકી કરતાં હતાં. નજીકમાં વિશાળ કાંઠાઓની વચ્ચે મંદ ગતિએ વહી જતી ઓઝત નદી સોરઠની સ્વપ્ન સમી બની ગયેલી યાદવી સત્તા ઉપર શોકનાં અશ્રુ સારતી હતી. દૂર દૂર ક્ષિતિજમાં અસ્પષ્ટ રેખાઓ દર્શાવતું ગામ બળતી હવામાં નાચતું હતું.

વૈશાખ માસના શુક્લ પક્ષનો મધ્યાહ્ન સોરઠમાં કેવો તપે છે એનો તો જેને અનુભવ હોય તે જ કહી શકે. એવા એક તપ્ત મધ્યાહ્ને પ્રકૃતિ પણ સહસ્રરશ્મિના ઉગ્ર પ્રતાપથી મૂઢ બની ગઇ હોય એમ જગત માત્ર સ્તંભી ગયેલું લાગતું હતું.

એ વેળાએ ઓઝત નદીની સમીપમાં વૃક્ષોની ઝુકી રહેલી ઘટાની વચ્ચે લગભગ એકસો બરકંદાર બોકાનીવાળા બેઠા હતા. મધ્યાહ્ન ભોજન લેતાં લેતાં ક્ષિતિજમાં વારંવાર ચોમેર દૃષ્ટિ નાખતા, ધીમે ધીમે વાર્તાલાપ કરતા, પોતાની લાંબી નળીવાળી બંદૂકોનો અવારનવાર સ્પર્શ કરતા, ઉઘાડી તલવારોને ખોળામાં રાખી બેઠેલા આ કાળ ભામકાયી મનુષ્યો પોતાની સાવધાની અને શૌર્ય ઉપર જ જીવતા હોય એમ સ્પષ્ટ જણાઇ આવતું હતું.

થોડે દૂર એક ટેકરીની સપાટીપરથી ઉતરતી ચકરાવો લેતી પગદંડી પર એક ઘોડેસવાર આ લોકોમાંના એકની દૃષ્ટિએ પડયો તેણે ન્હાનકડી બૂમ નાખી:—

"ચાલો! જુઓ જુઓ! આ કોક નવાબનો [illegible] સાલો આવે!"

ભોજનમાં ભંગાણ પડયું. સૌએ મનુષ્યો બંદૂકોને [illegible] તલવારોને હાથમાં ધારી સજ્જ થઇ ગયા.

" અસ્થા જોજો, કોઈ જાસુસ હશે. પાછળ કોઇ ફોજ કે બેરખ ન હોય. " બીજાએ સુચવ્યું.

" જોયો મોટો જાસુસ આવ્યો છે ! કોઈ રખડતો વટેમાર્ગુ લાગે છે. " ત્રીજાએ અભિપ્રાય વ્યક્ત કર્યો.

" સવાર તો ગમે તે હોય પણ ક્યા મુલકમાં આવાં ઘોડાં પેદા થતાં હશે ? " એક ચકોર દૃષ્ટિવાળા જુવાને પ્રશ્ન કર્યો.

એ પ્રશ્ન સાંભળીને સહુ હસી પડયા અને આ નવીન સવારને નિરખવા લાગ્યા.

" ઘોડાના પગ તો જૂઓ ! જાણે નર્યા થાંભલા ! " એક બોલ્યો.

" અને એના કાન તે આવડા લાંબા હશે કે કોઇ ગધેડાના કાપીને ચોંટાડયા હશે ? " બીજાએ ઉમેર્યું.

" એ તો ઠીક, પણ એનું પૂછડું કોણ તાણી ગયું હશે ? "

" અને આ ઘોડાનો રંગ પણ મ્હારે વ્હાલે કોઇ નિરાંતે જ ઘડયો લાગે છે. નથી કાળો કે નથી બદામી; નથી નારંગી કે નથી હળદરીયો; નથી કપાસીયો કે નથી તપખીરીયો ! ભલા ! આજસુધી જીવ્યા તો આ કોતક જોયું. "

" અને આ અસવાર પણ આવા ઘોડાને લાયકનો જ જણાય છે. મને તો કોઇ વખાનો માર્યો ભૂખડી બારસ લાગે છે. "

છતાં પણ ટોળામાંથી પાંચ માણસો હાથમાં તલવાર તોળતા આગળ વધ્યા. બેદરકાર નિડરતાથી એ સવારનો આગળ વધતો માર્ગ રોકીને ઊભા રહ્યા.

એ વિચિત્ર ઘોડાના વિચિત્ર લાગતા સવારે પોતાનો આગળ વધતો પંથ રોકાયેલો દીઠો, છતાં પણ જાણે પોતાની દૃષ્ટિ ત્યાં ગઈ ન હોય એવા ભાવપૂર્વક શાંત તટસ્થતાથી તેણે પોતાનો ઘોડો એ પાંચ મનુષ્યોથી દૂર થોભાવ્યો. તે ઘોડાપરથી નીચે ઉતર્યો.

ઘોડા ઉપરના જૂના જીનપરથી તેણે એક જૂનો ખડીયો કાઢયો, તેમાંથી એક ન્હાનકડી ડબરી અને સાવલીયું–પંચીયું બે વાનાં કાઢયાં. ડબરી કિનારાપર મૂકી, તેનું ઢાંકણું અધખોલ્યા જેવું હતું, કારણકે તે એક ભાગમાંથી સ્હેજ તૂટેલું હોવાને લીધે પહોળું પડી ગયું હતું. શરીરપરનાં કપડાં ઉતારી સાવલીયું પહેર્યું અને તે નદીમાં સ્નાન કરવાને ઉતર્યો. ઘોડો ચારાની આશાએ આસપાસ ભ્રમણ કરવા લાગ્યો.

" જય હ ટકેશ, જય નાટકેશ, હર ભોલે, બોમ બોમ ! " [illegible]

આ પ્રવાસી નદીના ઉંડા થતા પટમાં આગળ ને આગળ વધતો ચાલ્યો.

સોએ મનુષ્યો આ અણુઅનુભવેલા નવીન દૃશ્યથી આશ્ચર્યચકિત થઈ સ્તબ્ધપણે પ્રવાસી સામે જોઇ રહ્યા.

થોડી વારમાં નદીના વહેતા સફેદ મેદાનની સ્થિર અસ્થિરતામાંથી શુદ્ધ સંસ્કૃત વાણીની પ્રશાંત ગર્જના ઉડવા લાગી:—

“ નમામિ હાટકેશ્વરમ્, ભજામિ હાટકેશ્વરમ્ ॥ ”

સ્તોત્ર સમાપ્ત કરી, મધ્યાહ્નસંધ્યા આટોપી પ્રવાસી નદીમાંથી બહાર નિકળી કાંઠાપર આવ્યો અને વસ્ત્ર બદલી તટ ઉપર આમતેમ ફરતો ધીમી અને ગંભીર વાણીથી દેખાઇ આવે એવી તટસ્થતાપૂર્વક મહિમ્ન સ્તોત્રનો પાઠ કરવા લાગ્યો.

પ્રવાસી આ પ્રમાણે મધ્યાહ્નનું નિત્યકર્મ કરી રહ્યાં હતો તે વખતે બધાયનાં નેત્રો તેના હાડપિંજર સમા સુક્કા દેહ અને ખભાપરથી કટીના ભાગ તરફ લંબાતી જનોઇપર સ્થિર થઇ રહ્યાં હતાં, પરંતુ તે જ વખતે એ સો માંહેના એક મનુષ્યની ચોમેર ફરતી આંખો અચાનક પેલી ભાતાની ડબરી તરફ ગઈ. ઢાંકણા આગળ એક ખંજન—કાળી ચકલી દેખાતી હતી. તેણે પોતાની ચાંચ-વડે અધખોલા ઢાંકણાને સ્હેજ અળગું કર્યું અને તે ન્હાનકડી લાલ ચાંચવડે અંદરનો ઘસીયો ચણવા લાગી. પ્રવાસીનું લક્ષ ત્યાં ન હતું. પેલા મનુષ્યે એ તરફ બીજાનું લક્ષ દોર્યું, બીજાએ ત્રીજાનું, ત્રીજાએ ચોથાનું, એમ થોડી વારમાં બધાએ બરકંદારો કોઇ ગહન બનાવની રહસ્યપૂર્ણ ભવ્યતાથી સ્તબ્ધ થયા હોય તેમ એ ભાતાની ડબરી તથા તેમાંથી ઘસીયો ચણતી કાળી ચકલીને એકી ટશે નિરખી રહ્યા.

મહિમ્ન સ્તોત્ર પૂરૂં થયું અને પ્રવાસીના પ્રદીપ્ત બનેલા જઠરાગ્નિએ તેને ભાતા તરફ દૃષ્ટિ કરવાની ફરજ પાડી. તેણે પણ પેલી કાળી ચકલીને જોઇ પરંતુ તે ત્યાં આવતાં જ ચકલી ઉડી ગઇ અને ચકલીએ અધૂરા રાખેલા કાર્યનો તેણે આરંભ કર્યો.

ઘસીયાના એકાદ બે બુકડા માર્યા ત્યાં કોઇ રાક્ષસી પંજાનો તેના ઉઘાડા મસ્તકને સ્પર્શ થયો ! શાંત સ્વસ્થતાથી પ્રવાસીની આંખો એ પંજાના માલિક પ્રત્યે આકર્ષાઇ. કોઇ ચતુર કારીગરે સીસમના કાળાભમ્ લાકડામાંથી ભીમની યથામાપ મૂર્તિ ઘડી કાઢી હોય અને પછી કોઇ મંત્રશાસ્ત્રીએ તેમાં પ્રાણનો સંચાર કર્યો હોય, એવી જણાતી આ શ્યામરંગી વ્યક્તિની ચળકતા અંગારા જેવી લાલ

હિંગળોક આંખો ઉપરનો બધોય ભાગ લાંબા કાળા વાળના ગુચ્છાઓથી ઢંકાયેલો હતો. મનુષ્ય દેહ ઉપર ગિરનારના પડછંદ કેસરીનું મસ્તક કાળું રંગીને કોઇએ ચોંટાડયું હોય એવા કાળા નર–કેસરી સમા આ મનુષ્ય–રાક્ષસને જોયા છતાં પ્રવાસી નિડરતાથી ભાતા ઉપરથી ઉઠતો બોલ્યોઃ " અન્નપૂર્ણે સદાપૂર્ણે શંકરી પ્રાણવલ્લભે! ક્ષમા કરજે માત ! ભર્યા ભાણાપરથી ભૂખ્યા ઉઠવું પડે છે. હવે પુનઃ ભેટો ન થાય તો મારા અને મારા પિતરોના છેલ્લા પ્રણામ છે."

તેણે પોતાની બાજુમાં પડેલી તલવાર ઉચકી અને તે ઊભો થયો. પહાડી મનુષ્ય એ તલવાર અને તેના ધરનાર સામે ક્ષણવાર જોઇ રહ્યો. પ્રવાસી આશરે વીશ–એકવીશ વર્ષના જીવતા હાડપિંજર જેવો હતો. તેની તલવાર વર્ષોના કાટથી તપખીરીયા રંગને ધારણ કરી ધીમે ધીમે કાળો સ્વાંગ ધરતી, ધણી વિહોણી વૈધવ્ય પાળતી વિધવા સમી, વર્ષો થયાં પોતાની ઉજ્જવળ કાયાનું તેજ કરમાવતી જતી હોય એમ દેખાતું હતું.

પહાડી ભીમ પોતાનો પડછંદ અને ઘટ રૂંવાટીઓથી ઢંકાયલો મજબૂત અને કઠોર પંજો યુવાન પ્રવાસીના શરીરપર મૂકીને બોલ્યોઃ " બ્હીશ મા ! હું તને લૂંટવા માગતો નથી. માત્ર તારૂં ભાતું જોઈ મારૂં મન લલચાયું છે. તે મને આપ તો સો કોરી આપું."

" મારા ભાતાની સો કોરી! ના રે ભા, પકવાન્ન તે કાંઇ વેચાય ? અને તે પણ મારાથી ! તમને ભૂખ લાગી હોય તો બેસી જાઓ, આપણે બન્ને ભાગ કરીએ. આ ઘસીયો અને દૂધની ભાખરી તથા કરમદાંનું આથણું છે. ચાલો, થાઓ તૈયાર ને બોલો હરિહરા !"

યુવાને એક ભાખરી અને મુઠી ભરી ઘસીયો તેને આપવા માંડયો પરંતુ પહાડી મનુષ્ય વિચારગ્રસ્ત બની ગયેલો લાગ્યો. તેની ચળકતી આંખોમાં ભૂલાઇ ગયેલી વાતની સ્મૃતિનાં આવરણ ચડતાં દેખાયાં. તેનો બાપ પોઠો હાંકતો, વણઝારો કહેવાતો. તેણે એક વાર કહેલું કે જે ભાણામાંથી ખાતાં પહેલાં કાળી ચકલી ચાંચ મારી જરીક પણ ખાય તે ભાણું ખાનારનું નસીબ કોઇ ચક્રવર્તી રાજાની સ્પર્ધા કરે, પણ તે ભાણું ઝુંટાવનાર અનેક આફતોનો ભોક્તા બને."

આ વાર્તાનું પહાડી મનુષ્યને સ્મરણ થયું. તેણે કહ્યું: " ના ભાઇ ! તું જ ખા."

“પણ આટલું તો લ્યો.” પ્રવાસીએ આગ્રહ કર્યો.

“ના ના, તું જ પતાવી લે પછી આપણે વાત કરીએ.”

પ્રવાસીને ભૂખ કકડીને લાગી હતી, એટલે વધારે વિવેક વાપરવાની તેણે જરૂર ન જોઇ. તેણે ઝપાટાબંધ ડબરી ખાલી કરી અને નદીમાં જઈ હાથ મ્હોં સ્વચ્છ કરી વ્હેતા નીરનું પાન કરી “જય હાટકેશ” કહેતો પૂર્વ સ્થળે આવ્યો. વસ્ત્રો ધારણ કરી તે ઘોડાને પકડી આવ્યો અને જીનપર ખડીયો નાખી, લગામ પકડી, તૈયાર થઇ ગયો.

“હવે મારી સાથે ચાલ. પણ તારૂં નામ?”

“નામ તો અમરજી. ચાલો, પણ ક્યાં લઇ જશો?”

“મારી સાથે.” ટૂંકો જવાબ આપી પહાડી મનુષ્ય આગળ થયો અને અમરજી વધુ પ્રશ્ન કર્યા વગર તેની પાછળ પાછળ ચાલ્યો.

બન્ને જણા પેલા એક સો મનુષ્યોની વચ્ચે આવ્યા. પ્રચંડકાય મનુષ્ય સર્વની મધ્યમાં બેઠો. અમરજીને તેણે પોતાની પાસે બેસાડ્યો. સોએ મનુષ્યો તેમની ફરતું કુંડાળું વાળીને આ ભવિષ્યના નસીબદાર પરંતુ અત્યારે તો “વખાના માર્યા” જેવા લાગતા અમરજીને નિરખતા બેઠા. ગિરનારના ઉચ્ચ શિખરોની સાક્ષીએ વૃક્ષઘટાની ઓથે એકસો ને એક મનુષ્યોનો ડાયરો જામ્યો.

“અમરજી! કેવો છો? ક્યાં જાછ? કયાંથી આવછ?”

“તમે તમારી માહિતી આપ્યા સિવાય મારી માહિતી મેળવવા માગો છો. ભલે, તમે જે હો તેની મને પરવા નથી. તમારા સવાલનો હું જવાબ આપીશ. નાતે નાગર છું. જુનાગઢ જાઉં છું. માગરોળથી આવું છું. નોકરી કરવાનો ઇરાદો છે. તમે કોણ છો તે હું કલ્પી શકતો નથી. પણ બહારવટીયા હો તો આ તલવાર ને ઘોડો, લુટારા હો તો મારી મીલકતમાં આ ખડીયો ને પહેરેલાં કપડાં, અને મરદ હો તો એકેક થાઓ ઊભા ને ચાલો પેલા મેદાનમાં એક બીજાને માપી લઇએ.”

“નાગર છું? અને માંગરોળનો? ત્યારે તારી તો જુનાગઢમાં કમાવાની જાગીર જ છે ને! મારા વ્હાલા જુનાગઢમાં કમાય ને માંગરોળીયો ઘર બાંધે. કલમ, કડછી ને બરછી એ ત્રણમાંથી એક સાધનથી તો જરૂર કમાઇ ખાય. વળી તું તો ભારી [illegible]

નાતીલો. જા, ભાઈ! જા. ભાઈઓ મારા! આને જવા દો.” પ્રચંડ-કાય પુરૂષે ઉદ્ગાર કાઢ્યો.

“હા, એને જવા દો! એ બિચારા પાસે છે પણ શું? અને માંગરોળીયાની પાસે હોય પણ શું? ‘મુલક ગરીબ અને માણસ મરદ, એ એંધાણીયે માંગરોળ વરત’ કહેવત સાંભળી છે ને?” બીજાએ અનુમોદન આપ્યું.

પહાડી નાયક પોતાનો કાળો હાથ ઉંચો કરીને બોલ્યોઃ “જા, દોસ્ત અમરજી! ફતેહ કર, પણ એક વચન આપતો જા.”

“વચન! મારા જેવા ભિખારી હાલતના મનુષ્યનું વચન શું કામનું?”

“તું અત્યારે ગમે તેવો હોય, પરંતુ જો તું જુનાગઢનો દિવાન થા તો તારી દિવાનગીરીનું પહેલું કામ મને ન્યાય આપવાનું, એવું મને વચન આપ.”

“હું! અમરજી જુનાગઢનો દિવાન! મારી મશ્કરી તો નથી માંડી?”

“મશ્કરી નથી કરતો. મને વચન આપ, અને તે પણ તું દિવાન થાય તો જ પાળવાનું છે ને.”

“એ વાત તો સાચી. પણ ત્યારે તમે છો કોણ? અને જુના-ગઢના દિવાન પાસેથી તમારે ન્યાય માગવાની શી જરૂર?”

“હું કોણ છું એ તારે જાણવું છે? ત્યારે સાંભળ. અત્યારે સોરઠ આખું જેના નામથી કંપી ઉઠે છે તે ચુંવાળીયા કોળીનો સરદાર હું રૂપો કોળી. મારૂં બહારવટું ‘કાળા કેસરી’ ના નામથી ચાલે છે.”

“તમે! રૂપા કોળી તે તમે પોતેજ?” અમરજી બે કદમ પાછો હઠ્યોઃ “સીલ, માંગરોળ વગેરેમાં રોળ વર્ત્તાવનાર તમે?”

“હા, એ હું પોતે જ.” પહાડી નાયક આ કમ્પી ઉઠેલા યુવક સામે તુચ્છકારભર્યા ગાંભીર્યથી જોઇ રહ્યો. તેનાં નેત્રોમાં અત્યારે આત્મગર્વ ચમકી રહ્યો હતો.

અમરજીનો કમ્પ પણ અકારણ ન હતો. જે ચુંવાળીયા કોળીઓની ભયંકરતાથી સોરઠનો અંધારો ખૂણો પણ થરથરતો હતો, જેમના નામનું સ્મરણ થતા જ ભલભલા રાજવીઓ અને ઠાકોરો ધ્રૂજી ઉઠતા, જેમની હાક ચોમેર વાગી રહી હતી, જેમની બ્હીકથી સોરઠનો ધીકતો બંદરી વ્યાપાર નષ્ટપ્રાયઃ બની રહ્યો હતો અને જેમની કારમી

કીકીયારીના ગૌરવવંતા પ્રતિઘોષથી ગિરના ઘેરા જંગલમાં સ્વચ્છંદે વિહરતા ડુંગરીના રમનારા કેસરીઓ પણ ભયભીત બનીને પોતાની ઉંડી અંધારી ગુફાઓમાં લપાઇ જતા, એવા ચુંવાળીયા કોળીયોનો શિરોમણિ ગણાતો, વિનાશની એ ભયંકર ભૂતાવળમાં કોઇ ભયંકર પ્રતાપી ગણ સમો, કોળી છતાં ઠાકોરોનાં મસ્તકોના ગેડીદડા ખેલતો, સામાન્ય કોળી છતાં વ્યાપારીઓ સાથે લાખોની વાતો કરતો, જાણે સાક્ષાત્ ત્રાસની પ્રતિમૂર્ત્તિ હોય એવો આ ચુંવાળના પહાડી કિલ્લાનો સ્વામી રૂપો કોળી, તેના નામ, ધામ અને કામથી તે સોરઠનાં દૂધ પીતાં બાળકને પણ અજાણ્યો ન હતો.

સ્તબ્ધ બનેલો અમરજી એ અઢારમી સદીના પહાડી કાળા ભીમને ચકિત નયનોથી નિરખી રહ્યો.

રૂપો પોતાના કાળી કેશવાળી સમા વાળના ગુચ્છાઓને સમારતો આગળ વધ્યો. તેણે કાળો પંજો આ સુકલકડી નાગર યુવકના ખભા ઉપર મૂક્યો. તે ધીમા પરંતુ દઢ સ્વરે બોલ્યોઃ "જુવાન! અમે અભણ અને વ્હેમી ગણાઈયે, પણ આજના એક શુકનથી હું કહું છું કે જા, તારૂં ભાગ્ય મોટું છે. તારૂં એ નસીબ ખુલે ત્યારે ખરૂં, પણ આ ગિરનાં જંગલોનો તને આજથી સદર પરવાનો છે. તારા માણસને લાકડીએ એક લીલો લુગડાનો કટકો બાંધીને મોકલજે. એ નિશાનીથી તારૂં જે કાંઇ કામ હશે તે કરી આપવાને આ રૂપો તૈયાર રહેશે."

પછી તેણે પોતાના સાથીઓ તરફ નજર નાખીને કહ્યુંઃ "બચુ! કાના! રહેમાન! ને વજલભા! તમે ચાર જણા આ અમરજીને શાપુરના મારગસુધી પહોંચાડી આવો અને બાકીના બધા પલાણો ઘોડા ને મૂકો વ્હેતાં!

સર્વ સવારો સપાટાબંધ સજ્જ થઈ ગયા. પહાડી ઘોડાં—ન્હાનાં પણ ટેકીલાં અને પાતળાં પણ ગજવેલી નળાવાળાં ઘોડાં ખેપટ ઉડાડતાં થોડી વારમાં જ અદૃશ્ય બની ગયાં.

મધ્યાહ્નનો કારમો તાપ નરમ પડવા દઇ, નમતા પહોરે પેલા ચાર બહારવટીયાઓના સાથમાં અમરજી આગળ વધ્યો; અને જ્યારે ઉન્હાળાની ન્હાનકડી રાત્રિનાં અંધારાં ઘેરાતાં હતાં તે વખતે શાપુરના પાધરની લગોલગ તેઓ આવી પહોંચ્યા. બહારવટીઆઓએ રજા લીધી. અમરજી એકલો આગળ વધ્યો અને શાપુર ગામની ધર્મશાળામાં રાતી ગાળવાના ઇરાદાથી પૂછતો પૂછતો આગળ ચાલ્યો.

પ્રકરણ ૨ જું.

ધર્મશાળામાં મુલાકાત.

એક ભલા ગામડીયાની માયાળુ લાગણીએ બરોબર નિર્દિષ્ટ કરેલી ધર્મશાળા પાસે અમરજી આવી પહોંચ્યો. જુનાગઢ અને વેરાવળ વચ્ચેના એ જૂના રાજમાર્ગપર આવેલી એ ધર્મશાળામાં ઉતારૂઓની ઉણપ ન હતી. અમરજી ધર્મશાળાના રક્ષક પાસે એકાદી કોટડીની માગણી કરવાના ઈરાદાથી તેના નિવાસસ્થાન તરફ ગયો. તેના દ્વાર પાસે પહોંચ્યો ત્યાં રક્ષકની પાસે કોઇ પાંત્રીશ ને ચાળીશ વર્ષની વચ્ચેના પ્રૌઢ દેખાતા મનુષ્યને તેણે બેઠેલો જોયો.

"પણ અત્યારે એક પણ કોટડી ખાલી ન મળે."

"ગમે તેમ હોય પણ મારે રાતની રાત એક કોટડી જોઇએ તેનું. શું ?

"નવી ચણાવો તો બને !" રક્ષકે હાસ્ય કર્યું.

"એમ ! તમે કોની સાથે વાત કરો છો એ જાણો છો ? હું કાંઈ બીજા સાધુ સંન્યાસી કે જાત્રાળુ જેવો નથી."

"પણ ત્યારે તમે છો કોણ, તે કહેશો ?"

"તમે કદી સુલતાનબીબીનું નામ સાંભળ્યું છે ?"

"કોણ ? સાહિબાબાનુ !"

"એ સાહિબાબાનુને મળવા જ હું પોરબંદરથી આવું છું."

"જો એમ છે તો કોઇપણ રીતે આપને કોટડી ખાલી કરીને પણ સગવડ કરી આપવી પડશે. બે માણસો ખુશીથી રહી શકે એવી છે. ચાલો ગોઠવણ કરી દઉં."

જુનાગઢના નવાબ સાહેબની સત્તાશાલિની અને મહત્ત્વાકાંક્ષી બ્હેન સુલતાનબીબી ઉર્ફે સાહિબાબાનુને મળવા જનાર મુસાફરની આગળ ચાલવામાં માન સમજનાર ધર્મશાળાનો આ જાડો અને જાડી બુદ્ધિનો રક્ષક હાથમાં દીવો લઈ આગળ ચાલ્યો. તેની પાછળ પેલો ગૃહસ્થ ચાલવા લાગ્યો. અમરજી એ બન્નેથી સ્હેજ અંતરપર તેમની પાછળ પાછળ જવા લાગ્યો.

રક્ષકની ઉત્તેજિત બનેલી કર્તવ્યપરાયણતાને પરિણામે ખાલી થયેલા ઓરડામાં એ ગૃહસ્થ એક ખાટલા ઉપર બિછાવેલા ગાદલાપર જરીક આડે પડખે થઇ ઉંચે ગોખલામાં મૂકેલા કોડીયાની ઝીણી

જ્યોતના આછા પ્રકાશથી પોતાના કબજાના ગજવામાં એક પત્ર કાઢી તેને ધ્યાનથી નિરખવા લાગ્યો. અલબત્ત, તેણે ઓરડાનું દ્વાર અંદરથી બંધ કરી જ દીધું હતું.

આ ગૃહસ્થનું ધ્યાન એ પત્રમાં રોકાયું હતું તે વખતે બારણાની સાંકળનો ધીમો ખખડાટ તેને કર્ણગોચર થયો. એથી તેનું લક્ષ દ્વિધા બન્યું. ઉતાવળથી પેલો પત્ર ગજવામાં સરકાવી દીધો અને તેણે સવાલ કર્યો: “ કોણ છે ? ”

“ એ તો હું. ” બહારથી જવાબ મળ્યો.

“ હું એટલે કોણ ? ”

“ ઉઘાડ્યા વગર તેની ખબર શી રીતે પડે ? ઉઘાડતા હો તો ઉઘાડો, નહિ તો ના પાડો. કામ તમારૂં છે, કાંઇ મારૂં નથી. ”

પ્રત્યુત્તર આપનારની દેખીતી બેદરકારીથી કાંઈક અંશે જિજ્ઞાસુ બનેલો આ ગૃહસ્થ ઉઠ્યો અને દ્વાર પાસે જઇ અંદરની સાંકળ આસ્તેથી ઉઘાડવા લાગ્યો. અધખોલા દ્વારમાંથી સ્હેજ બહાર દૃષ્ટિ કરી. પરંતુ પરશાળપર કોઈ જણાયું નહિ.

“ એ કોણ હશે ? કોઇએ મશ્કરી કરી હશે કે ખરેખર મને મળવા જ આવેલ હશે ? પણ હું અહીં છું તે કોણ જાણતું હશે ? ”

એમ બડબડતો એ ગૃહસ્થ પુનઃ દ્વાર બંધ કરી અંદરની સાંકળ વાસે છે ત્યાં બારણાને એક મજબુત આંચકો લાગ્યો. છટકતા બારણાની કિનારીના પ્રહારથી આ ગૃહસ્થ એક બાજુ ગરી પડ્યો. નીચે પડતાં કોઈ મનુષ્ય ઓરડીમાં દાખલ થઇ, દ્વાર બંધ કરી, અંદરની સાંકળ દેતો તેની દૃષ્ટિએ પડ્યો. પછી તે આગંતુકે પોતાનું મુખ પડેલા ગૃહસ્થ પ્રત્યે ફેરવ્યું. તે અમરજી પોતે જ હતો.

ભોંય પડેલો ગૃહસ્થ અમરજીની ક્રિયા પ્રત્યે શંકાશીલતાથી અર્ધબિડાયલી આંખોથી તેની પ્રવૃત્તિને નિરખતો જેની તે સ્થિતિમાં પડ્યો રહ્યો, જોકે પછાડથી તેને કળ તો ચડી હતી.

અમરજીએ એક જૂનો કામળો જમીનપર બિછાવ્યો. તેનાપર એક પંચીયું ઓછાડ્યું અને બઠીયાને ઓશીકે રાખીને તે બિછાનાપર બેઠો. પછી બઠીયામાંથી જાતજાતના રંગીન કકડાની બનાવેલી પણ અત્યારે ઝાંખી જણાતી કોથળી કાઢી તેમાંથી કાથા ચુનાની ડાબલી, સોપારી, સુડી અને કપડામાં વીંટાળેલાં પાન કાઢી ગોઠવ્યાં. એક પાન લઈ સાથળપર ધોળીયા, સાફ કરીને ફેરું કર્યું.

ચુનો લગાવ્યો, કાથો જમાવ્યો, સોપારી કાતરીને નાખી અને ઉપર ન્હાની ચપટી ભરી તમાકુ ભભરાવી. છેવટે પાનની બીડી વાળીને મ્હોંમાં મૂકી. પછી જાણે પોતાની માલકીનું જ મકાન હોય તેમ સ્વસ્થતાથી ખડીયાને અઢેલી પેલા જમીનપર પડેલા ગૃહસ્થની સામે દૃષ્ટિ કરીને બોલ્યોઃ

"કેમ ભાઈ! જમીનપર જ સૂઇ રહેવું છે? પાન—બાન ખાવાં નથી?"

પેલા ગૃહસ્થે ઊભા થઇને વસ્ત્રો ખંખેર્યાં અને તે અમરજી સામે જોતો જોતો પોતાના ખાટલા તરફ ચાલ્યો. ગોદડા નીચે દબાવેલી ન્હાનકડી—બંદૂક તપાસી, એ બંદૂક હાથમાં રાખીને તે બોલ્યોઃ "તું કોણ છે? અને મને પછાડી મારી ઓરડીમાં શામાટે ઘૂસી આવ્યો?"

"ભાઇ સાહેબ! તમારી આ બંદૂકને નીચે જ મૂકી દ્યો. હાથમાં તો લીધી પણ જામગરી જોઇશે ને? બાકી આપણે તો આ ઓરડીમાં રાત રહેવાને આવ્યા છીએ. જો તમને પૂછ્યું હોત તો તમે રહ્યા મોટા માણસ. મારા જેવા મુફલીસને અહીં રાતવાસો કરવાની રજા આપો કે નાએ આપો. એટલે તમને એટલો શ્રમ આપવો પડ્યો."

"અહીં રાત રહેવાનું બની શકશે નહિ. જેવો આવ્યો છે તેવો જ ચાલતો થઈ જા."

"ચાલતો જઇને અત્યારે મારે જાવું ક્યાં? અહીંનો છું અજાણ્યો. આ ધર્મશાળાનો જાડો રક્ષક તમારી સાથે એટલી રકઝક કરતો હતો, ત્યારે મારા જેવાને દાદ ન જ દે. બહાર પરશાળપર પડ્યા રહેવું સલામત નહિ અને આ ઓરડીમાં બે જણાની ગોઠવણ સારી રીતે થઈ શકે તેવી છે. એટલે પૂરો વિચાર કરીને જ અહીં આવ્યો છું, તે કાંઈ પાછો જવાને માટે નહિ. લ્યો, પાન જમશો?"

"તારાં પાનમાં મૂક પૂળો ને તું પડ રસ્તે, નહિતો સંભળાવવું પડશે."

"પાનમાં પુળો માય નહિ, બાકી જે સંભળાવવાની હામ હોય તે બેલાશક સંભળાવો."

"તું આ કોની સાથે બોલે છે તે તું જાણે છે?"

"આજે આપણી પ્રથમ જ મુલાકાત થતી હોવાથી હું જાણતો ન હોઉં તો એ મારો ગુન્હો નથી."

"મારૂં નામ પ્રેમજી ઠક્કર! સમજ્યોને—પ્રેમજી ઠક્કર!" આ ગૃહસ્થે 'ઠક્કર' શબ્દ ભારપૂર્વક ઉચ્ચાર્યો.

"હવે આપનું નામ કદી પણ નહિ ભૂલું. પ્રેમજી ઠક્કર! બહુ સારૂં, તેના બદલામાં મારૂં નામ પણ આપને જણાવવું જોઇએ. આપના સેવકને સહુ અમરજી કહે છે."

"તું અમરજી હોય કે ચમરજી હોય, પણ હવે બહાર નીકળી જા, નહિતો રક્ષકને બોલાવવો પડશે."

"રક્ષક આવીને શું કરશે? તે પણ તમારી માફક બહાર નીકળવાનું કહેશે પણ મારે અહીંથી બહાર જવું હોય તો ના! માટે મહેરબાની કરી મને અહીં સૂવા દો અને તમે પણ પોઢી જાઓ."

તેની આ ધૃષ્ટતાથી તાતોઉનો થતો પ્રેમજી ઠક્કર ઉઠ્યો અને ખીંટીએ લટકાવેલી તલવાર ઉપાડીને બોલ્યોઃ "ચાલ ઉઠ, નહિતર આ કાળી સગી નથી હો!"

અમરજી પણ પોતાની તલવાર પકડીને ઊભો થયો. "ત્યારે ચાલો, કાળીને માપી લઇએ." તેણે પગની ઠોકરથી પોતાના બિછાનાને દૂર ઉડાવી દીધું.

ધર્મશાળાના આ ન્હાના ઓરડામાં કાળી નાગણુ સમી બે તલવારો કોડીયાની જ્યોતના ઝાંખા અજવાળામાં ઝબકી રહી.

પ્રેમજી તલવાર ફેરવી જાણતો. અમરજી તે વીંઝી જાણતો. સાંકડી જગ્યામાં કળાથી લડનાર કરતાં રબારીની માફક ધા કરનાર ફાવી જાય. એક ઘડી પણ પૂરી ન થઈ ત્યાં તો પ્રેમજી ઠક્કરની તલવાર દૂર ઉડી પડી અને પોતાના એક હાથમાંથી ટપકતા લોહી સામે ગુસ્સા તથા ભીતિથી જોતો તથા એ હાથને બીજા હાથથી દબાવતો પ્રેમજી ઠક્કર ચાર કદમ પાછો હઠ્યો.

"તારે—તારે—મારૂં ખૂન કરવું છે? આ દગલબાજીનો બદલો શો મળશે? મેં તારૂં શું બગાડ્યું છે?" એક બીજાની સાથે બિલકુલ અસંબદ્ધ વાક્યો ઉશ્કેરાયેલા ઠક્કરના મુખમાંથી સરી પડ્યાં.

"તમારૂં ખૂન! નારે ના! હું તો તમને ઓળખાતો પણ નથી. હું તો આગરાનો છું ને નોકરીની શોધમાં જુનાગઢ જાઉં છું. રાત્રિ અહીં ગાળી સવારે ચાલ્યો જવાનો છું."

"ચોક્કસ ! આ જનોઈના સોગંદ."

"સોગન હું ખાતો નથી: મારા વચનપર વિશ્વાસ રાખો તો ભલે, નહિતો જેવી તમારી મરજી." એમ કહી અમરજીએ "જય હાટકેશ !" કહીને તલવાર મ્યાન કરી.

"જય હાટકેશ ! શું તું નાગર છે ?"

"હા, કેમ ?"

ના, સ્હેજ. તારે નોકરી કરવી છે ને ? મારી પાસે રહીશ ? મારી સાથે સાથે ફરવું અને મારૂં રક્ષણ કરવું."

"નાજી, આપણે એવી આરખી ચાકરી કરવી નથી. આપણી નજર તો મુત્સદ્દીગીરી પર છે."

"છોકરા ! આ પ્રેમજી ઠક્કરને તું નથી પિછાનતો. ભલભલા નાગરો કે વાણીઆ જેવા મુત્સદ્દીઓ પણ મારી એવી ચાકરીમાં રહેવાને તો કોઈ રાજ્યનું કારભારૂં યે છોડી દે."

અમરજી આ દુર્બળ દેખાતા ગૃહસ્થની પ્રસ્તુત દાંભિક અને મૌખિક આત્મસ્તુતિથી અંધ ન બન્યો પણ સ્હેજ દબાયો ખરો. તેણે કહ્યું: "જી ! મારો વિચાર મારા પિતાના મિત્ર દૌલતરાય બક્ષીને ત્યાં જવાનો છે."

"બક્ષીને ત્યાં ? બહુ સારૂં" ઠક્કર ખાટલાપર આડે પડખે થઇને બોલ્યો: "દૌલતરાય બક્ષીને તું ઓળખે છે ?"

તે દૌલતરાય બક્ષીનું નામ સાંભળીને સ્હેજ વિચારમાં પડી ગયો.

"નાજી, મેં બક્ષીજીને કોઈ દિવસ નજરે જોયા નથી."

"ઠીક છે, હવે અત્યારે સુઇ જા, મારે પણ જુનાગઢ જ જવું છે. સ્હવારે આપણે બન્ને સાથે જ નિકળીશું."

અમરજીએ પેલો કામળો પુનઃ એક ખુણામાં વ્યવસ્થિત રીતે પાથરીને તેના ઉપર લંબાવ્યું. અલ્પ સમયમાં જ તે નિદ્રાને આધીન થઇ ગયો. પરંતુ પ્રેમજી ઠક્કરને ઉંઘ આવી નહિ. અમરજીનાં નસ્કોરાં બોલવા લાગ્યાં એટલે તે આસ્તેથી ઉઠ્યો. અમરજી સુતો હતો ત્યાં જઈ તેનાં ખીટીએ લટકાવેલાં વસ્ત્રો તપાસ્યાં, ખડીઓ ફેંદી જોયો; પરંતુ તેના ચિત્તની વ્યગ્રતાનું સમાધાન કરે એવું કશુંયે મળી આવ્યું નહિ. છેવટે પુનઃ પોતાના ખાટલાપર આડે પડખે થયો. આખી રાત્રિ તેને શાંત નિદ્રા ન આવી. વચ્ચે વચ્ચે તે ઝબકતો અને અમરજીની શાંત અને નિર્દોષ યુવાન મુખમુદ્રા તરફ ટગમગાર જોઈ રહેતો.

પ્રકરણ ૩ જું.

સ્નેહ પરિણામ.

વિક્રમ સંવત ૧૮૧૫ની એ સાલ. જુનાગઢની ગાદી ઉપર એ વેળાએ નવાબ મહમદ બહાદુરખાન પોતાની પરાક્રમી–પ્રતાપશાળી યુવાનીને યાદ કરતો, વૃદ્ધાવસ્થાના બાકીના દિવસો વીતાડતો હતો. રાજ્યમાં સર્વ સત્તા ધારણ કરી ઓઝલના આછા પડદાની પાછળ જુનાગઢનો રાજ્યકારભાર આપખુદીભર્યા એક હાથે ચલાવતી સુલતાનબીબી ઉર્ફે સાહિબાબાનુ નામે નવાબની ન્હાની બ્હેન હતી. પ્રેમજી ઠક્કર તેના જમણા હસ્ત સમો મનાતો, સાહિબાબાનુનો માનીતો ખાનગી કારભારી હતો.

રાજ્યના બીજા અધિકારીઓમાં મુબારકખાન સિપહસાલાર–સેનાનાયક હતો. દોલતરાય બક્ષીપદ ઉપર હતો. તે માંગરોળનો વતની નાગર જ્ઞાતિનો હતો. તે નવાબના અંગરક્ષક સમા આરબો આદિની શીરબંદીનો સરદાર–બક્ષી હતો.

એ યુગના બક્ષીના અધિકાર સમો આજના યુગમાં તો કોઇ અધિકાર પણ નથી. બક્ષી એટલે રાજમહાલય અને અંગત રાજમીલ્કતનો ખાસ રક્ષક. નવાબ અને રાજકુટુમ્બની અન્ય વ્યક્તિઓના અંગત જાનમાલના રક્ષણની જવાબદારી એને શિરે. ખેડુતો પાસેથી રાજ–ભાગ ઉઘરાવી એકત્ર કરવાનું કાર્ય બક્ષીનું. આખા રાજ્યની વસતીમાંથી કોઇને ત્યાં ચોરી વગેરે ગુન્હા થાય તો તેની તપાસ અને ન્યાય પણ તે જ કરે. વળી જેટલું પરદેશી લશ્કર એટલે કે આરબો, મકરાણીઓ, પુરબીયા, વગેરેની શીરબંદી–ફોજ રાજ્યમાં હોય તેનો મુખ્ય ઉપરિ તે ગણાય. પરદેશીઓ નવાબને નહિ પણ રાજ્યના બક્ષીને જ વફાદાર રહેવાના સોગંદ લેતા. આજના જમાનામાં જો પોલિસ કમિશનર, ફોજનો સરદાર, રેવન્યુ અધિકારી અને સેશન્સ જજ, એ સર્વની કામગીરી એક જ મનુષ્યના હસ્તમાં સોંપવામાં આવે તો બક્ષીના અધિકારનો આછો ખ્યાલ આવી શકે. અગાઉ રજવાડામાં મોટે ભાગે બક્ષીપદે નાગર કે કાયસ્થ દૃષ્ટિએ પડતા.

તે સમયે જુનાગઢના દિવાનપદે વસંતરાય હતો. તે તુરતમાં જ બહારથી આવ્યો હતો અને સાહિબાબાનુના જેટલો જ મહત્વાકાંક્ષી હતો. જુનાગઢના મુખ્ય અધિકારીઓ–સત્તાધીશો આ હતા.

નવાબ મહમદ બહાદુરખાન વૃદ્ધ હતો પરંતુ તેના સર્વ શાહજાદા છેલ્લી શાદીના હોવાથી બાલ્યાવસ્થામાં હતા. મોટો શાહજાદો જુનાગઢનો ભાવી નવાબ મુહોબતખાન ભાગ્યેજ દશ—બાર વર્ષનો હશે.

આ સર્વ પરિસ્થિતિનો પ્રેમજી ઠક્કર પોતાના મનમાં વિચાર કરી રહ્યો હતો; એ વિચારમાં જ બ્રાહ્મમૂહુર્ત્ત થયું અને અમરજીને તેણે ઉઠાડયો. બન્ને જણા દંતધાવન અને મુખપ્રક્ષાલન કરી ધર્મશાળામાંથી ઘોડેસવાર થઈ બહાર નિકળ્યા અને જુનાગઢને પંથે પડયા. માર્ગમાં પ્રેમજીએ અમરજી સાથે જુનાગઢના રાજકારણની વાતો કરવા માંડી. તેણે સર્વ સત્તાધીશો—મુખ્ય અધિકારીઓનો પરિચય કરાવ્યો. તદુપરાંત તેનાપર પોતાના ખાસ જ્ઞાનનો પણ ઓપ ચડાવ્યો. તેને મન સાહિબાબાનુ જુનાગઢની જગદંબા હતી, અને જો તે જુનાગઢની જગદંબા હોય તો પોતે તેનો એક ઉચ્ચ કોટિનો પાર્ષદ હતો એમ પણ તેણે અમરજીને ગૂઢાર્થમાં સમજાવ્યું. નવાબ મહમદ બહાદુરખાન અતિવૃદ્ધ હતો અને માત્ર યમદૂતોની વિસ્મૃતિને લીધે કે તેમની અકારણ રહમથી જ તે અત્યારસુધી જીવન્ત રહ્યો હતો એવું તેણે ભારપૂર્વક જણાવ્યું. બક્ષી વિષે કશું કહેવા જેવું ન હતું, કેમકે દૌલતરાય ખટપટથી નિર્લેપ, સીધો, સરલ અને વફાદાર રાજસેવક હતો. દિવાન વસંતરાય એક અપરિચિત વસ્તુ હોઇ એ પ્રેમજી ઠક્કરને ગણના કરવાયોગ્ય ન લાગ્યો.

આમ વાતો કરતા તેઓ જુનાગઢ નજીક આવી પહોંચ્યા. તેની ઉંચી મસ્જીદના મિનારા આસમાનને અડતા જણાયા. જરી આગ્રે એ મુગલાઇ શહેર કે જ્યાં જૂના કાળમાં રાણકદેવડીના પુણ્યભીના પાદ પડયા હતા, જ્યાં સમરજીત વીર ખેંગારનાં બાર વર્ષના ખાંડાખેલના અમર પ્રકરણો ચિતરાયાં હતાં, જ્યાંથી રાં નવઘણના હણહણતા તુખારો સિંધપર ચડવા ખેપટ ઉડાડતા પરવર્યા હતા, તેનું દર્શન થયું. તેનાથી થોડે દૂર વિહાર કરવા નીકળેલા અને વિરામ લેતા ભગવાન્ કૃષ્ણચંદ્રના ગરૂડરાજ સમો ગિરનાર પોતાની લાંબી પહોળી પાંખો પ્રસારી સોરઠના માનદંડ સમો ભવ્ય ગંભીરતાથી સૂતો હતો. ચડતા પ્રહરના તાપમાં અમરજીએ પોતાની કુળદેવી ભગવતી અંબિકાનાં માનસિક દર્શન કર્યાં.

થોડી વારમાં જ તેઓ દરવાજા પાસે આવી પહોંચ્યાં અને ત્યાંથી જ બન્ને જુદા પડયા.

પ્રકરણ ૪ થું.

બહુરી દૌલતરાય.

અમરજી દરવાજામાં દાખલ થયો ત્યાં તેના નામ, ગામ આદિ વિષે પ્રશ્નો થયા. તે એના ઉત્તર આપતાં પોતાની દૃષ્ટિ આસપાસ ફેરવતો હતો. દરવાજાથી થોડે દૂર એક આરબ જેવો મનુષ્ય અને એક મુત્સદી ઉભા હતા. એ બન્ને આ અમરજી સામે જોઇને હસતા હતા.

દરવાન પાસેથી છૂટો થઈને અમરજી આગળ વધ્યો. તે પેલા બે જણાની પાસે આવ્યો અને આરબના ખભાપર હાથ રાખી બોલ્યોઃ "જનાબ! કેમ હસો છો?"

આરબે કાળી દાઢી અને ભરાવાદાર મૂછોવાળું મુખ અમરજી તરફ કર્યું. અમરજીએ તેની ઉમર આશરે ચાળીશ વર્ષની કલ્પી. એ આરબના કપાળમાં તલ્વારનો એક સીધો ઘા હતો. તેણે જવાબ આપ્યોઃ "એનું તારે શું કામ છે? અમે હસીએ તેમાં તને શું? કેમ, નથુભાઇ! ખરૂં ને?"

પાછા આરબ અને તેનો સાથી નથુભાઇ હસવા લાગ્યા. અમરજીની આંખ ગુસ્સાથી ચમકવા લાગી. છતાં તે શાંતિ ધારીને બોલ્યોઃ "પરંતુ હસવાનું કારણ તો જણાવો. એટલે હું ય તમારી સાથે હસું. આવી રમૂજ તમે એકલા જ મેળવો તે ઠીક લાગે છે?"

"તું તારે તારે માર્ગે હાલ્યો જા, નહિતર ખાઈ બેસીશ, ને તારાં બૈરી છોકરાં રખડી પડશે."

"બૈરી છોકરાંની ચિંતા આપણે રાખી નથી. બાકી હું ખાઈશ કે તમે, એ તો તલ્વાર કાઢો એટલે જણાય."

"છોકરા! મારી સાથે લડવું છે? હું કોણ છું એ તું જાણે છે?"

"ના, હું જાણતો નથી અને જાણવાની ઇચ્છાય નથી."

"છતાં જ્યાં તું મારૂં નામ સાંભળીશ એટલે તારી ઉછળતી ઉદ્ધતાઇ નીચે બેસી જશે. મારૂં નામ જમાદાર સાલમીન."

"બહુ સારૂં, સાલમીન હો કે માલમીન હો, પણ તૈયાર થઇ જાઓ એટલે તમારૂં જમાદારપણું જણાય."

જે નામથી જુનાગઢના આરબ, મકરાણી, કાઠી, રજપૂત, કોળી વગેરે ધ્રૂજતા અને જેમની પટ્ટાબાજીમાં જુનાગઢના સિનહરીક તે નામની

જરીયે અસર આ છોકરવન યુવાનપર ન થઈ, એ કુશળતાની ઉપેક્ષા થતી લાગી, એથી જમાદાર ઉશ્કેરાયો. તેણે લાંબી તલ્વાર ખેંચી.

અમરજી અને સાલમીનની તલવારનો ભેટો થયો ન થયો, ત્યાં તો પેલા નથુભાઇએ પાછળથી આવી પોતાની લાકડી અમરજીના બે પગ વચ્ચે ભરાવવાથી અમરજી પડી ગયો, તેની તલવાર દૂર ઉડી પડી, સાલમીનની તલવારની પીંછી અમરજીની છાતીપર ચોંટી.

"છોકરા ! આટલી વાર છે. જા અને જમાદાર સાલમીનની ઉદારતાનો ઉપકાર માન !"

એમ કહી જમાદાર તથા નથુભાઈ પુનઃ હસતા હસતા ચાલ્યા ગયા. અમરજી પણ ઊભો થઇ લૂગડાં ખંખેરી, તલવાર મિયાન કરી, ધુંધવાતો ધુંધવાતો ચાલી નીકળ્યો.

આગળ ચાલતાં રસ્તામાં એક મનુષ્ય તેને મળ્યો. અમરજીએ પૂછ્યું: "બક્ષીજીનું ઘર ક્યાં આવ્યું ?"

"આમ ને આમ સીધા જાઓ. પંચહાટડી પાસે ડાબે હાથે લક્ષ્મીજીની શેરી છે, તેમાં તેમની મોટી હવેલી છે."

પંચહાટડીના ધીકતા બજારથી અમરજી આગળ ચાલ્યો. પૂછતાં પૂછતાં બક્ષીજીની શેરી હાથ લાગી. શેરીમાં આગળ જતાં લીલા રંગની દિવાલોવાળી એક મોટી હવેલી દૃષ્ટિગોચર થઈ.

એ હવેલીની દોઢીપર ત્રણ—ચાર આરબો બેઠા હતા. લોઢાની લાંબી ચાર પૈડાંવાળી સઘડીપર બાવળના ધગધગતા અંગારાપર લાંબી ત્રાંબાની કાવાદાની દેખાતી હતી. તે અંદર દાખલ થઈ ખુલ્લો ચોક વટાવી આગળ ચાલ્યો તો એક બાજુએ લાંબી પહોળી વિશાળ પરશાળપર એક મોટી શેતરંજી બિછાવી હતી. દિવાલો ખીલીઓથી ભરપૂર હતી. દરેક ખીલી ઉપર કોઇની ઇજાર, કોઈનું કુડતું, કોઇનો ટોપ, કોઇની બંદૂક, કોઇની તલવાર એમ સરંજામ લટકતો હતો. જમીનપર આશરે પચાશેક માણસો બેઠા હતા. તેમાં આરબ, મકરાણી, રજપૂત, કાઠી, કોળી, ખાંટ વગેરે જુદી જુદી લડાયક કોમના યોદ્ધા હતા.

ખૂલ્લા ચોકમાં કેટલાક તલવારના પટ્ટા ફેરવતા હતા. જ્યાં પેલા પચાશ માણસો બેઠા હતા તેની બાજુમાં એક નાનો દરવાજો હતો: અમરજી એ તરફ ચાલ્યો. આ સ્થળે દશ આરબો પહેરો ભરતા હતા. તેમણે અમરજીને અટકાવ્યો. અમરજીએ પોતાનું નામ અને

નામ જણાવી બક્ષીજીને મળવાની ઇચ્છા પ્રદર્શિત કરી. એક પહેરેગીર અંદર ગયો.

તુરત જ તે પાછો આવ્યો અને અમરજીને અંદર લઇ ગયો. એક સ્વચ્છ અને સુંદર ઓરડામાં પોતાની તરફ પીઠ રાખીને હીંચકતો એક પુરુષ તેની દૃષ્ટિએ પડ્યો. એ પુરુષે અમરજીના પગના ચસારાથી મુખ ફેરવી તેની સામે જોયું, તેની પોતાની સામે બેસવા ઇશારત કરી.

અમરજીએ આ નરપુંગવનું નિરીક્ષણ કર્યું. ચાલીશ વર્ષની સશક્ત કાયા ઉપર શોભતા ગોર કપાળમાં ભસ્મની શ્વેત રેષાઓ ઓપતી હતી. એની આંખોમાં એક પ્રકારનું લાક્ષણિક નૂર ચમકતું હતું. તેના વાળ ધોળા પણ નહિ અને કાળા પણ નહિ એવા મધ્યમ રંગધારી, યુવાનીના અસ્ત અને વૃદ્ધાવસ્થાના ઉદય વચ્ચેનીસૌમ્ય સંધ્યાની ઝાંખી કરાવતા હતા. આ નરવીર જુનાગઢનો બક્ષી દૌલતરાય.

"કેમ ભાઈ! ક્યાંથી આવો છો?" બક્ષીએ પ્રશ્ન કર્યો.

"જી, માંગરોળથી ચાકરીને માટે આવ્યો છું. હાટકદાદાનું ફરજંદ છું. આપ મારો હાથ ઝાલશો એવી આશાથી આપની પાસે આવ્યો છું."

"ઠીક, નાગર છો એટલે લખતાંવાંચતાં તો આવડતું જ હશે."

"હાજી, યથાશક્તિ સંસ્કાર તો ખરા જ, પરંતુ મારે તો ફોજમાં ચાકરી બાંધવી છે એટલે આપની પાસે આવ્યો."

"એમ! તલવાર તોળી જાણો છો? બરકંદાર નોંધી જાણો છો?"

"એ કળાનું પણ યથાસાધ્ય જ્ઞાન છે."

"તમે છો નાગર અને આજકાલ ફોજમાં નાગર થોડા જ છે. માટે તમને હું કોઈ જવાબદાર જગ્યાએ મૂકું તો તમારે નવાબ સાહેબ અને તેમના વંશવારસોને વફાદાર રહેવા પ્રતિજ્ઞા લેવી પડશે."

"જી."

"રાજ્યખટપટ તો સદાયથી ચાલતી આવી છે, અને મિથ્યા માયામાં જ્યાંસુધી નિત્યતા લાગશે ત્યાંસુધી રાજ્યખટપટ જૂના, નવા કે અનેરા સ્વરૂપમાં કાયમ જ રહેશે. પણ આપણે કે જેઓ ફોજમાં છીએ તેમણે તો એવી ખટપટમાં પડવું જ નહિ. આપણે તો નવાબ અને તેના વંશવારસોને જ વફાદાર રહેવું. મહેતા મુત્સદ્દીઓ ખટપટ કરે. તેમની ખટપટે સ્વાર્થ, સત્તા મેળવવા કે નિભાવવામાં જ

હોય છે. આપણને કદાચ તેમાં ઉતરવાની જરૂર લાગે તો તે આપણે ખાતર નહિ પરંતુ માલિકની ગાદી પ્રત્યેની વફાદારીને માટે, તેની સત્તાને નિભાવવાને અર્થે, તેના મોભાને વૃદ્ધિંગત કરવાને તથા તેના ઉપર ઝઝુમતી કોઇ આપત્તિને વિદારવાને. અમરજી ! હાલ તો હું તમને વિલાયતી આરબોની બેરખના નાયક નિમું છું. લાયક હશો તો ઉંચે ચડશો. બાકી જાણીશ કે નવાબની ગાદી વિરૂદ્ધ થયા છો અથવા તો નવાબ મહેમદ બહાદુરખાનના વારસોને બેવફા નિવડ્યા છો તો હાથીપગે કચરાવીશ. રહેમાન ! ”

ઉતાવળો ઉતાવળો કુડતું સમું કરતો એક ઉંચો અને સશક્ત બાંધાનો આરબ અંદર આવ્યો.

“ રહેમાન ! તમારી બેરખનો નાયક બહેસ્તનશીન થયો છે તેની જગ્યાએ આ અમરજીને નિમવામાં આવે છે. તું એની સાથે રહેજે, બધું સમજાવજે. અમરજી ! રહેમાન સાથે જાઓ. એ પણ વિશ્વાસુ છે. ”

બક્ષી હીંચકાપરથી ઉઠ્યા. મુલાકાત પૂરી થઈ. અમરજી નમન કરી બહાર ગયો. તે થોડે દૂર ગયો હશે ત્યાં એક પહેરેગીર તેની પાસે દોડતો આવ્યો ને બોલ્યો: “ ભાઇ ! બક્ષીજી બોલાવે છે. ”

અમરજી પાછો બક્ષીના નિવાસસ્થાન તરફ ગયો. પહેરેગીર તેને એક ઓરડામાં મૂકી ગયો. ત્યાં કોઈ ન હતું. થોડી વારે દશેક વર્ષનો એક મનોહર બાળક અંદર આવીને બોલ્યો: “ અમરજીભાઈ ! બાપુ બોલાવે છે. ”

અમરજી તેની પાછળ ચાલ્યો. બન્ને એક ખુલ્લા આંગણામાં આવ્યા. ત્યાં એક છેડે ડેલીબંધ દ્વાર હતું.

તેઓ એ દ્વારમાં દાખલ થયા. અંદર પાંત્રીશેક વર્ષની એક સ્ત્રી બેઠી બેઠી શાક સમારતી હતી. તેણે અમરજીની સામે જોઇને કહ્યું: “ બેસ ભાઇ ! તું માંગરોળથી આવે છે ? ત્યાં આપણા નાતીલા બધા ખુશીમાં તો છે ને ? ”

અમરજીએ સ્વાભાવિક રીતે જ કલ્પના કરી કે આ બક્ષીજીની પત્ની છે. તે જમીનપર પાથરેલી ચટાઈ ઉપર બેઠો અને માંગરોળની નાગરી નાતના સમાચાર આપવામાં મશગુલ બની ગયો. અંદરઅંદરને વેર લગ્નમાં ફટાણું ગાતાં કેવી બોલાચાલી થઇ હતી, જકબ કાઝીએ સુંદરજીને ત્યાં સાંડવસુરને દિવસે કેવો જંગ જમાવ્યો હતો, કે

કાકીના બારમાને દિવસે બાહ્મણોએ કેવી હઠ કરી હતી, વગેરે વર્તમાન આપતાં, પરણેલી છોકરીઓની નામાવલી યાદ કરતાં, રજુ કરતાં, અનેક સાસુ–વહુઓ અને વહેવાઇઓનાં પરાક્રમો યાદ કરતાં અને સંભળાવતાં કેટલો સમય ગયો તેનું ભાન ન રહ્યું અમરજીને કે ન રહ્યું બક્ષીનાં પત્નીને. જ્ઞાતિપ્રકરણ પૂરું થતાં અમરજીની ઓરડા તરફ દૃષ્ટિ ગઇ. બક્ષીજી પાંચેક બાળકોથી વીંટળાઇ હીંચકાપર હીંચકતા સાંભળતા હતા અને હસતા હતા.

"ઠીક, અમરજી! બીજી યોગ્ય વ્યવસ્થા ન થાય ત્યાંસુધી જમવાનું તું આપણે ત્યાં જ રાખજે." એમ કહી બક્ષીનાં પત્ની ઉઠયાં.

શાક વધારતાં, વહુઆરૂને મીઠો ઠપકો આપતાં, દીકરીઓને કામે વળગાડતાં, બાળકો પ્રત્યે મધુર તિરસ્કાર દર્શાવતાં અને વચ્ચે વચ્ચે અમરજીને આંગરોળના જ્ઞાતિને લગતા પ્રશ્નો કરતાં સમય પસાર થઇ ગયો.

પ્રકરણ ૫ મું.

દરબારગઢ બંધ.

ભોજનસમય થઇ ગયો. પાટલા નખાયા. બક્ષીજી તથા અમરજી જમવા બેઠા. સામેના પાટલા ઉપર બક્ષીનાં પત્ની બેસીને જમનાર મ્હેરોણાનું મન વાતોમાં વળગાડવા લાગ્યાં.

ભોજન પીરસાઇ રહ્યું. બક્ષી અનાજનો પ્રથમ ગ્રાસ મુખમાં મૂકે છે ત્યાં એક રજપુત હાંફતો હાંફતો ત્યાં આવ્યો. બક્ષીએ તેની સામે જોઇને પ્રશ્ન કર્યો:

"કેમ ખેંગાર! શું છે?"

"હજુર! હજીસુધી રાજમહેલ ઉઘડયો નથી અને અંદર કાંઇક તોફાન હોવાનો દિવાન સાહેબને વહેમ છે."

"વસંતરાયભાઇએ કશી તપાસ ન કરી?"

"જી, પોતે જ ગાડી જોડાવી મહેલપર ગયા હતા, પણ દરવાજા અંદરથી ઉઘડ્યા જ નહિ."

"એમ! જુનાગઢના દિવાનને પણ દરવાજા બંધ! જય સાંબ!" કહેતા બક્ષીજી અર્ધું ભાણું મૂકી હાથ ધોઇ ઊભા થઇ ગયા; "ખેંગાર! જા, મારું ખડ્ગ લાવ, તું પણ એક બરકંદાર લઇ મારી સાથે ચાલ.

અથવા તો રહે, અમરજી ! તું મારી સાથે ચાલ; અને બેગાર ! તું અહીં રોકાજે."

બક્ષીએ બહાર આવી પહેરેગીરને બોલાવ્યો અને તેને કહ્યું: "રહેમાનને બોલાવ. જમાદાર મહબુબને પણ સાથે તેડતો આવજે. વજેસંગને કહેજે કે બક્ષી યાદ કરે છે."

તેમણે અંગરખું પહેર્યું. માથે જુનાગઢી ગોળ પાઘડી મૂકી, ઇજારપર ભેટ બાંધી, કેડમાં જમૈયો ચડાવ્યો, એક ખેસમાં ખડ્ગ વીંટી બગલમાં નાંખીને બક્ષી તૈયાર થયા.

અમરજીએ પણ હથિયારના ભંડારમાંથી જમૈયો અને શિરોહીની બનાવટની ઝીણી પણ લાંબી બેધારી કીરચ પસંદ કરી. તે લઈ તબેલામાંથી બક્ષીનો ખાસ અરબ્બી ઘોડો અને પોતાને માટે એક લાખી રંગની, મજબૂત અને પાતળા પગવાળી, લાંબી કેશવાળી અને પાતળી ગરદનની કાઠીયાવાડી ઘોડી બહાર કાઢ્યાં અને આંગણામાં બક્ષીની રાહ જોતો ઉભો રહ્યો.

બક્ષીએ એકત્ર થયેલા જમાદારોને ઘટતી સૂચના આપી દીધી. જમાદારોએ પોતપોતાની બેરખો સાવધ કરી દીધી. પચાશ માણસોની હથિયારબંધ ટુકડી સાવધાન થઈ ગઇ. હવેલીનો દરવાજો પહેરા નીચે મૂકાયો. એક ખૂણામાં તેલ પાયેલી મોટી જામગરી સળગી ઉઠી. નાની નાની ૫૦ જામગરીઓ તેલમાં તરબોળ કરી દેવામાં આવી. બે મોટી તોપોના કાન સાફ કરી દીધા. દારૂના થેલા લાવી તોપો ઠાંસી ઠાંસીને ભરી. પચાશ બંદૂકો પણ ભરાઇને તૈયાર થઇ ગઇ.

બક્ષી ઘરમાંથી બહાર આવ્યા. મહબુબ જમાદારને બીજી બેરખોને બોલાવી લાવવા રવાના કર્યો.

બક્ષી ઘોડાપર સવાર થયા. અમરજી પણ તૈયાર થઇ ગયો. રહેમાન જમાદાર બોલ્યો: "વિલાયતીઓ ! સાવધાન !"

સજ્જ થયેલા પચાસ લડવૈયા આરબોમાંથી પંદર સૈનિકો આગળ આવ્યા, તેમણે હાથમાં ભાલાં ઉપાડયાં.

"તમારાં ઘોડાં લાવો અને બક્ષીજી સાથે ચાલો."

"રહેમાન ! મારી સાથે કોઇએ આવવાનું નથી."

"આપ એકલા જશો ? કોણ જાણે શુંયે કરી. આપ અમારા અન્નદાતા. આપની જીંદગાનીને અજાડજો થાય તો વિલાયતીઓનાં મ્હોં કાળાં થાય, મારા ખાવીન્દ !"

"રહેમાન ! મારી ફિકર ન કર. જો, આ બધાં તારે ભરોસે

છે." બક્ષીએ બહાર પરશાળપર ઉભેલાં કુતૂહલભર્યાં પહોળાં નેત્રો સર્વ કાંઇ જોઈ રહેલાં પોતાનાં બાળકોને બતાવ્યાં.

"જેવી આપની આજ્ઞા."

બક્ષી તથા અમરજી બહાર નિકળ્યા. હવેલીના દરવાજા બંધ થઇ ગયા.

સેંકડો આરબોની બેરખોને "હલ બોલો—સલ બોલો"ના પડછંદ પડકારાથી દોડતે ઘોડે દોરતો જમાદાર મહબુબ તેમને માર્ગમાં સામો મળ્યો. તેને બક્ષીએ તલવારવડે હવેલી તરફ જવાની ઇશારત કરી. "જીતે રહો બક્ષી બહાદ્દર!" ની ગગનભેદી ગર્જના કરતી બેરખો ખેપટથી બક્ષી અને અમરજીને ઢાંકતી પસાર થઇ ગઈ.

સૂની શેરીઓ અને બંધ થયેલાં ગૃહોમાંથી ભયચકિત નયને જોઇ રહેલા શહેરીઓના રક્ષણની એકલી આશા સમો બક્ષી રાજમહેલ તરફ આગળ ચાલ્યો.

નાગરવાડામાં તેમને જુનાગઢનો દિવાન વસંતરામ મળ્યો. પચાસ ખાંટ અને પચાશ કાઠીઓનાં ઘોડાં વચ્ચે વીંટળાયેલા જુનાગઢના કારભારીએ બક્ષીને આદર્યો.

"પણ આ બધું છે શું?" બક્ષીએ તેને પૂછ્યું.

"ભગવાન જાણે. મહેલનાં દ્વાર બંધ છે. કોઇ ઉઘાડતું નથી. સ્હવારની કચેરી પણ ભરાઇ નથી. અમલદારો બધા મારે ત્યાં આવ્યા હતા. નગરશેઠ પણ આવી ગયા. કોઇની સલામ લેવાઇ નથી."

"તમે જઇ આવ્યા?"

"હા, હું પણ ગયો હતો પરંતુ દરવાજો ઉઘાડ્યો નહિ. પુનઃ ત્યાં જ જતો હતો." દિવાને જણાવ્યું.

"ઠીક, ચાલો ત્યારે હું પણ તમારી સાથે આવું."

"બહુ સારૂં, ચાલો."

તેઓ બધા ઝપાટાબંધ રાજમહેલ પાસે પહોંચી ગયા.

કુતૂહલભરી માનવમેદનીનો જાણે તિરસ્કાર કરતા હોય એવા દરબારગઢના તોતીંગ લીલા દરવાજા તેમણે બંધ જોયા.

માર્ગ આપતી માનવમેદનીની વચ્ચે થઇને દિવાન તથા બક્ષી બેલા અસ્વારોની સાથે દરવાજા પાસે પહોંચ્યા. દિવાને દરવાજાના કડાને ખખડાવ્યું.

"એ કોણ છે?" અંદરથી અવાજ આવ્યો.

"એ તો હું, દિવાન વસંતરાય."

"દરવાજા નહિ ખૂલે. બેગમસાહેબનો હુકમ નથી."

"બેગમસાહેબ!" માથા ઉપર તલવાર પડી હોય એવી રીતે ચમકતો દિવાન પાછો હઠયો: "નવાબ સાહેબ નહિ!"

"નવાબ તો વહાં ગયે જહાંસે કોઇ લોટ નહિ આતા. હવે તો બેગમ સાહેબ સુલતાનબીબીનાં રાજ્ય છે, સમજ્યા? દિવાન સાહેબ! ડાહ્યા થઈ ઘેર જાઓ." અંદરથી તિરસ્કારભર્યો હાસ્ય સાથે ઉત્તર આવ્યો. દિવાન ઉજળો પુણી જેવો બની ગયો.

હવે બક્ષી આગળ આવ્યો અને વનરાજની ગર્જનાનો પ્રતિઘોષ કરતા અવાજે બોલ્યો: "પહેરાપર કોણ છે?"

"કોણ બક્ષીજી? દોલતરાયજી?" અંદરના અવાજે બક્ષીને ઓળખ્યો.

"હા, પહેરાપર કોણ છે?"

"જી, હું જમાદાર સાલમીન!"

"અચ્છા, સાલમીન જમાદાર! મારૂં ફરમાન છે. દરવાજા ખોલી નાખો."

"જી હઝુર!" અંદરથી અવાજ આવ્યો અને અંદરની સાંકળો તથા આગળીયા ખખડયાં. એક-બે ક્ષણમાં જ એ તોતીંગ દરવાજા પોતાના મજબૂત ચણીયારાપર સ્થિર રહી પાછા ખસવા લાગ્યા. દરબારગઢનાં બારણાં ખૂલાં થઈ ગયાં.

સેંકડો શસ્ત્રધારી મકરાણીઓ પોતાની તલવાર નીચી નમાવી બાજુએ ખસી ગયા. જમાદાર સાલમીન મસ્તક નીચું રાખી દોઢીનું કમાડ પકડી ઉભો રહ્યો. આરબોની બંદૂકો નીચી નમી ગઇ. તોપચીઓ પણ બાજુએ ઉભા થઇ ગયા. આ દશ્ય જોઇને વસંતરાય તો સ્તબ્ધ જ બની ગયો. બક્ષી દોલતરાય સડસડાટ વનરાજની પ્રૌઢતા સાથે આગળ ચાલ્યો. અમરજી પણ તેની સાથે જ હતો.

"જમાદાર સાલમીન! દરવાજા ખુલ્લા રાખો. મારી સાથે ચાલો."

"જી હઝુર."

જમાદાર બક્ષીની આગળ ચાલ્યો. તેઓ બે-ત્રણ ન્હાના દરવાજા વટાવી રંગમહેલમાં આવી પહોંચ્યા. રંગમહેલના એક ઓરડામાં જુનાગઢના નવાબ મહમદ બહાદુરખાનનું શબ એક પલંગ ઉપર લંબાયેલું પડયું હતું.

એ પલંગ આગળ એક મખમલની ગાદીવાળા હીંચકા ઉપર પીસ્તાલીશેક વર્ષની એક સ્ત્રી નિરાંતે હીંચકતી હતી. નીચે જમીનપર એક પુરુષ બેઠો બેઠો એ સ્ત્રી સાથે વાત કરતો હતો. એ સ્ત્રી નવાબ મહમદ બહાદુરખાનની બ્હેન સુલતાનબીબી ઉર્ફે સાહિબાબાનુ હતી અને પેલો પુરુષ પ્રેમજી ઠક્કર.

"સાહિબાબાનુ!" બક્ષી બોલ્યો.

"બક્ષી દોલતરાય!" સાહિબાબાનુ ચમકીને ઊભી થઇ ગઇ. "તમે ક્યાંથી? કેમ આવ્યા? દરવાજા કોણે ઉઘાડ્યા?"

"એ વાત નિરાંતે. મારે જાણવું છે કે નવાબને તમે શામાટે મારી નાખ્યા? આ ભાઈ પણ સાથે જ હતા ને?" બક્ષીએ પૂછ્યું. તેની આંખમાં સત્તાનો પ્રભાવ અને પ્રયાસે દબાવેલા ક્રોધનો જ્વાળામુખી હતો.

"બક્ષી! સોગંદ લઉં—કસમ કુરાનના! મેં નવાબનું ખૂન કર્યું જ નથી. આ તો એકાએક બહેશ્તનશીન થયા અને ટંટો બખેડો ન થાય એટલા માટે દોઢી બંધ રાખી હતી. હું હમણાં જ તમારી પાસે પ્રેમજીને મોકલવાનો ઇરાદો રાખતી હતી."

પ્રકરણ ૬ ઠું.

શીરબંદીનું પંચ.

"વારુ, ગમે તેમ હોય પણ નવાબ સાહેબ બહેશ્તનશીન થયા છે એ વાત સાચી છે. એટલે એમની ઉત્તરક્રિયા આજે સ્હાંજે થવી જ જોઇએ." બક્ષીએ કહ્યું: "જમાદાર!"

"જી!" સાલમીન આગળ આવ્યો,

"તમે જાઓ, તમારા મકરાણીઓને વિખેરી નાંખો. કાજીને બોલાવો."

એમ કહેતા બક્ષી બહાર આવ્યા. અમરજી પણ તેમની સાથે સાથે હતો. સાહિબાબાનુ પણ બક્ષીની સાથે સાથે બહાર પરશાળસુધી આવી. દોઢીપર આવીને બક્ષીએ વસંતરાયને બોલાવી તેમના ભાટ અને કાઠીઓને મહેલનો કબજો સોંપ્યો.

બક્ષી તે તરત દિવાન ઘર તરફ ચાલ્યા. માર્ગમાં દિવાને પૂછ્યું: "બક્ષીજી! નવાબ સાહેબની બિમારીનો ભેદ શો હશે?"

"કોણ જાણે! મને તો વિષનો પ્રયોગ હોય એમ લાગ્યું. પણ સાહિબાબાનુ કુરાનના સોગંદ ખાતાં હતાં એટલે સંભવ છે કે અચાનક મૃત્યુ પણ થયું હોય; જોકે રાજવંશીઓમાં તો આવાં મૃત્યુના કોયડા અણઉકેલ્યા રહેવાને જ સરજાયેલા છે."

"હવે શું કરીશું?"

"બીજું વળી શું હોય? નવાબ કાંઇ નાવારસ તો ગયા નથીને?"

"નારે, પણ મહોબતખાન બાળક. માથે મરાઠાનાં કાળ જેવાં ઘોડાંના ડાબલા ગાજે છે. ગોંડળીયો ઠાકોર અને પોરબંદરનો જેઠવો પણ ઠરી ઠામ બેસતા નથી. નવાનગરનો મેરામણ ખવાસ પણ હમણાં હમણાં ફેરો કરવા નિકળી પડે છે. કમભાગ્ય જુનાણાનાં કે એનો વનરાજ સમો–વૃદ્ધ પણ સશક્ત–શિરછત્ર ચાલ્યો ગયો!" દિવાને એક દીર્ઘ નિઃશ્વાસ મૂકયો.

"એ તો જે માંડયું હશે તે થશે. બાકી આપણે કાંઇ ચૂડીઓ પહેરીને બેઠા નથી; એટલે જુનાણાનો શિરછત્ર તો નવાબનો શાહજાદો જ હોય."

બન્ને છૂટા પડયા. દિવાન સાથેના સંભાષણથી તેનું ચિત્ત સ્હેજ અસ્વસ્થ બન્યું હતું. એટલે તે ઉતાવળો ઉતાવળો પોતાની હવેલીએ આવ્યો, તેના મગજમાં કાંઇ કાંઇ વિચારો ઉઠયા.

અમરેલીમાં ચોથ ઉઘરાવતું, ગામો બાળતું, પ્રજાને રંજાડતું, મરાઠાનું જુલ્મી થાણું કાનાજી તાકપોરની સરદારી નીચે કાઠિયાવાડ ઉપર પોતાની લોખંડી મેખ નાખી બેસી ગયું હતું. ગાયકવાડની એ બેસતી બાદશાહીના દોરને નિયમિત કરનારા એજન્સીના સફેદ હાથીઓના પગરવ સંભળાવાને વાર હતી, પરંતુ ખંભાતની કોઠીમાં વસતા ટોપીવાળાઓનાં નામ માત્ર સાર્વત્રિક થઇ પડયાં હતાં. બંગાળાના નવાબને હરાવી મનમાન્યા નવાબને ગાદીએ બેસાડવાના એ ટોપીવાળાના કાવતરાથી સોરઠના મુત્સદ્દીઓ તુરતમાં જ વાકેફ થયા હતા. ગોંડળના ભા કુંભાએ પોતાની ઠકરાતને યેનકેન પ્રકારેણ વધારી, સુધારી એકજ દસકાની અંદર મોટી રિયાસતમાં ફેરવી નાખી હતી. દૂર દૂર ઉત્તર કાંઠે ઉછળતાં સમુદ્રનાં મોજાંની ગર્જનામાં કચ્છના રાં રાયધણજીને વસતિએ કેદ કર્યાના સમાચાર સાથે કચ્છના વીર જમાદાર ફતેહમહમદનાં પરાક્રમોની ગાથા ગુંજતી હતી. હાલારના મોતીવાળા જામની પુરાતી પાદશાહીના પાયા મેરામણજીએ

ખવા શરૂ કર્યાં હતા. ખરેખર એ યુગમાં જુનાગઢની નવાબી માટે ય તો પૂરેપૂરો હતો. મહમદ બહાદુરખાનનું અવસાન કુદરતી હોય અન્ય પ્રકારનું હોય પરંતુ જુનાગઢની નવાબી અને બાબી કુટુંબને રે પડી જાય તેવું હતું. એ ગિરના વૃદ્ધ વનરાજે પોરબંદરના કને અને મરાઠાનાં ઉછળતાં ધાડાંને જુનાગઢની સરહદ બહાર કેલી દીધાં હતાં. એ નવાબની ગાદી અને શત્રુઓનાં રક્તથી સદાયે લ રહેતી તલવાર અત્યારે એક આઠ–નવ વર્ષના છોકરાના હાથમાં પવામાં વિધિનો શો વિચિત્ર સંકેત હશે?

વિચારોના વમળમાં ચડેલા બક્ષી હવેલીના બંધ દરવાજા ાગળ સ્હેજ ઊભા રહ્યા. તેની દૃષ્ટિ સમક્ષ તેનું જુનાગઢ–સોરઠના રોમણિ સમું નષ્ટભ્રષ્ટ થતું લાગ્યું. તેની ઉઘડી ગયેલી પ્રજ્ઞાચક્ષુએ રાવો, ગાદી અને ગાદીવારસો વચ્ચેનો પ્રબળ વિગ્રહ જોયો. નાશના વૈશ્વાનરે બાળી નાખનારૂં વિરાટ સ્વરૂપ તેણે જોયું. એ નાગઢ કે જેના રાજમુકુટની પત્થરની પ્રતિમા સરખા ઉપરકોટના તિંગ કિલ્લામાં રાણક માતાના કંકુવાળા લાલ થાપા પોતાના શીર્વાદની સૌમ્ય છાયા પસારતા હતા, જ્યાંથી સોરઠના રણધીર ચક ખેંગારે બાર બાર વર્ષનો હારતો સંગ્રામ ખેલી, પોતાના ગના તેજથી સોરઠને સદાયે ઉજમાળો કર્યો હતો, જેના કોળી, ળી, ખાંટ અને વેજા ભીલો ભગવાન્ સોમનાથના નિરશંક વડેલા સંરક્ષણ અર્થે યવનો સાથે યુદ્ધ કરી શ્મશાનવાસી ધૂર્જટીના જા લોચનને ભસ્મીભૂત સોમનાથપરનાં શીષકમળોથી ખડકાયેલું શાન બતાવ્યું હતું; જ્યાંથી રા' નવઘણના હણહણાટ કરતા શ્વોએ સિંધ ઉપર સવારી કરી તેનો પરાજય કર્યો હતો, જેની લાખ તલવારના તેજ સામે મરાઠાનો ચડતો પ્રભાત પણ પાછો તો જણાતો હતો, એવા જુનાગઢના કિલ્લાપરના અભેદ્ય પત્થરને ુ ઉતરતા જોયા.

આ પ્રાચીન શહેર જાણે કોઇ ભયંકર ધરતીકંપથી ધ્રુજતું ય એવો કંપ બાસ થયો. જાણે આખો સૌરાષ્ટ્રનો ગિરિવર ગિરનાર પોતાના [illegible] પાછળ હારીહારી કરતો [illegible] મેમ ગતો દેખાયો.

અસ્વસ્થતા અને શોકના આવરણને દૂર કરી બક્ષીએ દરવાજા

પર અવાજ કર્યો. દરવાજો ખૂલ્યો અને તે અમરજી સાથે અંદર દાખલ થયા.

પોતાના ખંડમાં જઈ તેમણે અમરજીને કેટલીક સૂચના કરી. અમરજી બહાર ગયો અને થોડી વારે જુદી જુદી શીરબંદીઓના જમાદાર બક્ષી સમીપ હાજર થયા. તેમણે તેમની બેરખોને બહારના ચોગાનમાં એકત્ર કરવા ફરમાવ્યું.

હવેલીના વિશાળ ચોગાનમાં જુદી જુદી ટુકડીઓના માણસો ઉભરાવા લાગ્યા. લશ્કરી પોષાકમાં, કમરપર તલવાર લટકાવી, એ પરદેશી સૈનિકો સરદારની પ્રતીક્ષા કરતા ખડા થઇ ગયા.

બક્ષી ટુકડીઓના જમાદારોથી વિંટળાઇને બહાર આવ્યા. સર્વનું લક્ષ તેમની તરફ ખેંચાયું અને એ વિશાળ મેદાનમાં શ્મશાન સમી શાંતિ વ્યાપી રહી.

બક્ષી એ શાંતિને તોડતા બોલ્યાઃ—

"ભાઇઓ! આજ રોજ જુનાણાનો સિંહ સમો નવાબ આપણી વચ્ચેથી ચાલ્યો જાય છે. ચુંવાળીયા કોળીઓનો એ કાળ, બહારવટું ખેડનાર કાઠીઓનો એ કઠોર દંડેતા હવે પોતાના લીલા વાવટા નીચે એકત્ર થયેલા આપણને જોવા માટે રહ્યો નથી. એ તો ગયો, પણ પોતાની અમર કીર્તિને મૂકતો ગયો છે. આપણે તો તેને એ પ્રતાપી નામથી યાદ કરવાનો જ રહ્યો. એ નામ સોરઠમાં વિખ્યાત કરવાને તમો સર્વેએ પોતાના લોહીનાં છેવટનાં ટીપાં આપવાને પણ તત્પરતા દાખવી છે. તમે જ નવાબને કીર્તિ મેળવી આપી છે. સોરઠની પાદશાહી બાંધનાર તમે—ભોગવનાર એ! અત્યારે એ નથી પરંતુ તમે છો; અને જ્યાંસુધી તમે છો ત્યાંસુધી તેના બાળક શાહજાદાનો ઉજમાળો વારસો બીજાના હાથમાં ન જાય એ જોવાનું કામ તમારૂં છે, તમારા નાયકો તરીકે તમારા જમાદારોનું છે. તમે એ બિરૂદને પાળી શકશો? તમારામાંથી જે કોઇને પણ ધનનો લોભ હોય તે અત્યારે ચાલ્યો જાય, જેને પોતાનો જીવ વ્હાલો હોય તેને માટે પણ અહીં સ્થાન નથી, જેને અરબ્બી વફાદારીના જુગજુના સંસ્કારો ન હોય તેને અહીં રહેવાનું ન જ કહેવાય. હા, આજે જ જાય, એ બધાય ચાલતા થાય. જેઓ એક ધણીની ચાકરી સ્વીકારી, તેનું નિમક ખાઈ, પોતાનાં હાથ અને શરીર ઉઘાડી આંખે બીજાને વેચવા તૈયાર હોય તેનું અહીં બિલકુલ કામ નથી. આ સ્થળે તો

હવે તેઓ જ રહે કે જેમને બાળી કુટુંબ તરફ વફાદારી બતાવવી હોય, જેઓ એક જ ખુદા અને એક જ માલિકને માનતા હોય, જેઓ આરબ પિતાના સાચા સંતાન હોય, જેઓ શેરે મર્દ હોય અને સાચા ઇસ્લામી હોઇ કુરાનમાં શ્રદ્ધા રાખતા હોય, જેમનું વચન એક હોય, જેમનું બિરદ એક હોય, જેમની ટેક એક જ હોય !"

બક્ષી ક્ષણવાર સ્થંભી સર્વની તરફ દૃષ્ટિ ફેરવવા લાગ્યા. તેમણે પુનઃ આગળ ચલાવ્યું: "બિરાદરો ! જુનાગઢની ખટપટથી આપણે વાકેફ નથી, વાકેફ થવા માગતા નથી. આપણે તો ફોજના સિપાહો કહેવાઇએ. આપણા મુકુટરૂપ સરદારની ટેક અને તેનું કલ્યાણ એ જ આપણો ધર્મ. બોલો, તમે તમારો ધર્મ પાળશો ?"

એક વૃદ્ધ ખખડધજ આરબ હજાર મનુષ્યોની મેદની વચ્ચેથી આગળ આવ્યો અને બોલ્યો: "બક્ષીજી ! આ હાથ જોયો ?"

"હા, એ હાથને સેંકડો વાર ઘા કરતો અને અનેકોના ઘા ઝીલતો નજરોનજર અનેક વાર જોયો છે." બક્ષીએ આ વૃદ્ધ આરબના વીરત્વની પ્રશંસા કરી.

"એ હાથમાં લોહી વહે છે તે નવાબના અન્નજળથી પેદા થયેલું છે. આ માથાનો માલિક નવાબ છે, શરીરના માલિક તમે છો. બોલો, બક્ષીજી ! જુનાગઢનો નવાબ અત્યારે કોણ છે ? તમે કહેશો તે અમારો નવાબ ! તમારી આજ્ઞાથી એને માટે આ માથાં તૈયાર છે !"

"સાબાશ ! જુનાગઢનો ભાવી નવાબ મર્હુમ નવાબસાહેબનો શાહજાદો મહોબતખાન છે !"

"ઠીક, બક્ષીજી ! અમારો માલિક મહોબતખાન ! સરદાર તમે ! હવેથી આ માથું એનું છે. ખાત્રી કરવી હોય તો અત્યારે જ તમારી તલવારથી ઉતારી લ્યો." વૃદ્ધ આરબ બક્ષીની સામે ઘુંટણમંડીએ પડ્યો.

"જીતે રહો ! જીતે રહો નવાબ મહોબતખાનજી ! જીતે રહો બક્ષી બહાદુર ! જ્યાં તમે ત્યાં જ અમે." એવા ઘોષથી આખું મેદાન ગાજી રહ્યું.

બક્ષીએ વૃદ્ધ આરબને ઊભો કરી અખાની હુબરૂ તેને ભેટ્યા. પછી તેમણે કહ્યું: "ભાઈઓ ! તમારી વફાદારીના દર્શનથી મને સંતોષ છે. પણ સંભવ છે કે હું તમારી સાથે ન હોઉં. કદાચ મને કેદ

પકડે કે મારી પણ નાખે. છતાંયે તમારે તે તમારૂં વચન પાળવુંજ પડશે. ઈંદ્રિ બદલાય, ઈંદ્રાણી ન બદલાય: બક્ષી બદલાય, તેની સેના ન બદલાય. એટલે અત્યારે તમારામાં કોઇ ખુટેલ નથી, પરંતુ ભવિષ્યમાં યે ન ખૂટે તેનો બંદોબસ્ત તમારે કરવો જોઇશે."

"આરબનો ઇન્સાફ એક જ છે, જનાબ!" એક આરબ જમૈયો ઉંચો કરીને બોલ્યો.

"પણ એ ઇન્સાફ ચૂકવશે કોણ?"

"હા એ વાત ઠીક છે." પેલા વૃદ્ધ આરબે કહ્યું: "આપણી ત્રણ શીરબંદી ને બે ટુકડીઓ છે, તેમાંથી અક્કેક આદમી નક્કી કરો. એ પંચ ઇન્સાફ આપે."

"એ બરાબર છે." બક્ષીએ અનુમોદન આપ્યું: "પછી એ પંચમાંથી જ એકને મુખી નીમવો. એટલે કદાચ રાજ્યખટપટને કારણે મારે તમારાથી મને કે કમને દૂર થવું પડે તોપણ એ મુખી જ નવાબના જાનમાલનું રક્ષણ કરે. નવાબના ખૂનનો કે તેમને અજાકજા કરવાનો પ્રયત્ન થાય તો તેમાંથી તેમને છોડાવે યા તો વેર લે, ત્યારે તમારે બધાયે એ મુખીને તાબેદાર રહેવું. વારૂ, તમારૂં એ પંચ તમે જ નીમીને મને ખબર આપજો."

એટલું કહી બક્ષીજી અંદર ચાલ્યા ગયા. ટુકડીઓ વિખરાઇ ગઇ. સહુ ટુકડીઓએ અંદર અંદર મસલત કરી પોતપોતાનામાંથી માણસો નીમી દીધા. વિલાયતીઓમાંથી જમાદાર મહબુબ, આરબોમાંથી પેલો વૃદ્ધ આરબ મહમદશાહ, મકરાણીઓમાંથી જમાદાર રહેમાન, રજપુતો ને કાઠીઓમાંથી એંગાર અને પરચુરણ ટુકડીઓમાંથી વજેસંગ એ રીતે શીરબંદીનું પંચ નિમવામાં આવ્યું. પંચના મુખી તરીકે વૃદ્ધ આરબ મહમદશાહને સ્વીકારવામાં આવ્યો.

એ પાંચે યોદ્ધાઓ બક્ષી પાસે ગયા. તેમણે પંચની નિમણુંકની જાહેરાત કરી. મહમદશાહે એક મુશ્કેલી રજુ કરી: "દેખો, બક્ષીજી! આ પંચ તો થયું પણ અમારામાંથી કોઇ લખ્યું પઢ્યું નથી અને ઓર મજે તો દેખો! યે પંદરસો મેં ભી કોઇ નહિ."

"એ વાત સાચી છે. તેનો તોડ હું કાઢી આપું." બક્ષીએ સૂચવ્યું: "રહેમાનની ટુકડીમાં અમરજી નામના એક છોકરાને આજે જ દાખલ કર્યો છે. આજે મારી સાથે હતો તે જ. મારો નાતીલો છે, લખતા વાંચતા આવડે છે ને બરછી પણ એ વાપરી જાણે છે. એને તમારી ભેગો રાખજો."

"વાહ! તબ તો અચ્છા. બેગાર! જરી એનેય બોલાવો તો." અહમદશાહે કહ્યું.

બેગાર અમરજીને તુરત બોલાવી લાવ્યો. અમરજી નમન કરીને આદાબસર ઉભો રહ્યો. બક્ષી તેની સામે જોઈને બોલ્યાઃ

"અમરજી! તું નવો જ નોકરીમાં દાખલ થાય છે છતાં પણ પ્રસંગના રંગે તારા ઉપર એક ગંભીર જવાબદારી મૂકવાનું યોગ્ય ધાર્યું છે. રાજ્યમાં જ્યારે રાજખટપટ અનેરા અને ભયંકર રંગો લે છે ત્યારે જ શીરબંદીનાં પંચ નિમાય છે. એવા પંચમાં આજે નિમાયેલા પાંચે જણને વાંચતાં લખતાં આવડતું નહિ હોવાથી અને મારી આખી ફોજમાં માત્ર તું જ એ વિષયથી જ્ઞાત હોવાથી તને પણ એ પંચમાં એક સહાયક તરીકે આમેજ કરવામાં આવે છે. તારી ઉમરના પ્રમાણમાં જવાબદારી ભારે છે, માટે મગજને સમતોલ રાખી નિષ્ઠા અને કાળજીથી કામ કરજે."

અમરજીએ પુનઃ નમન કર્યું. મહમદશાહ બોલ્યોઃ "વાહ! આટલો છોકરો એને લખતાં ને વાંચતાં આવડે ને આપણે બુઢ્ઢા થયા પણ એ જ્ઞાન ન થયું. ખુદાની કરામત કયસી હૈ! અચ્છા, અમરજી! આવી જાઓ હમારી સાથમેં!"

અમરજી શીરબંદીના પંચની સાથે પણ આદાબસર ઉભો રહ્યો. બક્ષીએ જણાવ્યુંઃ 'બિરાદરો! નવાબ મહમદ બહાદૂરખાન ચાલ્યા ગયા છે, શાહજાદા મહોબતખાન બાળક છે. મામલો ભારે છે. શું થાય ને શું નહિ તે ન કહેવાય. હું હાજર હોઉં કે ન હોઉં તોપણ મહોબતખાનના જાનની જવાબદારી તમારે શિરે. એના એક વાળને પણ આંચ લાવનાર દુશ્મનની છાતી ચીરી તેનું લાલ લોહી તમારે જોવાનું છે. વારૂ, હવે હું તમને કેટલીક સૂચનાઓ આપું છું તે સાંભળી લ્યોઃ—

"જમાદાર મહબુબ! તમારે તમારા વિલાયતીઓને આઠે પહોર સજ્જ રાખવા અને દરેક પળે મારી આજ્ઞાની રાહ જોવી. મારી આજ્ઞા મળતાં જ તમારે ગમે તે ભોગે દરબારગઢનો અને શાહજાદા મહોબતખાનનો કબજો કરી લેવો.

"જમાદાર રહેમાન! તમારે તમારા મકરાણીઓ સાથે તૈયાર રહી, કહું તે પળે શહેરના દરેકે દરેક દરવાજા તાબે કરી લેવાના છે. બેગાર! આ હવેલી તમને સોંપું છું; અને વજેસંગ! તમારે

તમારા માણસોને શહેરમાં ફરતા રાખી, બજારમાં અને અન્ય સ્થળે જે જે વાતો થતી હોય તે જાણી લઈ મને જણાવવી. અમરજી! તારે તારી ટુકડીના નાયક તરીકે કામ કરવા ઉપરાંત પંચના જે જે જમાદારને તારી જે કાંઇ જરૂર પડે તે તે આપવી. તારી બેરખને તારે હવેલીમાં જ તૈયાર રાખવી.

"જમાદાર મહમદશાહ! હું હાજર હોઇશ ત્યાંસુધી કે હુકમ આપવાની સ્થિતિમાં હોઇશ ત્યાંસુધી મારા બધા હુકમ તમને મળશે, તેનો તમારે યોગ્ય લાગે તે રીતે અમલ કરવો કે કરાવવો. બધાનાં હથિયાર, દારૂગોળો, અનાજ, ઘાસચારો એ સર્વ એકત્ર કરાવવું, સાચવવું, તપાસવું, નિભાવવું એ બધું તમારે જ કરવાનું છે તમે વૃદ્ધ હોઇ જાતે તકલીફ લઇ ન શકો, એટલે તમારે હવેલી છોડવી નહિ. તમારૂં કામ મારી આજ્ઞાઓનો સર્વની પાસે અમલ કરાવવાનું. જો કદાચ મને પકડવામાં આવે કે મારો જાન લેવામાં આવે તો આ બધો બક્ષીગીરીનો વહિવટ તમારે તુરત જ સંભાળી લેવાનો છે. તે ઉપરાંત પણ તમારે........"

એ જ વખતે એક પહેરેગીર તેમની પાસે આવીને બોલ્યો: "બહાર કોઇ માણુસ આવ્યો છે. કહે છે કે દિવાને મોકલ્યો છે અને આપની મુલાકાત ચાહે છે."

"તેને અંદર લાવ."

એક રજપુત જેવો જણાતો કાસદ અંદર આવી નમન કરીને બોલ્યો: "બક્ષી સાહેબ! દિવાનજીએ કહેવરાવ્યું છે કે આજે સ્હાંજના દરબારગઢમાં રાજ્યના અમીર ઉમરાવ તથા સરદારો વગેરેની સભા મળનાર છે. તે સમયે આપ ત્યાં અવશ્ય પધારશો."

"સ્હાંજે સભા શા માટે મળવાની છે?" બક્ષીએ પ્રશ્ન કર્યો.

"એ મ્હારા જાણવામાં નથી. માત્ર દિવાનજીની આજ્ઞાથી હું આપને જાહેર કરવાને આવ્યો છું."

"વસંતરાયભાઇ તેમની કચેરીમાં છે?"

"ના જી, તેમને ઘેર પ્રેમજી ઠક્કરની સાથે વાતો કરે છે. ત્યાંથી મને કહેવાને મોકલ્યો છે."

"બહુ સારૂં, તેમને કહેજે કે હું સ્હાંજે ચાર વાગે દરબારગઢમાં હાજર થઈ જઇશ."

"જી." એમ કહી પુનઃ નમન કરીને કાસદ ચાલ્યો ગયો.

તેના ગયા પછી બક્ષીએ સર્વને ઉદ્દેશીને કહ્યું: "તમને પુનઃ

સૂચના કરવાની જરૂર નથી. કદાચ આજની સભા કોઇ નવો જ રંગ દાખવે. માટે સર્વ સાવધ રહી પોતપોતાના કર્તવ્યને પૂર્ણ કરવા તત્પર રહેજો. ”

એમ કહી બક્ષી અંદર ચાલ્યા ગયા. સહુ સૈનિકો પોતપોતાના સ્થાને પ્હોંચી ગયા અને શીરબંદીના પંચના આગેવાનો પોતાને સુપ્રત થએલી કામગીરીને વ્યવસ્થિત રીતે અમલમાં લાવવાના કાર્યમાં ગુંથાયા.

પ્રકરણ ૭ મું.

નવાબ કોણ ?

સૂર્યદેવનો ઉગ્ર તાપ ધીમે ધીમે નમતો જતો હતો તે વખતે બક્ષી ઉમરાવોની સભામાં હાજરી આપવાને તૈયાર થઇ પોતાના અશ્વપર સવાર થઇને ચાલ્યા. હવેલીના દરવાજા બંધ થઇ ગયા. બહાર ચોકી કરતા રજપુતો સાવધાન બની ગયા.

તેમની શેરીને નાકે એક સાદું કુડતું પહેરીને બેઠેલો જમાદાર વજેસંગ દૃષ્ટિએ પડચો. આગળ પંચ હાટડીમાં બે-ત્રણ દુકાનોના ઓટલાપર બે-ત્રણ ખાંટને નિરાંતે બેઠેલા જોયા. થોડે દૂર લોકોનું ન્હાનું ટોળું ઉશ્કેરાયલું અંદરઅંદર વાર્તાલાપ કરતું જોવામાં આવ્યું, તેમાં પોતાના દશ-પંદર ખાંટો ભળી ગયેલા જોવામાં આવ્યા. એમ આખા રાજમાર્ગપર થોડે થોડે અંતરે વજેસંગના માણસો ગોઠવાઈ ગયેલા દૃષ્ટિએ પડતા હતા. એ લોકો પાસે કશું હથિયાર જોવામાં આવતું ન હતું, પરંતુ ચતુર બક્ષી તેમના કુડતાના સ્હેજ ઉપસાણથી સમજી ગયા કે કુડતા તળે જમૈયો કે છુરી છૂપાવેલાં હોવાં જોઇએ. તે સ્હેજ હસ્યા ને આગળ વધ્યા. દરબારગઢની દોઢીથી થોડે જ દૂર તેમણે વજેસંગના ન્હાના ભાઇ સૂરજસંગને જોયો.

તે જ વખતે તેમણે પ્રેમજી ઠક્કરને પચાસ સશસ્ત્ર મકરાણીઓ અને મેરોની સાથે દરબારગઢમાં દાખલ થતો જોયો. એથી તેમણે સુરજસંગને બોલાવીને કહ્યું: “ તું જમાદાર મહમદશાહને કહેવરાવ કે મામલો તેજ થતો લાગે છે. માટે દરબારગઢે પહેલી વાર મોકલે. ”

સૂરજસંગે જાણે પોતે આળસ ખાવાને અંગ મરડ્યો હોય તેમ એક હાથ ઊંચો કર્યો અને પુનઃ પોતાને સ્થાને સ્વસ્થપણે ઊભો રહ્યો. બક્ષીએ દરબારગઢમાં પ્રવેશ કર્યો.

અંદર રંગમહેલની વિશાળ પરશાળમાં સુંદર શેતરંજી ઉપર ફુરશાદે ગાલીચા પથરાઈ ગયા હતા. ઘણાખરા અમીર ઉમરાવો આવી ગયા હતા. પ્રેમજી ઠક્કર અને વસંતરાય સંભાષણ કરતા વચ્ચે ઊભા હતા.

બક્ષીએ એક સાવધાન દૃષ્ટિ ચોતરફ કરી, પરંતુ પ્રેમજીના મકરાણી તથા મેર ક્યાંય જોવામાં આવ્યા નહિ.

બક્ષીને દરબારમાં આવેલા જોઇને પ્રેમજી બોલ્યો: "દિવાન સાહેબ ! બક્ષીજી પણ આવી ગયા. હવે આપણે શરૂ કરીએ."

"હા!, બધાય આવી ગયા લાગે છે." દિવાને પણ સંમતિ આપી અને સભાનું કાર્ય શરૂ કરતાં તેણે સર્વને ઉદ્દેશીને ઉચ્ચ સ્વરે બોલવાનો પ્રારંભ કર્યો:—

"સરદારો ! અમીર ઉમરાવો ! અધિકારી જનો ! આપણા કૃપાવંત નવાબ સાહેબ આજે આ ફાની દુનિયાનો ત્યાગ કરીને બહેસ્તનશીન થયા છે. હવે તેમની પછવાડે આપણે ગાદીનો વારસ નક્કી કરવાનો છે, એટલે આપણે સર્વેએ એકત્ર મળી એ ગાદી કોને સુપ્રત કરવી તેનો નિર્ણય કરવાને માટે આજે આપ સર્વને અત્ર પધારવા તસ્દી આપી છે. હું તો પરદેશી છું, રાજ્યનો નોકર છું. આ ગાદી કોને આપવી તેનો નિર્ણય તો જુનાગઢના પ્રજાજનો અને રાજ્યના અમીર ઉમરાવો તથા સરદારોએ કરવાનો છે, તેમાં મારો મત કામ ન આવે."

"સાચી વાત છે." પ્રેમજી ઠક્કરે ઊભા થઈને કહ્યું: "પરંતુ ભાવી નવાબની શોધ માટે દૂર જવું પડે તેમ નથી. શાહજાદા મહોબતખાન બાળક છે. દૈવકૃપાએ નવાબનો ભત્રિજો મુજફ્ફરખાન યુવાન છે, શૂરવીર છે અને બુદ્ધિમાન પણ છે. માટે મારો મત એવો પડે છે કે તેને જ નવાબના તખ્તપર બેસારવો. આપ જૂઓ છો કે ખંભાતમાં ટોપીવાળા પડયા છે. એમનો કાકડોળો સોરઠ ઉપર છે. અમરેલીમાં મરાઠાનાં લૂટારૂ ટોળાં ગાજે છે. ગુજરાતના સુબાએ પણ લીંબડીમાં કેવી ખટપટ ચલાવી હતી તેથી આપ વાકેફ છો. ગ્વાલીયરના મહાદજી સીંધીયાનો ભાઈ રૂપોજી વડનગર આગળ પડયો છે. આપણે ભાઈ ન જઇએ તોપણ આપણી સામે જ ગોંડલના ભા કુંભા અને નવાનગરનો મેરૂ ખવાસ પણ પોતાની રિયાસત વધારવાના લોભને વશ થયા છે. આવે વખતે જુનાગઢમાં બાળક નવાબ ન ચાલે. આપણો નવાબ તો ફોજને મોખરે રહે એવો હોવો જોઇએ. વસ્તીનું રક્ષણ કરી શકે,

માલ વાળી જતા ધાડપાડુઓને શિકસ્ત આપી, કોઇ આપણા ઉપર ચડી આવે તો તેને પરાસ્ત કરી શકે એવો મરદ નવાબ જોઇએ, મરદ યુવાન હોવો જોઇએ માટે યુવાન મુજફ્ફરખાનને જ નવાબના તખ્તપર બેસારવા મારી ભલામણ છે. ”

તે ક્ષણવાર થોભીને આગળ બોલ્યો: “ વળી મુજફ્ફરખાનને નવાબી મળે તો પોરબંદર પણ આપણી પડખે રહેશે. એટલે પછી જો સોરઠમાં જુનાગઢ અને પોરબંદર એક થાય તો કોની મગદૂર છે કે એ સિંહ વાઘની જોડીને છંછેડી શકે ? ”

“ પણ તો પછી શાહજાદા મહોબતખાનનું શું ? ” એક ઉમરાવે વચ્ચે અવાજ કર્યો.

“ એને રાણપુરની ગાદી સોંપવી. ” પ્રેમજીએ ખુલાસો કર્યો.

બક્ષી આ સાંભળી રહ્યો હતો તે પોતાના સ્થાનપર ઊભો થયો. તેનું મુખ આવેશથી લાલ બની ગયું હતું. તેણે ગંભીર સ્વરે બોલવાનો આરંભ કર્યો: “ માન્યવર મહાશયો ! દિવાનજીએ આજે આ સભા બોલાવવામાં મોટી ભૂલ કરી છે. જુનાગઢની નવાબી કાંઇ ખળાવાડનો જાર બાજરો નથી કે તેની આમ હરરાજી થાય. બહાદુર બાબીઓએ પોતાનાં બાવડાંના બળથી જુનાગઢની ગાદી લીધી છે એટલે તે બાબી વંશમાં જ રહેવી જોઇએ. હું અત્ર એકત્ર થયેલા સર્વ મહાશયોને પ્રશ્ન કરું છું કે મર્હુમ નવાબ મહમદ બહાદુરખાન કેવા નવાબ હતા ? એ બહાદુર હતા, મરદ હતા, ગિરમાં ફરનારા સિંહ સમા એ પણ નરકેસરી હતા. તેમણે આપણને અન્નજળ આપ્યું છે. આપણી આજની સરદારી પણ એ જ નવાબની બક્ષીસ છે. ગામના મહાજનને પણ તેમણે કદી દુભવ્યું નથી. આજે વેપારીઓની દુકાનોમાં ને ખેડુતોનાં ઝુંપડાંમાં પણ એ નવાબની ઉજ્જવળ યાદગીરીઓ આંસુ વરસે છે. એ નવાબનો એવો શો દોષ હતો કે આજે તેમના શાહજાદાનો જુનાગઢની નવાબી ઉપરના હક્કનો આપણે તિરસ્કાર કરવો ? પ્રેમજી ઠક્કર આપણને મરાઠા, ટોપીવાળા, ગોંડલ, નવાનગર, પોરબંદર વગેરેની કલ્પિત વાતોથી ભડકાવી રહ્યા છે. એ લોકોનાં ધાડાં લઈ આવે, નવાબ બાળક હોય તેથી શું ? આપણે નવાબના સરદારો, અમીર ઉમરાવો, નોકરો, સૈનિકો, શું બાળક નથી ને ? નવાબ મહમદ બહાદુરખાને આપણને લડતાં શીખવ્યું છે, જુનાગઢના શસ્ત્રો

સામે ટકાવ કરતાં શીખવ્યું છે. તેમના એ શિક્ષણનું ઋણુ આપણે એ નવાબના બાળ શાહજાદા માટે પ્રાણુ આપીને અદા કરવાનું છે. એવો ઋણુમુક્ત થવાનો મહામૂલો અવસર અત્યારે આપણે આ રીતે ગાળા ચાવીને ગૂમાવવીએ તો લોકો આપણુને શું કહેશે ? આપણે આપણા કાંડે કંકણુ બાંધ્યાં ન હોય, મૂછાળા મરદ કહેવાતા હોઇએ, આપણાં કાંડાં લોખંડ સમાં નક્કર હોય તો મરાઠા કે ભા કુંભો, મેરૂ ખવાસ કે ટોપીવાળા ગમે તે આપણી સામે ભલે ચાલ્યા આવે ! આપણુને બહારનો મુલક જોઈતો નથી. આપણે તો આપણો જ બાદરનો ભરપૂર હરિયાળો કાંઠો સંભાળવાનો છે અને આપણે તો લડાઈઓ ને ધીંગાણામાં ઉછરેલા ને મોટા થયેલા તે શું આપણા માલિકનો વારસો પણ સાચવી ન શકીએ ? આપણે ભરોસે મૂકી ગયેલા તેમના બાળ શાહજાદાનું રક્ષણ પણ કરી ન શકીએ ? જો આપણે એટલા બધા નિર્બળ બની ગયા હોઇએ તો બહેતર છે કે ઘરબાર છોડી, વૈરાગી થઇ, ભીખ માગીને પેટ ભરીયે. પછી આપણુને આપણી જાતને એક મરદ કે મનુષ્ય તરીકે ઓળખાવવાનો પણ હક્ક નથી."

બક્ષીજી જેમ જેમ આગળ બોલતા ગયા તેમ તેમ તેમનો આવેશ પણ વધતો ચાલ્યો. આખી સભા ચિત્રવત્ સ્થિર બની ગઇ હતી. ઘણા ખરા અમીરો અને સરદારો મનમાં ને મનમાં બક્ષીની ઓજસ્વિની વાણીની અને પ્રતાપશાળી વીરતાની પ્રશંસા કરી રહ્યા હતા.

બક્ષીએ આગળ ચલાવ્યું: "હું અત્યારે આપ સર્વ સમક્ષ જાહેર કરૂં છું–પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરૂં છું કે જુનાગઢની ગાદી શાહજાદા મહોબતખાનની છે. તમો સહુ પણ વિચાર કરી લેજો. જો તમને તમારામાં ઉણપ લાગતી હોય, તમારી શક્તિમાં, તમારી બુદ્ધિમાં, તમારા ધૈર્યમાં અને તમારા પરાક્રમાં વિશ્વાસ ન હોય તો જ નવાબના ખરા વારસને તરછોડી, તમને–નિર્વીર્ય બનેલા લડવૈયાઓને દોરી શકે–પ્રેરી શકે એવો નવાબ શોધજો અને જો તમને મરદ બનાવે, બુદ્ધિશાળી બનાવે, લડાઇમાં દોરી શકે એવો બહાદુર અને બાહોશ નવાબ જોઇતો હોય તો શું તમે વીશ–એકવીશ વર્ષના માળીના છોકરાને નવાબી આપશો ? એવો મરદ અને બહાદુર, એવો બુદ્ધિશાળી અને ચતુર, એવો હિમ્મતવાન્ અને નરવીર નવાબ શોધવાને માટે તમારે કોઇ દૂર જવું પડે તેમ નથી. એવો એક મરદ તો આ જ સભામાં છે; અને તે જુનાગઢની ફોજનો વડો સરદાર સીપેહસાલાર આનખાનાન મુબારકખાન જ છે. મહુમ નવાબના એ પ્રીતિપાત્ર હતા.

તેમની હોશિયારી જોઇને જ નવાબે તેમને સરદારી આપી હતી. જે કલ્પિત ભીતિ આપણને દર્શાવવામાં આવે છે તેની સામે થવામાં, તેને ટાળવામાં સરદાર મુબારકખાન સાથે મુજફ્ફરખાન એક ક્ષણભર પણ ટકી ન જ શકે. ”

“ પણ એ બાબી કુટુંબના નથી ને ? ”

“ જ્યારે આપણે સીધા વારસને નવાબી આપવા તૈયાર નથી ત્યારે આપણે કુટુંબ જોવાનું શું કામ છે ? જો નવાબ તરીકેની લાયકાતનો નિર્ણય કરવો હોય તો જે વધારે લાયક જણાય તેને નિમો અને બાબી કુટુંબને જ જોવું હોય તો નવાબનો શાહજાદો મહોબતખાન હયાત છે. ”

“ બક્ષીજીનું કહેવું રાસ્ત છે. ” મુબારકખાને પણ તેનું સમર્થન કર્યું: “ હું નવાબીને ઇચ્છતો જ નથી. મારામાં એ પવિત્ર કુરાની મોગલ ગાદીને શોભાવવાનું ખમીર કે તેજ નથી. મારામાં જે કાંઇ શક્તિ છે એ તો મેં મર્હુમ નવાબને સમર્પી દીધી છે. તેમનો શાહજાદો એ જ મારો નવાબ અને શિરતાજ છે. ”

“ મારો પણ એજ શિરતાજ છે ! ” ચોતરફથી અવાજો આવવા લાગ્યા.

પ્રેમજી ઠક્કરે ગુસ્સાથી મૂછને હોઠમાં પીસી. તે બાજુના દ્વારનો ચક ઉંચો કરી અંદર દાખલ થયો અને તુરત જ બહાર આવ્યો. તે બોલવા લાગ્યો. ફતેહ તથા ઉશ્કેરાટથી તેનો કમ્પતો અવાજ ગાજી ઉઠ્યો:–

“ સરદારો ! કાંતો મુજફ્ફરખાનને નવાબ જાહેર કરો અને કાંતો દરબારગઢમાં કપાઇ મરો ! દરબારગઢના દ્વાર બંધ થઇ ગયાં છે અને તે નવાબ મુજફ્ફરખાનના હુકમથી જ ખોલવાનું સાહિબાબાંનું ફરમાન છે. આજથી મુજફ્ફરખાન જુનાગઢના નવાબ અને હું તેમનો દિવાન, એ તમારે મંજુર હોય તો જ જાન બચી શકશે. નહિતો... મકરાણીઓ ! સાવધાન ! ”

સો મકરાણીઓ રંગમહેલને ઘેરી વળ્યા ! પ્રેમજીનાં નેત્રો વિજયના નશાથી ચમકવા લાગ્યાં.

આખી સભા સડક બની ગઇ. હાજર રહેલા અમીર ઉમરાવો ભયચકિત થઇ જોઈ રહ્યા. માત્ર બક્ષીજી સ્હેજ તિરસ્કારથી હાસ્ય કરતા બોલ્યા:—

“ રંગ રે, પ્રેમજી ઠક્કર ! રંગ ! તમે પણ ખૂબ કરી હો !

તમારા જેવા ડુંગળીતોળુ દિવાનગીરીના ઉમેદવાર ! અને આ મકરાણીઓની મદદથી ! પરંતુ તમારા એ મકરાણીઓને વશ રાખવાને જ અમને બક્ષીપદું મળ્યું છે, સમજ્યા ને ? માટે ઉછાંછળાપણું છોડી દઇ દરવાજા ખોલી નખાવો."

"બક્ષીજી ! તમે છાનામાના જોયા કરો ! એક શબ્દ પણ બોલ્યા છો તો તમારૂં માથું અત્યારે જ ધડથી જુદું થઇ જશે અને આજથી તમારી બક્ષીગીરી બંધ છે." પ્રેમજી તાડુક્યો.

"શું પ્રેમજી લુહાણો મારી બક્ષીગીરી રદ કરે છે ? અને તે આ મકરાણીઓ રદ કરાવશે ?"

"હવે છાના રહોને ? કહી કહીને થાકયા તોય જીભ બંધ કરતા નથી ? સાલમીન ! જમાદાર ! બક્ષીને કેદ કરો." પ્રેમજીએત્રાડ મારી.

બક્ષીએ પણ પોતાની તલવાર ખેંચીને કહ્યું: "આવો જમાદાર ! આજે આપણે જુનાગઢની નવાબી નક્કી કરીએ. બક્ષી જીવતો છે ત્યાંસુધી તો જુનાગઢનો નવાબ મહોબતખાન, બીજો કોઇ નહિ. જો મરીશ તો માલીકને કહીશ કે જીવ્યો ત્યાંસુધી તારૂં સાચવ્યું છે."

પરંતુ જમાદાર સાલમીન ક્યાં દેખાયો નહિ. પ્રેમજી ઠક્કરે આસપાસ નજર કરી. એક મકરાણીને કહ્યું: "જા, જમાદાર સાલમીનને બોલાવ તો."

મકરાણી ગયો. સભામાં સૂસવાતા વાયરા પછી સન્નાટો છાઇ રહે તેવી શાંતિ પથરાઈ રહી.

પેલો મકરાણી પાછો આવ્યો. તેના મુખપર ભયનાં ચિહ્ન જોઇને પ્રેમજી વ્યાકુળ ચિત્તે પૂછવા લાગ્યો: "કેમ ! શું છે ?"

"બ–બ–બ–હા..." બ્હીનેલો મકરાણી હાંફતો હાંફતો બોલતો હતો, ત્યાં તેના બોલને અધવચ કાપતો, ડૂબાવતો, દરબારગઢને ગજાવતો, એક તોપનો ધડાકો થયો ! તેજ પળે બરકંદારોની ધાણી ફુટતી સંભળાઈ ! ઘાયલ થયેલા, ઘવાતા, લોહી નીતરતા દરબારગઢની દોઢી ઉપરના પહેરેગીરો સભાસ્થાન તરફ દોડતા આવતા દેખાયા અને એ લોકોની પાછળ વિલાયતીઓ, આરબો અને રજપુતોની આશરે આઠસે હજાર સિપાહોની બેરખો જમાદાર અહમદશાહની સરદારી નીચે ધસતી આવતી દષ્ટિએ પડી ! !

મૂઢ બનેલો પ્રેમજી ઠક્કર અને ચકની પાછળ ભયથી કમ્પી રહેલી સુલતાનબીબીને ઉદ્દેશી બક્ષીજી સભાની વચ્ચે જઈને બોલ્યા:—

"પ્રેમજી ! સાહિબાબાનુ ! તમે શું મને એટલો મૂર્ખ ધાર્યો કે

આજની સભામાં હું વાર વગર આવું ? આ આખો દરબારગઢ મારે ભરોંસે છે તે હું તમને એમ ને એમ સોંપી દઉં એવો મને કમઅક્કલ જાણ્યો ? મહોબતખાન માટેની મારી કાળજીનો પણ તમને ખ્યાલ ન આવ્યો ? હું જો વેર લેવા ધારું તો તમારા તમામ મકરાણીઓને કાપી, તમને બન્નેને આજ પળે કેદ કરું. પરંતુ હું ડંખીલો નથી. મારે તો મારા માલિકનો વારસો અખંડ રહે એટલું જ કામ છે. હું તમને જવા દઉં છું, સમજ્યાં ?"

પછી તે સભા તરફ ફરીને બોલ્યા: "દિવાનજી ! સભા વિખેરી નાખો. બાપની પાછળ દીકરો હયાત છે ત્યાં વળી વિચાર કેવો ? જુનાગઢનો નવાબ મહોબતખાન છે અને રહેશે. અને આ પ્રતાપી રાજ્યનો કાર્યભાર જેમ મર્હુમ નવાબના સમયમાં ચાલતો એ જ રીતે ચાલશે. બાળ નવાબના રક્ષણની જવાબદારી ફોજના વડા તરીકે મુબારકખાનને શિરે, અને દરબારગઢના રક્ષક તથા બક્ષી તરીકે મારા શીરે. બોલો નવાબ મહોબતખાન ઘણું જીવો !"

પ્રકરણ ૭ મું.

રંગમહેલનું રાત્રિરહસ્ય.

રાત્રિનું સામ્રાજ્ય વ્યાપતું જાય છે. અમાવાસ્યાનો ઘેરાતો અંધકાર ચોતરફ પોતાના બિહામણા પંજા વિસ્તારી રહ્યો છે. તે સમયે દરબારગઢની દોઢીપર એક ઘોડેસવાર આવ્યો. પહેરેગીરે નામ ઠામ પૂછતાં તેણે પોતાનો ઝભો દૂર કર્યો. તેને ઓળખી પહેરેગીરે બાજુએ ખસી, જવાનો માર્ગ કરી આપ્યો અને દોઢીના જમાદારને ખબર પહોંચાડયા કે, "દિવાન વસંતરાય દરબારગઢમાં દાખલ થયા છે."

સ્હાંજની સભા વિખરાયા બાદ બક્ષીએ રીતસર દરબારગઢનો કબજો લઈ, દરવાજા ઉપર પોતાની ચોકી બેસાડી દીધી હતી અને બીજી વ્યવસ્થા કરવાનું વળતા પ્રભાત ઉપર રાખ્યું હતું.

દિવાન વસંતરાયને ચોકમાં પ્રેમજી ઠક્કર મળ્યો. તે દિવાનને સીધો સાહિબાબાનુ પાસે લઈ ગયો. જનાનખાનાની પરશાળમાં એક હીંચકાપર દિવાન બેઠા. એક બાજુ ચકની બીજી બાજુએ સાહિબાબાનુ બેઠી હતી. પ્રેમજી ઠક્કર દિવાનની પડખે બેસી ગયો.

થોડીવાર બીજી ત્રીજી વાતો થયા પછી સાહિબાબાનુનો રૂપાની ઘંટડી સમો મધુર અવાજ દિવાનને કર્ણગોચર થયો: "દિવાનજી ! શું બક્ષીજીએ આ ઠીક કર્યું ?"

"મનેય ખોટું તો લાગ્યું. પણ સત્તા આગળ શાણપણ શા કામનું ?"

"હાસ્તો ! આપણે માથાં આપી, કાવતરાં કરી રાજ મેળવી આપીએ અને રાજ્યનો ધણી જાણે એ નાગર !" પ્રેમજી ઠક્કર પોતાને 'ડુંગળીતોળ' કહેનારપર ઉકળ્યો.

"જોકે એમાં બક્ષીનો એટલો બધો દોષ કાઢવા જેવું નથી. કારણકે ગાદી તો શાહજાદાની જ હોય ને ?" દિવાને દૂધ અને દહીં બન્નેમાં પગ રાખવાની મુત્સદ્દીગીરી આદરી.

"હવે તો એ શાહજાદાની જ રહી. મેં એક સો કરતાં વધુ મકરાણી રાખ્યા હોત તો અમારી થાત." પ્રેમજી ઠક્કર બોલ્યો.

"હા, પણ બક્ષી તમે ધાર્યા એટલા મૂર્ખ ન નિકળ્યા. જો દિવાનજી ન હોત તો તમને અને મને બન્નેને કેદ કરત." સાહિબાબાનુનો અવાજ આવ્યો.

"ના ના, એમાં હું કશુંયે ક્યાં બોલ્યો હતો ? અને મારે બોલવાપણું પણ ક્યાં હતું ?" દિવાને પોતાની સરલતાનું દર્શન કરાવ્યું.

"તોય તમારી હાજરીનો ફેર તો પડે ને ? સારા માણસનો એટલોય પરચો ન પડે તો પછી સારાને સંઘરે કોણ ?" સાહિબાબાનુએ દિવાનને છાપરે ચડાવ્યો.

દિવાન પ્રેમજી ઠક્કર સામે જોઇને સ્હેજ હસ્યો અને બોલ્યો: "જો કે શાહજાદા નવાબપદે રહ્યા તેમાં મને તો લાભ જ છે; નવાબી ખાનને ગઈ હોત તો મારી દિવાનગીરી પણ જાતજ ને."

"અરર ! એ શું બોલ્યા ? એવો તો અમારો વિચાર જ ન હતો." પ્રેમજી હીંચકાપરથી ઊભો થઇ દિવાનની સામે જોઇને બોલ્યો. તેને બાજી કથળી જતી લાગી.

"અરે, ભરસભામાં તો તમે બોલી ગયેલા, અને હવે ફરી કાં જાઓ ?" દિવાને પણ ટકોર કરી.

"હા–હા–હા !" પ્રેમજી ખડખડાટ હસી પડયો: "તમે સમજ્યા નહિ, તમારે માટે તો જુદો જ વિચાર હતો."

"શો ?" વસંતરાયે કુતૂહલ બતાવ્યું.

"બેગમ સાહિબાને જ પૂછો, એટલે ખાત્રી થાય. બેગમ સાહિબા! આપણે દિવાનજી માટે જે વિચાર કર્યો હતો તે જણાવો. કાં, પેલો...રાણપુરનો!"

"હા, જુઓને દિવાનજી! મારો ઇરાદો તમને રાણપુર ચોવીશી જ આપી દેવાનો હતો." સાહિબાબાનુ બોલી. તેનો રત્નજડિત કંકણવાળો હેમવર્ણો હસ્ત ચકને હલાવતો હલાવતો બહાર દેખાવા લાગ્યો.

વસંતરાયની દૃષ્ટિ એ હસ્તપર તથા તેની આંગળીપર ધારણ કરેલી હીરાવાળી મૂલ્યવાન્ મુદ્રિકાપર સ્થંભી રહી.

"હશે, પણ મને એની જાણ કરવામાં આવી ન હતી. નહિતો આપણે થોડા જ જુનાગઢના વતની હતા કે વફાદારીના પૂંછડાને વળગી રહીએ?" વસંતરાય બોલ્યો: "બાકી આ મુદ્રિકા મજાની છે."

"કેમ ન હોય? રાજકુટુંબ છે કે વાત!" પ્રેમજીએ કહ્યું.

"તમને પસંદ પડે છે? લ્યો, જુઓ ત્યારે." સાહિબાબાનુએ પોતાનો હસ્ત લંબાવ્યો.

વસંતરાય હીંચકાપરથી ઉઠયો અને લંબાયેલા હસ્ત પાસે જઇને વીંટી ધારી ધારીને જોવા લાગ્યો.

"જો પસંદ હોય તો આંગળીમાં કાઢીને તમે જ રાખો." સાહિબાબાનુએ ચકની પાછળથી જણાવ્યું. તેના એ અવાજમાં એક અજબ પ્રકારની મોહકતા હતી.

વસંતરાય મુદ્રિકાનો મોહ તજી ન શકયો. તેણે આ કોમળાંગીનો મૃદુ હસ્ત પોતાના હાથમાં લઇ વીંટી કાઢવાનો પ્રયાસ કર્યો. વીંટી આંગળીપર સજ્જડ હતી. તેને કાઢવાને વસંતરાયે પોતાનો આખો પંજો સાહિબાબાનુના હસ્તપર સંકોરીને મૂકયો. બન્નેના પંજાનો સ્પર્શ થયો. વસંતરાયને રોમાંચ થયો. સાહિબાબાનુનો પંજો વસંતરાયની આંગળીઓપર જોરથી બીડાયો, પુનઃ નરમ થયો, વળી પાછો વધારે જોરથી બીડાયો. દિવાનને શરીરે પરસેવો છૂટયો. સાહિબાબાનુનો હસ્ત ધીમે ધીમે પાછો હઠવા લાગ્યો, દિવાન પણ ધીમે ધીમે આગળ વધ્યો. અંતે તેનું મુખ ચક પાસે આવી લાગ્યું. સાહિબાબાનુનો ઉચ્છ્વાસ ચકમાંથી બહાર પડી દિવાનના ગાલને સ્પર્શવા લાગ્યો. દિવાનના આખા શરીરે ઝણઝણાટ થયો.

"ત્યારે અંદર જ આવોને!" અંદરથી આવતા પંજાએ રત્નજડિત સુવર્ણનું મસ્તક હોય એવું હીરા મોતીથી ઝગમગતું સિંહતમુખું

મુખમંડળ પોતાને કામપૂર્ણ નેત્રોવડે નિમંત્રણ આપતું હોય એમ દિવાનને લાગ્યું. દિવાને પાછળ દૃષ્ટિ કરી. પ્રેમજી અદૃશ્ય બની ગયો હતો.

દિવાને ચકને ખેસવ્યો. તે અંદર દાખલ થયો. એક રૂપગર્વિતા પ્રૌઢા પરંતુ યુવતીની સાથે સૌંદર્યમાં સફળ સ્પર્ધા કરી શકે એવી સુંદરી નીચાં નયનો ઢાળી, આંગળીઓવડે ગાલીચો ખોતરતી મખમલની ગાદીપર બેઠેલી તેની દૃષ્ટિએ પડી.

" આવો દિવાનજી ! " તે મુસ્લીમ રમણીએ આવકાર આપ્યો. તે ઊભી થઇ અને દિવાનના ખભાપર હાથ મૂકી તેને ખેંચતી વિશાળ ખંડની મધ્યમાં સુવર્ણની સાંકળોવાળા હીંચકા તરફ લઇ ગઈ........

*　　*　　*　　*　　*

બહારની પરશાળમાં એ ઓરડાની જાળી પડતી હતી. એ જાળીમાંથી એક યુવક ક્યારનોય આ દૃશ્ય જોઈ રહ્યો હતો. તેણે પરશાળમાંથી પ્રેમજીને સરકી જતો જોયો હતો. ચકને ખેસવી ઓરડામાં દાખલ થતો દિવાન પણ તેની દૃષ્ટિએ પડયો હતો.

ઘણો સમય થવા છતાં પ્રેમજી પુનઃ ત્યાં આવ્યો નહિ અને દિવાન પણ પેલા ઓરડામાંથી બહાર ન નિકળ્યો એટલે પેલો યુવક ઓરડામાંથી બહાર પડી પરશાળમાં આવ્યો હતો. ચોગરદમ તીરછી નજર ફેંકી તેણે ચકમાંથી અંદરના ઓરડામાં સર્વગ્રાહી નજર નાખી. પરંતુ તુરત જ ત્યાંથી પોતાની દૃષ્ટિ ફેરવી એ યુવક પણ પલાયન કરી ગયો.

પ્રકરણ ૯ મું.

નવાબ ચૂમ !

દરબારગઢની દોઢી વટાવી એ યુવક બહાર નિકળ્યો અને ઘોડેસવાર થઈ ઇષ્ટ સ્થળ તરફ જવા લાગ્યો.

વિચારમાં ઘગડોળે ચડેલો આ યુવક અશ્વને મનગમતી ધીમી ચાલે જવા દેતો હતો, એટલામાં તેણે સામેથી એક આરબ સવારને આવતો જોયો. તેને જોઇને યુવક મનોગત બોલ્યો : " અહો, આ તો પેલો જમાદાર ! તેણે અને પેલા બીજાઓએ મારૂં હાસ્ય કર્યું હતું તે જ. આજે તો એકલો જ છે ! "

તે માર્ગ અવરોધીને ઊભો રહ્યો. આરબ સવાર નજીક આવ્યો. માર્ગને રોકાયેલો જોઈને બોલ્યો: "બાજુએ ઘોડો તારવ."

"શા માટે તારવું? તારા જેવા મવાલીને માટે આ રસ્તો નથી." યુવકે આરબને ઉશ્કેરવાના હેતુથી પ્રસ્તુત શબ્દો ઉચ્ચાર્યા.

"મને ગાળ દે છે? તું મને ઓળખે છે, હું કોણ છું?"

"હા–હા, જમાદાર સાલમીન! આજે જ દરબારગઢમાં આપણો ભેટો થયો હતો ને કેમ ભૂલું?"

"કોણ અમરજી! વારુ, બાજુએ ખસી જા. મારે ઉતાવળ છે."

"શાની ઉતાવળ? એવું અગત્યનું શું કામ છે?"

"મોટાની વાતો જાણવાનો લોભ ન રાખીએ."

"પણ કહો તો ખરા, આવડી રાત્રે ક્યાં જાઓ છો? જ્યાંસુધી નહિ જણાવો ત્યાંસુધી આગળ વધવા નહિ દઉં."

"બાપુ! અત્યારે તારી સાથે આથડવાનો મને વખત નથી. વિચાર હોય તો આવતી કાલે મને મળજે–વાઘેશ્વરીના દરવાજા બહાર."

"ક્યારે?"

"રાશવા દહાડો ચડે ત્યારે."

"વારુ, ભૂલશો નહિ." એમ કહી અમરજીએ ઘોડાને બાજુએ તારવ્યો. જમાદાર સાલમીન ત્યાંથી આગળ ચાલ્યો.

જમાદાર થોડો આગળ વધ્યો ત્યાં એક ઘોડેસવાર દોડતો તેને માર્ગમાં મળ્યો. તેણે જમાદારને કાંઇક કહ્યું. એટલે બન્ને પાછા ફર્યા અને ઉતાવળા ઉતાવળા ગામ તરફ જવા લાગ્યા.

"વિચિત્ર! ઘણું જ વિચિત્ર!" સાલમીનને બીજા સવારની સાથે એકાએક પાછો ફરેલો જોઇને અમરજી જે હજી પેલા સ્થળે જ ઉભો ઉભો સાલમીનની હીલચાલપર નજર રાખી રહ્યો હતો તે બડબડ્યો અને પોતે પણ સ્હેજ અંતરપર જમાદારની પાછળ પાછળ જવા લાગ્યો.

જમાદાર એક અંધારી ગલીમાં દાખલ થયો. અમરજીએ પણ તેનું અનુસરણ કર્યું. જમાદારે એક મકાનની સાંકળ ખખડાવી. મકાન ખૂલ્યું કોઇ બહાર ડોકાયું. જમાદારે તેને ધીમા સ્વરે કાંઇક કહ્યું. તે આગળ ચાલ્યો. બીજા એક મકાન પાસે ઉભો રહ્યો, ત્યાં પણ એવી રીતે જ દ્વારપર અવાજ કરી કમાડ ખોલાવી કોઈને કાંઇક સૂચના આપી: એ ગલી તથા બીજી ગલીમાં એવી રીતે ઘણાં

મકાનોની તેણે મુલાકાત લીધી. અમરજી આ બધું જોઈ શકતો હતો પણ જમાદારથી દૂર હોવાને લીધે તેના શબ્દો સાંભળી શકાતા નહિ.

જમાદાર આગળ ચાલ્યો ગયો. હવે તેનો પિછો લેવો નિરર્થક ધારી અમરજી પણ પાછો ફર્યો. તે પેલી અંધારી ગલ્લી વટાવીને ચોકમાં આવ્યો ત્યાં એક મનુષ્ય સામેથી આવતો તેની દૃષ્ટિએ પડયો. અમરજીએ તેને રોકીને પૂછ્યું: ' આ બાજુની ગલ્લીમાં કોણ રહે છે ?"

" ગલ્લી મોટી છે અને ઘણાયે રહેતા હશે. " એમ કહી પેલો મનુષ્ય ઉતાવળો ઉતાવળો ચાલ્યો ગયો.

તેના જવાબથી અમરજીને સંતોષ ન થયો પણ તે એ મનુષ્યને ઓળખી ગયો. તે નથુભાઇ હતો. આ બધું રહસ્ય શું છે અને સાહિબાખાનુના મનુષ્યો અત્યારે શામાટે આટલી બધી હરફર કરી રહ્યા છે તેની અમરજીને સમજણ પડી નહિ.

તેણે નથુભાઇનો પિછો પકડવાનો વિચાર કર્યો. નથુભાઇ જે રસ્તે ગયો હતો એ રસ્તા તરફ તે ચાલ્યો પણ થોડી વાર પહેલાં જ પોતાની પાસે થઇને પસાર થયેલો નથુભાઇ કયાંક અદૃશ્ય થઈ ગયેલો જણાયો. અમરજીના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેણે આમતેમ જુદી જુદી ગલ્લીઓમાં આંટા માર્યા; પરંતુ સાલમીન કે નથુભાઇ એ બેમાંથી કોઇ પણ તેની દૃષ્ટિએ પડયું નહિ. એ સ્થિતિમાં કેટલોક સમય પસાર થઇ ગયો એટલામાં એક મનુષ્ય દોડતો આવતો તેની નજરે પડયો. અમરજીએ તેને રોકયો. પેલો મનુષ્ય પુષ્કળ હાંફતો હતો. ચમકતા તારાના ઝાંખા પ્રકાશમાં અમરજી તેને ઓળખી ગયો. એ મનુષ્ય બક્ષીના શીરબંદી પંચનો એક સભ્ય જમાદાર વજેસંગ હતો.

જમાદારે પણ અમરજીને ઓળખ્યો. તેના મુખમાંથી આનંદની એક ધીમી ચીસ સરી પડી અને તે ભોંયપર પડી ગયો. અમરજીએ તેને બેઠો કરવા પ્રયત્ન કર્યો તો પોતાનો હાથ ભીનો અને ગરમ લાગ્યો. ચમકીને પાછા ખેંચેલા હાથપર તેણે તાજું લોહી ભાળ્યું.

" અમરજી ! " વજેસંગ બોલ્યો: " મને હવે છોડી દે, મારૂં આવી બન્યું છે. તું જા-દોડ અને બક્ષીજીને કહે કે મહોબતખાન નવાબ તો ગયા ! "

" ગયા ! નવાબ ! કયાં ? "

" જમાદાર સાલમીનની ટુકડી નવાબને લઇને પસાર થઇ ગઇ, મેં

તેમને પસાર થતા જોયા, બૂમ પાડી. આપણા પહેરેગીરો થોડાક હતા તે એકઠા થઇ ગયા. અમે સામી ટક્કર ઝીલી પણ બધા સાલમીનના મકરાણીઓને હાથે કપાઇ ગયા. મનેય ઘા થયો પણ છેવટે હું ભાગી છૂટચો."

"હેં ! આ તમે શું કહો છો? અને એ બધા ગયા કયાં ?"

"કયાં ગયા તે હું શી રીતે કહી શકું ? બાકી અમારે તેમની સાથે દરબારગઢ પાસે ધમાધમ થઇ. તું બક્ષીજીને કહેજે કે વજેસંગે જીવતાજીવત નવાબ સાહેબને જવા દીધા નથી."

વજેસંગ વધુ બોલી શકયો નહિ. તે નિશ્ચેષ્ટ બની ગયો. થોડી વારે અમરજીએ તેના નાક પાસે હસ્ત ધર્યો. શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ થઈ ગઈ હતી. છાતીએ હાથ લગાવ્યો. હૃદયના ધબકારા પણ શાંત થઈ ગયા હતા. વફાદાર વજેસંગનો આત્મા વિદાય થઇ ગયેલો લાગ્યો. તેના મૃત્યુથી શોકાન્વિત બનેલો અમરજી ઉતાવળો ઉતાવળો બક્ષીની હવેલી તરફ ચાલ્યો.

હવેલીનાં દ્વાર અમરજીને માટે ખૂલ્યાં. તેણે જમાદાર મહમદશાહને વજેસંગની તમામ હકીકત જણાવી. બક્ષી નિદ્રાધીન થઈ ગયા હતા. મહમદશાહે તેમને જાગૃત કર્યા અને અમરજીને તેમની સમક્ષ રજુ કરી તે ચાલ્યો ગયો. અમરજીએ બક્ષીને પોતે જોયેલી અને વજેસંગ પાસેથી સાંભળેલી તમામ ઘટના જણાવી.

બક્ષીની શાંતિ અજબ લાગી. તેમણે સ્હેજ પણ ઉશ્કેરાયા કે ગભરાયા સિવાય એક મનુષ્યને દિવાનને બોલાવી લાવવા ફરમાન કર્યું, બીજાને દરબારગઢમાં જોઈ આવવાનું કહ્યું અને પાંચ સવારને નવાબ સાહેબની ભાળને માટે મોકલી આપવા સૂચવ્યું.

દિવાનને ત્યાં ગયેલો મનુષ્ય પાછો આવ્યો. તેણે કહ્યું "દિવાન સાહેબ રાત્રે વાળુ કરીને બહાર ગયા છે. ત્યારથી અત્યારસુધી પાછા ફરેલા નહિ હોવાથી તેમના ઘરનાં મનુષ્યો ચિંતા કરી રહ્યાં છે."

દરબારગઢમાં તપાસ માટે ગયેલો મનુષ્ય પાછો ફર્યો અને દરબારગઢનાં દ્વાર બંધ હોવાનું તેણે જણાવ્યું.

બક્ષીએ તમામ મનુષ્યોને સજ્જ થવાની આજ્ઞા કરી. તે હીંચકા પર હીંચતા હીંચતા વિચાર કરવા લાગ્યા કે હવે શું કરવું ?

પ્રકરણ ૧૦ મું.

બક્ષીને ત્યાં.

જ્યારે સૂર્યોદય થતો હતો અને સોનેરી ઉષા આકાશને ધીમે ધીમે રંગતી હતી તે વખતે બક્ષી નિત્યકર્મથી પરવારી પોતાના ખંડમાં બેઠા હતા. તે વખતે એક પહેરેગીરે અંદર પ્રવેશ કરીને કહ્યું: "હઝુર ! બે આદમી આપને મળવા આવેલા છે."

"તેઓ કોણ છે ?"

"છદ્મવેશમાં છે. નામ આપવાની ના કહે છે."

"વારૂ, અંદર મોકલ." બક્ષીએ આજ્ઞા કરી અને પોતાની બાજુમાં પડેલી બે નાળવાળી ન્હાની બંદૂક હાથમાં લઇ આમ તેમ ફેરવી પુનઃ બાજુમાં રાખી દીધી.

બે વ્યક્તિઓએ બક્ષીના ઓરડામાં પ્રવેશ કર્યો. તેમણે પોતાની ચકોર દૃષ્ટિ ચોતરફ ફેરવી પરંતુ કયાંય નિર્બળતાનું દર્શન થયું નહિ. ઓરડામાં દાખલ થતાંની સાથે જ તેમણે પોતાનો નકાબપોશ ઉતારી નાખ્યો, એટલે તેમને પિછાની લેવામાં બક્ષીને શ્રમ પડચો નહિ. આ બે વ્યક્તિમાં એક સાહિબાબાનુ અને બીજો તેનો જમાદાર સાલમીન હતાં.

બક્ષી આસનપરથી ઉઠચા અને મર્હુમ માલિકની ન્હાની બ્હેનને આવકાર આપતા બોલ્યા: "અહો ! સાહિબાબાનુ ! આજે તો આ રંક ગૃહે ? મને જ બોલાવવો હતો ને ?"

"બક્ષી ! સાચું કહેજો, હો ! " સાહિબાબાનુ હસતી હસતી બોલી: "જો મેં તમને બોલાવ્યા હોત તો તમે આવત ખરા ?"

"હું જરૂર આવત. શા માટે ન આવું ?"

"એ ખાલી શબ્દો. ગિરનાર તો રાણેક જેવી કોઇ ભાગ્યશાલિની માટે જ પોતાના ગાંભીર્ય અને અચલતાને ત્યાગે. બાકી આરા જેવીને તો જરૂર પડે ત્યારે ગિરનાર પાસે જવું જ પડે."

ગઇ કાલ રાત્રિની ઘટનાનું અમરજીએ કરેલું વર્ણન હજી બક્ષીના કર્ણમાં ગુંજતું હતું. એ સાહિબાબાનુના મુખમાંથી રાણેક જેવી પવિત્ર સતીનું નામ નિકળતું જોઇ બક્ષીજી સ્હેજ કંપ્યા. એ કમ્પ ચાણાક્ષ સાહિબાબાનુના લક્ષ બહાર ન હતો.

"જુનાગઢના માલિકનો તાબેદાર ગિરનાર પોતાના માલિકની બ્હેનની આજ્ઞાનું ઉલ્લંઘન ન જ કરે."

"છતાં પણ હું તને પ્રશ્ન કરૂં છું કે તું મારા ભાઈનો માનીતો, મારો કેમ મટી ગયો? હું મહમદ બહાદુરખાનની બ્હેન નથી?" સાહિબાબાનુએ પ્રારંભ કર્યો.

"હું નવાબનો જ છું. જીવતે અને મૂવે."

"ત્યારે તું મુજફ્ફરને નવાબ તરીકે નહિ સ્વીકારે?"

"મારો માલિક મારા ભરોંસે બહેસ્તમાં સ્વસ્થ બેઠો છે. તેનો શાહજાદો મહોબતખાન જીવન્ત છે ત્યાંસુધી તો નહિ જ."

"પણ મહોબત જીવતો ન હોય તો?"

"શું કહ્યું?" બક્ષી ચમક્યા.

"હું કહું છું તે ઠીક જ છે."

"તમે મહોબતખાનને ગઇ કાલે રાત્રે પસાર કરાવ્યો છે એ તો રાત્રે જ મારા જાણવામાં આવ્યું છે. પરંતુ તમારા ભાઇને નિર્વંશ કરવા જેટલી તમારી મનોદશા પામર બને એમ હું નથી માનતો."

"મારા પ્રશ્નનો એ જવાબ નથી."

બક્ષીજી ઉભા થયા. એક પેટીપર લટકાવેલી તલવાર ઉપાડી, મ્યાન બહાર કાઢીને બોલ્યા:"તો હું આ તલવારના સોગન ખાઉં, પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે મહોબતખાનનો જેણે જેણે વાળ વાંકો કર્યો હશે તેને હું પાતાળમાંથી પણ પકડી લાવીશ અને તેનું વેર પૂરેપૂરૂં લઇશ."

"આ વૈરની ધૂનમાં ને ધૂનમાં જ જુનાગઢને પાયમાલ કરશો."

"કેમ?"

"તેનું પરિણામ જુનાગઢની ખાનાખરાબીમાં જ આવે એ દેખીતું છે. એટલે મહોબતનું વેર લેવા જતાં જુનાગઢની ખુવારી થાય તો તેમાં કાંઇ નવાઇ નહિ."

"એટલા ખાતર જેનું નિમક ખાધું તેને બેવફા નિવડવું?"

"નહિ, તેને પૂરેપૂરા વફાદાર રહેવું. તમે જુનાગઢ રાજ્યનું નિમક ખાધું છે અને ખાઓ છો. એ રાજ્યની ગાદી પ્રત્યે વફાદાર રહો. એ ગાદીપર જે સમયે જે હોય તેની સત્તાને સ્વીકારો."

"નહિ, એમ કદી પણ બની શકશે જ નહિ." બક્ષી મક્કમપણે બોલ્યા: "સાહિબાબાનુ! મહોબતખાનને એકદમ હાજર કરો, નહિતો

તમારે તે માટે પૂરેપૂરૂં સહન કરવું પડશે."

"શું તમે એમ માનો છો કે તમારી ધમકીથી ડરીને હું મહોબતને છોડી દઈશ? બિલકુલ નહિ. હું તમને અત્યારે માત્ર ચેતવવાને જ આવી છું કે જો તમે મહોબતનો જાન ચાહતા હો તો મુજફ્ફરને નવાબ તરીકે સ્વીકારો. નહિતો યાદ રાખજો કે મહોબત સદાને માટે આ દુનિયાનો ત્યાગ કરી જશે. અને મહોબત પછી તો ગાદીવારસ મુજફ્ફર છે જ. બોલો, તમારો શો જવાબ છે?" સાહિબાબાનુએ છેવટનો ખુલાસો માગ્યો.

"પરંતુ જો હું મુજફ્ફરખાનને નવાબ તરીકે સ્વીકારી તેને વફાદાર રહેવા તત્પર થાઉં તો મહોબતખાનની જીંદગી બચશે તેનો વિશ્વાસ શો?"

"સાહિબાબાનુનું વચન."

"એ વચન એક સ્રીનું વચન છે. તેના ઉપર વિશ્વાસ ન રખાય. હા, જો તમે મહોબતખાનને મારા હાથમાં જીવતો સોંપી દ્યો તો હું તે જ પળે જુનાગઢ રાજ્યની હદ છોડીને ચાલતો થઇ જાઉં."

"અને પછી બહારની મદદ મેળવી જુનાગઢપર હલ્લો કરે એમ જ ને? શું તું મને તારી ગત ન સમજી શકવા જેટલી મૂર્ખ ધારે છે? હું તને હવે છેલ્લી વાર કહી દઉં છું કે જો તું અત્યારે મુજફ્ફરને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા નહિ લે તો હું અહીંથી જઇને તે જ પળે મહોબતનું ખૂન કરીશ."

વિફરેલી વાઘણ સમી વનિતા અત્યારે પોતાના પુત્રને જ જુનાગઢની ગાદીપર જોવાને ચાહતી હતી. તેને કાર્યાકાર્યની પરવા ન હતી. બક્ષી પણ તેના અંતિમ ઉદ્‍ગારથી કમકમ્યા. તેમણે મહોબતખાન ઉપર લટકતું ભયંકર વાદળ પારખ્યું. તેમણે કહ્યું: "બાનુ! આપની વાત મારા અંતરને તો બિલકુલ રૂચતી નથી. પરંતુ હું તેમ છતાંયે એક વાર જે ફોજના ઉપર મારો આધાર છે તેના નાયકોની સલાહ લઇ જોઉં. જો તેમને તમારી શરત કબૂલ હશે તો મારો મનઃ-સંતાપ એટલા પૂરતો ઓછો થશે."

"બહુ સારૂં, પણ તેનો નિવેડો જલ્દી લાવો."

બક્ષી એ બે જણાંને પોતાના ખંડમાં જ રહેવા દઇ, બહાર નિકળ્યા. બહાર ઊભેલા પહેરેગીરોને તેમણે કેટલીક સૂચના કરી દીધી. પછી તેમણે શીરબંદીના પુંચને પોતાની પાસે બોલાવી તેમની સાથે મસલત કરવાનો નિર્ધાર કર્યો.

તે પોતાના મંત્રણાગૃહમાં ગયા. શીરબંદીના પંચના સભ્યો ત્યાં આવી પહોંચ્યા. અલબત્ત, તેમાં પેલો અમરજી તો હતો જ.

“ બીરાદરો ! આપણા ઉપર એક ભયંકર આફત આવી પડે છે. તમે સહુ જાણો છો કે નવાબ મહોબતખાન ગૂમ થયા છે અને જમાદાર સાલમીન તેમને લઈને પસાર થઇ ગયેલ હોવાથી પસાર કરાવનાર સાહિબાબાનું જ હોવાં જોઇએ એવું પણ તમે અનુમાન કરી લીધું હશે. ” બક્ષીએ પ્રસ્તાવ કર્યો.

“ હાજી, એ તો ગઇ કાલે રાત્રે જ અમરજીના કહેવાથી અમારા જાણવામાં આવ્યું હતું. નવાબ સાહેબને મુક્ત કરાવવા । પ્રયત્નમાં આ શીરબંદીના પંચના એક જમાદાર વજેસંગે પોતાનો ભોગ આપ્યો છે તે આપણને અભિમાન લેવાયોગ્ય છે. ” મહમદશાહે કહ્યું.

“ બેશક વજેશંગની વફાદારી અને આત્મભોગ સૌરાષ્ટ્રના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરાઈ રહેશે. ” બક્ષીએ કહ્યું: “ વારૂ, નવાબને કેદ કરનાર એ સાહિબાબાનુ અત્યારે મારી પાસે પોતે જાતે આવ્યાં છે. તે કહે છે કે ‘ તમે મુજફ્ફરને નવાબ તરીકે સ્વીકારી તેને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લ્યો, નહિતર મહોબતખાન જાનથી જશે. ”

“ યા અલ્લાહ ! ” “ શિવ ! શિવ ! શિવ ! ” “ હે પ્રભુ ! ” “ યા ખુદા ! ” આદિ ઉદ્દગારો સરી પડ્યા.

“ આ તો ભારી થઇ. એક બાજુ નવાબ મહોબતખાનનો હક્ક માર્યો જાય છે, બીજી બાજુ તેમનો જાન જાય છે. આપ પોતે શું ધારો છો ? ” પંચનો મુખી મહમદશાહ સફેદ દાઢી પસવારતો બોલ્યો.

“ મારૂં મન અત્યારે અત્યંત વ્યગ્ર બની ગયું છે. શું કરવું તેનો કશો નિર્ણય ન કરી શકવાથી હું તમારી સલાહ લેવાને આવ્યો છું. ”

“ પણ આમાં અમે શી સલાહ આપી શકીએ ? ” એંગાર બોલ્યો.

“ એંગાર સાચું કહે છે. નવાબનો જાન ગયા પછી તેની નવાબી કામની પણ શી ? ” રહેમાને જણાવ્યું.

“ ગુંચવણી ભારે ઊભી થઇ, એક પણ રસ્તો સૂઝતો નથી. ” મહમદશાહે જણાવ્યું.

“ બક્ષીજી ! અહીં તો આ તલવાર પારકે હાથે ને બારોબાર મસલહત કરો તમે, હથિયાર વાપરીએ અમે; બાકી બીજું અમને ન

સૂઝે." મહમુદે એક સૈનિકને શોભતા શબ્દો ઉચ્ચાર્યા.

"બક્ષીજી!" અમરજી સ્હેજ આગળ વધીને વિનીત સ્વરે બોલ્યો: "આપ સહુ વયોવૃદ્ધ છો, અનુભવી છો, રાજ્ય ખટપટના અટપટા પ્રસંગોથી માહિતગાર છો. એટલે મારા જેવો બીનઅનુભવી યુવક આવા મહત્ત્વના પ્રસંગમાં માથું મારે તે યોગ્ય નહિ; તથાપિ જો આપની આજ્ઞા હોય અને કદાચ મારૂં કથન બાલીશ લાગે તેથી મને ક્ષમા આપવાની કૃપા કરો, તો મને એક રસ્તો સૂઝે છે તે રજુ કરૂં. લાકડી ભાંગે નહિ ને સાપ મરે નહિ."

"એમ! એટલે મુઝફ્ફર નવાબ પદપર આવી ન શકે અને નવાબ મહોબતખાનને પણ કશી આંચ ન આવે એવો રસ્તો તારી પાસે છે!" બક્ષીજી આ યુવકની સામે આશ્ચર્યચકિત નેત્રોથી જોઇ રહ્યા.

"મને એમ લાગે છે કે જે માર્ગ મને સૂઝે છે તે સરલતાથી પાર પડે તેવો છે અને તે પાર ઉતરવાથી નવાબ સાહેબના જાન માટે ભીતિ રહેતી જ નથી."

"વાહવાહ! વાહવાહ! એ તો બહુ જ ઠીક." મહમદશાહે કહ્યું: "ત્યારે એ રસ્તો અમને બતાવી દે, એટલે આંખો મીંચીને દોટ મૂકીએ."

અમરજી બોલ્યો: "દિવાલને પણ કાન હોય છે. એટલે જો એકાંતમાં આ વાર્ત્તા પ્રકટ થાય તો ઠીક એમ મને લાગે છે પછી તો જેવી મરજી." એમ કહીને તેણે બક્ષી સામે જોયું.

"ચાલો આપણે મારા નિવાસસ્થાનમાં મારા શયનગૃહમાં જઇએ." બક્ષીએ સૂચવ્યું.

તે ઉભા થયા. બધા ઉઠ્યા. પરંતુ મહમદશાહે કહ્યું: "બક્ષીજી! આપ તથા અમરજી બે જણા જાઓ અને તેની યોજના સાંભળી લ્યો. આપને પસંદ પડે તો અમને આજ્ઞા કરજો."

"નહિ, મેં મારી ઇચ્છાથી જ તમને સર્વને શીરબંદીના પંચમાં તમારા સૈનિકો પાસે નિમાવ્યા છે. એટલે કોઇ પણ મહત્ત્વની બાબતમાં તમારી સાથે વાટાઘાટ થયા વગર તેનો અમલ કરવાનું હું પસંદ ન જ કરૂં. માટે તમે બધા પણ મારી સાથે જ ચાલો."

"હા, હું પણ બક્ષીજીના કથનને અનુમોદન આપું છું, કારણ કે એ યોજના પસંદ પડે તો તેને સફળ બનાવવામાં આપ સર્વની સહાય તો જોઇશે જ." અમરજીએ વિનમ્રભાવે કહ્યું.

"જો એમ જ છે તો બક્ષીજી આ દેહના માલિક છે. તેમની આજ્ઞાને અનુસરવા અમે તૈયાર છીએ." મહબુબ બોલ્યો.

બધા બક્ષી દૌલતરાયના શયનગૃહમાં ગયા. અંદર થોડોક સમય ગુપ્ત મંત્રણા ચાલી. બધા બહાર નિકળ્યા તે સમયે તેમના ચ્હેરાપર એક પ્રકારનો આનંદ અને તનમનાટ તરવરતા હતા. એ ઉપરથી જોઇ શકાતું હતું કે અમરજીની સલાહ સહુને ગમી ગઈ હતી.

"અમરજી પણ જબરો ખરો. છે જુવાનીઓ, પણ બુદ્ધિ કાંઈ કોઈના બાપની છે?" ખેંગારે અમરજીની પ્રશંસા કરી.

"આવી સાવ સ્હેલી વાત આપણને તો સૂજી જ નહિ!" મહબુબે જણાવ્યું.

"બક્ષીજી પ્રથમ તો જરા સંકોચાયા, નહિ? પણ પાછળથી તેમને યે અમરજીની યોજનાના અસરકારકપણાનો સ્વીકાર કરવો પડ્યો." રહેમાન બોલ્યો.

"મને લાગે છે કે ભવિષ્યમાં બક્ષીજીનું પદ આ અમરજી શોભાવશે." વૃદ્ધ મહમદશાહે આગાહી કરી.

અમરજી તો આ યોજના પાર ઉતારવામાં પોતાને સુપ્રત થયેલું કાર્ય બજાવવાને ક્યારનોય ચાલી નિકળ્યો હતો. બીજા નાયકો પણ પોતપોતાની જવાબદારીને અદા કરવા ચાલ્યા ગયા.

બક્ષીજી તેમની પાસેથી છૂટા થઇ જ્યાં સાહિબાબાનુ અને સાલમીનને બેસાડ્યાં હતાં ત્યાં આવ્યા.

સાહિબાબાનુ હીંચતી હતી. સાલમીન દાંત વચ્ચે મૂછો ચાવતો ઊભો હતો. બન્નેના ચ્હેરાપર અધીરાઈ તરવરતી સ્પષ્ટ જણાતી હતી.

પ્રકરણ ૧૧ મું.

સુલતાન બીબીનો ક્રોધ.

"કેમ બક્ષી! મારી વાત તને મંજુર છે?" સાહિબાબાનુએ બક્ષીને પૂછ્યું.

"જી ના. એ વાત મારાથી બની શકે તેમ નથી."

"વારૂ, ત્યારે તારો નવાબ મહોબતખાન ઉપરકોટના કિલ્લામાં કેદ છે. તે જીવતો રહેવાની આશા તું હવે ન રાખીશ; સમજ્યોને?" ક્રોધથી લાલ આંખો ચમકાવતી સાહિબાબાનુ ગાજી ઉઠી.

"એ તો ધાર્યું ધણીનું થશે, બાકી હું મારી જીભે મારા માલિક નવાબ મહોબતખાનને જાકારો દેવાનો નથી."

"બક્ષી! તું ભૂલે છે. આમાં તને મોટો લાભ છે. તું માત્ર મારી વાર્તાનો સ્વીકાર કર અને રાણપુર ચોવીશીનો માલિક બની જા."

"બેગમ સાહેબ! રાણપુર ચોવીશી બજારમાં હરરાજ થતી લાગે છે. વફાદારીના લીલામમાં રાણપુરનું નામ કેટલી વાર લેશો? અને જો મને રાણપુર આપશો તો પછી તમારા ગઈ રાત્રિના દોસ્ત વસંતરાયનું શું કરશો?" બક્ષીએ કટાક્ષ કર્યો.

સાહિબાબાનુ બક્ષીના પ્રસ્તુત શબ્દોથી ચમકી. તે બોલી: "મારો ગઈ રાત્રિનો દોસ્ત! શું તું પણ એવી દોસ્તીની આકાંક્ષા રાખે છે?" સાહિબાબાનુએ કટાક્ષ ફેંક્યો.

"સુલતાન સાહિબા! તમે તો મારાં બ્હેન! આ વિષયને વધુ લંબાવવાનું હું પસંદ કરતો નથી. એટલું જ કહું છું કે તમારી કોઈ પણ લાલચ કે ધમકી મને ફેરવી શકશે નહિ. મારી ફરજ સ્પષ્ટ છે અને તેનું પાલન કરવાનો જ એક માર્ગ મારે માટે ખૂલ્લો છે. હવે આ વિષયની ચર્ચા લંબાવવામાં કશો અર્થ નથી." બક્ષીએ બેગમને આડકતરી રીતે ઉઠવાની સૂચના કરી.

સિંહણ સમી કમ્પતી સુલતાનબીબી ઉઠી. સાલમીનને ઉદ્દેશીને બોલી "ચાલો!" પછી બક્ષીની સામે જોઈને તેણે ઉદ્ગાર કાઢ્યા:—

"સાંભળ, દોલતરાય! તું જેને નવાબ માને છે તે હવે થોડા જ સમયનો મહેમાન છે. આજે સૂર્યનો અસ્ત થતા પહેલાં જ તેનો પણ અસ્ત થઈ જશે. એથી મારા ભાઈનો વંશ જશે, પરંતુ મારો વેલો એ કપાયેલી વાડ ઉપર જ મારે ચડાવવો છે. હું જતાં જતાં તને એટલું કહેતી જાઉં છું કે મહોબતખાનનું મોત તેં જ કરાવ્યું છે. મારા ભાઈનું ઉચ્છેદીયું કરવા તું જ તત્પર થયો છે અને તારી હઠને કારણે આ રાજ્ય ઉપર જે જે આફતો આવી પડશે તેનો બદલો નવાબ મુઝફરખાનની માતા—રાજમાતા તરીકે હું તારી કનેથી લઈશ. બક્ષી! જો મુજફરને નવાબ બનાવતાં રાજ્યમાં કાંઈ દંગો ફિસાદ ઉઠે તો એ તારી હઠનું જ પરિણામ ગણાશે. તારી અણસમજભરી વફાદારીનું એ અનિષ્ટ ફળ લેખાશે. જ્યારે વસંતીના માણસોને મરતાં ને ભાગનાસ કરતાં તું તારી નજરે જૂએ, ત્યારે

આ પ્રતાપી બાદશાહતની મહોલાતને ખરતી–કરમાતી તું જુએ ત્યારે તારી જાતને જ શાપ આપજે."

એટલા શબ્દો ઉચ્ચારી ગુસ્સે થયેલી સાહિબાબાનુ ચાલી ગઇ. તેની સાથેના જમાદાર સાલમીને થોડે દૂર જઈ પાછળ દૃષ્ટિ કરતાં જોયું કે બક્ષી દૌલતરાય તેમની તરફ નજર રાખી મૂછમાં હસી રહ્યો છે.

પ્રકરણ ૧૨ મું.

પલટાયેલો પાસો.

પોતાની પાછળ બંધ થયેલા દરવાજાપર કોપપૂર્ણ દૃષ્ટિ ફેંકી સુલતાન બીબી નકાબપોશમાં ઘોડેસવાર થઇ વાઘેશ્વરીના દરવાજા તરફ ચાલતી થઇ. સૂના દેખાતા રાજમાર્ગપર તેણે ઇશારત કરી સાલમીનને પોતાની નજીક બોલાવ્યો.

"સાલમીન! તને એક અત્યંત જવાબદારીવાળું કાર્ય સુપ્રત કરવાનો મારો ઇરાદો છે."

"સેવક ફરમાનનો તાબેદાર છે."

"તારે અત્યારે ને અત્યારે જુનાગઢ છોડી બહારગામ જવાનું છે."

"આપને ખાતર યમે ત્યાં જવા હું તૈયાર છું, પણ આવા સમયમાં આપ મને દૂર કરો છો એ ઉપરથી મને લાગે છે કે આપને મારે માટે શંકા આવેલી હોવી જોઇએ."

"ના, તારી કર્તવ્યપરાયણતા અને વફાદારીપર મને સંપૂર્ણ વિશ્વાસ છે અને તેથી જ અત્યારે આ કાર્ય તને સોંપું છું."

"શું એ કામ બહુ જોખમનું છે?"

"હા, પ્રસંગ આવે તો જાન પણ દેવો પડે. તું ડરતો તો નથી ને?"

"જમાદાર સાલમીન તેની માતાને ડરતું ધાવણ ધાવ્યો નથી. હુકમ કરો, સેવક તૈયાર છે."

ધીમે ધીમે ચાલતા બન્ને ઘોડાના બોખંડી નાળવાળા ડાબલા જ વાગતા હતા. એવા જનપદહીન માર્ગ ઉપર ચોમેર દૃષ્ટિ ફેરવી સુલતાનબીબી બોલી: "દિલ્હીના બાદશાહના ગુજરાતના સુબા

ફેકરૂદ્દૌલાને ગાયકવાડે હાથ કરીને વડનગરમાં રૂપાજી સિંધી
થાણું નખાવ્યું છે. ગાયકવાડનું બીજું થાણું કાનાજી તાકપે
સરદારી નીચે અમરેલીમાં ગોઠવાયું છે. ગાયકવાડ ને ગુજરાતનો
બન્ને એક છે એટલે આપણા હેતુને સમ્પૂર્ણ સફળ બનાવવાને
મેં નથુ નાયક સાથે ગુજરાતના સુબાને યોગ્ય નજરાણો મો
જુનાગઢના નવાબપદ ઉપરથી મહોબતખાનનો હક્ક રદ કરી, મુજ
નવાબ તરીકે કબૂલ રાખનારો રૂક્કો મોકલી આપવા અરજ કરી
ગુજરાતનો સુબો થોડા સમય પૂર્વે પેલા રંગોજીના ધીંગાણ
લીંબડી આવ્યો હતો, ત્યાંથી અમરેલી તરફ આવવા રવાના થયે
એ અત્યારે કાઠિયાવાડમાં છે તે પણ આપણે માટે ઠીક છે.
નાયક તેની પાસેથી રૂક્કો લઇને પાછો ફરતાં નવાગઢમાં રોકા
મેં તેને સૂચના કરી છે, કેમકે સુબાના માણસોમાંથી કોઇ રૂક
બાતમી બક્ષીને આપી દે તો બક્ષી નથુ નાયક પાસેથી રૂક્કો પ
વાનો પ્રયત્ન કરે એ સંભવિત છે. રૂક્કો તારા હાથમાં આવી
તો એ ભીતિ ન રહે."

"આપની દીર્ઘદર્શિતા એક બુદ્ધિમાન મુત્સદ્દીની પણ
કરે તેવી છે. હું આપની આજ્ઞા પ્રમાણે અત્યારે જ નવાગઢ જ
રવાના થાઉં છું. પરંતુ ત્યાં નથુ નાયક મને ક્યાં મળશે?"

"તું ત્યાં મુસાફરખાનામાં તેની રાહ જોજે."

"બહુ સારૂં, ત્યારે હવે હું રજા લઉં છું. પરંતુ આપ એ
સુરક્ષિતપણે રાજમહેલમાં પહોંચી તો જશો ને?"

"એ વિષયમાં તારે કશીયે ચિંતા કરવાની જરૂર નથી.
રાજ્યમાં મારા ઉપર આક્રમણ કરવાની કોઇનામાં હિમ્મત હોય
તે પણ અત્યારના પ્રસંગમાં, એમ હું માની શકતી નથી."

જમાદાર સાલમીન ત્યાંથી જ જુદો પડ્યો અને સુલતાન
એકલી રાજખટપટના અટપટા દાવ મગજમાં ગોઠવતી અ
વધવા લાગી.

થોડે દૂર જતાં એકાએક આ સૂનો રસ્તો ઘોડાના ડાબ
ગાજી ઉઠ્યો. સામેથી દશ ઘોડેસવારો આવતા તેની દૃષ્ટિએ પ
પાછળ નજર કરી તો એ દિશાએથી પણ દશેક સવારો આ
જણાયા. તેણે બાજુની ગલીમાં થઇને પસાર થઇ જવાનો
કરી ઘોડો ફેરવ્યો; પરંતુ ત્યાં પણ સામે ઘોડેસવારો હાજર જ

આમ ચોતરફથી તે ઘેરાઇ ગઇ, છતાં તેણે ઘોડો ગલ્લી તરફ આગળ ચલાવ્યો, એટલે તે ગલ્લીમાંહેની ટોળીના જણાતા નાયકે તેને આગળ વધતી અટકાવી.

આ જોઇને સુલાતન બીબી ક્રોધાવેશપૂર્વક બોલી: "તું મને અટકાવનાર કોણ? મારા માર્ગમાંથી ખસી જા." ઘોડેસવારોના નાયકે તેના શબ્દોપર ધ્યાન નહિ આપવાથી તે બોલી: "શું તું મને ઓળખતો નથી?"

"તમે કોણ છો તે હું જાણતો નથી, જાણવાની મને ઇચ્છા પણ નથી. તમે સ્ત્રીજાતિ હોવા છતાં અત્યારે છદ્મવેશમાં હોવાથી તમારી હીલચાલ પ્રત્યે શકની દૃષ્ટિથી જોવાની મારી ફરજ છે. માટે તમે કશી પણ આનાકાની કર્યા વગર અમારી સાથે ચાલો" નાયકે કહ્યું.

"તમે કોણ છો? અને મને એક કેદીની દશામાં કયાં લઇ જવા માગો છો?"

"અમે બક્ષીના માણસો છીએ અને તેમની પાસે જ તમને લઇ જવાનો અમારો ઇરાદો છે."

"તમે બક્ષીના માણસો છો? પરંતુ મને આવી રીતે હેરાન કરવાથી બક્ષી તમને શી સજા કરશે તેનો તમને ખ્યાલ છે? હજી પણ તમને પશ્ચાત્તાપ થતો હોય તો તમે મારી સાથે ચાલો અને મને વાઘેશ્વરીના દરવાજાસુધી પહોંચાડી જાઓ."

"અમારા માલિકની આજ્ઞા ઉઠાવતાં પશ્ચાત્તાપ કરવાની આવશ્યકતા અમને છે જ નહિ. અમારા સરદારનો હુકમ છે કે કોઇ પણ અજાણ્યા ઇસમને અમારે પરહેજ કરી તેમની સમક્ષ હાજર કરવો."

"વારૂ, ત્યારે તું મને તારા બક્ષીની પાસે લઇ જા."

"હું આપને ત્યાં જ લઇ જવા ઇચ્છું છું." એમ કહીને આ ટુકડીના નાયકે પોતાના ઘોડાને સુલતાન બીબીના ઘોડાની સાથે કર્યો. તેમની આગળ પાછળ સવારો ગોઠવાઇ ગયા અને બધા બક્ષીજીની હવેલી તરફ જવા લાગ્યા.

હવેલીનાં પ્રવેશદ્વારનાં મજબુત કમાડ ખુલ્યાં. જમાદાર મહમદશાહ દરવાજાપર જ ઊભો હતો તેણે આ ટુકડીના નાયકને કહ્યું: "અમરજી! તું જે કેદીને લાવેલો છું તેની બક્ષીજી રાહ જોઇ રહ્યા છે. એક-બે વખત મને બોલાવીને પૂછ્યું હતું કે 'અમરજી આવ્યો

કે નહિ ?' ચાલો......"

"શું ! બક્ષી મારી રાહ જોઇ રહ્યા છે ? એટલે બક્ષીએ ઇરાદાપૂર્વક મને પરહેજ કરવાને માટે આ છોકરાને મોકલ્યો હતો ?" સુલતાન બીબીએ આશ્ચર્યપૂર્ણ વદને ઉદ્‌ગાર કાઢ્યો.

મહમદશાહને લાગ્યું કે પોતે કાચું કાપ્યું છે. તેણે કહ્યું: "મારી ભૂલ થઈ. બક્ષીજી અમરજીની રાહ જોઈ રહ્યા હતા, આપની નહિ."

"નહિ, હવે તું ગમે તેમ ફરી જાય પરંતુ તારા પ્રથમના શબ્દોપરથી હું જોઇ શકી છું કે મારી વિરૂદ્ધ કાવતરૂં રચાયું હતું, જેનો આગેવાન બક્ષી હતો અને તમે બધા તેમાં મળેલા હતા યાદ રાખજો, તેનો તમને પૂરેપૂરો બદલો મળશે."

મહમદશાહ આદાબસર બોલ્યો: "બેગમ સાહેબ ! હું તો રાજ્યનો તાબેદાર નોકર. માલિકની આજ્ઞાને અનુસરવું એ જ મારી ફરજ. કાવતરા સાથે અમને નિસબત ન હોય."

"તારો માલિક કોણ ? જુનાગઢનો નવાબ. એ નવાબની ગેરહાજરીમા તેની બ્હેનનો અધિકાર વધારે કે તેના એક ત્રણ દમડીના નોકર—બક્ષીનો ?"

"બાનુ ! નવાબની ગેરહાજરી હોય જ નહિ. મર્હુમ નવાબના બહેસ્તનશીન થતાંની સાથે જ નવાબ મહોબતખાનની આણ વરતી ચૂકી. એ નવાબ મહોબતખાનના પ્રતિનિધિ તરીકે બક્ષીજીનું ફરમાન અમારે કબૂલ રાખવું જ જોઇએ."

"અને નવાબ મહોબતખાન પણ આ દુનિયાપર હસ્તી ધરાવતો ન હોય તો ?" સુલતાન બીબીએ બીજો પ્રશ્ન કર્યો.

"જ્યાંસુધી અમારા બક્ષી હયાત છે ત્યાંસુધી નવાબના જાનની ચિંતા અમારે કરવાની હોય જ નહિ; અને તેમાં પણ હવે તો બિલકુલ નહિ; પણ મારા જેવો સામાન્ય સિપાહી આપની સાથે વાદવિવાદમાં ઉતરવાને લાયક નથી. આપ કૃપા કરી બક્ષીજી પાસે પધારો." એમ કહી મહમદશાહે નમ્રતાપૂર્વક સુલતાન બીબીને પોતાના હસ્તનો ટેકો આપીને ઘોડા ઉપરથી નીચે ઉતારી. તેઓ બક્ષીના દિવાનખાના તરફ જવા લાગ્યા.

સુલતાન બીબીને જોઈને બક્ષી કોચ્ચ ઉપરથી ઉભા થઈને આગળ આવ્યા. સુલતાન બીબીએ બક્ષીને જોઇને જાણે પોતે કહ્યું

જાણતી જ ન હોય તેવા ભાવપૂર્વક બોલી: "બક્ષી! તારો માણસ મને વિનાકારણે કેદ કરીને અહીં લાવ્યો છે. તેના એ ગુન્હાનું પરિણામ કેટલું ભયંકર આવશે એ તેને સમજાવ અને તેને આજ્ઞા કર કે તે મને સુરક્ષિતપણે મારા મહેલે પહોંચાડી જાય."

"બેગમસાહેબ! મારા માણસે જે ગુન્હો કર્યાનું આપ માનો છો તે માટે હું તો તેને ધન્યવાદ જ આપું છું, કેમકે આપ પુનઃ અહીં આવશો એવી આશા મને ન હતી."

"મારા પુનઃ અત્ર આવવાની આશા રાખવાનું તને કારણ શું હતું?"

"બીજું કશું જ નહિ. આપના જેવા ધરખમ જામીનની મને જરૂર હતી." બક્ષીએ જવાબ આપ્યો.

"જામીન! એટલે?"

"એમ કે જો નવાબ મહોબતખાનના જાનને રહેજ પણ ઇજા થાય તો તેનો જવાબ આપની પાસેથી માગી શકાય. જો આપ અહીં ન હો તો એ કેવી રીતે બની શકે?"

"શું તું મને પરહેજ રાખવા ઇચ્છે છે?"

"બેગમસાહેબ! આ મકાન આપનું પોતાનું જ છે. હું તો નવાબ સાહેબની આજ્ઞા હોય ત્યાંસુધી જ અહીં રહી શકું એટલે આપના પોતાના મકાનમાં આપ રહો તેમાં પરહેજ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત જ થતો નથી. બાકી નવાબ મહોબતખાનની આજ્ઞા સિવાય તેના નોકર—બક્ષી તરીકે હું આપને ક્યાંય પણ જવા દઈ શકીશ નહિ. અમરજી! તું તારી ટુકડી સાથે ઉપરકોટપર જઈને પ્રેમજી ઠક્કરને ખબર આપ કે સુલતાન બીબીએ બક્ષી દોલતરાયના મકાનમાં રહેવાનું પસંદ કર્યું છે. નવાબસાહેબ જાતે અહીં પધારીને તેમને મુલાકાત આપશે ત્યારપછી જ તેઓ આ સ્થળનો ત્યાગ કરી બીજે જશે."

પછી તે સુલતાન બીબીને ઉદ્દેશીને બોલ્યો; "બેગમ સાહેબ! ચાલો, હું આપને આપનું નિવાસસ્થાન બતાવું. ખેંગાર! તું તારા સૈનિકો સાથે બેગમસાહેબની તહેનાતમાં દિવસ ને રાત્રિ ખડે રહેજે. તેમને કોઈ પણ વસ્તુની ઉણપ આવવી જોઈએ નહિ."

સુલતાન બીબીની આશાના હવાઈ કિલ્લા ઉંચે ઉંચે ઉડતા હતા, તે બધાં એક ક્ષણમાં જમીનદોસ્ત થતા જોઈને તે હતાશ બની ગઈ.

પછી બક્ષીજી મહમદશાહ તરફ ફર્યાઃ " જમાદાર ! શહેરનો દરેકે દરેક દરવાજો કબજે કરી તેનાપર મજબૂત પહેરો લગાવી ઘો. મુજફ્ફરખાન ન્હાસી જવા ન પામે તેની ખાસ કાળજી રાખજો. "

તુરત જ બક્ષીની તમામ આજ્ઞાઓનું યથાયોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું. અમરજી પ્રેમજી ઠક્કરને સમાચાર આપવા ઉપડી ગયો. શહેરના તમામ દરવાજા ઉપર બક્ષીના આરબોની ચોકી બેસી ગઈ.

આખા શહેરમાં વાયુવેગે સમાચાર ફેલાઇ ગયા કે સુલતાન બીબીને બક્ષીએ કેદ કરી છે અને શહેરનો કબજો લીધો છે. જે કાવતરાખોરો હતા તે તો આ સમાચારથી હેબતાઇ જ ગયા. ખુદ સુલતાન બીબીને પરહેજ કરવાનું સાહસ કરનાર બક્ષી કોના ઉપર હાથ નહિ નાખે તે કહી શકાય તેમ ન હતું. કેટલાક સુલતાન બીબીના પક્ષકારો ઉપરકોટપર ચાલ્યા ગયા, કેટલાક મુજફ્ફરખાનના મહેલપર પહોંચી ગયા.

મુજફ્ફરખાન પોતાને મળનારી નવાબીનાં વિલાસી સ્વપ્નમાં મશગુલ બની રહ્યો હતો તેને આ બાતમી પુગાડવામાં આવી. પોતાની માતાને કેદ કરવામાં આવી છે એવું જાણવામાં આવતાં જ તેને એમ થયું કે કોઇ પણ રીતે તેને ત્વરાથી મુક્ત કરાવવાનો માર્ગ લેવો જોઈએ, નહિતો તમામ બાજી ઉંધી વળી જશે. તેના કેટલાક પક્ષકારોએ પણ એ વિચારને ટેકો આપ્યો. તેઓ એ માટે શો રસ્તો લેવો એ સંબંધમાં મંત્રણા કરવા લાગ્યા.

પ્રકરણ ૧૩ મું.

કૃતકાર્ય.

વાઘેશ્વરીનો દરવાજો વટાવીને અમરજી પોતાની ટુકડી સાથે ઉપરકોટ તરફ રવાના થયો.

દૂર દૂર તેણે ગિરનારનાં ગગનગરવાં શિખરો જોયાં. એ ગિરનારની તળેટીમાં શહેરથી થોડે દૂર કાળા પત્થરનો કાળભૈરવ સમો ઉપરકોટનો કિલ્લો તેની દૃષ્ટિએ પડ્યો.

એક સાંકડી પગથી પાસે પોતાના સૈનિકોને રાખીને તે એ પગથી વાટે ઉપર ચડ્યો અને એ પ્રપંચકિલ્લાના દરવાજા પાસે જઇને તેના તોતિંગ કમાડનું કડું તેણે ખખડાવ્યું. એક પહેરેગીરે ન્હાની બારી ખોલી તેના આવવાનું કારણ જાણવા માગ્યું. તેણે

તેમના સરદાર પ્રેમજી ઠક્કરને અગત્યના કામ માટે મળવાની ઇચ્છા વ્યક્ત કરી.

બારી બંધ થઈ ગઇ. થોડી વારે તે પુનઃ ખૂલી અને પહેરેગીરે તેને અંદર લીધો. પહેરેગીર તેને પ્રેમજી ઠક્કર પાસે લઈ ગયો.

“કોણ ! અમરજી ?”

“જી હા, હું જુનાગઢના બક્ષી દોલતરાય તરફથી આવું છું.”

“એમ ! બક્ષી શું કરે છે ? અને તેમણે તને અહીં મારી પાસે શા સારૂ મોકલ્યો છે ?”

“બક્ષીજી મજાહમાં છે. તેમણે મને અહીં આપને એવું કહેવાને માટે મોકલ્યો છે કે ‘જો નવાબ મહોતખાનના જાનને સ્હેજ પણ ઇજા પહોંચી તો તેનો બદલો સુલતાન બીબી સાહેબા પાસેથી લેવામાં આવશે.”

“એટલે ?”

“એટલે એમ કે નવાબ સાહેબની સલામતી માટે સુલતાન બીબી જામીન પડયાં છે.”

“સુલતાન બીબી જામીન પડયાં છે ! તે કયાં છે ?”

“હાલ તો બક્ષીજીની હવેલીમાં બિરાજે છે અને તેઓ ત્યાં રહે તેમાં જ બક્ષીજીને જુનાગઢ રાજ્યની સુરક્ષિતતા લાગે છે.” અમરજીએ જણાવ્યું.

“શું ! સુલતાન બીબી બક્ષીની હવેલીમાં ? એટલે બક્ષીએ તેમને પરહેજ કરવાનું સાહસ કર્યું છે ?” પ્રેમજી ઠક્કર ચમકયો.

“એમાં ચમકવાની શી જરૂર છે ? આપ જ્યારે ખુદ નવાબ સાહેબને કેદ કરો ત્યારે અમારે પણ આપનું અનુસરણ તો કરવું જોઇએ ને ?”

“છોકરા ! તું જઇને બક્ષીને કહે કે સુલતાન બીબીને એકદમ્ છોડી દે, નહિતર હું તેને નવાબનું મસ્તક ભેટ મોકલીશ.” પ્રેમજી ઠક્કર ગુસ્સાથી અકળાયેલો બોલ્યો.

“બેગમ સાહેબને આપની આ વાત રૂચે એમ હું માનતો નથી, કારણકે નવાબ સાહેબના એક વાળને પણ ઇજા થાય તો બક્ષીજી સુલતાન બીબીને પળવાર પણ આ દુનિયાપર રહેવા દે નહિ. છતાં પણ એમ માનો કે તમારા કહેવાથી બક્ષી બેગમ સાહેબને છૂટાં કરી દે, પરંતુ તેથી લાભ શો ?”

“કેમ !”

"પછી મુજફ્ફરખાન રહ્યા તે,"

"શું ! નવાબ મુજફ્ફરખાન પણ બક્ષીની હવેલીએ છે ?"

"હાજી, તે પણ તેમના ન્હાના ભાઇની સાથે અમારા બાળકો સાથે ખેલે છે."

"હર હર ! બક્ષીએ તો ઉંધું માર્યું ! હવે શું થાય !" પ્રેમજીએ નિરાશાનો ઉદ્દગાર કાઢ્યો.

"વારૂ, હવે હું રજા લઇશ." અમરજી જવાને તૈયાર થયો.

"છોકરા ! તું હવે અહીંથી પાછો જઈ નહિ શકે !"

"શા સારૂ ? હું કાંઇ નવાબ નથી કે નવાબીનો ઉમેદવાર પણ નથી. મને રોકીને શું કરશો ?"

"તારા જેવો ચકોર અને બુદ્ધિમાન યુવાન સહાયક બક્ષીનો ઓછો થાય એટલુંય ગનીમત."

"તમે ભૂલો છો. બક્ષીને તો કાનખજુરાનો એકાદો પગ ભાંગે તેથી કશી અસર થવાની નથી. બાકી મને રોકવાથી ખરૂં સહન તો તમારે કરવું પડશે."

"શી રીતે ?"

"બક્ષીએ મને કહ્યું છે કે જો હું આ સમાચાર તમને પહોંચાડીને એક પ્રહરમાં પાછો ન ફરૂં તો તેઓ મુજફ્ફરખાનને હાથીપગે કરશે."

"હાથીપગે ! બાબી કુટુમ્બના વારસને ?"

"હાસ્તો, તમે નવાબ મહોબતખાનને કેદ કર્યા પછી બાબી કુટુમ્બ કે એવું કશું જોવાનું ન જ હોય અને જો બીજો પ્રહર વીતી જાય તો પછી તેમના ન્હાના ભાઇ ફતેહખાનનો વારો અને ત્રીજો પ્રહર વીતવા છતાંયે આપનો સેવક ત્યાં જઇ ન પહોંચે તો બેગમ સાહેબની પણ એ જ દશા ! એટલે આપ મને અહીં રોકવા ઇચ્છતા હો તો તે સામે મારો અંગત વાંધો બિલકુલ છે જ નહિ. માત્ર મારી ચીમચીમાંનાં પાન ખૂટી પડે તો એની તમારે સગવડ કરવાની. હું જો અહીં ત્રણ પ્રહર પર્યંત રહું અને એથી જુનાગઢની ગાદીના ત્રણ દુશ્મનો સદાને માટે વિદાય થઇ જાય તો એથી રૂડું શું ! વળી એક આપને લગતી હકીકત પણ મારે જણાવવી જોઇએ. આપનું કુટુમ્બ સાહિબાબાનુ સાથે જ અત્ર આવવાનું હતું ને ! તે

પણ અત્યારે તેમની સાથે જ છે. બક્ષીજીએ કહેવરાવ્યું છે કે આપના કુટુંબની ચિંતા જરીયે કરશો નહિ."

પ્રેમજીના શિરપર વજ્રાઘાત થયો હોય એમ તે પાછો હઠ્યો. તેનાં ક્રોધભર્યાં નેત્રોમાં નિરાશાનાં તમ્મર આવ્યાં. તેના મનમાં તરંગો ઉછળ્યા: "બક્ષી પણ જબરો તો ખરો! તેણે હાથથી ગયા જેવી બાજીના દોર પાછા મેળવી લીધા, પણ ભૂલ તો મારી જ કે મેં ઉતાવળ કરીને આ પગલું ભર્યું. મારાં સ્ત્રી પુત્રાદિને પણ બહારગામ મોકલી આપ્યાં હોત તો સારૂં હતું. 'આ તો આવ બલા, પકડ ગલા' જેવું થયું. મેં ના કહેલી, છતાં સુલતાન બીબી ડાહી થઇને ગઇ તો તે જ સપડાઈ ગઇ!"

અમરજી પ્રેમજીની સામે જોઇ રહ્યો હતો. તે પ્રેમજીના વદનપર ઉદ્‌ભવતા વિકારોથી તેના અંતરમાં ઉછળી રહેલા વિચાર તરંગોનો કેટલેક અંશે પાર પામી ગયો. તેણે પ્રશ્ન કર્યો: "કેમ પ્રેમજી કાકા! શો વિચાર કરો છો? મને શી આજ્ઞા છે?"

"ભલે ત્યારે તું જલ્દી જુનાગઢ પહોંચી જા. બક્ષીને કહેજે કે મહોબતખાન અહીં લ્હેર કરે છે, તેની ચિંતા ન કરે."

અમરજી નમન કરીને તુરત જ વિદાય થઈ ગયો. પ્રેમજીને વિચાર આવ્યો: "ત્યારે બક્ષીએ મારી પાસે મહોબતખાનની માગણી કેમ ન કરી?"

એ શંકાનું સમાધાન તેણે સ્વતઃ જ કરી લીધું. "બક્ષીને હું ભોળો સમજતો હતો. પરંતુ આ પ્રસંગમાં તેની ચાણાક્ષતા જણાઇ આવે છે. અત્યારના સંયોગોમાં ઉપરકોટ જેવું સુરક્ષિત સ્થળ નવાબ મહોબતખાન માટે બીજું કયું હોય? વળી હું સુલતાન બીબી, તેમના શાહજાદા, મારાં સ્ત્રીપુત્રાદિની સલામતીને ખાતર નવાબનું સમ્પૂર્ણતઃ રક્ષણ કરવાનો, એમ તેણે માન્યું હશે. એને આ રીતે એક પાઇનું પણ ખર્ચ કર્યા વગર મારા જેવો મનુષ્ય ઉપર–કોટ અને નવાબનું રક્ષણ કરનાર મળ્યો! ગમે તેમ તોયે મુત્સદ્દી તો ખરો જ ને?"

તેણે બારીમાંથી કિલ્લાની બહાર દૃષ્ટિ ફેંકી. ધીમે ધીમે નિશ્ચિંતપણે ચાલ્યા જતા આરબોને મોખરે અમરજી તેની દૃષ્ટિએ પડ્યો.

"આ છોકરાના બળ ઉપર સાહિબાઓનું તથા તેમના બેટાઓનું બાજી અવલંબે છે. છતાં પણ તે કેટલી બેફિકરાઇથી ધીમો ધીમો

ગતિ કરી રહ્યો છે?" તે એક નિઃશ્વાસ નાખીને તકીયાને અઢેલીને પડ્યો. અત્યારે તેની મતિ કુંઠિત બની ગઈ હતી. એક પણ દિશા તેને સૂજતી ન હતી.

પ્રકરણ ૧૪ મું.

દરબારગઢનો કબજો.

અમરજી ધીમે ધીમે આગળ વધતો હતો. દોલતરાય પાસે ત્વરાથી પહોંચવાની તેને કશી ઉતાવળ ન હતી. તે મનોગત બોલવા લાગ્યો: "આપણે પણ ઠીક તોપ હાંકી કે મુજફરખાન અને ફતેહખાન પણ પકડાયા છે! અને પ્રેમજીકાકાના કુટુંબને પણ ત્યાં નહિ ભાળવાથી તેને પણ બક્ષીએ સપડાવ્યાનું અડાવ્યું! પરંતુ હવે ગામમાં જઈ, પ્રથમ મુજફરખાનની તપાસ કર્યા પછી બક્ષીજી પાસે જવું."

તે કાળવાના દરવાજા તરફ આગળ વધ્યો. દરવાજાની નજીક આવ્યો ત્યાં શહેરમાં પ્રચંડ કોલાહલ થતો સંભળાયો. માણસો નાસભાગ કરતા જણાતા હતા. એકાએક બંદૂકો ગર્જી ઉઠી. ઘોડાના ગાજતા ડાબડાથી પણ દબાવી ન દબાય એવી કીકીયારીઓ તેના કર્ણપુટપર અથડાવા લાગી. તે ચકિત બની ગયો.

તેને કાંઇ સમજાયું નહિ. આવો પ્રચંડ કોલાહલ આજે પ્રથમ જ તેના સાંભળવામાં આવ્યો હતો. મનુષ્યોના હાકોટાનો એકત્ર નાદ ગગનમાં ઘોરતો, જંગલનાં પશુઓને થડકાવતો હતો. એ હાકોટામય વાતાવરણમાં જાણે ધાણી ફૂટતી હોય તેમ બંદૂકોની તડાતડી થઇ રહી હતી.

અમરજીએ ફુટાઉવાયા ચાલતા આરબોને સાવધાન કર્યા. બધા એકત્ર થઇ, જામગ્રીઓ ટપકાવી કાળવાના દરવાજામાં દાખલ થયા. દરવાજાપર કોઇ પહેરેગીર દૃષ્ટિગોચર થયો નહિ.

વૃદ્ધિંગત થતી આશ્ચર્યપરંપરાને જેમતેમ શમાવતો અમરજી આગળ ચાલ્યો. થોડે દૂર ગયા બાદ તેનો અશ્વ બે કદમ પાછો હટ્યો. અમરજી ચમક્યો. જમીનપર એક જખમી થયેલો આરબ પડેલો તેની દૃષ્ટિએ પડ્યો.

ત્રીશે ઘોડેસવારો એ જોઇને ઘોડાપરથી ઉતરી પડ્યા અને જખમી થયેલા આરબની આસપાસ ફરી વળ્યા.

એક આરબ નીચો નમ્યો અને બોલ્યો: " આ તો બખ્તાવર!"

" બખ્તાવર કોણ ? " અમરજીએ પૂછ્યું.

" જી, એ તો વિલાયતીઓ માંહેનો-જમાદાર મહમુદની બેરખનો."

" શું એ આપણો માણસ છે ? "

" જી હા, બખ્તાવરને દરેક પિછાને છે." બીજા એક આરબે સમર્થન કર્યું.

" ત્યારે જૂઓ, એ સાવધ છે ? એનામાં પ્રાણ છે ? " એમ કહીને અમરજી નીચો નીચો. બખ્તાવરની છાતીની જમણી બાજુએ લોહીનું લાલ ધાબું નીતરતું હતું. એની આંખો તરવરતી હતી.

" સુભાનઅલ્લા ! હવે હું કૂતરાને મોતે નહિ મરૂં ! આ તો આપણી જ ટોળીના છે. બિરાદર ! મને પાણી આપો, કંઠ સૂકાય છે." બખ્તાવરના મુખમાંથી ઉદ્દગાર નિકળ્યા.

" જાઓ, જલ્દી પાણી લાવો." અમરજીએ હુકમ કર્યો.

એકને બદલે ચાર-પાંચ આરબો ઉપડ્યા. થોડી વારમાં જ પાણીનો ઘડો હાજર થયો. બખ્તાવરનો સૂકાતો કંઠ ભીંજવ્યો.

અમરજીએ પૂછ્યું: " બખ્તાવર! આ બધું છે શું ? તારાથી બોલી શકાય તો કહે."

" જનાબ ! શહેરમાં કત્લ ચાલી રહી છે."

" પરંતુ શા માટે ? "

" એ મને માલૂમ નથી. પણ મુજફ્ફરખાન અને બક્ષીજીના માણસો વચ્ચે ધીંગાણું થયું અને તેમાં બીજા પણ ભળ્યા. કાંઇ નહિ તો ચારસો-પાંચસો મનુષ્યો મરાયા હશે."

" પરંતુ થોડા વખતમાં એ બધું બન્યું કેવી રીતે ? "

" મારાથી બહુ બોલાતું નથી. કંઠ સૂકાય છે. પાણી—"

એક આરબે તેના મુખમાં પાણી રેડ્યું. બખ્તાવર સ્હેજ સ્વસ્થ થઇને કહેવા લાગ્યો: "થોડી વાર પહેલાં મુજફ્ફરખાન હવેલીપર ચડી આવ્યો. બક્ષીજી પણ બહાર નિકળ્યા છે. જુનાગઢની શેરીઓએ મનુષ્યોના કત્લખાનાનું રૂપ ધારણ કર્યું છે!"

આ સંભાષણ દરમિયાન અમરજીના મનમાં અનેક પ્રકારના તર્કો અને કલ્પનાઓ ઉદ્દભવતાં હતાં. તેણે એક વાતનો નિશ્ચય કર્યો હોય એમ લાગતું હતું. તેણે પૂછ્યું: " બખ્તાવર! તું ઘાયલ થયો ત્યારથી સાવધ છે કે વચ્ચે બેશુદ્ધ થયો હતો ? "

" ના જી, સાવધ જ છું. બેશુદ્ધ થયો ન હતો."

"તેં મુજફ્ફરખાનને હવેલીએથી દરબારગઢ તરફ પાછો ફરતો જોયો હતો ?"

"ના જી."

"ઠીક, બિરાદરો ! બખ્તાવરખાનને આપણી સાથે લઈ લ્યો. કેમ, બખ્તાવર ! તું અમારી સાથે ચાલીશને ?"

પરંતુ બખ્તાવરે તેનો કશો જવાબ આપ્યો નહિ. તેના ડોળા સ્થિર હતા. અમરજીએ શરીરપર હસ્ત મૂક્યો. શરીર શીતળ લાગ્યું. અમરજી સમજી ગયો કે બખ્તાવરનો અમર આત્મા ચાલ્યો ગયો છે.

નિમકહલાલ આરબ લડવૈયાને આ સ્થિતિમાં જોઇ અમરજીની આંખો ભીની થઈ. આરબો બખ્તાવરના શબને ઘેરીને ઊભા રહ્યા.

"બિરાદરો ! તેને ઉપાડી લ્યો. આજે આપણે આપણા આ દોસ્તના શબને એવે સ્થળે અને એવી રીતે દફનાવીશું કે મુજફ્ફરખાન પણ સમજે કે એક મૂએલો આરબ સો જીવતા આરબોથી પણ વધારે મોંઘો પડે છે."

અમરજી ઘોડા ઉપર સવાર થઇને આગળ થયો. ત્રીશે આરબો પણ સવાર થયા અને બખ્તાવરના શબને લઇ તેની પાછળ જવા લાગ્યા.

સુની થયેલી ગલ્લીઓમાં ભયત્રસ્ત શહેરીઓની આંખોથી નોંધાતી આ ટુકડી પોતાના ઘોડાના ડાબલા ગજાવતી આગળ વધી. આડીઅવળી બે ત્રણ ગલ્લીઓ વટાવી તેઓ રાજમાર્ગ ઉપર આવ્યા અને ત્યાંથી સ્હેજ આગળ વધતાં દરબારગઢના પ્રવેશદ્વારનાં મજબૂત કમાડ ખુલ્લાં પડેલાં જોયાં.

"દોસ્તો ! ચાલો આજે તો આપણે દરબારગઢમાં આરામ લઇએ." અમરજી આવેશપૂર્ણ સ્વરે બોલ્યો.

આરબો પોતાના નાયકની ધારણા પામી ગયા. દરબારગઢના પહેરેગીરો સાવધાન બને કે બારણું બંધ થાય તે પહેલાં તેમણે દ્વાર-પર એકસામટો હલ્લો કર્યો.

"ખબરદાર ! સાપનું એક પણ બચ્ચું જીવતું રહેવા ન પામે." અમરજીએ ઉદ્ગાર કાઢ્યો.

દોઢીએ કાવો પીવામાં મશગુલ બનેલા મકરાણીઓ સાવધ થાય તે પહેલાં તો દશ આરબો દરવાજાનો માર્ગ રોકીને ઊભા રહ્યા, બીજા પાંચેક જણ બારણાં બંધ કરવા લાગ્યા, બંદુકો ભભુકી ઉઠી, જમૈયા અને છરીઓ ઉડવા લાગ્યાં, તલવારો ખેંચાઇ અને થોડી વારમાં જ લોહી ભીની થયેલી દોઢીપર એક-પણ મકરાણી પહેરેગીર ન રહ્યો.

" સાબાશ ! જુવાનો ! સાંભળો—મારી સૂચના વગર એક પણ માણસ અહીંથી ખસશો નહિ. આ તોપ ભરી કાઢો, તમારી બંદૂકો ભરી કાઢો, આ મકરાણીઓની બંદૂકો છે તે પણ ભરી કાઢો. અંદર કોણ છે તેની હું તપાસ કરી આવું. અહીં કોઈ પણ શક પડતો મનુષ્ય આવે તો લેશ પણ દયા દર્શાવશો નહિ."

એ પ્રમાણે સૂચના કરીને અમરજી બે-ત્રણ આરબોની સાથે દરબારગઢના અંદરના ભાગમાં ગયો. તે ચોતરફ ફર્યો. માત્ર એક ઓરડામાં ફતેહખાન અને બે-ત્રણ નોકરો તેની દૃષ્ટિએ પડ્યા. તે સિવાય આ સૂના દરબારગઢમાં શ્મશાન સમી નીરવતા હતી. તેણે પેલા ફતેહખાન તથા તેના માણસોને પરહેજ કરવાની આરબોને આજ્ઞા કરી. તેમને તુરત પરહેજ કરવામાં આવ્યા. એ રીતે રાજ્યની તિજોરી, દારૂગોળો, અનર્ગળ જવાહિર અને અખૂટ રીયાસતથી ભરેલો દરબારગઢ અમરજીએ અતિ અલ્પ શ્રમથી કબજે કરી લીધો. આ બનાવથી અમરજીના આનંદનો પાર રહ્યો નહિ. સ્વપરાક્રમના આત્મભાનથી તેનું હૃદય ઉછાળા મારવા લાગ્યું. જુનાગઢના રાજકારણમાં પોતે પણ કાંઈક સ્થાન ધરાવે છે એમ તેને થયું, તથાપિ આ સર્વ વિધિનો ખેલ છે એ વાર્તાને તે વિસરી ગયો ન હતો. હવે તે દોઢી તરફ જવા લાગ્યો. પરંતુ આગળ જતાં એક દિવાનખાના તરફ તેની દૃષ્ટિ ગઈ. તે ચમક્યો, સ્તબ્ધ બની ગયો, તેનું હૃદય ધડકવા લાગ્યું. આ દિવાનખાનામાં જુનાગઢની ફોજના સરદાર મુબારકખાનનું શબ પડ્યું હતું. મુબારકખાનનું કોઈએ ખૂન કરેલું લાગતું હતું. તેનું શરીર લોહીથી તરબોળ બની ગયું હતું. આ ભીષણ દૃશ્ય જોઈને અમરજી વિચારમગ્ન બની ગયો; પરંતુ તે સમયસૂચક હતો. તેણે પોતાની સાથેના સિપાહીને દોઢીપર મોકલી ત્યાંથી બે આરબોને બોલાવ્યા. તેઓ આવ્યા એટલે અમરજીએ તેમને મુબારકખાનનું કોઈએ ખૂન કરેલું હોવું જોઈએ એમ જણાવી તેના શબને ઉપાડી જ્યાં બખ્તાવરખાનના શબને રાખ્યું હતું ત્યાં લઈ જવા આજ્ઞા કરી. આરબોએ શબને ઉપાડ્યું અને દોઢીપર લઈ ગયા. બીજા આરબો પણ મુબારકખાનના શબને જોતાં સ્તબ્ધ બની ગયા. મુબારકખાનનું ખૂન જુનાગઢપર કોઈ આફત વરસાવનારું નિવડશે એમ સહુને લાગ્યું.

પ્રકરણ ૧૫ મું.

આંધળો શિકાર!

પરંતુ આ દરબારગઢ અત્યારે આવી નીરવ સ્થિતિમાં અને લગભગ નિર્જન અવસ્થામાં કેમ હતો તે આપણે જોઇએ.

મોતને શરણ થયેલા બખ્તાવરનું કથન સત્ય હતું. જુનાગઢને માટે એ દિન અત્યંત ભયંકર હતો. આંતરવિગ્રહનો ધુંધવાયેલો જ્વાળામુખી અચાનક ફાટી નીકળ્યો હતો.

દરબારગઢમાં સુલતાન બીબીનો મોટો દીકરો મુજફરખાન પોતાને મળનારી નવાબીની હવાઈ આશાઓમાં રમ્યા કરતો હતો. પોતાને નવાબી મળતાં પ્રેમજી ઠક્કરને દિવાનપદે સ્થાપવાનું એણે નક્કી કર્યું હતું. વસંતરાયને માટે એનો વિચાર અચોક્કસ હતો. એના જેવા નફ્ટ અને કેવળ સ્વાર્થી તથા નિમકહરામ મનુષ્યને હાથીના પગ તળે કચરાવવો કે મધ્યાહ્નને નિયમિત રીતે અવાજ કરતી તોપને મોઢે બાંધવો અથવાતો ઘોડાખેંચમાં મૂકવો એ બાબતનો તે હજી ખાસ નિર્ણય કરી શક્યો ન હતો. મુજફરખાન નવીનતાનો શોખીન હતો. હાથીના પગ તળે આજસુધીની બાદશાહતમાં અનેક કચરાઈ ગયા હતા. તોપને મોઢે બાંધવાની સજા તો સર્જનજૂની બની ગઈ હતી. ઘોડાખેંચમાં કાંઇક નવીનતા ખરી! ચાર કે છ અરબ્બી ઘોડા એક મોટા ચોગાનમાં લાવી, વસંતરાયને હાથે તથા પગે મજબૂત રસીથી બાંધવો અને તેના બે છેડા પરસ્પર વિરૂદ્ધ દિશાએ રાખવા. દરેક છેડે બે કે ત્રણ ઘોડાને બાંધવા અને પછી બન્ને બાજુના ઘોડાઓને ચાબૂકના ઝપાટા લગાવી પરસ્પરથી વિરૂદ્ધ દિશાએ દોડાવવા. જો આ પ્રમાણે કર્યું હોય તો—

ભયંકરતા અને ક્રૂરતાના આ નવીન ખ્યાલથી મુજફરખાનનું મુખ મલકાવા લાગ્યું. અલબત્ત વસંતરાયે તેનું બગાડયું ન હતું, ઉલટી તેને સહાય કરી હતી, તથાપિ નવાબી પ્રાપ્ત થયા પછી વસંતરાયની કાંઇ આવશ્યકતા ન હતી અને તેની નવાબ મહોબતખાન પ્રત્યેની નિમકહરામી મુજફરખાનના દિલમાં તેને માટે તિરસ્કાર ઉત્પન્ન કરી ચૂકી હતી. પ્રેમજી ઠક્કરને માટે પણ મુજફરખાનના દિલમાં માન કે સદ્‌ભાવને તો સ્થાન ન હતું જ; પરંતુ પ્રેમજીને પોરબંદરની પીઠ હતી અને પોરબંદરના રાણા સાથે વેર કર્યે પાલવે

તેમ ન હતું. વળી પોતાની માતાનો પ્રેમજી ઉપર પૂર્ણ વિશ્વાસ હોવાનું તે જાણતો હતો, એટલે તેને છંછેડવાની તેની હિમ્મત ચાલતી નહિ.

પ્રેમજી ઠક્કરની સહાયથી પોતાની મા ભલે રાજકારભાર ચલાવે, પોતાને વિલાસનાં સાધનોનો સ્વતંત્રપણે ઉપભોગ કરવા દે એટલે બસ. કોઈ વાર જો એ વિલાસી જીવનથી કંટાળો ઉપજે તો કોઇને ઘોડાખેંચમાં મૂકી કંટાળાને દૂર કરવાની તેની ભાવના હતી!

નવાબીના હવાઇ કિલ્લા હવે તો ગગનગામી થવા લાગ્યાઃ "શું મારે શાદી કરવી પડશે?" એ પ્રશ્ન તેની સામે ખડો થયો; પરંતુ એ તેને એક નિરર્થક જંજાળરૂપ લાગ્યું. શાદી કરવાની જરૂર શી? રૈયત માંહેની રૂપસુંદરીઓ કોને માટે છે? એવાં તેમનાં ભાગ્ય ક્યાંથી કે તેઓ બાબી વંશના નવાબના ઉપભોગને યોગ્ય થાય? આવો અમૂલ્ય અધિકાર તેણે જ્ઞાતિ કે કોમના ભેદભાવ વગર સમસ્ત રૈયતની સુંદરીઓને બક્ષવાનો નિશ્ચય કર્યો.

જાણે પોતે એક બગીચામાં સંગેમરમરની બેઠકપર બિછાવેલ મખમલની મુલાયમ ગાદીપર સૂતો છે, એક રજપૂત રમણી વાયુ ઢોળે છે, યૌવનમાં પ્રવેશતી બ્રાહ્મણકન્યા પગ દબાવે છે, વણિકસુતાના ખોળામાં પોતાનું મસ્તક છે, ઇસ્લામી હુરીના અધરરસનું આસ્વાદન કરી રહ્યો છે, અન્ય જુદી જુદી કોમ અને જ્ઞાતિની યુવતીઓ સાથે ભિન્ન ભિન્ન વિલાસી ચેષ્ટાઓના સ્વર્ગીય સુખનો ઉપભોગ કરે છે, તે જ વખતે તેના સેવકો એ સર્વ સુંદરીઓને પણ નિસ્તેજ બનાવે એવી કોઈ અપ્રતિમ લાવણ્યવતી સુંદરીને લાવે છે, એ મનમોહનાની ધડકતી છાતીપર—

"સુભાનઅલ્લા! બહેસ્ત તો જમીનપર જ છે ને?" તેના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો અને પુનઃ એ વિકારી વિચારોમાં નિમગ્ન બની તે આમ તેમ આંટા મારવા લાગ્યો.

તે જ સમયે એક અમીર હાંફતો હાંફતો અંદર આવી લાગ્યો.

"કેમ હામીદખાન! ગભરાએલા કેમ દેખાઓ છો?"

"હજૂર! ગઝબ થયો."

"શું થયું?"

"હું અત્યારે આપની પાસે આવતો હતો; ત્યાં એક અત્યંત ગઝબનાક બનાવ મારી દષ્ટિએ પડ્યો."

"શો?" [illegible]

"બક્ષીના માણસોને સાહિબાબાનુને કેદ કર્યાં."

"હેં!" મુજફ્ફરખાન ગાજ્યો.

"હાજી, એ મેં નજરોનજર જોયું. તેમની પાછળ પાછળ હું બક્ષીની હવેલીસુધી ગયો. બેગમ સાહેબને અંદર દાખલ કરી હવેલીનાં દ્વાર બંધ થઇ ગયાં." હામીદખાને ગઝબનાક ઘટના નિવેદન કરી.

"શું! બક્ષીની એટલી બેડશાહી? હામીદખાન! મારા મકરાણીઓને એકદમ એકત્ર કરો."

"શા સારૂ, હજુર?"

"મારાં માતુશ્રીને મુક્ત કરાવીશ."

"બક્ષી સાથે ધીંગાણું થશે હો!"

"તેની શી ચિંતા છે?"

"ધીંગાણાની ચિંતા નથી, પરંતુ કદાચ બક્ષી બેગમ સાહેબને ઇજા કરી દે તો?" હામીદખાને ભીતિ રજુ કરી.

"એ વિષયમાં લેશ પણ ભીતિ રાખવાની જરૂર નથી." મુજફ્ફરખાને નિશ્ચિત સ્વરે કહ્યું: "જ્યાંસુધી મહોબતખાન આપણા કબજામાં છે ત્યાંસુધી બક્ષી મારાં માતુશ્રીનો વાળ પણ વાંકો નહિ કરે; એટલું જ માત્ર નહિ પરંતુ બાબી કુટુંબની કોઇ પણ વ્યક્તિપર હાથ ચલાવવાની હિંમત તે કરી શકશે નહિ. માત્ર હવે મહોબતખાન માટેનો આપણો વિચાર મુલ્તવી રાખવો પડશે."

આ બે જણા એ પ્રમાણે સંભાષણ કરી રહ્યા હતા તે દરમિયાન મુજફ્ફરખાનના પક્ષના બીજા પણ કેટલાક અમીરો ત્યાં આવી લાગ્યા. મુજફ્ફરખાને સર્વને પ્રસ્તુત હકીકત જણાવી, તેમની સમક્ષ પોતાનો ઇરાદો પ્રકટ કર્યો અને પોતાને સાથ આપવા માગણી કરી. હામીદખાન મકરાણીઓને તૈયાર કરવાને ગયો. બીજા એક સરદારને જુનાગઢની ફોજના સીપાહસાલાર સરદાર ખાનજહાન મુબારકખાનને બોલાવવાને મોકલ્યો.

દરબારગઢના વિશાળ ચોકમાં મકરાણીઓ ઉભરાવા લાગ્યા. સર્વ તૈયાર થવા લાગ્યા. મુજફ્ફરખાન પણ તૈયાર થઇ ગયો. એ વખતે દરબારગઢના મેદાનમાં પ્રવેશદ્વાર તરફથી આવતી એક વ્યક્તિ દૃષ્ટિએ પડી. જેની ચાલે ધરતી ધણધણી રહેલી, એવો મનુષ્યોમાં હસ્તીસમો એ પહેલવાન યોદ્ધો નિડરતાથી ચાલ્યો આવતો સૈનિકોની

દૃષ્ટિએ પડ્યો. એને જોતાં જ તેમનાં અંતર આનંદથી ઉછળવા લાગ્યાં. તેમના બાહુમાં અધિક શક્તિનો સંચાર થયેલો તેમને લાગ્યો. આ વ્યક્તિની સરદારી નીચે શત્રુઓનો પરાજય કરવાની મળનારી તકથી તેમનું વીરત્વ ઉછળી રહ્યું. જેમ જેમ આગન્તુક પોતાની નજીક આવતો ગયો તેમ તેમ સર્વ મકરાણીઓ તેને નમન કરવા લાગ્યા.

એ આગન્તુક સરદાર મુબારકખાન જ હતો. બળમાં અદ્ભુત જણાતો, શૌર્યમાં અદ્વિતીય લેખાતો, સરદારીમાં અપ્રતિમ મનાતો હિન્દુ-મુસલમાનોનો એકસરખો પ્રેમ સંપાદન કરનાર એ વીરનાં ગુણગાન સોરઠમાં ઘેર ઘેર ગવાતાં. એણે જુનાગઢનો લીલો ધ્વજ ભાદરકાંઠા સુધી રોપ્યો હતો. વેરાવળનો દરિયાકિનારો કે જ્યાં સમુદ્રનાં ઉછળતાં તરંગો અખંડ ઘુઘવતાં હતાં ત્યાંસુધી તેણે જુનાગઢની નવાબી સત્તાને વિસ્તારી હતી. નિરંતર સફેદ મોતીઓની છાલકોએ મહાસાગર જેને પૂજતો ગર્જે છે એ બાલાચડીના કિનારાસુધી જુનાગઢની આણ વરતી રહી હતી. એ વીર સેનાનાયકના લશ્કરની પ્રચંડ દિવાલો સામે કચ્છીઓનાં ધાડાં પણ ટકી શક્યાં ન હતાં. ધોરાજીને પાધર તેણે પોરબંદરના શૂરવીર મેરોને આગળ વધતા અટકાવ્યા હતા. નવાનગરના મેરામણ ખવાસ અને ગોંડલના કુંભાજીની બુદ્ધિની ગ્રંથીઓ તેની તલવારથી અનેક વાર કપાઇ હતી. નવાબ મહમદ બહાદૂરખાનનો એ જમણો હાથ હતો. આખું સોરાષ્ટ્ર તેનાથી ડરતું. એની ગર્જનાથી અમરેલીનાં ગાયકવાડી થાણાં થરથરતાં. ચુંવાળના કોળીઓ પણ તેનું નામ સાંભળી ધ્રૂજી ઉઠતાં. રા'નવઘણ અને રા' ખેંગારના સમયનું પ્રભાવશાળી જુનાગઢ ભસ્મીભૂત થઇને યજ્ઞકુંડની જ્વાળામાંથી પુનઃ સચેત થતું હતું. એ ઉગ્ર ચેતનના પ્રાણ સમો અજોડ પ્રેરક આ મુબારકખાન હતો.

તે મુજફ્ફરખાનના દિવાનખાનામાં ગયો. મુજફ્ફરખાન એ વખતે મખમલની ગાદીવાળા હીંચકાપર હીંચતો હતો. મુબારકખાનને જોઇ તે ઉઠ્યો અને આગળ વધ્યો.

“ખાનસાહેબ! મને કેમ યાદ કર્યો?” મુબારકખાને અંદર આવીને તેને પ્રશ્ન કર્યો.

[illegible] સ્વાગત કરતો મુજફ્ફરખાન 'ખાનસાહેબ[illegible]

સંબોધન જેમ તેમ ગળે ઉતારીને બોલ્યોઃ " સરદાર સાહેબ ! રાજ-ખટપટને પણ હદ હોવી જોઇએ. બક્ષી દૌલતરાયે તેની હવેલીમાં મારાં માતુશ્રીને કેદ કર્યાં છે એ તમે સાંભળ્યું કે નહિ ? "

" મેં સાંભળ્યું છે કે તમે અને તમારા પક્ષકારોએ ખુદ નવાબ સાહેબને ઉપરકોટના કિલ્લામાં અટકાવી રાખ્યા છે. પછી બક્ષીને શો દોષ દેવો ? "

" પરંતુ મર્હુમ નવાબનાં બ્હેનને રાજ્યનો એક નોકર પરહેજ કરી રાખે એ કદી પણ નિભાવી લેવાય નહિ. હું મારાં માતુશ્રીને મુક્ત કરાવવા ઇચ્છું છું. તમે તમારી ફોજ સાથે તેમાં મને સહાય આપશો એમ માનું છું. "

" પછી ? "

" બસ એટલું જ. તમારી વિશેષ સહાયની હાલ તુરત જરૂર નથી. "

" પણ હું આ કાર્ય ખતમ કરી ઉપરકોટ ઉપર હલ્લો કરૂં તેમાં તમે મને મદદ કરશો ને ? " મુબારકખાને પ્રશ્ન કર્યો.

" ઉપરકોટપર હલ્લો ? શામાટે ? " મુજફ્ફરખાને આશ્ચર્ય દર્શાવ્યું.

" સાહિબાબાનુ મારી સહાયથી મુક્ત થાય અને નવાબ સાહેબ ઉપરકોટના કિલ્લામાં અટકાઇ રહે એ ન બને. "

મુજફ્ફરખાન વિચારમાં પડી ગયો. બે-ત્રણ ક્ષણ પછી તે બોલ્યોઃ " જો હું તમારી માગણીનો અસ્વીકાર કરૂં તો ? "

" હું તમને એટલું જ જણાવું છું કે તમારી આ રાજખટ-પટને તમે છોડી દ્યો. " મુબારકખાન બોલ્યોઃ " કદાચ તે છોડવાની તમારી ઇચ્છા ન હોય તોપણ મને તો તમે તટસ્થ જ રહેવા દ્યો. જુનાગઢની ગાદી ઉપર બાબી વંશનો જે કોઇ હશે તે મારો શિરછત્ર છે. મારી દૃષ્ટિ માત્ર સિમાડા ઉપર જ છે. ત્યાંથી આપણી હદમાં કોઇ ત્રાહિત પેસી શકે નહિ એ માટે હું ચોકી કરી રહ્યો છું. મહોબતખાન નવાબ હોય કે તમે નવાબ થાઓ, પણ મારૂં જુનાગઢ દુશ્મનોને ડરાવતું રહે એટલે મને સંતોષ. "

" તો શું તમે જુનાગઢના નોકર હોવા છતાં મર્હુમ નવાબની બ્હેનને એક ત્રણ બદામનો બક્ષી અટકમાં રાખે તે જોઇ રહેશો ? અને તે પણ તમારી પાસે આઠ-દસ હજારની ફોજ હોવા છતાં ? "

"ખાનસાહેબ! નવાબ મહોબતખાનને પેલો ત્રણ ટકાનો પ્રેમજી અટકમાં રાખી રહ્યો છે તે પણ હું જોયા કરૂં છું, તો પછી એ નવાબનાં દૂધખાને પરહેજ થયેલાં જોઈ શકું તેમાં આશ્ચર્ય શું?" મુબારકખાને ટકોર કરી.

"હું તમને રાણપુર ચોવીશી ઇનામ આપીશ. ન્યાલ કરી નાખીશ." મુજફ્ફરખાને લાલચ દર્શાવી.

"જનાબ! તમે આ મુબારખાનને ઓળખ્યો નથી, એટલે જ આવી લાલચ આપી રહ્યા છો."

"આ લાલચ નથી. તમારા કાર્યની કદર કરવાનું વચન છે."

"નાજી, મને માફ કરો. જો હું તમારી માફક મુલ્કનો ભૂખ્યો હોત તો જુનાગઢની નવાબી કબજે કરતાં મને કોણ અટકાવી શકે તેમ હતું?"

"પરંતુ ત્યારે તમે એમ કહેવા માગો છો કે જ્યાંસુધી જુનાગઢની ફોજના સરદાર તમે છો ત્યાંસુધી તે ફોજ મારા ઉપયોગમાં નહિ આવે, એમ જ ને?" મુજફ્ફરખાન સ્હેજ ચીડાઇને બોલ્યો.

"જો આ વાત તમે પ્રથમથી જ સમજી શક્યા હોત તો નાહક મને તકલીફ આપી ન હોત."

"બહુ સારૂ, પધારો. હવે ભવિષ્યમાં હું તમને તકલીફ નહિ આપું."

મુબારકખાને નમન કરીને પીઠ ફેરવી. મુજફ્ફરખાનના રક્ત નેત્રો ક્રોધથી ભભૂકી ઉઠ્યાં. મુબારકખાને પીઠ ફેરવી તે જ ક્ષણે આ વિલાસી મુજફ્ફરખાને પોતાની ભેઠમાંથી જમૈયો કાઢી બીજી ક્ષણે વાઘની માફક મુબારકખાન ઉપર તરાપ મારી. મુબારકખાન પાછો ફરીને જૂએ છે ત્યાં મુજફ્ફરખાને જમૈયો તેની છાતીમાં હુલાવી દીધો!

"દગો!" મુબારકખાનથી માંડ એટલું જ બોલાયું. તેના જખમમાંથી ધોધમાર લોહી વહેવા લાગ્યું. તે લથડીયાં ખાવા લાગ્યો. નાગણ સમી ફુંફાડા મારતી લાંબી તલવાર સનનસનાટ કરતી તેની ગરદનપર પડી: કમરપર્યંત જનોઇવઢ ઘા પડ્યો.

લોહીના કોગળા કરતો આ જુનાગઢનો સરદાર જમીનપર પડ્યો. લોહી તરબતર થયેલા એ વીર પુરુષના ગંભીર પરંતુ મૂર્છિત વદન સામે મુજફ્ફરખાન એકી ટસે જોઇ રહ્યો.

* * *

મુબારકખાન નીચે પડ્યો અને જુનાગઢની શાંતિનો સ્તંભ

તૂટ્યો. હવે જુનાગઢને દુઃખના દિવસો દેખવાના, કેમકે રાજ્યખટપટને માત્ર રાજકુટુંબની અંદર જ રોકી રાખનાર, તેને લોહીની નદીઓથી નિખાળી રાખનાર, પોતાની સત્તા, સામર્થ્ય અને દમામથી સર્વને દબાવનાર એક પૂરો મર્દ અત્યારે કમોતે મરાયો.

પ્રકરણ ૧૬ મું.

ભીષણ ભવિતવ્યતા.

ગત પ્રકરણના અંતમાં વર્ણવેલી ઘટના એકાએક બની જતાં ત્યાં એકત્ર થયેલા સર્વ અમીરોમાં સોપો પડી ગયો. પરિણામની પરવા નહિ કરતાં વગરવિચારે આદરેલી રાજખટપટ તેમને કઇ ઊંડી ગર્ત્તામાં હોમી દેશે તેની અત્યારસુધી નહિ આવેલી કલ્પના અત્યારે ભયંકર ભીતિના સ્વરૂપમાં તેમની સમક્ષ મૂર્ત્તિમંત બની રહી. મુજફરખાને મુબારકખાનનું આવી રીતે દગાથી કરેલું ખૂન એક પણ વ્યક્તિને ન રૂચ્યું. તેમણે આ ખટપટમાં મુજફરનો પક્ષ લીધો હતો, પરંતુ અત્યારસુધી તેમની બાજી વ્યર્થ નિવડી હતી, જેને સમાલી લેવાની રહીસહી આશા પણ આ બનાવથી અદૃશ્ય થઈ ગઈ. પ્રેમજી ઠક્કર જેવો અથંગ ખટપટી સલાહકાર અત્યારે ઉપરકોટના કિલ્લામાં મહોબતખાનને સાચવવાને પૂરાઈ રહ્યો હતો. સુલતાન બીબી બક્ષીની હવેલીમાં હતી. મુજફરખાનની જે યુવાવસ્થા તેને નવાબપદે સ્થાપવામાં એક લાયકાત તરીકે રજુ કરવામાં આવતી હતી તે જ યુવાવસ્થાનું પ્રથમ પરાક્રમ તેમણે નજરે જોયું. એ પરાક્રમના પરિણામ રૂપે ઉત્પન્ન થનારી ભીષણ ભવિતવ્યતા તેમના કલ્પનાપટ ઉપર તરવરવા લાગી.

સીમાડા ઉપરથી દોડ્યા આવતાં પરદેશી વરૂઓનાં ટોળાં તેમની કલ્પનાસૃષ્ટિમાં મૂર્ત્તિમંત બન્યાં. જે મુબારકખાનને ફોજના એક સરદાર તરીકે ગણી કાઢી, અત્યારની રાજખટપટમાં પ્રથમથી જેની સલાહને સ્થાન આપવાનું પણ આવશ્યક નહિ ધારેલું તેના મૂઆ પછી જ તેઓ સમજી શક્યા કે મરનારની સિંહ જેવી છાતી, અપ્રતિમ શૌર્ય, અજબ વ્યક્તિત્વ અને નિશ્ચલ વીરતાની છાયા નીચે જ તેઓ આ એક ન્હાનકડી ખટપટના એકાદ-બે દાવ ખાનગી રીતે ખેલી લેવા માંગતા હતા.

આ અમીરોને બાળ નવાબ મહોબતખાન સાથે કાંઈ વેર ન હતું કે મુજફ્ફરખાન પ્રત્યે ખાસ પક્ષપાત ન હતો. તેઓ માત્ર રીસરના વારસને બાતલ કરી બીનહકદાર યુવાનને નવાબ બનાવવાથી પોતાની સત્તા અને લાગવગ વધશે એવી અસ્પષ્ટ આશા સેવીને આ સાહસમાં પડ્યા હતા. પરંતુ મહોબતખાન કેદ થવાથી કાંટાને દૂર થયેલો જોવાની આશા ધારનારાઓને એ કાંટાનાં મૂળ ઉલટાં ઉંડાં જતાં દેખાયાં.

તેમણે બે વાતનો ખ્યાલ કરેલો નહિ. એક તો મર્હુમ નવાબના બાળ શાહજાદા પ્રત્યે બક્ષી ફોલતરાયની અચળ વફાદારી અને બીજી સરદાર મુબારકખાનની તટસ્થતા.

મુબારકખાને દર્શાવેલી તટસ્થતાને લીધે ગુસ્સે થએલા મુજફ્ફરખાને તેનું ખૂન કર્યું. બક્ષી પણ પોતાની વફાદારીને અચળ પણે વળગી રહ્યા. બક્ષીની સામે ટક્કર ઝીલવી એ કાંઇ સાધારણ વાત ન હતી; અને મુબારકખાનના થયેલા ખૂનની ખબર પ્રસરતાં લશ્કર !.........

આ નધણીયાતા બનેલા રાજ્યની એ નધણીયાતી બનેલી ફોજ હવે શું કરશે ? આ લોકોને પોતાની આદરેલી ખટપટ અધૂરી રહેલી લાગી, ન કલ્પેલી ભયકંર ભીતિ પોતાની સામે ઉપસ્થિત થયેલી ભાસી.

જે અમીરો અને સરદારોએ આ ખટપટ શરૂ કરી ન હતી પરંતુ તે શરૂ થયા પછી તેમાં દાખલ થયા હતા તેઓ તો આ ભયંકર અનર્થકારક મામલાથી હાથ ધોઇ નાખી, ઘરનો ખૂણો સાચવીને બેસી રહેવું તે અત્યારના સંયોગોમાં સર્વ રીતે યોગ્ય છે એમ માનીને એક પછી એક ખસવા લાગ્યા.

થોડી વારે વિચારમૂઢ બનેલા નવાબની ચકિત દષ્ટિએ પારખ્યું કે પોતાની પાસે આવેલા અમીરો માંહેનો મોટો ભાગ ચાલ્યો ગયો છે.

તેણે પોતાની આસપાસ નિરાશાપૂર્ણ દષ્ટિ ફેરવી. હામીદખાને તેની વિચારપરાધીનતા પારખી. તેને આ યુવાન, અક્કલહીણ, નિરર્થક, હિંસા કરવાને તૈયાર થનાર નવાબીના ઉમેદવાર ઉપર તિરસ્કાર છૂટ્યો. આવા નાલાયક છોકરાનો સાથ કરવામાં તેને પોતાની આબરૂના કાંકરા થતા લાગ્યા. તે બોલ્યોઃ—

“જનાબ ! હવે કાંઈક કરવું જ જોઈએ. આ બટવાની ફોજને ખબર પડે તે પહેલાં આ તો સાહિબઆલમને મુક્ત કરાવવા અથવા

તો આપણે અહીંથી પલાયન કરી જવું જોઇએ. હવે ગઢના ખૂણા પકડી બેસી રહેવાય તેમ નથી. પ્રેમજી પણ ઉપરકોટ છોડીને અહીં આવી શકે તેમ નથી.

મુજફ્ફરખાન મસ્તક નીચું રાખી સ્થિર દૃષ્ટિથી મુબારકખાનની લાશ તરફ જોઇ રહ્યો હતો, પરંતુ તેનું મન અત્યારે બીલકુલ અસ્થિર બની ગયું હતું. જેની ફોજ ઉપર વિશ્વાસ હતો તેનું ખૂન કરવામાં પોતે ભયંકર ભૂલ કરી છે એમ તેને લાગતું હતું. આ ફોજમાં મુબારકખાને મ્હોટે ભાગે લૂટારાઓ અને ધાડપાડુઓને એકત્ર કર્યા હતા. પરંતુ તેઓ ફસાયેલા હતા. એ લોકો વિફરે તો શું થાય, એવી ભીતિ તેને થયા કરતી હતી. હામીદખાનનું કથન શ્રવણ કરી તેણે અમુક નિશ્ચય કરી નાખ્યો હોય એવા ભાવપૂર્વક પ્રશ્ન કર્યો:...

"આપણા માણસો કેટલા હશે?"

"બધા મળીને આશરે બે હજાર."

"અને બક્ષીની હવેલીમાં?"

"એક હજારથી વિશેષ નહિ. પરંતુ હવેલી મજબૂત છે."

"ઠીક છે, જોઈ લઇશું. આપણા તમામ માણસોને તૈયાર કરો, તોપો અને દારૂગોળો સાથે લ્યો, હવેલી ભાંગવી છે." મુજફ્ફરખાને આજ્ઞા કરી.

તે આજ્ઞા બજાવવાને હામીદખાન બહાર ગયો. ત્યાં હાજર રહેલા બાકીના અમીરો પણ તૈયાર થઇ ગયા. વિવશતા કરતાં કામ કરવું એ તેમને અત્યારે અનુકૂળ લાગ્યું. યોગ્યાયોગ્યનો નિર્ણય કરવાની સદસદ્‌વિવેકબુદ્ધિનો અત્યારે તેમનામાંથી લોપ થઈ ગયો હતો.

મુજફ્ફરખાન શસ્ત્ર સજીને અમીરો અને સરદારોની સાથે બહાર દરબારગઢના મેદાનમાં આવ્યો. તેના મકરાણીઓ તૈયાર થઈ રહ્યા હતા. તેમના અધીરા બનેલા અશ્વો હણહણી રહ્યા હતા. આગળ પાંચ મોટી તોપો ઠાંસી ઠાંસીને ભરી હતી.

"એક પણ માણસ અહીં નકામો ન રહે, હામીદખાન! માત્ર વીશ માણસોને અહીં પહેરાપર રાખો. બીજા બધાને લઈ ચાલો."

એ પ્રમાણે આજ્ઞા કરીને મુજફ્ફરખાન આગળ થયો અને લગભગ બે હજાર સૈનિકો વિગેરેએ તેનું અનુસરણ કર્યું.

એ વખતે દરબારગઢની બહાર સૂના માર્ગપર મેલો ભૂખ્તાલર-

ખાન અને તેની સાથેના સવારો ફરતા હતા. તેમણે આ ફોજને દરબારગઢમાંથી બહાર નીકળતી જોઇ. શાહિબાબાનુ કેદ પકડાયેલ હોઇ તેને છોડાવવા માટે આ લોકો બક્ષીની હવેલીપર જતા હશે એવું બખ્તાવરખાન વગેરેએ અનુમાન કર્યું અને પોતાના સરદારને ચેતવવા હવેલી તરફ ઘોડા વ્હેતા કર્યા.

"બરકંદારો! કરો ભડાકો! જોજો, એ લોકોમાંથી એક પણ જીવતો ન જાય." પેલા બખ્તાવરખાન અને તેના સાથીઓને બક્ષીના માણસો તરીકે પિછાની લઇ, મુજફ્ફરખાને તેમનાપર ગોળીબહાર કરવાનો હુકમ કર્યો.

એક સામટી બંદૂકો સળગી ઉઠી. બખ્તાવરખાનને એક ગોળી વાગી. બીજા ન્હાસી છૂટયા.

મુજફ્ફરખાનના મકરાણીઓએ ઘોડાને એડી લગાવી. બક્ષીને બાતમી મળી જાય તે પહેલાં હવેલીપર મોરચો માંડવો જોઇએ.

પાંચ–છ ઘોડેસવારો ગોળી પહોંચી શકે તેથી થોડે દૂર મારતે ઘોડે જતા હતા. પાછળ ધરતી બજાવતા બે હજાર સૈનિકો જતા હતા.

રસ્તાપર દુકાનો અને મકાનોનાં દ્વાર ધડોધડ બંધ થવા લાગ્યાં. રાહદારીઓ જ્યાં ફાવે ત્યાં ભરાઇ જવા લાગ્યા અને એ સૂના દેખાતા રસ્તાપર જાણે મોતની શરતના ખેલ મંડાયા. તેઓ બજારમાંથી આગળ નિકળ્યા, દૂરથી વાગ્રેશ્વરીનો દરવાજો આછો આછો દેખાયો, પછી રાજમાર્ગ આવ્યો; અને ચોરાની આગળ ઉડતી ખેપટનાં ઘેરાતાં વાદળાંએ પેલા આગળ જતા બક્ષીના સવારોપર અંધારપછેડો ઓઢાડયો. એ ધૂળવાળો માર્ગ વટાવ્યો અને મસ્જીદના મિનારા દેખાવા લાગ્યા. ત્યાંથી જરી દૂર હાટકનાથની શ્વેત ધ્વજા પવનથી ફરકતી દષ્ટિગોચર થઇ. છેટે છેટે રસ્તાના વળતા વાંકપર પેલા બક્ષીના સવારોના થાકતા ઘોડા દેખાયા. મુજફ્ફરખાનના મકરાણીઓ આનંદનો લોહીતરસ્યો પોકાર ગજાવતા, જામગરીઓ સંકોરતા આગળ ને આગળ ધસવા લાગ્યા.

પેલા આગળના સવારોમાંથી એકના ઘોડાએ ઠોકર ખાધી. તેનાપર બેઠેલો સવાર લથડયો ને જમીનપર પડયો. તે જ પળે બીજા સવારો પોતાના અશ્વોને થંભાવી નીચે ઉતરી પડયા. [illegible] ગગનભેદી અવાજ સંભળાયો, મકરાણીઓની બંદૂકોનો એકસામટો મારો ચાલ્યો, પરંતુ માત્ર એક જ સવારના મગજમાં

ગોળી વાગી. બધા સવાર પુનઃ ઘોડાપર ચડી બેઠા અને અસ્થિર નેમથી નોંધાતી બંદૂકોના બહાર વચ્ચે હણહણતા અશ્વો આગળ ધસવા લાગ્યા.

થોડી વારે દૂર દૂરથી પાંચ હાટડીનો ચોક દેખાવા લાગ્યો. મુજફ્ફરખાનના મકરાણીઓ શિકારીની ઝડપે પોતાના અશ્વો દોડાવવા લાગ્યા. હવેલીની ઉંચી અગાશી તેમની દૃષ્ટિએ પડી. શિકારી કુતરાઓ હરણને જોઈ જેવા આનંદિત થઈ જાય એવો ભયંકર આનંદ મકરાણીઓનાં દિલમાં પેદા થયો.

પરંતુ એવામાં આ રસ્તાપરનાં બન્ને બાજુઓનાં મકાનોની ઉપરની બારીઓ ખુલી અને તેમાંથી અસ્પષ્ટ જણાતી બંદૂકો મોતનો વરસાદ વરસાવવા લાગી.

ધાણી ફુટે તેવી તડાતડીથી, જાણે કે યંત્રોથી ફુટતી હોય તેવી ભયંકર સ્થિરતા અને અસ્ખલિતતાથી રસ્તાની બન્ને બાજુઓ ઉપરથી સળગતી બંદૂકોમાંથી વરસતી ગોળીઓ મોતને ભોંયપર ઉતારવા લાગી.

આ ગોળીબહારની અસર પણ કાંઈ ઓછી ન થઈ. મકરાણીઓ અને તેમના ઘોડાઓની લાશોથી રસ્તો છવાઈ ગયો. હજી પણ બંદૂકો તો ગાજતી જ હતી.

મુજફ્ફરખાને પોતાની દૃષ્ટિ આસપાસ ફેરવી; પરંતુ એક પણ દુશ્મન નજરે ચડયો નહિ. માત્ર આજુબાજુનાં મકાનોના મેડાપરની બારીઓમાંથી ગોળીઓ નીચે ઉતરતી હતી અને દરેક ગોળી પોતાના એક મકરાણી કે તેના અશ્વનો જાન લેતી કે જખમી કરતી હતી.

ઘાયલ થયેલા અશ્વો ગાંડાતુર બની સાજા અને જખમી થઈને જમીનપર પડેલા સૈનિકો કચરતા ન્હાસભાગ કરતા હતા. એ ન્હાસતા ઘોડાઓનો કરૂણ આર્તનાદ જખમી થયેલા મનુષ્યોની દયાર્દ્ર ચીસો અને ઉપરથી એકસરખી રીતે બંદૂકોની સંભળાતી ગર્જના એ સર્વથી જાણે અત્ર સ્મશાન ખડું થયું હોય અને ભૂતાવળ ચિત્કાર કરતી નાચતી હોય એવો ભાસ થતો હતો.

"પાછા! પાછા! સાવધાન! એકદમ પાછા હઠો!" મુજફ્ફરખાને બૂમ પાડી. તેણે ઘોડાને પાછો ફેરવ્યો અને એડી લગાવી. [illegible] પળે સનસનાટ કરતી એક ગોળી આવી, ઘોડો ઉછળ્યો ને જમીનપર પડ્યો. પેલી ગોળી ઘોડાને બરોબર પીઠપર લાગી હતી.

ઘોડાની નીચે દબાયેલા મુજફ્ફરખાનની આસપાસ ગોળીઓનો સનસનાટ સંભળાતો હતો. તેના મકરાણીઓ એક પછી એક નીચે પડતા હતા. મહા મુસીબતે મુજફ્ફરખાને પોતાના શરીરને ઘોડા તળેથી કાઢ્યું. તે ઊભો થયો, તે જ ક્ષણે એક ગોળીથી તેની ટોપી ઉડી ગઇ. બીજી ગોળી ખભાપર છરકો કરીને ચાલી ગઇ.

"પાછા હઠો! જાનને બચાવો!" તેણે ફરીથી બૂમ પાડી.

એ મોતની વિનાશક ખીણમાંથી મકરાણીઓ પાછા હટ્યા. દરેકે દરેક વ્યક્તિએ એ વિનાશક પંથનું એકાદું ચિહ્ન તો ધારણ કર્યું જ હતું. મુજફ્ફરખાન એ સર્વને લઇ પાછો હટ્યો. થોડે દૂર જઈ તે ઊભો રહ્યો અને બધાને સ્થિર થવા આજ્ઞા કરી. તેણે પોતાના સૈન્યની તપાસ લીધી. હામીદખાન ન હતો, ચાર-પાંચ અમીરો પણ વિનાશના પંથે પહોંચી ગયા હતા. લગભગ આઠસો મકરાણીઓ અને નવસો કે હજાર ઘોડાને ગૂમાવ્યા હતા. આ દૃશ્ય જોઇને મુજફ્ફરખાનની આંખોમાં નિરર્થક ક્રોધ, અર્થહીન આવેશ તથા નિરાશા અને કર્ત્તવ્યમૂઢતાનાં આંસુ આવ્યાં.

"પાછા દરબારગઢ તરફ ચાલો!" તેણે સૈનિકોને ફરમાન કર્યું.

એ પ્રમાણે હુકમ કરીને મુજફ્ફરખાને દરબારગઢનો રસ્તો લીધો. મકરાણીઓ પણ હતાશ વદને તેની પાછળ જવા લાગ્યા. એક પ્રહર પહેલાં કેટલા પ્રભાવ અને ઉત્સાહથી તેઓ આ જ માર્ગ ઉપર બક્ષીની હવેલીને કબજે કરવાને દોડતા જતા હતા! પરંતુ ભીષણ ભવિતવ્યતાનું તેમને તે વખતે ભાન થયું હોત તો?

વિચારમૂઢ અને લગભગ નિષ્પ્રાણ બનેલા આ યોદ્ધાઓ દરબારગઢ આગળ આવી પહોંચ્યા. પરંતુ ત્યાં તો તેમણે જુદો જ મામલો જોયો. ઉપર દૃષ્ટિ કરતાં ગઢની રાંગપર તેમણે બક્ષીના આરબોને ઊભેલા જોયા.

"બક્ષીના આરબ! સુભાનઅલ્લા! દરબારગઢ પણ બક્ષીએ કબજે કર્યો!" કેટલાકના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડયા.

જવાબમાં ગઢની રાંગ જાણે સળગી ઉઠી, બંદૂકો ગાજી અને બે મકરાણીઓ નીચે પડયા.

હવેલી ભાંગી શકાઇ નહિ અને ગઢ ગૂમાવ્યો! મુજફ્ફર વિચારમૂઢ બની ગયો. પાછળથી ઘોડાના ડાબલાનો અવાજ સંભળાયો. તે તરફ દૃષ્ટિ કરતાં બક્ષીના સૈનિકો દૂરથી આવતા દેખાયા.

મુજફ્ફર અને તેના મકરાણીઓ બન્ને બાજુએથી ઘેરાઈ ગયા.

પરંતુ તેમણે કાંઇ ચૂડીઓ પહેરી ન હતી. તેઓ પોતાના બચાવ અને શત્રુઓના સંહાર માટે તૈયાર થઈ ગયા.

દરબારગઢની સાક્ષીમાં આરબો અને મકરાણીઓનું બીજું જબરૂં ધીંગાણું થયું. વિજયના ગર્વથી ઉત્સાહિત બનેલા આરબો અને હતાશ બનવાથી જીવપર આવેલા મકરાણીઓ વચ્ચે ન્હાનકડું પણ તુમુલ યુદ્ધ મચ્યું.

દરબારગઢનો જુગજૂનો ઇતિહાસ તટસ્થતાથી આ ખૂનામરકી પર તિરસ્કારથી હસતો હતો. આ પત્થરના મકાનની માલિકી મુજફ્ફર કે મહોબતની નામ માત્રની ઠરાવવા માટે ઠેઠ અરબસ્તાન, મસુદ, ઇરાન, યમન, બગદાદ અને બલુચીસ્તાન વગેરે દૂરના પ્રદેશોએથી આવેલા અજાણ્યા માણસો એક બીજાનાં ગળાં કાપી, બહેસ્ત મેળવવાની આશામાં ગાંડાતુર બન્યા હતા.

આ દંગામાં ભાગ લેવાને દરબારગઢનો કબજો કરી બેઠેલા આરબો ઉતાવળા અને અધીરા બની ગયા. પરંતુ અમરજીએ તેમને વાર્યા. તેણે તેમને સમજાવ્યું કે "દરબારગઢ ઉપર આપણા કબજાની જરૂર છે. મકરાણીઓના પરાજય અને મુજફ્ફરખાનના વિનાશ માટે દરબારગઢનાં દ્વાર બંધ રાખવાની જરૂર છે. જો આપણે બહાર નિકળીએ અને દરબારગઢ સૂનો રહે તો મુજફ્ફરખાન તેનો કબજો કરી લે અને આપણી તમામ મહેનત વ્યર્થ થાય."

બક્ષીના આરબોનો નાયક શીરબંદીના પંચનો પ્રમુખ જમાદાર મહમદશાહ હતો. તે વૃદ્ધ અને ઠરેલ હતો. પંચહાટડી પાસે મકરાણીઓ ઉપર ગોળી બહાર ચલાવનાર આરબોની ટુકડીની સરદારી પણ તેણે જ લીધી હતી. તેને મકરાણીઓ હવેલીપર ચડી આવતા હોવાની બાતમી તુરત મળી જવાથી તેણે એ ગોઠવણ કરી હતી, જેને પરિણામે મકરાણીઓને પુષ્કળ સહન કરવું પડ્યું હતું. મકરાણીઓ પાછા ફર્યા બાદ તે પોતાના ઝનૂની આરબો સાથે તેમની પાછળ અહીં આવી લાગ્યો હતો. તે એક સાંકડા રસ્તાના નાકા આગળ હતો, ત્યાંથી આગળ વધતો ન હતો. ધીંગાણાનો રંગ ત્યાં જ જામ્યો હતો.

આરબો સાવધાનીથી લડતા હતા. મકરાણીઓ ગાંડા બન્યા હતા. અત્યારે તેમના ઉપર મુજફ્ફરનો કાબુ રહ્યો ન હતો. એ મકરાણીઓની કેટલીક ટુકડીઓના નાયકો ખપી ગયા હતા, એટલે એ ટોળું બિલકુલ અવ્યવસ્થિત બની ગયું હતું. મહમદશાહના

આરબોની પાછળ બક્ષીના હિંદુ સૈનિકોની ટુકડી હતી. તે મુજફ્ફરખાન કે મકરાણીઓના જોવામાં આવી ન હતી. એ હિન્દુ સૈનિકો આસપાસનાં મકાનો ખોલાવી તેની અંદર દાખલ થઈને માળપર ચઢી ગયા હતા. અહીં પણ તેમનો ઇરાદો મકરાણીઓને પુનઃ છટકામાં સપડાવવાનો હતો.

હવે આરબો ધીમે ધીમે પાછા હટવા લાગ્યા. મકરાણીઓ તેમની જાળમાં ફસાયા અને અમારાથી ડરીને આરબો પાછા હટે છે એમ માનીને તેઓ પણ તેમની પાછળ એ સાંકડા રસ્તામાં દાખલ થયા.

આરબો આઠ દશ મકાનની હદસુધી પાછા ફર્યા. અત્યારસુધી આરબો અને મકરાણીઓ વચ્ચે તલવાર અને જમૈયાથી ભેટંભેટાનું યુદ્ધ ચાલતું હતું. પરંતુ હવે જમાદાર અહમદશાહે પોતાની બંદૂકપર જામગરી ચાંપી. તેનો ભડાકો થતાંની સાથે જ જાણે આસપાસનાં મકાનોની બારીઓ સળગી ઉઠી. તેમાંથી ધડાધડ વછૂટતી ગોળીઓ એક પછી એક મકરાણીઓને પાડવા લાગી.

તેઓ પુનઃ છટકામાં સપડાયા, પરંતુ મુજફ્ફરખાન અનુભવે ડાહ્યો થયો હતો. તેણે પોતાના મકરાણીઓને એકદમ પાછા ખેંચી લીધા. આ બાજુમાં બક્ષીના માણસોનો હેતુ બરોબર બર આવી શક્યો નહિ.

મુજફ્ફરખાન પોતાના માણસોને લઇ થોડે દૂર ગયો. તેણે તેમને વ્યવસ્થાનું રહસ્ય સમજાવ્યું અને શત્રુઓના સંહાર કરતાં પોતાના બચાવની અત્યારે વિશેષ અગત્ય હોવાનું ભાન કરાવ્યું. ત્યારબાદ તેણે પોતાના માણસોની જુદી જુદી ટુકડીઓ પાડી નાખી અને આડે માર્ગે જઈ બજારમાં બંધ દુકાનોનાં તાળાં તોડી તેમાં મકરાણીઓને ગોઠવી દીધા.

જમાદાર અહમદશાહનો વિજય થયો. તેણે પોતાના માણસોને દરબારગઢ પાસે એકત્ર કર્યા. ત્યાં પહોંચતાં અંદરના આરબોએ આનંદગર્જનાથી તેમનો સત્કાર કર્યો. અમરજીએ જમાદારને જોઇ દરબારગઢનાં દ્વાર ખોલ્યાં. જમાદારને દરબારગઢ સોંપી પોતે થોડાક માણસો સાથે બક્ષીજીને બધા સમાચાર જણાવવાને વિદાય થયો.

જમાદાર અહમદશાહે ફોજના સરદાર મુબારકખાન તથા આરબ સિપાહી બખ્તાવરખાનના શબને દરબારગઢમાં જ એક બાજુએ દફનાવ્યા અને એ વીર યોદ્ધાઓના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી.

અમરજી બક્ષીજી પાસે પહોંચી ગયો. તેણે તેમને પોતાની પ્રસંગ

ઠક્કર સાથેની મુલાકાત, બખ્તાવરખાનનું મૃત્યુ દરબારગઢનો પોતે લીધેલો કબજો, મુબારકખાનનું દરબારગઢમાં થયેલું ખૂન તથા ત્યારપછીનો બનેલો બનાવ એ સર્વ બક્ષીને નિવેદન કર્યું. બક્ષીએ અમરજીની વીરતા તથા દરબારગઢનો કબજો કરવાની તેને સૂઝેલી બુદ્ધિમાં સમાયેલી મુત્સદ્દાગીરીની પ્રશંસા કરી અને તેની ટુકડીની સાથે બીજા આરબોને પણ રાખી કોઈ પણ ભોગે દરબારગઢનું રક્ષણ કરવાની સૂચના કરી એ કાર્ય તેને સુપ્રત કર્યું.

પોતાના કાર્યની થયેલી પ્રશંસાથી પુલકિત વદને અમરજી પુનઃ દરબારગઢમાં આવ્યો. ત્યાં પોતાને સુપ્રત થયેલી જવાબદારીથી તેણે જમાદાર મહમદશાહને વાકેફ કર્યો. જમાદારે પોતાના ચુનંદા પચાસ આરબો અમરજીને સોંપ્યા અને તે હવેલીએ જવાને નિકળી પડયો.

આજે આખા શહેરમાં અશાંતિ હતી. ઉંચા ઓટલાની પછવાડે શેરીઓના ખૂણામાં અને જ્યાં જ્યાં શરીર છૂપાઇ રહે એવી સગવડ હોય ત્યાં ત્યાં બક્ષીના તેમજ મુજફ્ફરના માણસો લપાતા છૂપાતા ફરતા હતા. છૂટા છવાયા બંદૂકના અવાજ થતા હતા. કોઇ દુર્ભાગી મનુષ્ય એ બંદૂકની ગોળીનો ભોગ થઇ પડતો. અત્યારે દરેક ગૃહમાં ભયત્રસ્તતા વ્યાપી રહી હતી.

પ્રકરણ ૧૭ મું.

બહાદૂર બક્ષી.

કોઇ બ્રહ્મરાક્ષસ કે વેતાળના ત્રાસથી આખા શહેરમાં જાણે શૂન્યકાર વ્યાપી રહ્યો હોય તેવી રીતે આખું શહેર ઉજ્જડ સમું ભાસતું હતું. નિઃશસ્ત્ર શહેરીઓ પોતપોતાના ઘરમાં લપાઈ રહેવામાં જ સલામતી સમજતા હતા.

એ સમયે આશરે પચીશ માણસોની એક ટુકડી અતિ સાવધાનતાથી આગળ વધતી હતી. રસ્તાની બાજુપર આવેલાં મકાનોની દિવાલો સાથે લપાઇને, માર્ગમાં આવતા દરેક ઓટલાની બાજુમાં કે દરેક શેરી કે ગલ્લીનાં નાકાં તપાસતા આ લોકો ખૂબ સાવચેતીથી આગળ જતા હતા.

થોડે દૂર દિવાનની દોઢી દૃષ્ટિએ પડી એટલે ટુકડીનો જમાદાર મહમદશાહ બોલ્યોઃ “ બિરાબરો ! સાવધાન ! દિવાનની હવેલી પાસે

આવી પહોંચ્યા છીએ. હવે એકદમ અંદર દાખલ થઈ જાઓ. આગે આગે ગોરખ જાગે !"

બધા આરબો હવેલી પાસે આવ્યા. તેના મુખ્ય દ્વારને ધક્કો મારતાં તે ખુલી ગયું. સહુ અંદર ગયા, ચોતરફ ફર્યા, પરંતુ અંદર કાળું ચકલીયું પણ ન હતું! હવેલી બિલકુલ ખાલી હતી. દિવાન વસંતરાય ગમે ત્યારે પલાયન થઇ ગયેલો લાગતો હતો. દોઢીપરના મકરાણીઓ પોતાના બિરાદરોની સાથે આરબોની સામે થવાને હવેલીના રક્ષણની પરવા નહિ કરતાં ઉપડી ગયા હતા, જ્યાંથી પાછા ફર્યા ન હતા.

જુનાગઢનું આ બીજું મજબૂત મકાન પણ વિનાશ્રમે બક્ષીને કબજે થયું. જમાદાર મહમદશાહે બરોબર બંદોબસ્ત કરી દીધો.

જુનાગઢના અત્યારે બે ભાગ પડી ગયા હતા. શહેરનો નાગરવાડાનો પૂર્વભાગ તથા બજાર વગેરે પ્રદેશ મુજફ્ફરખાનના મકરાણીઓના હાથમાં હતો. પશ્ચિમ ભાગ, દિવાન હવેલી, દરબારગઢ, વાઘેશ્વરી દરવાજો વગેરે બક્ષીના કબજામાં હતાં.

જે જે મકાનો ઉપર મેડીઓ હતી તે મકાનો જાતે જ કિલ્લા સમાં થઇ પડ્યાં હતાં. જ્યાં બારીઓ હતી ત્યાં બારીઓમાંથી અને બારીઓ ન હતી ત્યાં બાંકોરાં પાડીને તેમાંથી જાણે મોત રેલાવતું હતું.

મુબારકખાનના ખૂનના સમાચાર છૂપા રહી શક્યા ન હતા. પોતાના સરદારનું મુજફ્ફરખાને ખૂન કરેલું હોવાની બાતમી ફોજના સિપાહીઓને મળતાં તેઓ ઉશ્કેરાઇ ગયા હતા. પોતાના પિતાની ગેરહાજરીમાં ફોજની સરદારી મુબારકખાનના પુત્રે લીધી હતી. તે પિતાના ખૂનનું વેર લેવા અધીરો બન્યો હતો.

બક્ષીને પણ મુબારકખાનનું ખૂન થયું છે એવી બાતમી અમરજી પાસેથી મળતાં તે કમકમી ઉઠ્યા હતા. તેમની દીર્ઘ દૃષ્ટિએ એ ખૂનનાં અત્યંત ભયંકર પરિણામ નિહાળ્યાં. જો અત્યારના સંયોગોમાં ઉશ્કેરાયલું લશ્કર સરદારનાં ખૂનનો બદલો લેવાને શહેરમાં દાખલ થાય તો ?

એ બનાવની સંભવિતતામાં તેમની કલ્પનાસૃષ્ટિએ અત્યારે આ હતભાગી બનેલા શહેરના પત્થરે પત્થર ઉખડી જતા જોયા. લુટારુ ધાડપાડુ, કલાંઠ કોળીઓ, ઘરબાર વગરના થયેલા કાઠીઓ અને ગરાસ વગરના રજપૂતોની બનેલી એ ફોજ જો શહેરમાં પ્રવેશે તો શહેરનો સર્વનાશ તેમને ભાસ્યો.

અસહાય અબળાઓના ભયંકર ચિત્કારો, નિર્દોષ બાળકોની કારમી મરણ ચીસો, રાંક વસતીની હત્યા, તેમની મીલકતની લૂંટ અને સ્થળેસ્થળે ફેલાતી ભયંકર આગનો તેમની કલ્પનાસૃષ્ટિને અનુભવ થયો. એમના આખા શરીરે પરસેવો છૂટયો. સુલતાનજીની કેદ થવાથી આ ભયંકરતા પ્રસરતી તેમને ભાસી. પોતે કરેલા આ સાહસથી જુનાગઢ ઉપર જાણે પ્રલયકાળનાં મોજાં છોડી મૂક્યાં હોય એમ તેમને થયું.

પરંતુ અત્યારે પશ્ચાત્તાપને અંતરમાં સ્થાન આપવાનો સમય ન હતો. તે પોતે યોદ્ધો હતો. તેમણે પોતાના માલિકની રક્ષા માટે પોતાનાથી બનતો તમામ પ્રયાસ કરવાનો નિશ્ચય કર્યો.

તેમણે જમાદાર મહમદશાહને બોલાવ્યો. પોતાની હવેલીના રક્ષણને માટે પચાસ આરબો રાખીને બાકીના બધા સિપાહીઓ તેને સોંપ્યા અને આખું શહેર કબજે કરવાનો હુકમ કર્યો.

બક્ષીએ જમાદારને પરિસ્થિતિનો ખ્યાલ આપતાં જણાવ્યું: " મહમદ ! અત્યારે કટોકટીનો મામલો છે. જાઓ ખુદાને ખાતર—માલિકને ખાતર આખું શહેર કબજે કરો. સિપાહીઓની ન્હાની ન્હાની ટુકડીઓ પાડી નાંખો, શેરીએ શેરીએ ફરી વળો, મુજફ્ફરના મકરાણીઓ પાતાળમાં પેદા હોય તો ત્યાંથી પણ શોધી કાઢો, તેમને પકડો અથવા નોંધી નાંખો ! મુજફ્ફર બજારમાં ભરાયો છે. તેના બહાર જવાના તમામ રસ્તા રૂંધી લ્યો. અંતે બહાર નીકળશે એટલે આપણા હાથમાં સપડાયા વગર નહિ રહે."

આવા ગંભીર પ્રસંગમાં પણ મગજનું સમતોલપણું જાળવી રાખનાર આ વૃદ્ધ જમાદાર મસ્તક નમાવી પોતાની જવાબદારીને અદા કરવા ચાલ્યો ગયો. તેણે પહેલે જ તડાકે મુજફ્ફરને બજારમાં જ પૂરી રાખવાનો નિશ્ચય કર્યો અને તે માટે પોતાના માણસોની ટુકડીઓ પાડીને બજારમાંથી બહાર નિકળવાના ન્હાના મોટા તમામ રસ્તા, ગલીકુંચીઓપર તેમને ગોઠવી દીધા. તેને એમ લાગ્યું કે મુજફ્ફર બજારમાં પૂરાઇ જતાં તેના છૂટાછવાયા મકરાણીઓ ઝાડ-પરથી ખરી પડતાં પાકાં ફળોની માફક આપોઆપ જ ખંખેરાઇ જવાના.

આ પ્રમાણે મહમદશાહે એક તરફથી જાપતો કર્યો હતો ત્યારે બીજી બાજુએથી મકરાણીઓ પણ કાંઇ શાંત ન હતા. આખો

શહેરમાં મરકીની માફક પ્રસરેલા એ મકરાણીઓના ભડાકા પણ આરબોને વિશેષ સાવધ બનાવતા હતા.

મહમદશાહે પોતાના સિપાહીઓની મુખ્ય ત્રણ ટુકડીઓને દરબારગઢ, દિવાનની દોઢી તથા બક્ષીની હવેલીએ ગોઠવી હતી. દરબારગઢપર અમરજી, દિવાનની દોઢીપર બેંગાર અને હવેલીપર જમાદાર મહેબુબને સરદારી સોંપવામાં આવી હતી. આ ત્રણની વચ્ચે બજાર આવતી હતી. તેમની યોજના બહુ જ સાદી પણ સચોટ હતી. એ ત્રણે ટુકડીઓએ ધીમે ધીમે આગળ વધતા જવું, આસપાસનાં મકાનો અને દુકાનોની તપાસ કરી તેનો કબજો કરી લેવો અને બજારને નાકે બીજી ટુકડીઓ પોતપોતાને સ્થાને આવી છે કે નહિ તેની રાહ જોવી.

વાચકને અત્ર પ્રશ્ન થશે કે મુજફ્ફરખાન જો કોઇના મકાનમાં છૂપાયો હોય તો તે મકાનના માલિક કે પાડોશનાં મકાનોમાં રહેનારા પાસેથી બક્ષીને બાતમી મળી ન શકે? એવી રીતે બાતમી મેળવી મુજફ્ફરને પકડવાને બદલે આવો દ્રાવિડી પ્રાણાયામના જેવો માર્ગ અખત્યાર કરવાની શી જરૂર? પરંતુ શહેરમાં લોકો અત્યંત ભયભીત બની ગયા હતા એટલે સહુ પોતપોતાનું ઘર ઝાલીને બેસવામાં જ સલામતી માનતા હતા. તેમજ જે મકાનોમાં મકરાણીઓ છૂપાયા હતા તેમણે એ મકાનમાં રહેનારાઓને કાંઇ જીવતા રહેવા દીધા ન હતા; અને તેથી ભયભીત થઇને આસપાસ રહેતા લોકો પોતપોતાનાં મકાનો ખાલી કરી કોઇ સુરક્ષિત સ્થળે પહોંચી ગયા હતા. એ ભયગ્રસ્ત બનેલા લોકો પાસેથી કશી બાતમી મળવાની સંભાવના નહિ હોવાથી આવો માર્ગ લેવાની ફરજ પડી હતી. અસ્તુ.

એ મોતનું કુંડાળું ધીમે ધીમે છેટે છેટેથી બજારને વિંટળાતું આગળ વધવા લાગ્યું. શરૂઆતમાં છૂટા છવાયા અવાજો તેમની પ્રગતિની સાક્ષી આપતા હતા; પરંતુ જેમ જેમ ભીડ થતી ગઇ તેમ તેમ મકરાણીઓ મરણીયા થતા ગયા અને હાથોહાથની લડાઇ ચાલવા લાગી.

એક પ્રહરના સતત પ્રયાસ પછી આરબોએ આશરે પંચાસેક માણસોનો ભોગ આપીને પણ બજારને બરોબર ઘેરી લીધું અને ચારે બાજુએથી નજીક ને નજીક સંભળાતા અવાજોથી મુજફ્ફરખાનને પોતાની ભયંકર પરિસ્થિતિનું ભાન થયું. તેણે આ ભયંકર ચક્કરમાંથી

ઝુંટવાને માટે ત્રણે બાજુથી આરબોપર હલ્લો કર્યો, પરંતુ તેમાં તે ફાવ્યો નહિ. તેના માણસો વેરણછેરણ, અવ્યવસ્થિત અને નિરાશ બની ગયેલા હતા; જ્યારે આરબો એકત્ર, સુવ્યવસ્થિત અને ઉત્સાહિત હતા. તથાપિ મહાસાગર જેમ ઘુઘવતો ખડક સાથે અથડાવાથી વધારે ગર્જે છે તેમ મુજફ્ફર પણ પોતાના માણસોની આ પિછેહઠને લીધે વિશેષ કોપાન્વિત અને મરણીયો થયો.

આખો દિવસ આમ અથડામણમાં ગયો અને મડદાંનો ઢગ થવા લાગ્યો. રાત્રિએ પણ શાંતિ ન હતી. આખી રાત્રિ ભયત્રસ્ત પ્રજાજનો બંદૂકોના બહારથી ચોંકી ઉઠતા.

અત્યારે કોઇ સમાધાન કરાવી શકે તેમ ન હતું. મહત્ત્વાકાંક્ષી, સત્તાલોભી સુલતાનબીબી અને હકદાર નવાબ મહોબતખાન પોતપોતાના પક્ષનું આ તાંડવ જોવા, તેમને દોરવા કે બંધ કરી દેવાને પ્રત્યક્ષ ન હતા. વિધિનો એ વિલક્ષણ સંકેત હતો કે બન્ને પોતપોતાના વિરોધીઓના હસ્તમાં કેદી બન્યાં હતાં.

મુજફ્ફર હવે બજારમાં બરોબર ઘેરાઈ ગયો છે અને તે સિવાયના શહેરના બીજા બધા ભાગમાં બિલકુલ શાંતિ પથરાઇ ગઈ છે એવો સંદેશો બક્ષીને મળ્યો. તેમને પણ એથી કાંઇક શાંતિ થઇ. પરંતુ એ શાંતિ માત્ર એક-બે પળને માટે જ હતી, કેમકે તુરત જ વાઘેશ્વરીના દરવાજા ઉપરના તેમના પહેરેગીરો તરફથી તેમને સમાચાર પહોંચાડવામાં આવ્યા કે ફોજે દરવાજા ઉપર હુમલો કર્યો છે.

બક્ષી આ વિફરેલી ફોજના નગરપ્રવેશથી નિપજનારા ભયંકર પરિણામને જોઈ શકતા હોવાથી તેમણે જમાદાર મહમદશાહ પાસેથી થોડા માણસો મગાવી, થોડા હવેલીમાંથી લઇ તેમને દરવાજાના રક્ષણને માટે મોકલી આપ્યા. પોતે પણ ઘોડા ઉપર સવાર થઇને એકલા નિર્ભયપણે દરવાજા તરફ જવા લાગ્યા.

તે દરવાજા પાસે પહોંચ્યા ત્યારે તેનાં દ્વાર બંધ હતાં. એ બંધ દ્વારની પેલી બાજુએ ઘુઘવતા મહાસાગરની ગર્જના સમો અવાજ સંભળાયો. લગભગ સાત-આઠ હજાર સિપાહીઓ ગમે તે ઉપાયે દરવાજો લેવા મથતા હતા; જ્યારે આ બાજુએ દરવાજાના સંરક્ષણને માટે અત્યારે તો ફક્ત એક સો જ મનુષ્યો હતાં.

બક્ષી પળવાર સ્તંભી ગયા, વિચારમગ્ન બની ગયા. એકાએક તેમનો નિશ્ચય થઈ ગયો. ઘોડાપરથી ઉતરી પડી ઘોડા એક સિપાહીને

સોંપ્યો અને પોતે દરવાજાના બંધ દ્વાર પાસે આવ્યા. તેમણે દરવાનને બારી ખોલવાની આજ્ઞા કરી. ક્ષણવાર દરવાન પોતાના સરદાર સામે જોઇ રહ્યો.

"ઢીલ શા માટે કરે છે? બારી જલ્દી ખોલી નાંખ." બક્ષીએ દરવાનનો ભાવ કળી લઈ, પુનઃ સત્તાવાહી સ્વરે આજ્ઞા કરી.

દરવાને બારી ખોલી નાંખી. બક્ષીજી બહાર નિકળ્યા. તેમની ઇશારતથી બારી પુનઃ બંધ કરી દેવામાં આવી અને બક્ષી સાત—આઠ હજાર ઉશ્કેરાયેલા તોફાની સિપાહીઓની વચ્ચે નિર્ભયપણે જઇને ઉભા રહ્યા.

પ્રકરણ ૧૮ મું.

વીફરેલી ફોજની વચ્ચે.

પ્રચંડ વાવાઝોડાથી સમુદ્ર જેમ ખળભળી ઉઠે તેમ આ માનવ-સમુદ્ર બક્ષીના અચાનક આગમનથી ભયંકર અસ્થિરતા ધારણ કરી રહ્યો.

નગ્નણીયાતા બનેલા શહેરને ભાંગવાને માટે તત્પર થએલી આ ફોજના સિપાહીઓને પોતાના એ કૃત્યમાં કશું અયોગ્ય લાગતું ન હતું. તેમાંયે વળી આ શહેર પોતાના સરદાર મુબારકખાનના ખૂનીને સંગ્રહવાથી શિક્ષાને પાત્ર બન્યું હતું. પરંતુ તેમના એ કૃત્યની વચ્ચે આડખીલીરૂપ થઇ પડેલા બક્ષીજી અત્યારે અચાનક તેમની વચ્ચે અત્યારે અચાનક એકલા નિઃસહાય નિઃશસ્ત્ર આવી ઉભા હતા. એમને જોઇને તેમનાં શિકારી નેત્રો ચમકવા લાગ્યાં, તેમના હાથમાં આનંદની અજબ સ્ફુર્તિ આવી.

બક્ષી સ્થિર ઉભા હતા. તેમની નિડર આંખો ચોતરફ ફરતી હતી. તેમણે એક વાર ગિરનારનાં વાદળથી વાતો કરતાં શિખરો પ્રત્યે નજર નાખી, બીજી જ ક્ષણે તેમની દૃષ્ટિ આંતર વિગ્રહની પ્રાણહારી જ્વાળામાં સળગતા હતભાગી અને અનાથ બનેલા શહેર પ્રત્યે ગઇ. શહેર બહારના પ્રદેશમાં નિઃસર્ગદેવીની ભવ્યતાના ભરાયેલા પ્રદર્શનને તેમણે જોયું. તેમનું હૈયું ભારે થયું, નેત્રોમાં વણનોતર્યાં અશ્રુ ઉભરાયાં.

અહો! પ્રકૃતિદેવીનું શુદ્ધ સ્વરૂપ કેટલું ભવ્ય! કેટલું નિર્દોષ! ભગવાન્ સહસ્રરશ્મિ જગતપર છૂટે હાથે તેજ અને તાપ રેડતો હતો. દૂર દૂર ગિરનાર વિસ્તીર્ણ જંગલની ઝાડી કેર સર્પાકારે વહી જતી [illegible] ત્યાં પશુ સાથ આનંદ અને સુખથી રહેતાં માગે એક [illegible]

મુખ ચાટતી. છૂટા ચરતા અશ્વો એક બીજાની સાથે નાક ઘસતા. ગિરની હાથણી સમી ભેંશો કોઇ મહાયોગી સમી બેદરકાર તટસ્થતાથી પાણીથી ભરેલાં ન્હાનાં તળાવડાંમાં જલવિહાર કરતી. ત્યાં પક્ષીઓના કલરવમાં, પ્રકૃતિનો ભવ્ય પ્રતાપ લીલી હરિયાળી જમીનપર ઘુમટ સમા લાગતા નીલા આસમાનની વચ્ચે ખીલી રહ્યો હતો; જ્યારે તેનાથી થોડે જ દૂર આ સ્થળે માનવી માનવીને કાપતા હતા. પરંતુ એ બધું શા માટે? ક્ષુદ્ર અને અનિત્ય સત્તાના મોહને ખાતર

બક્ષીને માનવજીવનની આ તુચ્છતા પ્રત્યે તિરસ્કાર ઉપજ્યો! તે કોઇ તત્ત્વવેત્તાની માફક ગંભીર બની ગયા. તેમની એ વિચારસરણી સંકોચાઈ અને તેમણે આસપાસ એકત્ર થયેલી માનવમેદની ઉપર નજર નાંખી. આ લોકો જુદાં જુદાં ટોળાંમાં એકત્ર થઈ ગુફ્તેગો કરી રહ્યા હતા. બક્ષી તેમની તરફ નિરાભિપપણે જોઈ રહ્યા. થોડી વારે એક નાયક જેવો લાગતો મનુષ્ય તેમની પાસે આવ્યો અને બોલ્યોઃ-

"તમે કોણ છો? અને અહીં શામાટે આવ્યા છો?"

"હું કોણ છું એ તમે કદાચ જાણતા હશો. ન જાણતા હો તો તમારે જાણવાની જરા પણ જરૂર નથી. અહીં હું તમારા સરદારને મળવાને માટે આવ્યો છું. તેમની પાસે મને લઇ જાઓ."

"તમારે અમારા સરદારને મળવું છે? પણ તેને તો તમારા જુનાગઢમાં કાપી નાંખવામાં આવ્યો છે, એ વાતથી તમે અજાણ છો?"

"સરદાર મુબારકખાનના શોકભર્યાં મૃત્યુની વાત મેં સાંભળી છે. મારે તો તમારા નવા સરદારની મુલાકાત લેવી છે."

"તેની મુલાકાત તો તમારી ઇચ્છા કે અનિચ્છાએ પણ અમે તમને કરાવીશું. બિરાદરો! ચાલો, આ ગૃહસ્થને બાંધીને આપણે તેમને આપણા સરદાર પાસે લઇ જઇએ."

"મને બાંધશો? શામાટે?"

"તમારા જેવી અગત્યની વ્યક્તિ અમને અનાયાસે પ્રાપ્ત થયા પછી તેને ક્ષણવાર છૂટી મૂકવી તે યોગ્ય નહિ. અને વળી તમને પરહેજ કરવાથી એક ખાસ લાભ છે."

"શો લાભ?"

"તમે કોણ છો એવો મેં તમને સવાલ કર્યો હતો. ખરો, પરંતુ હું તમને પિછાનું છું. અમારા સરદારનો ખૂની અમારા ગામમાં છે તેને પકડવાને માટે અમને ગામમાં દાખલ થતા અટકાવવાને [illegible]

કોણે બંધ કર્યા છે ? કોણ આ શહેરને અમારી સામે ટકાવી રહેલ છે ?"

"બક્ષીજી ! શહેરના દરવાજા ખૂલશે ત્યારપછી જ તમે છૂટા થઇ શકશો !"

"એ જ તમારો મુદ્દો છે ને ? ત્યારે જાઓ, હું તમને કહું છું કે તમારા સરદારની અનુમતિ સિવાય હું તમારી વચ્ચેથી ક્યાંય પણ જાઇશ નહિ. તમને મારા વચન ઉપર વિશ્વાસ આવે છે ?"

"હા, તમે એક વીર યોદ્ધા છો. જો ન્હાસી ન જવાનું વચન આપતા હો તો તમને બાંધવાની કશીયે જરૂર નથી."

"વારૂ, જાઓ મારૂં વચન છે. હવે તમે મને મર્હુમ સરદાર મુબારકખાનના પુત્ર મુસાફરખાન પાસે લઇ જાઓ."

તેઓ બક્ષીને પોતાની સાથે લઇ ગયા. થોડે દૂર એક ન્હાની ટેકરીની તળેટીમાં એક શિવાલય હતું. એ શિવાલયની બાજુમાં એક ઓરડી હતી. આ ઓરડીમાં પિતાના ખૂનનું વેર લેવા રક્તપિપાસુ બનેલો મુસાફરખાન અત્યારે એક ખાટલા ઉપર લંબાઇને પડ્યો હતો. બહાર એક આરબ કાવો બનાવતો હતો.

મુસાફરખાને ખાટલાપર પડ્યા પડ્યા કેટલાક માણસોને પોતાની ઓરડી તરફ આવતા જોયા. તે આળસ મરડી ખાટલાપરથી ઊભો થયો અને ઓરડીના દ્વાર પાસે આવ્યો.

પેલું ટોળું નજીક આવતાં મુસાફરખાનનાં નેત્રો ચમક્યાં. ટોળાની વચ્ચે જુનાગઢના બક્ષી દૌલતરાય તેની દૃષ્ટિએ પડ્યા.

"અહો ! કોણ બક્ષીજી ? પધારો-પધારો ! આપનાં પગલાં અમારે ત્યાં ક્યાંથી ?" ભયંકર કટાક્ષ હાસ્ય કરતો મુસાફરખાન બક્ષીને ઉદ્દેશીને બોલ્યો.

"મુસાફરખાન ! આ બધું તેં શું માંડ્યું છે ?" બક્ષીએ મુસાફરખાનના કટાક્ષને સમજવા છતાં તેની ઉપેક્ષા કરીને કહ્યું.

"આપ અત્યારે ક્યાંથી પધારો છો ?" મુસાફરખાને પૂછ્યું.

"ક્યાંથી કેમ ? જુનાગઢથી આવું છું."

"અને છતાં પણ મને પૂછો છો કે 'તેં શું માંડ્યું છે ?'"

"કેમ ન પૂછું ? તને એમ પૂછવાનો તારા પિતાના એક મિત્ર તરીકે મને અધિકાર છે."

"સાચું ! તમે મારા વાલીદના મિત્ર ! છતાં પણ તમારી નજર સામે જ મારા વાલીદનું ખૂન કરવામાં આવ્યું છે ! શું એ તમારા [illegible] નથી ? [illegible]

"સરદાર મુબારકખાનના કરપીણપણે કરવામાં આવેલા ખૂનની હકીકત મારા જાણવામાં આવી છે, અને તે સાથે જ મેં મારૂં કર્ત્તવ્ય બજાવ્યું છે."

"શું કર્ત્તવ્ય ? દરવાજા બંધ રાખી પુત્રને પિતાનું વૈર લેતાં અટકાવવાનું ?"

"બેટા મુસાફરખાન ! તું હજી બાળક છે, એટલે તને સમજણ ન પડે."

"જ્યારે તમે મને 'બેટા' કહીને મુરબ્બીવટ દર્શાવો છો ત્યારે સમજણ પાડોને."

"બેટા ! તારા મ્હોંમાં હજુ દૂધ ફોરે છે. રાજખટપટના કાવાદાવાથી તું અજ્ઞાત છે. પરંતુ હું તને સમજાવીશ. વારૂ, મારા એક પ્રશ્નનો જવાબ આપ : હું અહીં એકલો હથિયાર વિનાનો શા માટે આવ્યો ?"

"તમે તો મારા કેદી થયા છો—મારા સિપાહીઓને હાથે પકડાયા છો, પછી તમારી પાસે હથિયાર શાનાં હોય ?"

"એટલે જ હું કહું છું કે તારા મ્હોંમાં હજી દુધીયા દાંત છે. તારે જાણવું જોઈએ કે અમે મરીએ તોપણ પકડાઇએ નહિ."

"ત્યારે તમે કેમ આવ્યા અને શામાટે પકડાયા ?"

"સાંભળ મુસાફરખાન ! ભૂતકાળનો એક પ્રસંગ તને જણાવું. ગુજરાતના સુબા જવાંમર્દખાનનો શેરખાન નામે એક ફોજદાર હતો. એ ફોજદારના બે દોસ્ત હતા. એ ત્રણેયે મળીને ગુજરાતમાં હાકોટો બોલાવ્યો, મોટા ચમરબંધીના ન્હોર ઉતાર્યા અને છેવટે જુનાગઢની ગાદી કબજે કરી. એ શેરખાન તે મર્હુમ નવાબ મહમદ બહાદૂરખાન. તેમના બે દોસ્તો તે સરદાર મુબારકખાન અને બીજા મહેતા દલપતરામ. દલપતરામ મારા કાકા થાય. એ દૃષ્ટિએ જોતાં આ જુનાગઢનો બાદશાહી બગીચો તારા વાલીદે રોપ્યો, ઉછેર્યો, ફોરવ્યો. તેમણે જીવ્યા ત્યાંસુધી એ બગીચાનું પોતાના પ્રાણ કરતાંયે અધિક જતન કર્યું. જો તારા પિતાએ ધાર્યું હોત અથવા તો તેણે કદી પણ પોતાના દિલમાં વૈરવૃત્તિને સ્થાન આપ્યું હોત તો જુનાગઢ ક્યારે નું ખેદાનમેદાન થઇ ગયું હોત. જો પેલો ઉપરકોટ. એ ઉપરકોટમાં આજે નવાબ મહોબતખાન કેદ થઈને બેઠા છે. આજથી લગભગ [illegible] વર્ષ પહેલાં આરબોના જમાદાર બાશીદખાને મર્હુમ નવાબ [illegible]

ખાનને અટકમાં રાખ્યા હતા. તે વખતે તારા પિતા ક્રોધાવેશમાં પોતાની ફોજ સાથે જુનાગઢપર ચડી ગયા ન હતા. તે સમજતા હતા કે તેમની ફોજમાં જે લોકોને દાખલ કરવામાં આવ્યા છે તેઓ લડવૈયા છે, પરંતુ તેમનો ઉપયોગ શત્રુઓ ઉપર કરવાનો. જો તેમને જુનાગઢ ઉપર છોડી દેવામાં આવે તો તેઓ જેવી લૂંટફાટ દુશ્મનોના ગામમાં ચલાવે તેવી જ રીતે અહીં પણ તેમની તૃષ્ણા તીવ્ર બને. એથી મુબારકખાને નવાબને મુક્ત કરાવવાને બીજો જ માર્ગ લીધો. તે શો હતો એ તું જાણે છે ?"

"ના, મારા જાણવામાં નથી"

"ત્યારે સાંભળઃ મારા કાકા દલપતરામ અમદાવાદમાં હતા. તેમણે મારો હસ્ત તારા પિતાના હાથમાં સોંપ્યો હતો. તારા પિતાએ મને કેટલીક સૂચના કરી. પોતે ઉપરકોટને ઘેરો નાખ્યો અને હું તેમની સૂચના મુજબ જુનાગઢથી એકલો પંદર વર્ષની ઉમરે પાટણ ગયો. ત્યાંથી વાડાસીનોર પહોંચ્યો અને ત્યાંથી અમદાવાદ આવ્યો. અમદાવાદ જઈ તે વખતના દિવાન દલપતરામ મ્હેતાને તેડી આવ્યો. દલપતરામ મ્હેતા આવ્યા. તેમણે તથા મુબારકખાને બાલીખાન સાથે યુદ્ધ કરવાને બદલે જુનાગઢ રાજ્યની સુરક્ષિતતાનો વિચાર કરી તેની સાથે સંધિ કરી અને નવાબ મહમદ બહાદૂરખાનને મુક્ત કરાવ્યા. એ તારા પિતાની માત્ર નવાબ સાહેબ પ્રત્યે જ નહિ પરંતુ જુનાગઢ રાજ્ય પ્રત્યેની પણ વફાદારી, સમજ્યો ?"

"હા, સમજ્યો. એ વફાદારીનો બદલો મારા વાલીદને આજે મળ્યો."

"હા, એ પણ વિધિનો કોઈ ગેબી સંકેત હશે, પરંતુ તારા પિતાનું વેર લેવાનો અધિકાર તારા કરતાં અધિક અંશે મારો છે."

"એટલા માટે જ આપ મને અહીંથી પાછો ફરવાને સમજાવવા આવ્યા હશો."

"મુબારકખાન! આ કરચલી પડેલા હાથને જો. એ હાથે તને ઝુલાવ્યો છે. એ હાથે તારા વાલીદની સરદારી નીચે અનેકવાર તલવાર પકડીને શત્રુપર ચલાવી છે. અત્યારે પણ એ હાથ નિર્બળ નથી. તું એટલું તો ચોક્કસ માનજે કે તારા પિતાનું, મારા મિત્ર ને મુરબ્બીનું વેર લીધા વગર એક વારનો તેમનો શિષ્ય આજે સાથી મટી દોલતરાય જંપવાનો નથી. જો તને મારા [illegible] [illegible] વિશ્વાસ

બેસતો ન હોય તો તું જુનાગઢમાં જઇને કોઇને પૂછી જો. તારી આ ફોજ માંહેની કોઇ વ્યક્તિને પૂછી જો કે બક્ષી દૌલતરાય બોલે છે તે પ્રમાણે વર્તે છે કે નહિ. વળી જો તારે એથીયે વિશેષ ખાત્રી કરવી હોય તો તું મારી સાથે શહેરમાં ચાલ. તને શેરીએ શેરીએ મકરાણીઓનાં રઝળતાં ધડ અને મસ્તક બતાવું. તારા પિતાનું વેર લેવાને માટે મારા તમામ આરબો અને હિન્દુ સૈનિકોએ જુનાગઢની બજારમાં તારા પિતાના ખૂની મુજફ્ફરખાનને ભીડાવ્યો છે. તું તારી હઠ છોડી દે અને પાછો ચાલ્યો જા. તારી ઉશ્કેરાયેલી ફોજને સંકેલી લે. તું કોણ? કોનો પુત્ર? તારા પિતાએ ચોપાસ ફેરવેલી સુવાસનો વિચાર કર. તેમનાં પરાક્રમ સામે દૃષ્ટિ કર. તેમણે જે કાર્યને પોતાના જીવનનું ધ્યેય બનાવેલું તેનો ખ્યાલ કર. માથે મોટા દુશ્મનો ગાજતા હોવા છતાં તારા પિતાએ શેરખાનને એક સાધારણ સરદારમાંથી સોરઠનો સમ્રાટ્ બનાવ્યો. સોરઠની એ પાદશાહીને મરાઠાઓના અને બીજા સત્તાલોભીઓના હુમલા સામે સાચવી રાખનાર તારો પિતા મુબારકખાન, તેમણે નડિયાદ, બોરસદ, જેતપુર, વંથલી આદિના ધીંગાણાંમાં વિજય મેળવી અમર કીર્ત્તિ પ્રાપ્ત કરી છે. એ કીર્ત્તિના ભવ્ય મિનારાના પાયા તું આજે ખોદવા બેઠો છે. તું એમ જાણે છે કે આ ફોજ ઉપર તું તારો કાબુ રાખી શકશે. પરંતુ એમાં તું ભૂલે છે. આ લોકો એકત્ર થયા છે તેમણે જુનાગઢમાં દાખલ થઇને લૂંટફાટ કરવાનું શરૂ કર્યું પછી તું તેમને કાબૂમાં રાખી શકે એવી આશા પણ ન રાખીશ. મુબારકખાન પણ એ સમજતા હતા અને તેથી જ તેમણે જુનાગઢના આંતરવિગ્રહમાં આ ફોજનો ઉપયોગ કરવાનું યોગ્ય માન્યું ન હતું. મેં તારી સામે નહિ પરંતુ તારા આ લશ્કર સામે જુનાગઢનાં દ્વાર બંધ કર્યાં છે. તું જ વિચાર કરી જો કે પોરબંદર, ગોંડળ કે નવાનગરને આપણા આ દંગાની ખબર પડે, તેમને માલૂમ પડે કે જુનાગઢ તો એક સરદાર વગરની ફોજના હાથમાં છે તો કાલ સ્હવારે જ આપણા પાધરમાં દુશ્મનોની આગ સળગવા લાગે અને તારા પિતાએ બાંધેલી આ બાદશાહી કોઈ મેરામણ કે સિંધીયો અથવા કોઈ મરાઠો કે ભા કુંભો હાથ કરી જાય, સમજ્યો?"

મુસાફરખાન શાંત રહ્યો. તે પણ વિચારવંત હતો. બક્ષીજીની દલીલમાં તેને વજુદ લાગતું હતું. તેને મૌન રહેલો જોઇ પોતાના

શબ્દોની તેના પર અસર થઈ છે એમ માનીને બક્ષીએ આગળ કહ્યું: "તારા પિતા ગયા છે, પરંતુ જુનાગઢ મારા હાથમાં મૂકતા ગયા છે. તે હજી મારા હાથમાં છે. તારે ચડાઇ કરવી જ હોય તો ભલે કરજે, હું તેનું રક્ષણ કરીશ અને રક્ષણ કરતાં કરતાં મારા મિત્ર, મારા ગુરૂ મુબારકખાનના પુત્રના હાથે હું ખપી જઇશ તોયે મને આત્મ-સંતોષ થશે."

"પરંતુ ત્યારે શું મારે મુજફ્ફરખાનને એમ ને એમ જવા દેવો ?" મુજફ્ફરખાને સ્હેજ દબાયેલા સ્વરે પ્રશ્ન કર્યો.

"ના, મુજફ્ફરખાનને છોડવાનું હું તને નથી કહેતો. હું તેને એક દિવસમાં જુનાગઢ છોડાવીશ અથવા તો પકડી પાડીશ. જો પરહેજ કરીશ તો તને સુપ્રત કરીશ અને જો તે જુનાગઢમાંથી બહાર પલાયન કરી જશે તો પછી તું છે ને એ છે. ત્યારબાદ હું વચ્ચે આવવાનો નથી. માત્ર એક મુજફ્ફરને ખાતર તું જુનાગઢને ભાંગે, રાંકડી રૈયતને પીડે અને એમ કરી તારા પિતાની ઉજ્જ્વલ કારકીર્દીને કાલિમા લગાડે એ હું ઇચ્છતો નથી. એમ કરતો તને કોઇ પણ ઉપાયે અટકાવવો તે હું મારી ફરજ સમજું છું."

મુસાફરખાનને બક્ષીની પ્રસ્તુત સૂચના ગળે ઉતરી. તેણે કહ્યું: "બક્ષીજી ! આપે મારા મુરબ્બી તરીકે મને એક મોટા પાપકાર્યથી બચાવ્યો છે. આપ ખુશીથી પધારો. હું આપની આજ્ઞાનો સ્વીકાર કરૂં છું."

બક્ષીએ પળવાર મુસાફરખાનના ચ્હેરા સામે જોયું. તેમના મનમાં એક નવીન વિચાર ઉદ્ભવ્યો. તેમણે કહ્યું: "હું તને એક સૂચના કરૂં ? તું માનીશ ?"

"ફરમાવો, યોગ્ય હશે તો જરૂર સ્વીકાર કરીશ."

"તું મારી સાથે જુનાગઢમાં ચાલ. હું તને મારા બારબો સોંપી દઉં. તું તારા પિતાનું વેર લે અને નવાબ મહોબતખાનને મુક્ત કરાવવામાં મને સહાય કરી તેમના હસ્તે જ આ ફોજની સરદારીનો પોષાક અને ખરીતો ધારણ કર."

વાચકો બક્ષીની આ માગણીનું રહસ્ય સમજી ગયા હશે જ. મુસાફરખાનને પણ તે સમજવામાં વાર લાગી નહિ. તેણે જવાબ આપ્યો: "બક્ષીજી ! જે શહેરની અંદર મારા પિતાનું ખૂન રેડાયું છે તે શહેરમાં તો હું કદી પણ પગ મૂકવાનો નથી, એટલું જ નહિ પરંતુ જે રાજ્યની વફાદાર નોકરીમાં મારા પિતાએ જાન ગુમાવ્યો તે રાજ્યની નોકરી કરવાની પણ મારી ઇચ્છા નથી. જો મુજફ્ફરખાન

જુનાગઢમાં હોય તો મારા વાલીદનું વેર તમે લેજો. તે બહાર નિકળશે તો હું ભરી પીશ. મારી ફોજ લઈને હું શાહપુર ચાલ્યો જઇશ અને મારા પિતાનું જ અનુસરણ કરી ત્યાં રહ્યો રહ્યો તમારા આંતરવિગ્રહને નિહાળીશ. મારી ફોજ કોઇ સ્થળે લુટફાટ નહિ કરે પરંતુ ફોજની ખર્ચી માટે અમે શાહપુરથી વેરાવળ સુધીનો પ્રદેશ સાચવીશું. હું આપને એટલું જણાવું છું કે જુનાગઢની સુરક્ષિતતાને માટે આપ નિશ્ચિંત રહેજો. માત્ર આપ મને હવે નોકરી કરવાનો આગ્રહ ન કરશો. અત્યારે હું જાણું છું કે જુનાગઢની સ્થિતિ ગુંચવાડાભરી છે. શિયાળ તાણે સીમ ભણી અને કૂતરૂં તાણે ગામ ભણી એવી અવસ્થા થઈ છે. અત્યારે આ સમયે જુનાગઢનો નવાબ કોણ એ પ્રશ્ન એક કોયડા સમાન છે. એ સ્થિતિમાં આ ફોજને મારી સરદારીની જરૂર લાગશે ત્યાંસુધી હું તેની સાથે રહીશ અને જુનાગઢની બાદશાહીના બગીચાનું રક્ષણ મને યોગ્ય લાગશે ત્યાંસુધી સ્વેચ્છાથી કરીશ. બાકી એટલું હું પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે મારા પિતાજીને પોતાના ગુરુ અને મિત્ર માનનાર બક્ષી દોલતરાયના જાનને જો કશીયે ઇજા થશે તો હું મારા જાનના ભોગે પણ તેનો પૂરેપૂરો બદલો લઇશ. હવે આપ ખુશીથી પધારો. આપને પોતાને જરૂર હોય તો આ મુસાફર કાળી રાત્રે હાજર થશે. માત્ર તેને આ રાજ્યની નોકરી કરવાનો આગ્રહ કરશો નહિ. હું આપની આજ્ઞા પ્રમાણે અત્યારે જ ચાલ્યો જાઉં છું. જુનાગઢ શહેર છૂટું છે. આ ફોજનો આગેવાન મુસાફરખાન છે ત્યાંસુધી ફોજને હાથે તેની એક કાંકરી પણ ખરશે નહિ."

બક્ષીજી જવાને માટે ઊભા થયા. તેમણે કહ્યું: "બેટા! મારે પુત્ર નથી. તું આવ્યો હોત તો ઠીક થાત." તેની આંખમાંથી બે અશ્રુ ખર્યાં.

મુસાફર ઊભો થયો. તેનું હૈયું ભરાઇ આવ્યું. તે બક્ષીને પગે પડયો અને બોલ્યો: "બક્ષીજી! તમે મારા મુરબ્બી છો, મારા મહુંમ વાલીદની ગેરહાજરીમાં તેમને સ્થાને છો. હું બાળક છું, બિનઅનુભવી છું. કદાચ મારો નિશ્ચય ભૂલભરેલો હશે પરંતુ જ્યારે રાજ્યની નોકરીનો વિચાર કરૂં છું ત્યારે મારા પિતાનું લોહીથી તરબતર થયેલું શિર મારી નજર સામે ખડું થાય છે, મારું દિલ રૂંધાઇ જાય છે!"

પ્રકરણ ૧૯ મું.

મોતનો વરસાદ.

બક્ષીજી ત્યાંથી ચાલ્યા. સાત હજારની ફોજની બે હારો બંધાઈ ગઇ હતી. તેની વચ્ચે થઇ નીચું મસ્તક રાખીને આગળ ચાલ્યા. તેની આંખોમાં અસ્પષ્ટ આંસુ હતાં. દૃષ્ટિ ઉંચી કરતાં થોડે દૂર આવેલો ઉપરકોટનો પહાડી કિલ્લો નજરે પડ્યો. એવામાં હવામાં ગુંજતો બંદૂકનો આછો અવાજ સંભળાયો અને નેત્રોપરનાં અશ્રુ અદૃશ્ય થઇ ગયાં.

તે આ ફોજની વચ્ચે થઈને નિર્ભયપણે આગળ વધતા હતા. બધાનાં હથિયાર નીચાં નમી ગયાં હતાં. સૈનિકોને પોતાના હાથમાંથી જુનાગઢ સદેહે સલામત જતું લાગ્યું, પરંતુ કોઇએ એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યો નહિ. કોઇનો હાથ પણ ઉંચો ન થયો. છટકી ગયેલા શિકારથી નિરાશ થતા શિકારીની માફક નિરાશાપૂર્વક ફોજના ઉચ્છૃંખલ સૈનિકો બક્ષીજીને ચાલ્યા જતા જોઈ રહ્યા.

બક્ષી વાઘેશ્વરીના દરવાજા પાસે આવી પહોંચ્યા. જમાદાર મહમદશાહ દરવાજા પાસે જ ઉભો હતો. બક્ષીને સલામત પાછા આવેલા જોઇ તેનાં નેત્રો આનંદપૂર્વક ચમકી ઉઠયાં. બક્ષીએ દરવાજાની ખૂલેલી બારીમાંથી અંદર પ્રવેશ કર્યો. મહમદશાહે નમન કર્યું અને તે બન્ને જણા અરબી અશ્વોપર સવાર થઇને ગામમાં આગળ ચાલ્યા.

જેમ જેમ તેઓ દરબારગઢની નજીક આવતા ગયા તેમ તેમ તેમના કાનમાં બંદૂકોના અવાજના વધારે ઘેરા પડઘા સંભળાવા લાગ્યા. તેમણે અશ્વોને એડી લગાવી અને અશ્વોની ગતિ વેગવતી બની. તેઓ દરબારગઢ પાસેના ચોગાનમાં આવી પહોંચ્યા. તેમની નજરે એક અદ્‌ભુત અને ભયંકર દૃશ્ય પડ્યું.

મુજફ્ફરખાનના મકરાણીઓની આખી બેરખ બજારના રસ્તા ઉપર બહાર નીકળી આવી હતી. વચ્ચે મુજફ્ફરખાન પોતાના ઘોડાને ઘુમાવતો હતો. રસ્તાની બન્ને બાજુએથી બંદૂકોની સતત અને અવિશ્રાંત ગર્જનાઓ સંભળાતી હતી. ચોતરફથી ઘેરાયેલા મકરાણીઓએ એ સ્થિતિમાં ઘણો સમય રહેવાથી આવેલા કંટાળાને લીધે [illegible] કેસરીઆં કર્યાં [illegible]

તેઓ ઘડીકમાં આ બાજુએ હુમલો કરતા તો ઘડીકમાં બીજી બાજુ તૂટી પડતા હતા. પરંતુ પત્થરની દિવાલ માફક અડગ રહેલા બક્ષીના વિલાયતીઓ અને બીજા સૈનિકો તેમને મચક આપતા ન હતા. આ મકરાણીઓ અને આરબો વચ્ચે આગળ કોઇ કારણવશાત્ વેર બંધાયેલું, એટલે અત્યારે તેમને જેટલી તેમના માલિકના વિજયની પરવા હતી તેથી અનેકગણી વિશેષ ભાવના એ વેરની તૃપ્તિ કરવાની હતી.

વળી પેલો વીરત્વની મૂર્તિસમો ખેંગાર અને યુવાન પરંતુ મહત્ત્વાકાંક્ષી અમરજી પણ પોતાના સૈનિકોને ઉશ્કેરી શૂર ચડાવતા ઘૂમતા હતા. બજારની વચ્ચે એક કાળા ઘોડા ઉપર મુજફરખાન પણ મોતને ખીસ્સામાં રાખી પોતાના મકરાણીઓને પાનો ચડાવતો હતો. એ આખાયે રાજમાર્ગપરની ઉંચી બારીઓ, ગોખ, રવેશ, આદિ સ્થળે દારૂગોળાના સરંજામ અને જામગરી સાથે સૈનિકો ચડી બેઠા હતા. રસ્તો ધૂમાડાથી એટલો બધો ઘેરાઈ ગયો હતો કે સ્હેજ દૂર પણ દૃષ્ટિ પહોંચી શકતી નહિ. એ ધૂમાડાના પડદા ઉપર સળગતી જામગરીઓ આગીયાની માફક ચમકતી હતી.

આમ મોતના મેદાનમાં મકરાણીઓનાં માથાંનું વાવેતર થઇ રહ્યું હતું. ઘાયલ થએલા સૈનિકોના અખંડ ચિત્કારો, બીજાઓના પોકારો, ગાજતી બરકંદારો અને વારંવાર તૂટી પડતા મકરાણીઓની રણહાકથી ભયંકર ભૂતાવળના તાંડવનૃત્ય સમું લાગતું રણક્ષેત્ર જોઇને બક્ષી દૌલતરાય કમકમી ઉઠ્યા.

એ વખતે અમરજી કોઇ અજબ દાવ ખેલવાનો લાગ જોતો હતો. તેણે ચોતરફ દૃષ્ટિ કરી. આ કાપાકાપીનો ખેલ હવે વધુ વખત લંબાવવાને બદલે તેનો ત્વરાથી અંત આવી જાય એવી તેની ઇચ્છા હતી, એટલે તે માટેનો કોઇ સચોટ માર્ગ તે વિચારતો હતો. અચાનક તેની દૃષ્ટિ મહાજનના કબૂતરખાના તરફ ગઇ. તેણે પોતાની ટુકડીને સૂચના કરી અને તેને લઇ તે રસ્તાપરથી સરકી ગયો.

તેની નેમ પેલા કબૂતરખાનાની ગોળ છતરડી ઉપર હતી. તેનો ઇરાદો એવો હતો કે પાછળનાં છાપરાંપર થઇને એ કબૂતરખાનાની અગાશી પર ચડી જઇ તેનો કબજો લઇ લેવો. ત્યાં પહોંચવાનું કાર્ય સહેલું ન હતું. મકરાણીઓને વીંધીને ત્યાં પહોંચવાનું હતું. જો મકરાણીઓને તેના ઇરાદાની જાણ થઈ જાય તો તેઓ જ અમરજીની

પહેલાં ત્યાં પહોંચી જાય અને એ કિલ્લા સમી ઉંચી અગાશીનો તેઓ કબજો લઇ લે તો બક્ષીના સૈનિકો સામે સારી રીતે ટક્કર લઈ શકે તેમ હતું. અમરજી એ સમજતો હતો. તે જાણતો હતો કે આ કાર્યમાં સાહસ છે, મૃત્યુને આમંત્રણ છે; પરંતુ કાંઇક હિમ્મત અને કાંઇક યુક્તિથી તે કાર્ય સિદ્ધ થઇ શકે તેમ છે. એટલે જાણે પોતે આ રણમેદાનમાંથી પોતાની ટુકડી સાથે પલાયન કરી જતો હોય એવા દેખાવપૂર્વક તે એક રસ્તા તરફ જવા લાગ્યો. મકરાણીઓ તેના ઉપર તૂટી પડ્યા. તેમણે પાંચ–સાત સૈનિકોનો ભોગ લીધો. પરંતુ તે લોકોને પણ હવે લડવાનો કંટાળો આવ્યો હતો અને ન્હાસતા શત્રુની ભીતિ ટળી એવી બેફામીને લીધે તેઓ તેની પાછળ પડ્યા નહિ.

અમરજી ટુકડીના બચેલા મનુષ્યો સાથે આગળ જઇ બીજે રસ્તેથી પાછો ફર્યો અને તે તથા તેના સિપાહીઓ છાપરાંપર ચડી કબૂતરખાનાની અગાશીપર જઈ પહોંચ્યા. અહીં વ્યવસ્થિત થઇ તેણે પોતાના સૈનિકોને આજ્ઞા કરી કે એકીસાથે બધાએ બહાર કરવા નહિ પરંતુ અમુક અમુક માણસોએ વારાફરતી બંદૂકો સળગાવવી. એથી આપણો મારો ક્ષણ વાર પણ અટકે નહિ.

નીચે મકરાણીઓ જીવ ઉપર ઉદાર થયા હતા. તેમણે દરબારગઢના બારબોપર હલ્લો કર્યો, પરંતુ તેઓ બરોબર સજ્જ હતા. તેમણે પણ મકરાણીઓને સજ્જડ જવાબ આપ્યો. તે જ વખતે અમરજીના સૈનિકોએ કબૂતરખાના ઉપરથી મકરાણીઓપર અવિશ્રાંત મારો ચલાવ્યો.

બન્ને બાજુના મારાથી મકરાણીઓ ક્ષણભર ગભરાયા. તેઓ સ્તબ્ધ બની ગયા. આગળ દિવાલોની માફક સ્થિર ઊભેલા આરબોની હરોળમાંથી વારંવાર ભડાકા ગાજતા હતા અને પાછળથી પણ સું–સું કરતી ગોળીઓ ટપોટપ પોતાના સાથીઓનો પ્રાણ લેતી હતી.

એ પાછળના મારાને લીધે મકરાણીઓનો હલ્લો નિષ્ફળ થઇ પડ્યો. એ પ્રમાણે બન્ને બાજુના મારાથી મકરાણીઓમાં બહુ જ ગડબડાટ થઇ રહ્યો. પાછળના મનુષ્યો આગળ અને આગળના પાછળ જવા લાગ્યા. મૂળે વ્યવસ્થાનું નામ નહિ, તેમાં વળી બે બાજુએથી સતત મારો. સાંકડા રસ્તાની બાજુઓપર ઊભેલી સફેદ પત્થરની ઉંચી ઉંચી મહોલાતો. આ મોતના ભટકામાંથી સહીસલામત નીકળવાનો એક પણ માર્ગ દેખાતો ન હતો.

મકરાણીઓએ આ લડાઈમાં ઘણા માણસો ગૂમાવ્યા હતા.

અત્યારે તેમની સંખ્યા વધુમાં વધુ ત્રણસો—ચારસોની હતી. તેમણે હવે એક જ નિશ્ચય કર્યો: સીધો હુમલો કરીને શત્રુઓની વચ્ચેથી માર્ગ કરવો.

બક્ષી દોલતરાવ ઘોડાપર બેસીને જોયા કરતા હતા. તેમણે કબૂતરખાનાપરથી અમરજીને મારો ચલાવતો જોયો હતો. એટલામાં તેમની દૃષ્ટિ એકાએક મકરાણીઓ ઉપર પડી. તેમનું હૃદય જોરથી ધબકવા લાગ્યું. તેમનાં નેત્રો કોઈ અગમ્ય ભાવથી ચમકી રહ્યાં. તેમણે બૂમ પાડી: "આરબો સાવધાન !."

આરબોએ મકરાણીઓના અશ્વોની જીવતી દિવાલ દોડતી આવતી જોઈ. એથી તેમનાં થાકેલા ઘોડાઓમાં પણ કાંઇ નવું જોર અને ચેતન આવ્યું.

જમાદાર મહમદશાહ લડાઇઓમાં જ વૃદ્ધ થયો હતો. આવા પ્રસંગો તેણે અનેક અનુભવેલા અને તેથી પૂરો પાવરધો બની ગયો હતો. તેણે મકરાણીઓને મરણીઆ થએલા જોયા, એટલે પોતાના આરબોને ઝડપથી આવશ્યક સૂચના કરી દીધી.

મકરાણીઓ ધસતા આવતા હતા. તેઓ તદ્દન નજીક આવી પહોંચ્યા. આરબોની બેરખમાંથી ત્રીજા ભાગના આરબો આગળ વધ્યા. માત્ર બે કદમ જતાં જ તેમની જંઝાળો સળગી ઉઠી. સ્વસ્થતાથી નોંધેલી બરકંદારોની ચોક્કસ નેમથી કેટલાય અશ્વોપરનાં જીન ખાલી બની ગયાં.

આ આરબો પાછા હઠચા. તે જ પ્રમાણે આરબોની બીજી બે ટુકડીઓ પણ સ્વસ્થ ત્વરાથી આગળ વધી, ભડાકા કરીને પુનઃ પાછી હઠી ગઇ.

મકરાણીઓની સંખ્યા ઘટતી ચાલી હતી; પરંતુ તેમણે હર્ષનો પોકાર કર્યો, કારણકે હવે તેમનો માર્ગ રોકવાનો પ્રયાસ કરનાર કોઇ પણ આરબ તેમની નજરે પડતો નહિ. એથી તેમના અશ્વો વધારે જોરથી ઉછળવા લાગ્યા.

પરંતુ તેમને પાછળથી માલૂમ પડ્યું કે આવી રીતે પલાયન કરી જવાનું કાંઈ સહેલું ન હતું. જેના વડવાઓ રણની અંદર રાત્રિ દિવસ ઝઝુમનારા તે આરબો આમ મોકળો માર્ગ આપે એ સંભવિત ન હતું. શેરીઓને નાકે નાકે મકાનોની બારીઓની ડોકાંબારીઓમાંથી મકરાણીઓપર નિશાન મંડાતી હતી. તેમાં ડગલે

ને પગલે મરતા સાથી કે અશ્વને મૂકીને આગળ ને આગળ વધતા હતા.

મુજફ્‌ફરખાન અત્યારે સહુની આગળ પોતાનો અશ્વ દોડાવતો હતો. તે બે હજાર મકરાણીઓની કુમક ઉપર પોતાની માતાને મુક્ત કરવા તથા બક્ષીને મ્હાત કરવા નીકળ્યો હતો. જુનાગઢની ગાદીનું તાજ પોતાના મસ્તકપર ભમતું તેને ભાસતું હતું. તેને પકડીને શિરપર ધારણ કરવાના તેના ખાત્રીબંધ પ્રયાસનું પરિણામ અત્યારે તેની દૃષ્ટિ સમક્ષ ખડું થયું. પોતે કશી પણ ભૂલ કરી હોય એક પણ ખોટું પગલું ભર્યું હોય એમ તેને લાગ્યું નહિ. તો પછી બક્ષીનો વિજય કેમ થયો ? પોતાના મકરાણીઓનો નાશ કેમ થયો ? પોતાને આ રીતે શા માટે પલાયન કરી જવાની વેળા આવી ? તેનું કારણ તે સમજી શક્યો નહિ.

હવે સમજવાથી અર્થ પણ શો હતો ? અત્યારે તો તે પોતાનો જાન હાથમાં લઇને નાસતો હતો. બે હજાર મકરાણીઓના આ સરદારનો આધાર અત્યારે માત્ર તેના અશ્વપર હતો. એ અશ્વ ઘાયલ થાય તો ? લથડે તો ? તેનું આખું શરીર કમકમ્યું. મૂછના ફૂટતા દોરાને દાંત તળે દબાવી તેણે ઘોડાને એડી મારી.

દૂર દૂરથી કોટના કાળા કાંગરા દેખાવા લાગ્યા. તેનો થાકેલો ઘોડો વધારે જોરથી દોડવા લાગ્યો. પાછળ ઘણે દૂર મકરાણીઓ ઘોડા દોડાવતા આવતા હતા તેમના ડાબલાનો અવાજ સંભળાતો હતો, જોકે બરકંદાજોના અવાજથી તેમનો માર્ગ નોંધાતો હતો. મકરાણીઓ પોતાના ઘાયલ થયેલા સાથીને પડતો મૂકી પોતાનો જાન બચાવવાના એક જ ઉદ્દેશથી આગળ વધતા હતા.

મુજફ્‌ફરખાન અત્યારે બધાથી તદ્દન એકલો હતો. તે કાંઈ પણ નિશ્ચય વગર આગળ વધતો હતો. હવે કોટના કાંગરા નજીક ને નજીક આવતા લાગતા હતા. અહીંથી હવે માર્ગ અર્ધચંદ્રાકારે વળેલો હતો. જેવો તે એ માર્ગપર વળ્યો કે કોટનો દરવાજો તેની દૃષ્ટિએ પડ્યો તેનું હૈયું સ્થંભી ગયું. દરવાજાનાં દ્વાર બંધ હતાં અને દસ-બાર રજપૂતો દરવાજા ઉપર ખડા પહેરો ભરતા હતા.

તેણે પોતાની આંખો [illegible] એક ભયંકર [illegible] [illegible] "[illegible] [illegible] ! [illegible] [illegible] !" તેની દૃષ્ટિ [illegible] [illegible] કરી. પોતાના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પાછળથી [illegible]

આરબોની ટુકડી જાણે હવામાં ઉડતી હોય એ પ્રમાણે ધસતી આવતી દૃષ્ટિએ પડી. દોડતા આવતા આરબોએ મુજફ્ફરખાનને જોયો. બંધ દરવાજા તરફ પણ તેમની દૃષ્ટિ ગઇ. આરબો હર્ષનાદ કરતા આગળ વધ્યા. મુજફ્ફરખાન સમજ્યો કે પોતે ઓળખાઈ ગયો છે, એટલે તે સ્થંભી ગયો અને નિરાશ તટસ્થતાથી કાળસમા આવતા આરબોની રાહ જોતો ઊભો.

પ્રકરણ ૨૦ મું.

શિકારીઓનો શિકાર.

દરબારગઢના ચોકમાંથી મુજફ્ફરખાનને ન્હાસી જતો બક્ષીએ જોયો હતો અને જમાદાર મહમદખાને પણ જોયો હતો. જમાદારે અમરજીને પોતાની પાસે બોલાવીને કહ્યું:—

" અમરજી ! તેં સાહસ કર્યું હતું. છતાં પણ તારા માલિક માટે મોતને હાથમાં લઇ જે બહાદૂરી બતાવી છે એ માટે તને ધન્યવાદ ઘટે છે. તારી હિમ્મત વખાણવાયોગ્ય છે. પરંતુ એક મુદ્દો તું વિસરી ગયો. આપણી નેમ મુજફ્ફરખાનને જીવતો પકડવાની હતી. જો તે તારા ઘાથી કામ આવી ગયો હોત તો ? હશે, તે માટે હવે વિચાર કરવાની જરૂર નથી. હવે તો એ અહીંથી પલાયન કરી ગયો છે, જોકે શહેર બહાર જઇ શકશે નહિ, કેમકે દરવાજા બધા બંધ છે. તું તારી ટુકડી સાથે તેની પાછળ જા અને એ મુજફ્ફરખાનને જીવતો પકડી લાવ."

" કદાચ જીવતો ન પકડી શકીએ તો ? " અમરજીએ સવાલ કર્યો.

" તો પછી છેવટનો ઉપાય તો છે જ ના ! " જમાદારે કહ્યું:

" બહુ સારૂં, આપ નિશ્ચિંત રહો. હું જાઉં છું. " એમ કહીને તે પોતાના આરબ સૈનિકો તરફ ફર્યો અને બોલ્યો: " ચાલો બિરાદરો ! આપણે મુજફ્ફરખાનને કોઇ ઉપાયે હાથ કરવાનો છે. "

ગત પ્રકરણમાં મુજફ્ફરખાન અને તેના મકરાણીઓની પાછળ આરબ સિપાહીઓની ટુકડી પડેલી આપણે જોઇ ગયા છીએ. મુજફ્ફરખાન એ આરબોને જોઇને બહુ જ ગભરાઈ ગયો હતો. તેણે પોતાની આસપાસ નજર નાંખી. પોતાની સામે પત્થરની ઉંચી દિવાલ

સર્પાકારે વહી જતી જોઇ. પાછળ મોત ગર્જતું આવતું જોયું. તેની આશા ઉડી ગઇ. તેણે ખુદાને યાદ કર્યો.

પરંતુ તેવામાં એકાએક સ્મશાનમાંથી કોઈ ભયંકર ભૂત પ્રકટી નીકળે તેવો એક કાળો આકાર બાજુની શેરીમાંથી ઈશારત કરીને પોતાને તેની તરફ બોલાવતો મુજફ્ફરખાનના જોવામાં આવ્યો.

મુજફ્ફરખાન મૂઢની માફક પોતાના અશ્વપર બેઠો હતો. પેલી છદ્મવેશવાળી આકૃતિ નજીક આવી. તેણે મુજફ્ફરખાનના ઘોડાની લગામ પકડી અને મુજફ્ફરખાનને એક પણ પ્રશ્ન કર્યા સિવાય કે કશોયે શબ્દોચ્ચાર કર્યા સિવાય ઘોડાપર બેઠેલા મુજફ્ફરખાનને લઇ તે આકૃતિ શેરીની અંદર પાછી જવા લાગી.

પાછળ આવતા પેલા આરબોએ આ દૃશ્ય જોયું. તેમણે કીકીયારી પાડી અને પોતાના ઘોડા ચાંપ્યા. પરંતુ તેઓ એ શેરીને નાકે આવ્યા ત્યાં તો મુજફ્ફરખાન, તેનો અશ્વ અને પેલી કાળી આકૃતિ ત્રણે અદૃશ્ય થઇ ગયેલાં જણાયાં. તેઓ ક્યાં ગયાં હશે? આરબો ક્ષણવાર સ્તબ્ધ બની ગયા.

પરંતુ સ્તબ્ધ બનીને ઊભા રહેવાનો આ સમય ન હતો. વળી તેમનો નાયક અમરજી પણ તેમને આવા પ્રસંગમાં યોગ્ય સલાહ આપવાને માટે આ સ્થળે હાજર ન હતો કેમકે માર્ગમાં તેના ઘોડાએ ઠોકર ખાવાથી તે લથડ્યો હતો. છતાં પોતાની દરકાર નહિ કરતાં તેણે પોતાના સૈનિકોને મુજફ્ફરખાનની પાછળ પડવાની સૂચના કરવાથી તેઓ પોતાના નાયકને ત્યાં છોડીને આગળ વધ્યા હતા.

ટુકડીમાંથી એક વૃદ્ધ સૈનિક બોલ્યો: “ચાલો, આપણે પણ આ શેરીમાં જ આગળ વધીએ. તેઓ બહુ દૂર નહિ ગયા હોય.”

આરબોની ટુકડી એ શેરીમાં દાખલ થઇ, પરંતુ તેમને મુજફ્ફરખાન કે તેના અશ્વનો પત્તો મળ્યો નહિ કેમકે પેલી આકૃતિ એ શેરીમાં દાખલ થઈ એક બાજુની ગલીમાં વળી તેમાંથી બીજી અને વળી ત્યાંથી ત્રીજી ગલીમાં થઇને મુજફ્ફરખાનના ઘોડાને દોરી જતી હતી. આરબોના ઘોડાના ડાબલાનો અવાજ પ્રથમ તો સ્પષ્ટપણે સંભળાતો હતો, પરંતુ પછી તો તે અવાજ દૂર દૂર જવા લાગ્યો અને પેલો ભેદી કાળો આકાર જાણે થાક જેવી વસ્તુ શી છે તે જાણતો જ ન હોય તેવી રીતે મુજફ્ફરખાનના ઘોડાને દોરતો ગલીકુંચીઓમાં થઈને આગળ ને આગળ ત્વરિત ગતિએ જવા લાગ્યો.

હવે આશ્ચર્યથી બંધ થયેલી મુજફ્ફરખાનની વાચા છૂટી થઈ અને તેણે આ ભેદી વ્યક્તિને પ્રશ્ન કર્યો;—

"ભાઇ ! તું કોણ છે ? અને આવી રીતે મને ક્યાં લઇ જાય છે ?"

ભેદી વ્યક્તિએ પ્રત્યુત્તરમાં પોતાના છદ્મવેષ તરફ આંગળી કરી અને પછી બીજા હાથ વડે આગળ વધતા પંથ તરફ ઇશારત કરીને મુજફ્ફરખાનને મૌન્ય ધારણ કરી રાખવાની સંજ્ઞા કરી.

પરંતુ હવે તેમના આ ગુપ્ત પ્રવાસનો અંત આવી ગયો. તેઓ અત્યારે એક ખૂલ્લા ચોગાનમાં આવી પહોંચ્યા. દૂર ગઢની રાંગ જોવામાં આવી. તે ગઢમાં એક ન્હાની બારી હતી. પેલો કાળો આકાર મુજફ્ફરખાનના અશ્વને તે બારી તરફ દોરી ગયો. આ બારી બહુ જ ન્હાની હતી. તેના ઉપર કોઈનો પ્હેરો ન હતો. બારી બંધ હતી અને તેને ખંભાતી તાળું લગાવ્યું હતું.

બારી પાસે ગયા પછી કાળા આકારે મુજફ્ફરખાનના ઘોડાની લગામ છોડી દીધી. ઘોડો ઉભો થઈ રહ્યો. મુજફ્ફરખાન પોતાની આસપાસ જોવા લાગ્યો. અહીં પોતે તથા આ વ્યક્તિ સિવાય સર્વત્ર નિર્જન ભાસતું હતું. કાળા આકારે ક્ષણ વાર થોભીને મુજફ્ફરખાનની ન્હાની બંદૂક લીધી. મુજફ્ફરખાન ચમક્યો. "શું આ વ્યક્તિ બંદૂક-વડે મારૂં ખૂન કરશે ?' એવો ભયોત્પાદક પ્રશ્ન તેના મનમાં ઉપસ્થિત થયો પરંતુ બીજી જ ક્ષણે ભેદી વ્યક્તિએ બંદૂક તાળા તરફ તાકી, જામગરી બંધૂકના કાનપર ચાંપી અને તેના પડછંદ પડઘામાં તૂટેલા ખંભાતી તાળાનો રણકાર ભળી ગયો. કાળા આકારે બારી ખોલી નાખી અને મુજફ્ફરખાનને એ બારીમાંથી બહાર પડવાની ઇશારત કરી.

થોડા જ સમય પહેલાં મુજફ્ફરખાને મોતને નજરે જોયું હતું. પરંતુ એક ઘડી પછી બનેલો આ ચમત્કાર જોઇને તે આશ્ચર્યસ્તબ્ધ થઇ ગયો. જાણે પોતે કબરમાંથી જીવતો થઇને પાછો નિકળી આવ્યો હોય એવો તેને ભાસ થયો. જે કિલ્લો પોતાનાં દ્વાર બંધ કરીને તેને અંદર રોકી રહ્યો હતો, તેની મુક્તિના માર્ગનો અવરોધ કરી રહ્યો હતો, તે જ જુનાગઢનો કિલ્લો તેની ખૂલ્લી બારી વાટે તેને રસ્તો આપતો હતો !

એ બાબી વંશના ઉચ્છૃંખલ યુવાનની આંખોમાં પણ આંસુ આવી ગયાં. તેનું હૃદય ગદગદ બની ગયું. તે રૂંધાતા શ્વાસે બોલે

ગદ્ગદ શબ્દોથી બોલવા લાગ્યો: "દોસ્ત! આજે તેં મને જીવિતદાન આપ્યું છે. તેના બદલામાં તને આપવા જેવું અત્યારે મારી પાસે કશુંયે નથી. પરંતુ તું તારા મ્હોંપરનો આ કાળો બુરખો કાઢી નાખ અને મારા અત્યારના ભયંકર સંકટમાંથી મને મુક્તિ અપાવનારના મુખનું મને દર્શન કરવા દે."

ભેદી આકારે એક હાસ્ય કર્યું. તેણે મુખ ઉપરનો કાળો બુરખો ઉઠાવી લીધો. તે મૂળ સ્વરૂપમાં મુજફ્ફરખાનની સામે ઊભો રહ્યો. પરંતુ આ કોણ? પગ આગળ કાળા ભોરીંગને જોતાં જેમ કોઇ પણ મનુષ્ય ચમકે તેમ મુજફ્ફરખાન પણ આ વ્યક્તિને જોઇને ચોંકયો. તેણે ઘોડાને બે પગલાં પાછળ હઠાવ્યો. તેની આંખે અંધારા આવ્યાં અને બીતિથી ફિક્કા પડેલા હોઠમાંથી આશ્ચર્યપૂર્વક ઉદ્‌ગાર સરી પડયો: "યા અલ્લા!"

તેણે સ્હેજ સ્થિર થઇને પ્રશ્ન કર્યો: "કોણ? અમરજી! તું મને મુક્તિ અપાવનાર!"

"જી હા. પરંતુ હવે આપ એક ક્ષણનો પણ વિલંબ નહિ કરતાં અહીંથી જલ્દી સિધાવી જાઓ. અહીં વધુ વખત રહેવામાં જોખમ છે." અમરજીએ જણાવ્યું. "

"હા, એ હું સમજું છું. પરંતુ તું-તમે—"

જે મનુષ્ય પોતાના દુશ્મનના સૈન્ય માંહેનો હતો, જેણે આ દંગામાં અત્યંત સાહસપૂર્વક અનેક જોખમો ખેડીને પણ પોતાને તથા પોતાના મકરાણીઓને બીજા કરતાં વધારે ત્રાસ આપ્યો હતો, જેણે પોતાના દરબારગઢનો કબજો કરી લીધો હતો, જેણે પોતાની માતા સુલતાન બીબીને કેદ કરી હતી, તે દૌલતરાય બક્ષીની નાતના અને તેના જમણા હાથ સમા થઇ પડેલા અમરજીને અત્યારે પોતાનો જાન બચાવવાને તત્પર થયેલો જોઈ, પોતાને પલાયન કરવાની અનુકૂળતા કરી આપતો જોઇ મુજફ્ફરખાનને અત્યંત આશ્ચર્ય થયું. તેનું હૃદય ઉપકારવશતાથી સ્હેજ ભીનું થયું. તેણે કહ્યું: "અમરજી! મને મુક્તિ અપાવવાને માટે તને તત્પર થયેલો જોઇને મને આશ્ચર્ય થાય છે. એમ કરવામાં તારો હેતુ ગમે તેવો હોય; પરંતુ લે, મારો હાથ! હું અત્યારે વધું વિશેષ નથી કહેતો પરંતુ આ મુજફ્ફરખાન જ્યાંસુધી જીવતો હશે ત્યાંસુધી તારો આ ઉપકાર કદી પણ નહિ ભૂલે. મુરખ દોસ્ત કરતાં તારા જેવો દાનો દુશ્મન લાખ દરજ્જે સારો. વારુ, સલામ આલેકુમ!"

તેણે પોતાના ઘોડાને બારીની બહાર કાઢ્યો અને લીલી સાડીપર રૂપેરી કોર સમા દેખાતા માર્ગ તરફ ઘોડાને વહેતો કર્યો. અમરજી એકી ટશે તેની પાછળ ગંભીર ચ્હેરે જોઇ રહ્યો. તે દેખાતો બંધ થયો એટલે પેલી બારી બંધ કરી અંદરથી સાંકળ ચડાવી દીધી. પોતાનો કાળો ઝબ્બો અને બુરખો ડુચો વાળીને ફેંકી દીધા અને ત્યાંથી બક્ષીની હવેલી તરફ ચાલી નિકળ્યો.

અત્ર એક વાતનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. તેણે ઇરાદાપૂર્વક પોતાના ઘોડાને ઠોકર ખવરાવી હતી અને પોતે તેનાપરથી લથડી પડયો હતો. તેની સાથેના આરબો આગળ ચાલ્યા ગયા એટલે તે ઘોડાને બીજે રસ્તે વાળી ગલીઓમાં થઇને દરવાજાની પાસેની શેરી પાસે જઈ ત્યાં પોતાના ઘોડાને એક ખાંચામાં છોડી તેના જીનમાંથી કાળો ઝબ્બો અને બુરખો કાઢી તે ધારણ કરીને મુજફ્ફરખાનને પેલા આરબો આવી પહોંચે તે પહેલાં દોરી ગયો હતો. મુજફ્ફરખાનને પકડવા કરતાં તેને જુનાગઢમાંથી પલાયન કરવા દેવામાં જ નવાબનો લાભ સમાયેલો હતો એમ તેની દીર્ઘદર્શી બુદ્ધિને લાગવાથી, મૂવો કે જીવતો મુજફ્ફરખાંનને પકડવાની જમાદાર મહમદશાહની આજ્ઞાનો ભંગ કરીને તેણે તેને આ રીતે પલાયન કરવાની સગવડ કરી આપી હતી. અર્થાત્ શિકારીએ પોતાના શિકારને સપડાવવાને બદલે છટકવાની બારી શોધી આપી હતી.

પ્રકરણ ૨૧ મું.

મુત્સદ્દી ને આરબ !

એ આખો દિવસ બક્ષીના આરબો મુજફ્ફરખાનની શોધમાં જુનાગઢની શેરીએ શેરીમાં ફરી વળ્યા. જમાદાર મહમદશાહના પછાડા પણ સખ્ત હતા. હાથમાં આવેલો શિકાર છટકવાથી તે ધુંવાપુંવા બની ગયો હતો. તેનો એ ક્રોધ જોઇને આરબો થરથરતા હતા.

બક્ષીજી પણ હવેલીમાં અસ્વસ્થ આંટા મારતા હતા. તેમના મોકલેલા મનુષ્યો પાછા આવીને મુજફ્ફરખાનની વ્યર્થ નિવડેલી તપાસના નિરાશાજનક સમાચાર આપતા હતા. બક્ષીને જુનાગઢની સલામતી મુજફ્ફરખાન સંબંધી ચોક્કસ બાતમીમાં સમાયેલી લાગતી.

થોડી વારે તેણે એક માણસને અમરજીને પોતાની પાસે બોલાવી

લાવવા સૂચન કર્યું. અમરજી તેના નિયત સ્થાને બેઠો બેઠો થાક ઉતારતો હતો. પેલા મનુષ્યના સૂચનથી તે બક્ષી પાસે ગયો, સલામ કરીને ઊભો રહ્યો.

બક્ષીએ તેને કહ્યું: " અમરજી ! હું તને એક કામ સોંપું છું. "

" ફરમાવો, સેવક તૈયાર છે. "

" મુજફ્ફરખાનનો પત્તો મેળવી લાવ. "

" જી. " અમરજી બારણાં તરફ ફર્યો અને જવા લાગ્યો પરંતુ બક્ષીએ તેને રોકયો: " અમરજી ! "

" જી. " અમરજી તુરત પાછો ફરીને બક્ષી પાસે આવ્યો.

" જો મુજફ્ફરખાનની બાતમી મળે તો—" બક્ષીજી બોલ્યા.

" જી. "

" તો શું કરવું એ તું સમજે છે, અમરજી ! "

" જી, તેને પકડીને આપની પાસે જીવતો કે મૂઓ હાજર કરવો. " અમરજીએ ગંભીરપણે જવાબ આપ્યો.

બક્ષી વધારે તીવ્ર ગતિએ આંટા મારવા લાગ્યા. તેમની તીણી આંખો અમરજીપર ઠરી.

" ના ના, મારી પાસે તેને લાવવાની કશી પણ જરૂર નથી. અમરજી ! આપણે અહીં મુજફ્ફરખાનનું શું કામ છે ? "

" જી. " અમરજીના મુખમાંથી આ એક જ શબ્દ નિકળતો હતો.

" તેના મકરાણીઓ હવે કયાં રહ્યા છે ? વળી સાહિબાબાનું તો આપણા કબજામાં જ છે. ડંખ કાપી લીધા પછી વીંછીનું આપણે શું કરીએ ? "

" જી. "

" તું સમજ્યો ના ?

" જી. "

" જા, ત્યારે મુજફ્ફરખાનનું શું થયું તેની બાતમી મારે જોઇએ છે. તે લઇ આવ. તેનું મારે કશું કામ નથી. "

અમરજી નિકળ્યો. તેના મુખ ઉપર સ્મિતની આછી રેખા જણાતી હતી. બક્ષીજી સમા મુત્સદ્દીના ઇરાદાને પ્રથમથી જ પોતે પામી ગયો અને તેનો અમલ અગાઉથી જ પોતે કરી નાખ્યો હતો, એ વિચારથી પોતાનામાં પણ મુત્સદ્દીગીરીનો કાંઇક અંશ છે એવું આત્માભિમાન તેને ઉપજ્યું.

તેણે એકાદ પ્રહર જુનાગઢમાં આડા અવળા આંટા મા અવિશ્રાંત અશાંતિ પછી શાન્તિ પથરાતાં લોકોમાં પ્રસરેલા અવલોકન કર્યું. તે પુનઃ હવેલીએ આવ્યો અને સીધો દીલ દિવાનખાનામાં ગયો. તે વખતે જમાદાર મહમદશાહ પણ બ બેઠો હતો અને મુજફ્ફરખાનનો કશો પણ પત્તો નહિ મળ નિરાશાપૂર્ણ દિલગીરી પ્રકટ કરતો હતો.

અમરજી અંદર આવીને નમન કરીને ઊભો રહ્યો. તેને પ્રશ્ન કર્યો: "અમરજી! કાંઈ સમાચાર મળ્યા?"

"હા જી. મુજફ્ફરખાન જુનાગઢ છોડીને પલાયન કરી છે એવી બાતમી હું મેળવી શક્યો છું."

બક્ષીએ સ્વસ્થતાથી અમરજી સામે જોયું. તેમણે પૂછ્યુ તને કોણે કહ્યું?"

"મને એક વાણીયો મળી આવ્યો. તેની પરચુરણ ગાંધી દુકાન છે. હું તેને ત્યાંથી તજ, એલાયચી જ્યારે જોઇએ ત્ય છું. એ વાણીયાએ મને કહ્યું કે તેણે એક કાળા પોશાકવાળા મ સાથે મુજફ્ફરખાનને વડાળની બારી પાસે જોયો હતે લોકોએ બારીનું ખંભાતી તાળું બંદૂકના બહારથી તોડી બારી ખોલી, મુજફ્ફરખાન ઘોડાપર ત્યાંથી પલાયન કરી ગયે પેલો કાળા પોશાકવાળો મનુષ્ય બારીની સાંકળ અંદરથી બં ક્યાંક રવાના થઇ ગયો. વાણીયો આ બધું જોતો હતો પરંતુ ખૂન થવાની બ્હીકને લીધે તે જાહેર થઈ શક્યો ન હતો. મ છે કે અત્યારે મુજફ્ફરખાન વડાળના રસ્તાપર જતો હશે."

અમરજીના પ્રસ્તુત શબ્દો સાંભળીને જમાદાર મહ એકદમ ઉઠ્યો અને બહાર જવા લાગ્યો.

બક્ષીએ તેને પૂછ્યું: "કેમ, જમાદાર! ક્યાં ચાલ્યા?"

"હું મારા પચીશ-ત્રીશ સ્વારોને વડાળ તરફ મોકલું છ એ મુજફ્ફરખાનને જીવતો કે મૂવો પકડી આપની સમક્ષ હાજર

"વારૂ, એને પકડીને પછી શું કરીશું?" બક્ષીએ પ્રશ્ન

"બક્ષીજી! મુજફ્ફરખાનને પકડવો એ અમારૂં કામ, પ શું કરવું એ આપનું કામ! બાકી આપના સ્થાને હું હોઉં કાંટાને બાળી જ નાખું."

"કારણ?"

"કારણું? કારણુ તો એ કે—કે—"

જમાદાર મહમદશાહ વિચારમાં પડી ગયો. મુજફ્ફરખાનને મારી નાખવાનું સચોટ કારણુ તેને સ્પષ્ટતાથી સમજાયું નહિ. તેણે એક દૃષ્ટિ અમરજી સામે કરી. તે નિર્વિકારપણે સ્થિર ઊભો હતો, જોકે તેની ફૂટતી મૂછો હસી રહી હતી.

"જમાદાર!" બક્ષી દૈલતરાયે હસીને બોલ્યા: "વીંછીનો ડંખ જાય, સાપનું વિષ જાય, પછી એને મારવામાં લાભ શો? મુજફ્ફરખાનના મકરાણીઓ તો હવે છે નહિ. ત્યારે તેને એકલો બહાર ભટકવા દો ને! એ પણુ બાબી વંશનો તો ગણાય જ ના! આપણી પાસે તેની સારી ચાલના જામીન મોજુદ છે—સુલતાન બીબી આપણા કબજામાં છે. વળી આપણા હાથે બાબી વંશની કોઇ પણ વ્યક્તિનું ખૂન જુનાગઢમાં પડે એ યોગ્ય પણ નહિ, અને એ અહીંથી જીવતો પલાયન કરી જાય એમાં એક બીજો પણ લાભ છે."

"જી!" જમાદાર બોલ્યો.

"એ જ્યાંસુધી બહાર જીવતો ભટકતો હશે ત્યાંસુધી આપણી જુનાગઢની સરદાર વગરની ફોજને કામગીરી મળશે. મુજફ્ફરખાનની પાછળ પડવાનું કાર્ય મુસાફરખાન અને તેની ફોજને જ કરવા દો. જો આપણું વેર લેવાનું આ કાર્ય તેને સોંપી દઇએ તો જુનાગઢ પાસેથી ઉઠીને એ કામમાં લાગે. માત્ર આપણે એટલું જોવાનું રહે છે કે મુજફ્ફરખાન ઉપરકોટ જઇને પ્રેમજી ઠક્કરને મળવા ન પામે એટલે ઉપરકોટના રસ્તાપર મજબૂત ચોકી રાખો. બીજે ગમે તે સ્થળે એ રખડતો ફરે તેથી આપણે ડરવા કે ચિંતા કરવાનું કશું યે કારણુ નથી."

"પણુ તે ઉપરકોટ જઈ પહોંચ્યો હશે તો?" મહમદશાહે પ્રશ્ન કર્યો.

"ના, હજીસુધી તેમ બની શક્યું નહિ હોય, કારણુકે જે રસ્તે થઇને તે પલાયન કરી ગયો છે ત્યાંથી ઉપરકોટ જવાના રસ્તાની વચ્ચે તો ફોજ પડેલી છે."

"હા, એ પણુ સાચું." જમાદારે પોતાનું માથું ખજવાળ્યું. પછી તેણે અમરજીને જ તેની ટુકડીની સાથે સરદારબાગને નાકે [illegible] તરફના ભાગમાં ચોકી રાખવા તથા મુજફ્ફરને ઉપરકોટ પર [illegible] દેવાની તકેદારી રાખવાને જવાની આજ્ઞા કરી. પછી પોતે

જાણે એક મોટી ગહન શોધ કરી હોય તેવા ભાવપૂર્વક દૌલતરાયની સામે જોઇને તે બોલ્યો: "બક્ષીજી ! આપની વાત બરોબર છે. અમારી બુદ્ધિ એટલી ન પહોંચે અને એવા વિચાર કરતાંયે અમને ન આવડે. સાચું છે: મુત્સદ્દી એ મુત્સદ્દી ને આરબ તે આરબ!"

પ્રકરણ ૨૨ મું.

સિંહાવલોકન.

પાછલાં પ્રકરણોમાં વર્ણવાયેલી પ્રસ્તુત ઘટનાઓને બની ગયાને આજે એક માસ કરતાં વધુ સમય થઇ ગયો છે. તે સમય દરમિયાન વસ્તુસ્થિતિમાં કશો ઉલ્લેખ કરવા યોગ્ય મહત્ત્વનો ફેરફાર થયો ન હતો.

ઉપરકોટમાં નવાબને પૂરી રાખનાર પ્રેમજી ઠક્કર પોતે જ લગભગ પાંજરામાં પૂરાયેલા એક વાઘ જેવી સ્થિતિ અનુભવતો હતો, કારણકે પોતે ઉપરકોટ છોડીને ક્યાંય જાય અને પોતાની ગેરહાજરીમાં કોઇ નવાબને મુક્ત કરાવી જાય તો પોતાની તમામ બાજી ધૂળમાં મળી જાય એવી ભીતિ હતી. જ્યાંસુધી સુલતાન બીબી બક્ષીના કબજામાં સપડાયેલી હતી ત્યાંસુધી કોઇ પણ રીતે નવાબને મુક્ત ન થવા દેવામાં જ તે પોતાની અંગત સલામતી માનતો હતો. તેણે પોરબંદરના રાણા પાસે સહાયની યાચના કરવાને દૂતને મોકલ્યો હતો. પ્રેમજીને આશા હતી કે એ સહાય વ્હેલીમોડી આવી પહોંચ્યા સિવાય રહેશે નહિ. એટલે એ સહાયપર મદાર રાખી રહેલો પ્રેમજી ઠક્કર ઉપરકોટના કિલ્લાપરથી રોજ ચોતરફ દૃષ્ટિ ફેરવતો હતો. જો પોરબંદરની વાર દરિયા રસ્તે આવે તો શાહપુરના માર્ગે અને ખુશ્કી રસ્તે આવે તો જેતપુરના માર્ગે એની ખેપટ ઉડતી જણાવી જોઇએ. એ ધારણાથી ધૂળના ઉડતાં વાદળાંની ચાતકવત રાહ જોઇ રહેલો પ્રેમજી ઠક્કર નવાબ મહોબતખાનના શરીરનો કબજો સાચવી બેઠો હતો.

બક્ષી દૌલતરાયે જુનાગઢ શહેર અને મુખ્યત્વે તેને લીધે ઉપલબ્ધ થયેલ જામદારખાનું, તોષાખાનું અને રિયાસતખાનું આદિ રાજ્યની તમામ મીલકતવાળો દરબારગઢ પોતાના કબજામાં રાખ્યો હતો. તેમનાં પંદરસો ચકોરચક્ષુ આરબો ગઢના દરવાજા સાચવતા

અને શહેરની ચોકી કરતા હતા. વસતીની દાદફરિયાદ સાંભળી તેનો નિકાલ લાવવાને માટે બક્ષીએ પોતે જ આગળ થઇને એક પંચ નિમ્યું હતું. તેમણે ઉપરકોટની આસપાસ ઘેરો નાખ્યો ન હતો પણ તેમાં પૂરાયેલાઓને બહારથી કશાયે મદદ મળી ન શકે તથા તેઓ બહારના મનુષ્યો સાથે કશો પણ વ્યવહાર કરી ન શકે તે માટે તેમણે આરબોની એક બેરખની યોજના કરી તેની આગેવાની અમરજીને સોંપી હતી.

સુલતાન બીબીનો ખાવીન્દ આમતખાન બાંટવાનો ફોજદાર હતો; ને બાંટવા મહાલને પચાવી પડ્યો હતો. તેની પાસે પૈસો પુષ્કળ હોવાથી તે દિનપ્રતિદિન પોતાની ફોજમાં ભરતી કર્યે જતો હતો.

માંગરોળમાં ફોજદાર શેખમીયાં હતો. તે એ મહાલનો કબજો કરી એક સ્વતંત્ર સરદાર જેટલી સત્તા ચલાવતો હતો. તેને મહોબતખાન કે મુબારકખાન અથવા બીજા કોઇ પણ પક્ષની સાથે સીધો વા આડકતરો સંબંધ ન હતો. પરંતુ લાગ આવે ત્યારે પોતાનો લાભ જળવાય તે પક્ષમાં ભળી જવાના ઉદ્દેશથી તે દરેક પક્ષ સાથે સારો સંબંધ રાખતો. તેની પાસે કોળી, ખાંટ, કાઠી, રજપુત, મોગલ, પઠાણ આદિ પરચુરણ લડાયક કોમોના આશરે બે હજાર માણસોની ફોજ હતી.

શાહપુર મહાલમાં સાત હજારની ફોજનો ઉપરિ મુસાફરખાન પડ્યો હતો. તેના દોડતા ફરતા સવારોની ટુકડીઓ મુજફ્ફરખાનની વ્યર્થ શોધ કરી રહી હતી. તેણે જુનાગઢ રાજ્યની આંતરિક ખટપટથી પોતાના જુવાન હાથ ધોઇ નાખ્યા હતા. માત્ર તેની રક્તપિપાસુ સમશેર મુજફ્ફરખાનની રાહ જોઇ રહી હતી. તેની વેરભાવથી ચમકતી આંખો પૃથ્વીના પેટામાં પોતાનો શત્રુ છુપાયો હોય તો ત્યાં પણ નજર કરીને તેને શોધી કાઢી સદાને માટે કબરવાસી બનાવવા મથતી હતી.

અને તેનો એ રાજ્યલોભી યુવાન અને અણસમજુ ગુન્હેગાર મુજફ્ફરખાન જુનાગઢથી પલાયન કરી, શાહપુરમાં આશ્રય લઇ ત્યાં પોતાનું ડગમગતું ચાલું ગોઠવવા પ્રયત્ન કરતો હતો. તેની માતાનો વિશ્વાસુ જમાદાર સાલમીન પોતાના આરબો સાથે તેને તેની એ મહત્વાકાંક્ષાને તૃપ્ત કરવાના કાર્યમાં પ્રેરતો અને સહાય આપતો હતો.

નવાબ મહોબતખાન કેદ હતો. તે એક પક્ષના કબજામાં હતો. સુલતાન બીબીને બીજા પક્ષે પરહેજ કરી પોતાના કબજામાં રાખી હતી. મુજફ્ફરખાન છૂપો રહીને લાગ શોધતો હતો. જુનાગઢના જુદા જુદા મહાલો લગભગ સ્વતંત્ર જેવા બની ગયા હતા. આમ જુનાગઢની રાજસત્તા નધણીયાતી બનીને જુદાં જુદાં સંસ્થાનોમાં વેરવિખેર થઇ ગઇ હતી. એ વિખરાયેલી રાજસત્તા જ્યાં ત્યાં ઉપહાસ, તિરસ્કાર અને ત્રાસને પાત્ર થતી હતી. પેલા ચુંવાળીયા કોળીનાં ભયંકર બહારવટાં પણ અત્યારે જુનાગઢ રાજ્યની રાંકડી રૈયતપર નિરંકુશ બની, નિર્ભિકપણે ત્રાસ વર્ત્તાવી રહ્યાં હતાં.

જેમ જેમ દિવસોપર દિવસ ગત થતા ગયા તેમ તેમ કોઇ પણ પ્રકારનું સમાધાન લગભગ અશકયવત્ થતું જતું લાગતું હતું. હવે શું કરવું: એ પ્રશ્ન સર્વને ગુંચવતો હતો. દરેક પક્ષ કોઇ બીજો દાવ ખેલવાની વિચારણા કરતો હતો. શેત્રંજની રમતમાં એક પક્ષ ઘોડાગાંઠ પાડીને તેના બળપર પોતાના વજીરને નિર્ભયપણે ખેલાવતો હોય, બીજો પક્ષ વજીર, ઉંટ અને હાથીના પરસ્પર જોરનું સંધાન કરી પ્રતિપક્ષીને હંફાવવા ઇરાદો રાખતો હોય, તે વખતે બન્ને પક્ષો પળ–બે પળ સ્તબ્ધ બની રહે તેવી અત્યારે આ પક્ષકારોની પરિસ્થિતિ હતી. માત્ર હવે બીજો કયો માર્ગ લેવો તે કોઇને સુજતું ન હતું અને આ સવળું કરવા જતાં અવળી પડેલી તથા અણુધાર્યું, અણુવિચાર્યું સ્વરૂપ પકડી બેઠેલી રાજખટપટ કેવી રીતે કયે પાર ઉતરશે એ કોઈની પણ કલ્પનામાં આવી શકતું ન હતું.

આ વખતે સૌરાષ્ટ્ર–કાઠિયાવાડની રંગભૂમિ ઉપર ત્રણ મહત્ત્વાકાંક્ષી મહારથીઓ મહાભારતના પાર્થ સમા, બંગાળમાં શ્વેત સત્તાના સહયોગી સ્થાપક કલાઇવની બીજી આવૃત્તિ સમા, ન્હાનકડી ફોજો અને સ્વલ્પ સાધનોથી મ્હોટી બાદશાહીઓ બાંધવાની મહત્ત્વાકાંક્ષાવાળા, એ શૌર્યયુગના શિરોમણિ ગણાતા, મ્હોટા મ્હોટા બરકંદારોને ડરાવનારા, રાજાઓને નમાવનારા, નિરંકુશ કેસરી સિંહો સમા પોતપોતાનાં રાજ્યની સત્તા અને સીમાને વધારવાના પ્રચંડ પ્રયત્નો કરી રહ્યા હતા. જો એ ત્રણેએ પોતાની શક્તિ, સત્તા અને સાધનો એકત્ર કરી તેનો યથાયોગ્ય રીતે ઉપયોગ કરવાનું મનપર લીધું હોત તો માત્ર કાઠિયાવાડ જ નહિ પરંતુ આખો આસ્વસ્થ ગુજરાત આખો પણ તેઓ પોતાની વચ્ચે વહેંચી લઇ શકયા હોત, અને જુનાગઢ

એ એકત્ર સત્તાના જ્વાલામુખીમાં ભસ્મીભૂત થઇ ગયું હોત. પરંતુ તેમનો દરેકનો અંગત સ્વાર્થ તેમને બીજાથી સ્વતંત્ર રહેવાને પ્રેરતો હોવાથી તેમનો ઇષ્ટ હેતુ પણ સિદ્ધ થઈ શકશે કે કેમ તે શંકાસ્પદ હતું.

એ મહારથીઓ તે કચ્છનો વીર જમાદાર ફતેહમહમદ, નવાનગરનો ચાણાક્ષ ખવાસ મેરામણ અને ગોંડળનો રણધીર રાજવી ભા' કુંભો.

આ સર્વ વસ્તુસ્થિતિ અમરજીના આશ્રયદાતા જુનાગઢના રાજનીતિજ્ઞ બક્ષી દોલતરાયના લક્ષમાં હોવાથી અત્યારે પ્રસ્તુત વિચારો તેમના મગજમાં ઘોળાયા કરતા હતા. તે ઓશરીપર આમતેમ ટહેલતા હતા. "એ ત્રણે જણા અત્યારે એકત્ર થઈ જાય તો ?" આ પ્રશ્ન તેમને ગુંચવતો હતો. "તેમનામાંથી કોઈ આપણને સહાય કરશે ખરૂં ?" એ ભાંજગડ તેમના મનમાં થયા કરતી હતી.

આજ એક માસની સતત ચિંતાગ્રસ્ત અવસ્થાને લીધે બક્ષીને અકાળે વૃદ્ધાવસ્થાનાં ચિહ્ન પ્રાપ્ત થયાં હતાં. તેમના ઘણા વાળ રૂપેરી થઇ ગયા હતા. એ રૂપેરી વાળપર હાથ ફેરવતા હતા અને કોઇ ઊંડા વિચારમાં ચકચૂર બની ગયા હતા. છેવટે તેમણે જુનાગઢની રાજ્યખટપટના ઉકેલ માટે ગોંડળના ભા' કુંભાની સહાય માગવાનો ઇરાદો કર્યો. પરંતુ એ મહત્ત્વાકાંક્ષી પ્રદેશલોભી ઠાકોરની સહાયનું શું અને કેટલું મૂલ્ય આપવું પડશે તે એ જાણતા હતા. તેમણે એ મૂલ્ય આપવાનો પણ નિશ્ચય કર્યો. તેમના ચ્હેરાપર દ્રઢતાની સુરખી જણાઇ. તેમનાં નેત્રો ચમકવા લાગ્યાં. તેમણે એક નજીકમાં ઉભેલા આરબને બુમ મારી જમાદાર અહમદ-શાહને બોલાવી લાવવા આજ્ઞા કરી.

વૃદ્ધ જમાદાર અહમદશાહ આવ્યો, નમ્યો અને ઊભો રહ્યો.

બક્ષીએ તેને કહ્યું: "જમાદાર! મારે ગોંડળ જવું છે. મારી ગેરહાજરીમાં તમે સંભાળજો."

"ગોંડળ શા માટે સાહેબ ?"

"ભા. કુંભાને વચ્ચે પાડવા મારો ઇરાદો છે. તે પોતાને યોગ્ય લાગે તેવી રીતે આ ઝઘડાનો નિકાલ લાવી દે એટલે થયું."

"ભા' વચ્ચે પડશે ખરા ?"

"મેં પોતે તો ભાને કદી નજરે જોયા નથી. તેમની પહેલાંના ઠાકોર હાલાજીને હું ઓળખતો હતો. બાકી તેમના કારભારી અને ભરોંસાના માણસ ઈશ્વરજીની સાથે મારે સ્હેજ ઓળખાણ છે. એ ઈશ્વરજીની મારફત હું મળીશ અને બનતો પ્રયત્ન કરીશ. ત્યાં વધુ રોકાવાનો નથી. ગયો તેવો જ પાછો આવતો રહીશ. ત્યાંસુધી મારી ગેરહાજરીમાં જુનાગઢ શહેર અને મારૂં મકાન એ બે તમે તથા તમારા આરબોને ખોળે."

જમાદાર મૌનપણે સાંભળી રહ્યો. તેનું આરબ ખમીર તેને જડ યંત્રવત્ ચુસ્ત આજ્ઞાપાલક થવાની શિક્ષા આપી રહ્યું હતું. પોતે કદી પણ કોઇ કામમાં કશીયે સલાહ આપતો નહિ અને સલાહ આપવાને પોતે યોગ્ય હોય એમ માનતો પણ નહિ. તેની અચલ શ્રદ્ધા ત્રણ બાબતમાં હતી કે જેને માટે એક પણ શબ્દનો ઉચ્ચાર પણ કર્યા વગર તે પ્રાણાર્પણ કરવાને તૈયાર થતો. એક તેના ખુદામાં, બીજી તેના બક્ષીમાં અને ત્રીજી તેના આરબ લોહીની વફાદારીમાં.

ઉપર મુજબ જમાદારને કહી, બીજી આવશ્યક સૂચના આપી બક્ષીજી અત્યારે જ ગોંડલ જવા માટે નિકળવાને તૈયારી કરવા લાગ્યા. તે જ વખતે એક મનુષ્ય તેમની પાસે આવી પહોંચ્યો. એ આગંતુકને જોઇને જમાદાર મહમદશાહ બોલી ઉઠ્યાઃ "લ્યો બક્ષીજી ! આ અમરજી આવ્યો !"

બક્ષીએ પોતાની સામે ઊભેલા અમરજી તરફ દૃષ્ટિ કરીને પૂછ્યું: "અત્યારે કેમ આવ્યો છે? કાંઇ કામ છે?"

"હા જી." અમરજીએ જવાબ આપ્યોઃ "એક મનુષ્ય જુનાગઢ બહાર જંગલમાંથી પકડાયો છે."

"એમ! એ કોણ છે? તું એને અહીં તારી સાથે લાવ્યો છે?"

"હાજી, હું મારી સાથે જ લાવ્યો છું."

"તો જા, એને બોલાવી લાવ."

અમરજી બહાર દોઢીપર જઈ એક માણસને લઇને પુનઃ દૌલતરાય પાસે આવ્યો. આ મનુષ્ય મુસલમાન જેવો લાગતો હતો. તે અંદર આવી, બક્ષીને કુર્નિશ બજાવીને ઊભો રહ્યો.

પ્રકરણ ૨૩ મું.

નવી ઉપાધિ.

"કેમ ભાઇ! તમે કોણ છો અને તમારે કોનું કામ છે?" દોલતરાયે તેને પ્રશ્ન કર્યો.

"મારે બક્ષીજીનું કામ છે." પેલા મનુષ્યે જવાબ આપ્યો.

"એમ! વારૂ, ત્યારે હું જ બક્ષી છું. તમારે જે કહેવું હોય તે કહો."

"જો આપ જાતે જ જુનાગઢના બક્ષી દોલતરાય હો તો હું આપને મારા માલિકના સલામ જાહેર કરૂં છું."

"તમારા માલિકનું નામઠામ જાણ્યા સિવાય તેમના સલામનો સ્વીકાર હું કેવી રીતે કરી શકું?" બક્ષીએ જણાવ્યું.

"મારા માલિક મુંજપુરના નવાબ સાહેબ."

"કોણ? નવાબ કમાલુદ્દીનખાન! તેઓ અત્યારે ક્યાં છે?" બક્ષીને કમાલુદીનખાનના માણસને અચાનક પોતાની પાસે આવેલો જોઇને આશ્ચર્ય થયું.

"જી, તેઓ હાલમાં આ તરફ પ્રવાસે આવ્યા છે અને અહીંથી થોડે દૂર વડાળ પાસે છાવણી નાખીને પડયા છે." પેલા મનુષ્યે જવાબ આપ્યો.

"તેઓ પ્રવાસે નીકળ્યા છે, એમ! વારૂ, બીજું કાંઇ વિશેષ છે?"

"હાજી, નવાબ સાહેબે આપને પોતાની પાસે પધારવાની વિનતિ કરવાનું મને જણાવ્યું છે."

બક્ષીજી સ્હેજ વિચારગ્રસ્ત બની ગયા, તેમનાં ભવાં સ્હેજ ઉંચે ચડયાં, પરંતુ તેમના ચ્હેરાપર ભીતિ કે ચિંતાનો વિકાર જોવાનો પેલા આગંતુક કાસદનો ઇરાદો તો વ્યર્થ જ ગયો.

મુંજપુરનો નવાબ કમાલુદ્દીનખાન વગર આમંત્રણે જુનાગઢની નજીકમાં જ વડાળ પાસે છાવણી નાખીને પડયો હોય અને પોતાના કાસદને ખાસ મોકલી જુનાગઢના બક્ષીને પોતાની પાસે બોલાવતો હોય, એ જાણે એક અતિ સાધારણ ઘટના હોય કે નિત્યનો કોઇ સામાન્ય બનાવ હોય એવી તટસ્થતા અને નિર્વિકાર શાંતિપૂર્ણ ભાવથી બક્ષીએ કહ્યું: "નવાબ સાહેબને કહેજો કે આપે મને આ સંદેશો મોકલાવ્યો તે આપનો મોટો ઉપકાર થયો."

"ત્યારે આપ તેમની પાસે ક્યારે પધારશો ?" કાસદે આશાપૂર્ણ સ્વરે પ્રશ્ન કર્યો.

"એ તો જૂઓને ભાઇ! જંજાળ કાંઈ ઓછી છે ? તથાપિ જો બનશે તો હું જરૂર નવાબ સાહેબની હઝુરમાં આવી જઇશ." બક્ષીએ અસ્પષ્ટ જવાબ આપ્યો.

એટલે કાસદે નમન કરીને રજા માગી તથા જવાની તૈયારી કરી. બે ચાર ડગલાં ભર્યાં પછી બક્ષી તરફ ફરીને તે બોલ્યો: "મારા માલિકે આપને એમ પણ જણાવવાનું મને કહ્યું છે કે જો આપ બે દિવસની અંદર તેમને મળવાને માટે નહિ આવો તો પછી તેઓ જાતે જ આપને મળવાને જુનાગઢ પધારશે."

"વાહ! એમ થાય તો બહુ જ સારૂં. નવાબ સાહેબ જાતે અહીં પધારવા તસ્દી લેશે તો અમે તેમનો યથાયોગ્ય સત્કાર પણ કરીશું." બક્ષીએ પ્રથમના જેટલી જ શાંતિથી સ્મિતભર્યા મુખે જવાબ આપ્યો.

કાસદે બક્ષી તરફ છેલ્લી દૃષ્ટિ ફેંકી અને તે ચાલ્યો ગયો. પોતે અભેદ શાંતિ અને દેખીતી તટસ્થતાના આવરણને ભેદી નહિ શકવાથી એ કાસદ મનમાં વ્યગ્ર થયો હતો. બક્ષીના જવાબ ઉપરથી મુંજપુરનો નવાબ પોતાની ભાવી યોજના ઘડવાનો હતો, પરંતુ બક્ષીએ તો કશોયે જવાબ ન આપ્યો. એથી પેલો કાસદ નિરાશ થયો હતો ખરો, તથાપિ એ વીરતાનો પૂજક હતો. "માણસ તો ભડ છે!" બક્ષીને માટે એ ઉદ્દગાર તેના અંતરમાંથી ઉદ્દભવ્યો.

પોતે ઓંડલ ભા' કુંભાને મળવા જવાને તૈયારી કરી રહ્યા હતા ત્યાં વચ્ચે આ નવીન પ્રકરણ નિકળવાથી બક્ષીનું મન પણ દ્વિધા બની ગયું. ગયા આખા માસમાં પ્રતિક્ષણે, હમેશાં જાગૃત થતાં સર્વથી પહેલી અને સૂતી વખતે સર્વથી છેલ્લી જે ચિંતા બક્ષીને થયા કરતી હતી તે સાકાર થઇને અત્યારે તેની સામે ઊભી રહી. તેમણે બીજા જમાદારોને પણ પોતાની પાસે બોલાવ્યા અને મુંજપુરના નવાબના આગમનની તથા તે શા હેતુથી આવેલો હોવો જોઇએ તેની તમામ માહિતી આપી. બધા આ અચાનક ફુટી નિકળેલા દાવાનળથી ચોંકી ઉઠયા, પરંતુ સ્થિર દૃઢતાથી બક્ષીજીના ફરમાનને માટે તેઓ

સર્વ તેમની સામે નિશ્ચલ દૃષ્ટિથી જોઈ રહ્યા. ભયંકર ભાવીના આકાશમાં તેમનો એક જ સિતારો ચમકતો હતો. બક્ષી ઉપરની તેમની શ્રદ્ધા અપૂર્વ હતી અને બક્ષી જે કરશે તે યોગ્ય જ કરશે એ સૂત્ર પ્રતિપાદન કરનાર કોઇ મહા ગ્રંથ ઉપર પોતાની તલવારોથી પોતાના જ રક્તાક્ષરો અંકિત કરવા તે સદાયે તૈયાર હતા.

બક્ષીએ પોતાના માટે તૈયાર કરેલા અશ્વને પુનઃ તેના સ્થાને બાંધી દેવાનું ફરમાન કર્યું અને તે જમાદારો તરફ જોઇને બોલ્યાઃ—

"બિરાદરો! મારો પ્રવાસ હવે મુલતવી રહ્યો છે. મને આશા હતી કે ભા' કુંભાને વચ્ચે પાડીને આપણા આંતર વિગ્રહનું સમાધાન કરાવી શકીશું; પરંતુ કાં તો એ વિચાર મને મોડો સૂઝ્યો અને કાં તો ભાવીનો ઇરાદો સમાધાન કરાવવાનો નહિ હોય. હવે તો આપણે ગુંજપુર સાથે માપી લેવાનું રહ્યું. માટે અત્યારે એ વાતનો પ્રથમ વિચાર કરીએ. સહુથી પહેલાં તો ગઢના દરવાજા બંધ રાખો અને દરેક દરવાજે પાકો પહેરો રાખો. આપણાં સાધનો સંભાળી લ્યો. કોઈ બાબતની અપૂર્ણતા રહેવી ન જોઇએ. તમે સર્વ એ તો સમજો જ છો કે જાન જાય તો કુરબાન પણ નાક જવું ન જોઇએ. મરવામાં આગળ સ્વર્ગ છે અને પાછળ પ્રતિષ્ઠા છે; જ્યારે માલિકને દગો દઇ હીચકારાપણે જીવવામાં લાભ કશો છે નહિ. એ તો એક કૂતરા કરતાં યે આપણને અધમ બનાવનારૂં છે, કારણકે એક કૂતરા જેવું પ્રાણી પણ પોતાને પોષનાર અર્થે પોતાનો પ્રાણાર્પણ કરવાને તત્પર રહે છે, ત્યારે આપણે તો મનુષ્યપ્રાણી છીએ. માટે આપણે આપણા મનુષ્યત્વને અને આપણા વડવાની વફાદારી તથા ખાનદાનીને બિલકુલ બટ્ટો ન લગાડીએ. આ જંગમાં આપણો જીવ જાય છે કે જુનાગઢની ગાદી આપણા માલિકના હસ્તમાંથી સરી જાય છે તે હું જાણી શકતો નથી, જાણવાની ઇચ્છાયે કરતો નથી. એ તો જેવી હાટકહાદાની ઇચ્છા. પરંતુ હું તો તમને એટલી ભલામણ કરૂં છું કે તમે મનુષ્ય છો, મર્દ છો! મનુષ્ય અને મર્દ તરીકે જીવ્યા છો! હવે એ જ રીતે મરી જાણજો! બેહસ્તમાં જો મર્હુમ નવાબ સાહેબ મહમદ બહાદુરખાન આપણને મળશે તો આપણે તેમને ગર્વપૂર્વક કહીશું કે 'ખુદાવિંદ! અમે અંદરના કે બહારના કોઇ પણ વૈરીના હાથમાં, અમારા જીવતાં જુનાગઢની ગાદી જવા નથી દીધી.' હે વીર સેનાનીઓ! તમારા ગુરુ અને સતી માતાઓ આસમાનમાંથી

તમારા ખમીર અને વીરત્વને નિહાળશે. પેલા ઉપરકોટપરથી રાણકદેવડી સમી સતી માતા અને ખેંગાર સમો રાજવી તમારા બિરદ ઉપર આશીર્વાદ વર્ષાવશે. એ બહાદૂરોની આંખોને ઝાંખી કરશો નહિ, તેમના આશીર્વાદોને લજાવશો નહિ. વધારે શું કહું ? હું તો મરીશ મારા જુનાગઢમાં. જે મરવાને તૈયાર હોય તે અહીં રહે, બાકીના ભલે ખુશીથી ચાલ્યા જાય. જે જવાની ઇચ્છા રાખતા હોય તેમને કશા પણ અટકાવ વગર જવા દો અને જેઓ રહેવા માગતા હોય તે પોતાના કર્તવ્યપાલન માટે તૈયાર થાઓ !"

બક્ષીનાં આ વચનો દરેકના દિલમાં સોંસરાં ઉતરી ગયાં. જમાદાર મહમદશાહ બે કદમ આગળ આવીને બોલ્યોઃ ' જનાબ ! આરબ પોતાના માલિકને છોડે એ કદી પણ બને નહિ. વચનને ખાતર સર્વસ્વનો ત્યાગ કરનારા રજપુતો પોતાની ટેકને કદી પણ તજે નહિ અને કાઠી પોતાના દોસ્તને દગો દે નહિ. એટલે અમારામાંથી જે જાય એની તો જનેતા લાજે ! ફરમાવો–શી આજ્ઞા છે ?"

"સાબાશ ! મહમદશાહ ! સચ્ચી કહી. બક્ષીજી ! યે જમાદાર સાહબ ઠીક કહેતે હૈ. ઐસા હી હોના ચાહીયે." મહણુબાને અનુમોદન આપ્યું.

"રહેમાન ! તું કેમ કશું બોલતો નથી ?" જમાદાર મહમદશાહે રહેમાનને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો.

"હું શું બોલું ? હું તો એ જ વિચાર કરી રહ્યો છું કે એવું આપણે શું કર્યું છે કે બક્ષીજી આપણને ચાલ્યા જવાનું કહે છે ? આપણામાંથી એક પણ વ્યક્તિને માટે બક્ષીજીના મનમાં શંકા પણ શા માટે ઉદ્દભવવી જોઇએ ?" રહેમાનનાં નેત્રોપર અશ્રુબિન્દુ ચમકતાં દેખાયાં.

"એમાં બોલવાનું પણ શું હોય ?" ખેંગારે કહ્યુંઃ "આપણે શબ્દોથી નહિ પરંતુ સમય આવ્યે આપણા વર્ત્તનથી દર્શાવી દઇએ કે આપણે જાન બચાવીને નહિ પરંતુ કાંતો મારીને કે પછી મરીને માલિકની સેવા કરનાર છીએ !"

"સાબાશ ! મારા સહાયકો તમારી પોતાની અને દરેક દરેક સૈનિકની વફાદારી માટે તો મને ખાત્રી જ છે. આપણે હવે કશી પણ ચર્ચા નહિ કરતાં કામે લાગી જઇએ." બક્ષીએ જણાવ્યું. તેમનો સ્વર ધ્રૂજતો હતોઃ "નવાબ કમાલુદ્દીનખાન આમાટે આવેલ છે

અને તેનો શો ઇરાદો છે તે આપણા જાણવામાં નથી. પરંતુ ચેતતા નર સદા સુખી. માટે તમે દરેક પોતપોતાની જવાબદારીનો ખ્યાલ કરી તૈયાર થઈ જાઓ અને—" બક્ષીએ પોતાની દૃષ્ટિ ચોતરફ ફેરવી. તે અમરજી ઉપર સ્થિર થઇ. તેમણે અમરજીને કહ્યું: "હું તને એક ખાસ કામ સોંપવા ઇચ્છું છું."

"ફરમાવો–તૈયાર છું."

"છે જોખમનું."

"જી."

'તારે અત્યારે ને અત્યારે ઉપરકોટના કિલ્લામાં જવાનું છે."

"ઉપરકોટ! પ્રેમજી પાસે? સુભાન! સુભાન!" જમાદાર મહમદશાહના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો.

બક્ષીએ ક્રોધભરી દૃષ્ટિ કરી મહમદશાહને ડાર્યો. તેમણે અમરજીની સામે દૃષ્ટિ કરી. અમરજીની શાંતિ પ્રથમના જેટલી જ અચળ હતી.

"જઈશ? જીવનું જોખમ છે!" બક્ષીએ પૂર્ણ ગંભીરતાથી પ્રશ્ન કર્યો.

"જઈને શું કહું?" અમરજીએ એટલી જ શાંતિથી પૂછ્યું.

જમાદાર મહમદશાહ એક કદમ આગળ આવીને બોલ્યો: "બક્ષીજી! પ્રેમજી પૂરો કપટી છે. તેની નીચતા જાણીતી છે. તે ત્યાં જનારનો જાન તો જરૂર લેશે."

"શું કહ્યું જમાદાર?"

"જી! મેં કહ્યું તે બરોબર છે."

"એટલે ત્યાં કોઇને ન મોકલવો, એમ ને? મારા કામને અટકવા દેવું?" બક્ષીનો ગુસ્સો સતેજ બન્યો.

"જી ના! એટલા માટે મારી તો એવી વિનતિ છે કે મને મોકલો. હું વૃદ્ધ થયો છું. બહુ બહુ તો હું આ દુનિયામાં બે–પાંચ વરસ કાઢું તેમ છું. વળી મારા મોતથી કોઇને વિશેષ દુઃખ થાય તેમ છે નહિ એટલે મને મોકલવાથી આપનો હેતુ સિદ્ધ થશે અને કદાચ તેમાં હું કામ આવી જાઉં તોપણ ચિંતા નહિ."

આ વૃદ્ધ વીરની બહાદુરી જોઈને બક્ષીનું હૃદય પુલકિત બન્યું. તેમણે કહ્યું: "જમાદાર! તમારી ભાવના પ્રશંસનીય છે અને તે માટે મારું તમને અભિનંદન છે. પરંતુ હજી તમારે વધારે લાંબી સફર જોવાની છે."

"જનાબ! મને જ મોકલો. હું જઈને એ ડુંગળીતોળનું માથું જ વાઢી નાખીશ. ભલે હું મરીશ પણ આપણને હેરાન કરનાર એ લુહાણાને તો પૂરો કરીશ." ખેંગાર બોલ્યો.

"બક્ષીજી! હું છું પરદેશી. મને જ ભેજી દ્યો!" મહણુએ માગણી કરી.

"સાહેબ! ફરમાવો, મારે ત્યાં જઈને શું કરવાનું છે? સેવક તૈયાર છે." રહેમાને પણ ઉપરકોટ જવાની તત્પરતા દર્શાવી.

"બક્ષીજી! હું આ સર્વ મુરબ્બીઓની સરખામણીમાં વયે અને અનુભવે બાળક જ ગણાઉં. એટલે આ કાર્ય માટે મારી યોગ્યતા તેમના કરતાં અધિક છે એમ કહેવાનો મને અધિકાર નથી. તથાપિ આપ મને આજ્ઞા કરતા હો તો તે બજાવવામાં હું પાછો પડીશ નહિ એટલી હું આપને ખાત્રી આપું છું.' અમરજીએ નમ્રતાપૂર્વક જણાવ્યું.

બક્ષીએ સર્વને ઉદ્દેશીને જવાબ આપ્યો: "માલિકને માટે પ્રાણાર્પણ કરવાની તમારી સર્વની ધગશનો મને અનેક વાર પરિચય થયો છે; પરંતુ અત્યારે આ કાર્યને માટે તો અમરજીની યોજના કરવી એ જ મને વિશેષ યોગ્ય અને આવશ્યક લાગે છે. અમરજી! પ્રેમજી ઠક્કર પાસે તને મોકલવામાં મારો હેતુ શો છે એ તું કદાચ સમજી શકયો હોઈશ. તેને તારે એટલું કહેવાનું છે કે અત્યારે આપણા આંતર વિગ્રહને કારણે મુંજપુરનો નવાબ કમાલુદ્દીનખાન જુનાગઢ ઉપર ચઢી આવ્યો છે. જો અત્યારે પણ આપણે એક બીજાના વિરોધી તરીકે જુદા રહીશું તો માર્યા જઈશું અને જુનાગઢની ગાદી બીજાના હાથમાં જશે, માટે અત્યારે વિરોધને ભૂલી જઈ, એકત્ર થઈને પરદેશીઓને હાંકી કાઢવામાં જ જુનાગઢનો ઉદ્ધાર છે."

બક્ષીજી શ્વાસ લેવા થોભ્યા. સ્હેજ વિચાર કરીને તે બોલ્યા: "અમરજી! તું નાગર છે. પ્રેમજીની સાથે કેમ વાત કરવી એ તને આવડશે. એથી જ મેં તારી પસંદગી કરી છે. બનવાજોગ છે કે કદાચ એ તને પરહેજ રાખે તોપણ તારે વિરોધ કરવો નહિ. માત્ર પ્રેમજી મને અહીં મળવાને માટે આવે અથવા તો હું તેને ઉપરકોટમાં મળી શકું એવી વ્યવસ્થા તારે કરવાની છે. એમાં જે યુક્તિપ્રયુક્તિ તારે લડાવવી હોય તે લડાવજે. જા, કર ફતેહ!"

અમરજી નમ્યો, સલામ કરીને જવા માટે તત્પર થયો. બીજા જમાદારો પણ બક્ષીની રજા લઇને ઉઠયા. બધા બહાર નિકળ્યા અને તેઓ અમરજીને આવું જવાબદારીભરેલું મહત્ત્વનું કાર્ય સુપ્રત થવા માટે અભિનંદન આપવા લાગ્યા. પરંતુ અમરજી એથી જરીયે ફુલાયા વગર પોતાના અશ્વપર સવાર થઇને ઉપરકોટપર જવાને માટે વિદાય થઇ ગયો.

પ્રકરણ ૨૪ મું.

બે વિષ્ટિઓ.

ઉપરકોટના તોતિંગ પહાડી કિલ્લાની અંદર ચોગાનમાં પાંજરે પૂરાયેલા વાઘની માફક પ્રેમજી ઠક્કર આમતેમ આંટા મારતો હતો. તે અત્યારે કોઈ ઉંડા વિચારમાં ગુંથાયો હતો. તેના ચ્હેરાપર પ્રતિક્ષણે ભિન્ન ભિન્ન વિકાર બદલાતા હતા. એ વખતે એક પહેરેગીરે આવીને ખબર કરી કે "જનાબ! એક નકાબપોશ માણસ આપને મળવાની ઇન્તેજારી દર્શાવે છે."

"વારૂ, એને અહીં લઇ આવ."

પહેરેગીર ગયો. "એ છદ્મવેશધારી મનુષ્ય કોણ હશે?" પ્રેમજીએ મનોગત પ્રશ્ન કર્યો. પહેરેગીર દરવાજા પાસે જઇ એ નકાબપોશ વ્યક્તિને પોતાની સાથે તેડી લાવ્યો. રસ્તામાં આવતાં કેટલાક સૈનિકો આ વ્યક્તિ તરફ આશ્ચર્યથી જોઇ રહ્યા.

નકાબપોશ વ્યક્તિ પ્રેમજી ઠક્કર સમક્ષ ઉપસ્થિત થઈ. પ્રેમજી ક્ષણ વાર તેની સામે જોઈ રહ્યો. પછી તેણે પ્રશ્ન કર્યો: "ભાઈ! તમે કોણ છો? અને અહીં શામાટે આવ્યા છો?"

પેલી અજ્ઞાત વ્યક્તિએ પહેરેગીર તથા દૂર ઉભેલા મનુષ્યો તરફ પોતાનો હસ્ત લંબાવ્યો. પ્રેમજી એ ઈશારત સમજી ગયો. તે આ વ્યક્તિને પોતાની સાથે એક ખંડમાં લઇ ગયો. એ ખંડમાં બન્ને જણા દાખલ થયા અને પ્રેમજીએ અંદરથી દ્વાર બંધ કરી દીધું. પછી તેણે પુન: પ્રશ્ન કર્યો: "બોલો, ભાઇ! તમે કોણ છો?"

જવાબમાં એ નકાબપોશે પોતાના મુખ ઉપરથી બુરખાની જાળી નાખી પોતાના મસ્તકને ખૂલ્લું કર્યું. પ્રેમજી એ મુખ જોઇને ચોંક્યો. એને [illegible] તે સત્ય કે સ્વપ્ન એવું તેને થયું.

"કોણ ? અમરજી ?"

"જી હા !"

"છોકરા !" પ્રેમજી આવેશથી કમ્પતો બોલ્યો: "તું અહીં શામાટે આવ્યો ? તારા શિરે કાળ ભ્રમણ કરી રહ્યો છે કે શું ? તેં સાહિબાબાનુને પકડી પરહેજ કર્યા. તેં જ અમને આ કિલ્લામાં ત્રીશ–ત્રીશ દહાડા થયા ગોંધી રાખ્યા છે ! એ ઉપરથી તારે સમજવું જ જોઇએ કે જો મારા માણસોમાંથી કોઈ તને ઓળખી ગયું તો તેઓ જરીકે દયા લાવ્યા વગર તારા રાઇ રાઇ જેટલા ટુકટા કરી નાખ્યા વગર રહેવાના નહિ."

"પ્રેમજી કાકા ! હું તો આજ્ઞાનો તાબેદાર નોકર ! નોકરે માલિકની આજ્ઞા પાસે પોતાના જીવનનો વિચાર કરવો ન જોઇએ; બાકી અત્યારે તો આપણે બધાયે મોતને ગજવામાં રાખીને જ ફરીએ છીએ એ આપ કયાં નથી જાણતા ?"

"વારૂ, તું અહીં શામાટે આવ્યો છે ?"

"બક્ષી દૌલતરાયજીનો સંદેશો આપને જણાવવાને."

"બક્ષી શું કહે છે ?"

"તે જ હું આપને કહું છું, પરંતુ આપ કૃપા કરીને શાંતિથી મારૂં કથન શ્રવણ કરશો તથા તે સંબંધી યોગ્ય વિચાર કરવાનું આવશ્યક ધારશો. જૂઓ, બક્ષીજીએ કહેવરાવ્યું છે કે આપણે જુનાગઢમાં આંતરકલહ પેદા કર્યો છે. આપ ઉપરકોટનો કિલ્લો કબજે કરી બેઠા છો, પરંતુ એથી આપને કશોયે ફાયદો થયો છે એમ આપનાથી કહી શકાશે નહિ. જેને આપ નવાબ ઠરાવવા ઇચ્છો છો એ તો અત્યારે કયાંય ભાગતો ફરે છે. સાહિબાબાનુને અમારે અમારા કબજામાં રાખવાં પડયાં છે. અમારૂં એ પગલું આપને કદાચ અયોગ્ય લાગતું હોય તોયે પ્રથમ અયોગ્ય પગલું ભરનાર આપ હોવાથી તે માટે આમને દોષ દઇ શકો તેમ નથી. વળી બક્ષીજી જાણે છે કે આપની પાસે બહુ થોડા મનુષ્યો છે, એટલે આપ ઉપરકોટ છોડી મેદાનમાં અમારી સાથે સામનો કરી સાહિબાબાનુને છોડાવવાનો પ્રયત્ન કરી શકો તેમ નથી. બક્ષીજીની પોતાની પાસે પણ ઉપરકોટ સર કરવા જેટલા મનુષ્યો નથી. આપની પાસે આ કિલ્લો અને મહોબતખાનજી છે. આપ આપની, આપના કુટુંબની અને

સાહિબખાનુની સલામતીને માટે એ એને કબજામાં રાખવાનો પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે. બક્ષીજીની પાસે દરબારગઢ, ખજાનો અને સાહિબાબાનુ છે. તેઓ પણ તેમને પોતાના કબજામાં કોઈ પણ ભોગે રાખે તેમાં જ નવાબસાહેબની સલામતી સમજે છે. પરંતુ આ વસ્તુસ્થિતિને લીધે જુનાગઢ રાજ્ય અસ્તવ્યસ્ત થયું છે. જુદા જુદા મહાલના ફોજદારો સ્વતંત્ર બની ગયા છે. જુનાગઢની ફોજ પણ મુસાફરખાનની આગેવાની નીચે મુજફરખાનનું ખૂન પીવાના એક જ ઉદ્દેશને વળગી રહી છે. આમ કેટલા દિવસ પર્યંત ચલાવવાનું છે ?" અમરજી આટલું કહીને થંભી ગયો.

"તારો સંદેશો પૂરો કર. આમાં બક્ષી કોઈ માર્ગ બતાવવા ઇચ્છે છે ખરા ?" પ્રેમજી ઠાકરે પૂછ્યું.

"બક્ષીજી અત્યારે કશો માર્ગ દર્શાવી શકતા નથી, એટલે જ મને આપની પાસે આપની સલાહને માટે મોકલ્યો છે." અમરજીએ જવાબ આપ્યો.

"એમ ! બક્ષી શું કરે છે ?"

"બક્ષીજી તો અત્યારે એક મહા કાર્યમાં રોકાયા છે."

"મહા કાર્યમાં રોકાયા છે ? એ મહા કાર્ય કેવા પ્રકારનું છે તે તું જણાવી શકીશ ખરો ?" પ્રેમજી મૂછમાં મરકતો બોલ્યો.

"પરદેશીઓની જુનાગઢપર ચડાઈ થવાના ભણકારા વાગી રહ્યા છે તેની સામે થવાનું." અમરજીએ કહ્યું.

પ્રેમજીનાં નેત્રો આશાથી આનંદપૂર્વક ચમકવા લાગ્યાં. તે ઉત્તેજિત સ્વરે બોલ્યો: "પરદેશીઓ એટલે પોરબંદરીઓ ?"

"ના જી ! પોરબંદર નહિ. પોરબંદરથી આપ વાર લાવવાની આશા રાખી રહ્યા છો એ કાંઈ બક્ષીજીથી અજ્ઞાત નથી. એટલે પોરબંદરની વારને હંફાવવાને માટે તો તેમણે ક્યારની યે તૈયારી કરી રાખેલી છે."

"એમ !" પ્રેમજી ઠાકર તુરત જ હતાશ બની ગયો. અમરજી પણ પોતાની બાજી આબાદ લાગેલી જોઈને આનંદિત થયો. પ્રેમજીએ પૂછ્યું: "ત્યારે બીજી ચડાઈ કોના તરફથી થવાની ભીતિ છે ?"

"કુંજપુરના નવાબ સાહેબ પંદર હજારની ફોજ સાથે જુનાગઢને સર કરવા ચડી આવ્યા છે. તે હવે કાંઈ જુનાગઢથી બહુ દૂર નથી." અમરજીએ જણાવ્યું.

"કોણ ? નવાબ કમાલુદ્દીનખાન ! અને પંદર હજારની ફોજ !" આ સમાચાર ઉપરકોટમાં પૂરાયેલા પ્રેમજીને માટે તદ્દન નવા જ હતા.

"જી હા ! નવાબ સાહેબે પોતાના વિશ્વાસુ કાસદને મોકલી બક્ષીજીને રૂબરૂ મળી જવા ઇચ્છા દર્શાવી હતી, પરંતુ બક્ષીજી નવાબ પાસે ગયા નથી, તેમ ત્યાં જવાની તેમની ઇચ્છા પણ નથી. તેમણે તો પોતાના જીવનપર્યંત પોતાના માલિકના જુનાગઢનું રક્ષણ કરવાનો નિશ્ચય કર્યો છે."

"વારૂ, આ જ સમાચાર મને આપવાના હતા કે હજી બીજું કાંઇ કહેવાનું છે ?" પ્રેમજી ઠક્કરે બેપરવાઇથી જવાબ આપ્યો.

"પ્રેમજી કાકા ! આ તો માત્ર પ્રસ્તાવ જ થયો. જે કહેવાનું છે તે તો હવે જ આવે છે." અમરજીએ જવાબ આપ્યો.

"એમ કે ? વારૂ, બોલો ત્યારે કહેવાનું હોય તે કહી નાખો." પ્રેમજીએ સ્મિત કર્યું.

"જનાબ ! આ હસવાનો પ્રસંગ નથી. સ્થિતિ ગંભીર છે. બક્ષીજી ઇચ્છે છે કે આ પરચક્ર તરફની આફત સમયે આપ પણ જુનાગઢની પડખે ઊભા રહો." અમરજીએ મુદ્દાની વાત કરી.

"સમજ્યો ! હું સાહિબાબાનુનો સેવક, તે તમારા નવાબ મહોબતખાનની ગાદીને ટકાવી રાખવાને માટે લડું, એમ ને ?"

"નાજી, એમ નહિ ! મહોબતખાનની ગાદી માટે નહિ. આખી કુળની ગાદી માટે. જો અત્યારે આપણે છુટા હોઇશું તો સંભવ છે કે કમાલુદ્દીનખાન ફાવી જાય અને પછી તો આ ગાદી નહિ રહે મહોબતખાનની પાસે કે નહિ સાહિબાબાનુનો હેતુ સિદ્ધ થાય. માટે અત્યારે તો આપે આપના કર્ત્તવ્યનો વિચાર કરીને આ પ્રસંગે જુનાગઢ તરફની આગેવાની લેવાને જ તત્પર થવાની જરૂર છે." અમરજીએ સમજણ પાડી.

"હું આગેવાની લઉં ! ત્યારે બક્ષી ?"

"બક્ષીજીને આગેવાનીનો મોહ નથી એવી હું તેમના તરફથી આપને ખાત્રી આપવાને તૈયાર છું. બક્ષીજીને જો પોતાની હાજરીને લીધે જ જુનાગઢમાં કુસંપ રહે છે એવું લાગશે તો તેઓ જુનાગઢમાં રહેવાનો એક ક્ષણવાર પણ આગ્રહ રાખશે નહિ. બક્ષીજીના હાજર રહેવાથી જો જુનાગઢના સરદારો એકત્ર મળતા ન હોય, અને માત્ર જેને બક્ષીજી માલિક પ્રત્યેની વિશ્વાસવાળી સમજે

છે તેથી અને તેવી એકખ્યાની વફાદારીથી જુનાગઢમાં એમ થતું અટકી, પરદેશીઓ પ્રવેશી શકતા હોય તો આજે ને આજે જ બક્ષીજી જુનાગઢ આપને સોંપીને ચાલ્યા જવાને રાજી છે."

"અને પછી?" શંકાશીલ પ્રેમજીએ પ્રશ્ન કર્યો.

"પછી વળી શું? પછી તો મર્દનો એક જ માર્ગ હોય ને! અમે જુનાગઢ છોડીને ચાલ્યા જઈશું! કમાલુદ્દીનખાને વડાળમાં પડાવ નાખ્યો છે, તેના ઉપર બાટકશું અને અમારા પંદરસો બરકંદારોની સાથે નવાબને મારી લઈશું. અમે તો મરીશું, પરંતુ એ પરદેશીઓને પણ સલામત રહેવા નહિ દઈએ."

"અને મહોબતખાનનું શું?"

"નવાબ મહોબતખાનજી આપના હસ્તમાં છે. પછી તો ચાહે તો આપ એમને મારો કે ચાહે તો જીવાડો. ચાહે તો આપ એમને ફક્ત પાંચ ગામડાં આપો કે પછી જુનાગઢના નવાબપદે સ્થાપો, સરદાર બનાવો કે કેદી જેવી સ્થિતિમાં રાખી મૂકો એ આપની અને જુનાગઢના અમીરો તથા સરદારોની મુન્સફી ઉપર છોડીશું. મુજફ્ફરખાન આવે કે ગમે તે આવે પણ તે મહમદખાનની સાથે લોહીનો સંબંધ ધરાવતો હશે જ. આપણા જુનાગઢમાં પરદેશીઓનો પગ ધમકે એના કરતાં એ શું ખોટું છે? અને બક્ષીજીને તો એ પણ જોવાને ક્યાં રોકાવું છે? આજે અમારા કથનને આપ ન સ્વીકારો તો આવતી કાલે જ સોરઠની ધરતી અમારાં કેસરીયાંથી ધમધમી ઉઠશે. વડાળ આગળ અમે અમારાં લોહીની નદી વહેવરાવીશું. એ રક્તથી ભીંજાયેલા સ્થાનને તમે જૂઓ ત્યારે એટલું વિસરશો નહિ કે એ સ્થાનપર એક એવા માણસે પોતાનો જાન કુરબાન કર્યો છે કે જે પોતાના માલિકના વંશને અંતની ઘડીસુધી વફાદાર રહ્યો હતો. તેણે પોતાની જાણ, આવડત અને શક્તિ મુજબ વફાદારીનો આત્મયજ્ઞ માંડી, તેમાં પોતાના એકના એક માલિક અને એક પરમેશ્વરને ખાતર હસતે વદને પોતાનો હોમ આપ્યો છે! જગત અનિત્ય છે. જગતની જંજાળો તો તેથીયે અધિક અનિત્ય છે. સદાયે ફરતા એ પ્રકૃતિના સનાતન ચક્રમાં ઇશ્વર એક જ નિર્વિકાર છે. બક્ષીજી એ વાતને સમજે છે. તે એ પણ જાણે છે કે એ ઇશ્વરે પોતાને મનુષ્ય તરીકે જન્મ આપતી વખતે જ પોતાને શિરે એક મહત્વની જવાબદારી મૂકી છે. એ જવાબદારીને અદા કરવાને પોતાના નામને ખાતર

પોતાની જાતને ખાતર, પોતાના ધર્મને ખાતર અને જે સેવાવૃત્તિનો તેમણે સ્વીકાર કર્યો છે તેને ખાતર બક્ષી દોલતરાય પોતાનું મસ્તક આપવાને તૈયાર છે—માત્ર એને એટલી ખાત્રી આપો કે એક પણ જુનાગઢી જ્યાંસુધી જીવતો છે કે ત્યાંસુધી આપણી જમીનની માટી, રે, એક કાંકરી પણ કોઈ પરદેશીઓના હાથમાં નહિ જાય! ગરવા ગિરનારની છાયામાં ઉભેલા જુનાગઢની પવિત્ર ભૂમિ પરદેશીઓનાં પગલાંથી પતીત નહિ થાય!"

અમરજીનું અંગે અંગ આવેશપૂર્ણ બની રહ્યું હતું. તે હાંફતો હતો. પ્રેમજી અમરજીના શબ્દે શબ્દે મનમાં ને મનમાં તેની પ્રશંસા કરતો હતો. આ યુવકની પ્રથમ મુલાકાત થઇ તે વખતે જો કોઈ પણ ઉપાયે તેને પોતાના પક્ષમાં લઇ લીધો હોત તો કેવું સારૂં, એમ તેના મનને થયા કરતું હતું. તેણે અમરજીના કથનનો કશો જવાબ આપ્યો નહિ. તે મૂક શાંતિથી વિચારગ્રસ્ત અવસ્થામાં આમતેમ આંટા મારવા લાગ્યો. અમરજી પ્રેમજીના મુખ સામે જોઈ રહ્યો હતો. પોતાના શબ્દોની આ લુહાણા ઉપર કેવી અસર થઇ છે એ જોવાને તે મથતો હતો. પરંતુ પ્રેમજીની મુદ્રા તદ્દન ગંભીર હતી. કશો પણ વિકાર દૃષ્ટિગોચર થતો ન હતો. અમરજીને લાગ્યું કે આ લુહાણાની ઉંડાઇ માપવાનું સામર્થ્ય પોતાનામાં નથી. પ્રેમજીના મનમાં પણ કોઈ ઉંડો વિચાર ઘોળાયા કરતો હતો. પ્રસંગ અતિ વિચિત્ર હતો, કટોકટીનો પણ હતો. ત્વરાથી ફેંસલો કરવાની જરૂર હતી.

એ વખતે બહારથી દ્વારપર કોઇએ અવાજ કર્યો. "કોણ છે?" પ્રેમજીને સવાલ કર્યો.

"મેં હું, સરકાર!" બહારથી જવાબ આવ્યો.

પ્રેમજી દ્વાર ખોલવા એ તરફ ગયો. અમરજીએ છદ્મવેશ ધારણ કરી લીધો. પ્રેમજીએ દ્વાર ખોલ્યું. બહાર એક મકરાણી ઉભો હતો. પ્રેમજીએ પૂછ્યું: "કેમ, શું કામ છે?"

"જનાબ! બહાર કોઈ કાસદ ખડા હૈ, આપકો મિલનેકા તલબગાર હૈ."

"એ કાસદ કોનો છે?"

"સરકાર! વો બોલતા હૈ કે મેં કુંજપુરકા નવાબ સાહબકી તર્ફસેં આતા હું." મકરાણીએ જવાબ આપ્યો.

"વારૂ, એને અહીં લઇ આવ." પ્રેમજીએ આજ્ઞા કરી.

મકરાણી ગયો. પ્રેમજીએ દ્વાર ખાલી બંધ કર્યું. અમરજીએ તે બે વચ્ચેનો સંવાદ સાંભળ્યો હતો. તેણે અર્થસૂચક દૃષ્ટિ પ્રેમજી તરફ કરી. પ્રેમજી વિચારગ્રસ્ત સ્થિતિમાં મૂછ ચાવતો હતો.

થોડી વારે પ્રેમજીએ અમરજી સામે જોઇને કહ્યું: "અમરજી! તું આ બાજુની કોટડીમાં ચાલ્યો જા. ત્યાં બેસજે."

"પરંતુ ત્યાંથી તમારી તથા કાસદની વચ્ચે થતો સંવાદ મને કર્ણગોચર થશે." અમરજીએ જણાવ્યું.

"મારી પણ એ જ ઇચ્છા છે." પ્રેમજીએ જણાવ્યું.

અમરજી ઉભો થયો અને બાજુની ઓરડીમાં ચાલ્યો ગયો. પ્રેમજીએ એ ઓરડીનું દ્વાર બંધ કરી દીધું. પોતાના ઓરડાનું મુખ્ય દ્વાર ખૂલ્લું જ રાખ્યું હતું. અમરજીના કાન સરવા હતા. પ્રેમજી અને કાસદ વચ્ચેનો સંવાદ સાંભળવાને તે આતુર હતો, એટલે તે એ વચ્ચેના દ્વારની પાસે જ લપાઇને ઉભો હતો. થોડી વારે તેણે કોઇનો પગરવ સાંભળ્યો. કોઇ વ્યક્તિ ઓરડામાં આવી. આ કાસદ બક્ષીજી પાસે આવ્યો હતો તે જ હતો કે બીજો એ અમરજી જોઇ શકે તેમ નહતું. પરંતુ તે જાણવાની તેને ખાસ વિશેષ દરકાર પણ ન હતી. માત્ર તેના મુખમાંથી નિકળતા શબ્દો અને પ્રેમજીનો પ્રત્યુત્તર સાંભળવાની જ જરૂર હતી.

કાસદને આસન આપ્યા પછી પ્રેમજીએ પૂછ્યું: "તમે નવાબ કમાલુદ્દીનખાન પાસેથી આવો છો? તેમણે વડાળમાં મુકામ નાખ્યાના સમાચાર મને મળી ગયા છે. કહો તમારે શું કહેવું છે?"

"જી! અમે વડાળમાં પડાવ નાખ્યો છે તે વાત સાચી છે. જુનાગઢમાં આંતરકલહ જાગૃત થયાનું સાંભળવાથી તે કલહ સમાવવાના ઉદ્દેશથી તેઓ અત્ર આવ્યા છે અને એ વિષયના સંબંધમાં તેઓ આપની મુલાકાત લેવાને ઇચ્છે છે." કાસદે જણાવ્યું.

"એ સિવાય બીજું કાંઇ ફરમાન છે?" પ્રેમજીએ પ્રશ્ન કર્યો.

"સાહેબ! નવાબ સાહેબની ઉદારતા જગપ્રસિદ્ધ છે. આપે પણ સાંભળી તો હશે જ. જો આપ તેમની ઇચ્છાનો સ્વીકાર કરો તો કાંઇ સાહિબઝાદાને મુક્તિ મળી જાય તેવો રસ્તો તેઓ કરી શકશે. એટલું જ નહિ પણ જુનાગઢ રાજ્યનો કોઇ મનગમતો તાલુકો આપને ખર્ચના જાગીરમાં મળી શકે એવી વ્યવસ્થા પણ થઇ શકશે.

આપના ઉપર તેમની કૃપા ઉતરી છે. આવી તક ફરી ફરીને મળતી નથી."

કાસદનું આ કથન અમરજીના કાનપર અક્ષરશઃ પડ્યું. તેનું હૈયું થંભી ગયું–તેનો શ્વાસોચ્છ્વાસ જાણે બંધ પડી ગયો. તે આગળ સાંભળવાને માટે આતુર બની રહ્યો.

"અને" મીઠું કરડતા ઉંદરની માફક ચુંચી આંખ કરીને કાસદે આગળ ચલાવ્યું: "નવાબ સાહેબનો આપના ઉપર સમ્પૂર્ણ વિશ્વાસ હોવાની આપને ખાત્રી થઈ શકે તે માટે આપને જાહેર કરવાનું તેઓશ્રીએ મને જણાવ્યું છે કે તેઓ જુનાગઢની બરોબર વ્યવસ્થા કરી, તેની ગાદીની દેખરેખ રાખવાને માટે પોતાનાં શાહજાદા ગાઝીઉદ્દિનને રાખી જશે અને તેમના વઝીર તરીકે આપની નિમણુંક કરશે."

"નવાબ સાહેબની મારા ઉપર બહુ કૃપા! તે માટે હું તેઓશ્રીનો જેટલો આભાર માનું તેટલો ઓછો જ છે. પરંતુ જુનાગઢનો આંતરકલહ ટાળવાના સંબંધમાં બક્ષીને પણ હાથમાં લેવાની જરૂર છે. એ બક્ષીની સાથે વાટાઘાટ ચલાવવાનો નવાબ સાહેબે કશો ઈરાદો કર્યો છે ખરો?" પ્રેમજીએ પ્રશ્ન કર્યો.

"જી! બક્ષીને મળવા માટે બોલાવેલ છે પરંતુ તેમના ઉત્તરપરથી તે મળવાને આવશે કે કેમ એ એક પ્રશ્ન છે. પરંતુ બક્ષી ગમે તેમ તોયે આરબોનો હાંકેડુ! તે રાજ્યકાર્યની નીતિને ન માપી શકે. તમે ગમે તેમ તોયે મુત્સદ્દી રહ્યા. એટલે તમે નવાબ સાહેબના અંતરને વધારે સારી રીતે સમજી શકો." કાસદે જણાવ્યું.

આ કાસદના અવાજપરથી બક્ષી પાસે જે આવ્યો હતો તે જ આ કાસદ છે એટલું તો અમરજી સમજી શક્યો હતો. હવે પ્રેમજી આ કાસદને શો જવાબ આપે છે તે સાંભળવાને તેણે પોતાના કર્ણ વિશેષ સરવા બનાવ્યા.

પ્રેમજીએ ધીમી પરંતુ ગંભીર વાણીથી અને નિશ્ચયદર્શક સ્વરે કહ્યું: "કાસદ! તારા માલિકનો હેતુ હું સમજી ગયો છું. તેમને કહેજે કે તેમનો હેતુ બર લાવવાના કાર્યમાં મારી સહાયની અપેક્ષા તેઓ ન કરે. હા, હું જુનાગઢનો નથી, તોપણ સોરઠીયો તો ખરો જ, એટલે મારી મદદથી ગુજરાતનો વાવટો અહીં રોપાય તે મારાથી ન બને. અમારી અંદરોઅંદરની જે કાંઇ ખટપટ હશે, તેનો નિવેડો આજે જ

લાવી દઈશું. સાહિબાબાનુને છોડાવવાં હશે તો તે માટે આ બાવડાં સાબુત છે. કદાચ મારાં કાંડાંમાં બળ નહિ રહે તો હું છેવટે બક્ષીને પગે પડીશ, પરંતુ પરદેશીઓના ચરણ ચુમ્બવાને આ ભવે તો કોઈ પણ લાલચ મને લપટાવી નહિ શકે. નવાબ સાહેબને કહેજે કે અમારી આંતરિક ખટપટમાં વચ્ચે પડવાની તેમણે તસ્દી લેવાની જરૂર નથી, માટે છાવણી ઉઠાવીને આવ્યા તેવા જ મુંજપુર સીધાવી જાઓ. જો તેઓ મારી આ સલાહ ન જ માને તો પછી તેમને યોગ્ય લાગે તે પ્રમાણે કરે. બાકી જ્યાંસુધી ઉપરકોટનો કિલ્લો અભંગ ઊભો છે ત્યાંસુધી હું તારા નવાબને જુનાગઢમાં સુખે રહેવા દઈશ નહિ."

પંદર હજારની કસાયેલી અને બળવાન ફોજના માલિક નવાબ કમાલુદ્દિનખાનને પડકાર કરતા આ લુહાણાને જોઈને કાસદ સ્હેજ હસ્યો. તથાપિ પ્રસંગ વિચારી તેણે ગંભીરપણે કહ્યું: "લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે તેને પાછી ઠેલો છો, પણ પાછળથી પશ્ચાત્તાપ થશે."

"ન જાણ્યું જાનકીનાથેઃ પ્રભાતે શી દશા થશે!" પ્રેમજી બોલ્યોઃ "ભાવિમાં જે માંડ્યું હશે, તે મિથ્યા થનાર નથી અને અગાઉથી તેની ચિંતા કર્યે કશો દહાડો વળે તેમ નથી. હવે જો કશું વિશેષ કહેવાનું ન હોય તો તને રજા છે."

કાસદ ઉઠ્યો, નિરાશ બનીને ચાલ્યો ગયો. પ્રેમજીએ દ્વાર બંધ કરી વચ્ચેનું દ્વાર ખોલ્યું. પેલી કોટડીમાં છૂપાયેલો અમરજી ત્યાંથી બહાર નીકળી પ્રેમજી પાસે આવ્યો. તેણે કહ્યું: "અમરજી! કાસદ સાથેનો મારો સંવાદ સાંભળ્યો ને? વારુ, તારા કામનો અમુ મેં વિચાર કરી લીધો છે. હું પોતે જ બક્ષીને મળવાને માટે જુનાગઢ જાઉં છું, પરંતુ ત્યાંથી હું સહિસલામત અહીં પાછો ફરું ત્યાંસુધી તારે અહીં રહેવું પડશે. હું આ ઓરડીમાં તને પૂરી રાખીશ. જો સ્હાંજસુધીમાં હું પાછો ફર્યો નહિ હોઉં તો મારા માણસો તને ચમત્કારનું દર્શન કરાવી દેશે."

અમરજી ચમક્યો, ક્ષણવાર ગભરાયો, પરંતુ પુનઃ તુરત જ [illegible] બન્યો અને જે ઓરડીમાંથી તે બહાર નિકળ્યો હતો તેમાં સ્વતઃ જ દાખલ થયો. પ્રેમજીએ દ્વાર બંધ કરી, સાંકળ ચડાવી, તાળું લગાવી દીધું અને પછી તે એ ઓરડી તરફ [illegible] નજર [illegible] બહાર નિકળ્યો.

અમરજી એ ઓરડીમાં પડેલા એક ખાટલાપર પડયો હતો. અત્યારે તેનું મગજ ઊંડા વિચારોમાં પરોવાઇ ગયું હતું. બક્ષીજી અને પ્રેમજી વચ્ચે શી મસલહત થશે? તેનું કેવું પરિણામ આવશે? બક્ષીજી આ લુહાણાને પણ કેદ કરી એકાએક ઉપરકોટપર છાપો મારીને કબજે કરી શકશે ખરા? એવા એવા અનેક વિચારો તેના મનમાં ઉપરાછાપરી આવતા હતા; પરંતુ અત્યારના સંયોગોમાં બક્ષી પ્રેમજીની સાથે પ્રપંચ ખેલે એ તેને સંભવિત લાગતું ન હતું. એટલું જ નહિ પરંતુ ઉપરકોટ લેવા જતાં જુનાગઢ ગૂમાવવાની ભીતિ પણ તે સ્પષ્ટ જોઇ શકતો હતો.

એટલામાં એકાએક બહાર ઓશરીપર થતા પગરવના સણુસારા તેને કર્ણગોચર થયા. તે ચમક્યો અને સફાળો બેઠો થઇ ગયો.

આ ઓરડીનું એક દ્વાર પ્રેમજી ઠક્કરના ઓરડામાં અને બીજું દ્વાર બહાર ઓશરીમાં પડતું હતું. ઓશરીપર કોઇ માણસો કાંઇ ધીમે ધીમે વાતો કરતા હોય એવો ગણગણાટ સંભળાતો હતો. તે કશોયે અવાજ ન થાય એવી રીતે ચાલીને એ દ્વાર પાસે આવ્યો. એ કમાડ વચ્ચેની તડ આગળ તેણે કાન માંડયા.

" પણ તું ભૂલતો તો નથી ને ? " એક મકરાણી બોલતો સંભળાયો.

" ના ના, મેં જેનો અવાજ એક વાર સાંભળ્યો હોય તેનો અવાજ ફરીથી ગમે તેટલાં વર્ષો પછી પણ મારા કાન ઉપર પડે તોપણ હું તેને પિછાન્યા વગર ન રહું. એ અવાજ એનો જ છે. એ પોતે જ અમરજી! એને હાથે જ જુસલ મરાયો. રમજાનને મારનારો પણ એ જ. મારા ભાઇ આમદને એણે જ કાપ્યો અને તારા ભાઈ મુરાદનો ખૂની પણ તે જ છે. એ મકરાણી કુળનો હત્યારો છે. જુનાગઢમાં એની જ મદદથી દોલતરાયે બે હજાર મકરાણીને કાપી નાખ્યા. "

" ત્યારે એ હવે જીવતો રહેવો ન જ જોઇએ. " પહેલા મકરાણીએ કહ્યું.

" પરંતુ પ્રેમજી બા આપણને કહેતા ગયા છે કે સાંજસુધી મારી રાહ જોજો. ત્યાંસુધીમાં હું ન આવું તો આ ઓરડીમાં પૂરેલા માણસને કાપી નાખજો, તેનું કેમ ? " બીજાએ જણાવ્યું.

" અરે સાંજ ને બપોર ! આપણે કહીશું કે એ માણસ [illegible]

જવાનો પ્રયત્ન કરતો હતો એટલે અમે એને પૂરો કર્યો." ત્રીજાએ સૂચવ્યું.

'એ વાત સાચી. કરો ત્યારે અલ્લા બેલી!' ચોથાએ સંમતિ આપી.

બહાર લગભગ પાંચ–છ માણસો હતા. તેમણે તાળું ખોલ્યું, સાંકળ ઉઘાડી, પરંતુ અમરજીએ અંદરની સાંકળ વાસી દીધી હતી. તે પોતાનાં શસ્ત્રો સમારી, આ લોકોના પંજામાંથી મુક્ત થવાને માટે અહીંથી ન્હાસી જવાને માટે માર્ગ શોધતો હતો. તેણે ચો તરફ દૃષ્ટિ ફેરવી.

આ ઓરડીમાં પછીતે એક બારી હતી. એ બારીને સળીઆ જડેલા હતા. અમરજી બારી પાસે ગયો. સળીઆમાંથી લંબાઇને દૃષ્ટિ કરી તો પાછળ આશરે ત્રીશેક હાથ નીચે ખાઇ હતી. તે ખાઈમાં ચીકણો ભૂરો કાંપ જામી ગયો હતો. એ કાંપમાં ફસાયેલી એક ભેંસ તેના જોવામાં આવી. જેમ જેમ તે ભેંસ બહાર નિકળવા ફાંફાં મારતી હતી તેમ તેમ તે કાંપમાં ઊંડી ને ઊંડી ઉતરતી જતી હતી. બસ આ એક જ રસ્તો પલાયન કરવાને માટે હતો. જો બારીમાંથી ખાઈમાં પડી તે પસાર કરી શકાય તો જ જીવન બચી શકે; નહિતો સોયે વર્ષ થોડી વારમાં ખલાસ!

બારણાંને અમરજીએ અંદરથી સાંકળ વાસેલી જોઇને બહારના મકરાણીઓ ઉશ્કેરાયા. તેઓ હવે બારણું તોડીને પણ અંદર ઘુસવાના નિર્ણયપર આવ્યા. પાંચ–છ પહેલવાન જેવા મકરાણીના એકત્ર બળ સામે આ બારણું કેટલો સમય ટકી રહે? પરંતુ તેઓ એ બારણું તોડતા હતા તે વખતે અમરજી પેલી બારીના સળીઆ કાઢતો હતો. ચાર સળીઆ હતા. તેમાંથી ત્રણ સળીઆ તેણે હચમચાવીને કાઢી નાખ્યા. તે જ વખતે દ્વાર તૂટ્યું અને મકરાણીઓ અંદર આવ્યા.

"અમરજી! તારા ખુદાને યાદ કર! નહિ તો એક જ ઘા ને બે કટકા!" એક બોલ્યો.

પરંતુ અત્યારે અમરજીએ પ્રભુને યાદ કરવાને બદલે પાસે પડેલી ભોગળને યાદ કરી! તેણે તેને ઉપાડી અને ભયંકર જોરથી વીંઝીને મકરાણીઓ તરફ ફેંકી. તે પણ ભોગળની પાછળ શિકારપર તલપ મારતા વાઘની માફક કૂદ્યો. ભોગળના આંચકાથી લથડેલા એક મકરાણીને તેણે કમરમાંથી બે હાથે ઉંચક્યો અને ત્વરાથી બારી

પાસે જઇ તે મકરાણીને બારીમાંથી બહાર પેલી કાંપથી ભરેલી ખાઇમાં ફેંકયો. મકરાણી એ ખાઇમાં અવળા મુખે ખુંચી ગયો. બીજી જ ક્ષણે બીજા મકરાણીઓ અમરજીની લગોલગ આવી પહોંચ્યા. પરંતુ તેમની પરવા કર્યા વગર આ જુવાન એક જ ફલાંગે બારીપર ઊભો અને "જય હાટકેશ" ની બૂમ સાથે તેણે પણ બહાર કૂદકો માર્યો.

તે ત્રીશ હાથની ઉંચાઇએથી બરોબર પેલા કાંપમાં ખૂંચેલા મકરાણી ઉપર જ પડયો. પડતાંની સાથે જ તેણે પોતાનો વજનદાર કાળો ઝભ્ભો શરીરપરથી ઉતારી દૂર ફેંકયો અને તે એક ફલાંગ મારી એ ઝભા ઉપર ગયો અને ત્યાં જતાં જ બીજે કૂદકે "જય અંબે–" "જય હાટકેશ" બોલતો તે સહિસલામત ખાઇને સામે કિનારે ઉતરી ગયો.

બારીમાંથી ઓરડી માંહેના મકરાણીઓ મૂઢની માફક આશ્ચર્યથી વિકસિત નેત્રે આ સાહસિક યુવાનની સામે જોઇ રહ્યા. તે સામે કિનારે સુરક્ષિત રીતે પહોંચી પોતાની સામે જાણે હસતો હોય એમ તેમને લાગ્યું. તેમના માંહેના એક મકરાણીએ જામગ્રી ચેતાવી બંદૂક નોંધી, પરંતુ ગોળીબ્હાર ખાલી ગયો. મકરાણીઓ નિરાશાથી ઉત્પન્ન થયેલી ઘેલછાને વશ થયા હોય તેમ મૂઠી ઉગામવા અને દાંત કચડવા લગ્યા. અમરજી હસતો હસતો એક મોટી કુરનસ બજાવીને ત્યાંથી ચાલતો થયો.

મકરાણીઓનું વેર વસુલ ન થયું અને પ્રેમજી ઠક્કરે પોતાની સુરક્ષિતતા માટે ઉપરકોટના કિલ્લામાં રાખેલો હામી પલાયન કરી ગયો! તેની પાછળ પડવું પણ નિરર્થક હતું, કારણકે મકરાણીઓ સીધા રસ્તે આ સ્થળે પહોંચે તે પહેલાં તો અમરજી જુનાગઢના દરવાજામાંયે દાખલ થઈ ગયો હોય. તેઓ ભવિષ્યમાં વળી કોઇ વખત વેર વાળવાની ખોટી આશાને ધારણ કરતા ઓરડીમાંથી બહાર નિકળ્યા.

પ્રકરણ ૨૫ મું.

સમાધાન.

અમરજીને આ સાહસમાં ઇજા થઈ જ ન હતી એમ કાંઇ ન હતું. તેના ડાબા પગને સ્હેજ મચક લાગી હતી. વળી પેલા મકરાણીઓ પોતાની પાછળ કદાચ આવશે એવી પણ તેને ભીતિ હતી, એટલે તે ખોડંગતો ખોડંગતો ઝાડવાંની ઓથે લપાતો છૂપાતો જે ઝાડીમાં તેણે પોતાના અશ્વને છૂપાવ્યો હતો ત્યાં આવી પહોંચ્યો. ઘોડા ઉપર સવાર થઈને તેણે જુનાગઢનો માર્ગ લીધો.

ઘોડો પણ જાણે ભયને સમજતો હોય તેમ તે પોતાની પીઠ-પર બેઠેલા સવારને લઈ વાયુવેગે દોડવા લાગ્યો. વાઘેશ્વરીનો દરવાજો વટાવી, દરબારગઢ પાસે આવી, તે બક્ષીજીની હવેલી તરફ ધસવા લાગ્યો. હવેલી પાસે આવી પહોંચ્યો. ત્યાં કશો વિશિષ્ટ પ્રકાર અમરજીના જોવામાં આવ્યો નહિ. હવેલીમાં દાખલ થઇ, ઘોડાને તેના સ્થાનકે બાંધી એક નોકરને તેને ઘાસચંદી આપવાનું કહી અમરજી બક્ષીજીના દિવાનખાના તરફ ગયો. દિવાનખાનાની બહાર એક પહેરેગીર આમ તેમ લટાર મારતો હતો. તેની સાથે અંદર વરધી મોકલાવી. અંદરથી મંજુરી આવતાં અમરજી દિવાનખાનામાં દાખલ થયો.

દિવાનખાનામાં હિંડોળાપર બક્ષી તથા પ્રેમજી બન્ને બેઠા હતા. આ બન્ને હરિફને એક સાથે હિંડોળાપર હિંચતા જોઈને અમરજીના મનમાં એકી સાથે અનેક કલ્પના-તરંગ ઉછળવા લાગ્યા. 'અમરજી આવેલ છે' એવા પહેરેગીરના મુખમાંથી નિકળેલા શબ્દો સાંભળીને જ પ્રેમજી હેબતાઇ ગયો હતો. તે અમરજીને નજરે જોતાં વિશેષ સ્તબ્ધ બની ગયો. પરંતુ તે કશુંયે બોલ્યો નહિ. અમરજી તેની સામે જોઈને મીઠું હસતો હતો. બક્ષી દોલતરાય અત્યારે ખુશ મિજાજમાં લાગતા હતા. તેમણે અમરજીને જોઇને કહ્યું-

"અમરજી! તું આટલી વાર ક્યાં રોકાયો હતો? પણ કાંઈ નહિ, તેં તારી ફરજ બરોબર બજાવી છે. પ્રેમજી ઠક્કર તારી સૂચનાથી અહીં મારા ઉપર વિશ્વાસ રાખીને આવ્યા. એટલે અમારાં દિલ બરાબર ખુલ્યાં અને એકબીજાના મનનું સમાધાન થઇ ગયું. પ્રેમજી ઠક્કરે રાજકોટમાં તારું સ્વાગત તો કર્યું હશે, છતાં તને ભૂખ લાગી

હશે. જા, મારે ત્યાં જ જમી લે. પછી તને એક બીજું કાર્ય સોંપવું છે."

"બહુ સારૂં." અમરજીએ ટુંકો જવાબ આપ્યો. તેણે ઉપરકોટમાં પ્રેમજી ઠક્કરે પોતાને હામી તરીક કેદ રાખ્યો હતો એ વાર્તા અત્યારના આનંદના પ્રસંગે જણાવવાનું યોગ્ય ધાર્યું નહિ, વળી તેમાં પોતાના ઉપર આવેલી આપત્તિમાંથી છૂટકારો મેળવવાને લગતી ઘટના પોતાના મુખે જણાવવામાં આત્મશ્લાઘાની ભીતિ હતી. એટલે એ વિષે તદ્દન મૌન્ય ધારણ કરવામાં જ પોતાની યોગ્યતા જોઇ.

પ્રેમજી ઠક્કર પણ તેના આ મૌન્યથી તેનાપર મનમાં ખુશ થયો, કારણકે પોતે બક્ષીની પાસે આવતાં પોતાની સુરક્ષિતતા માટે અમરજીને હામી તરીકે ઉપરકોટમાં પૂરી રાખ્યો હતો એવું બક્ષીના જાણવામાં આવવાથી પોતાને બક્ષીના ઉપર પૂરો વિશ્વાસ નહિ હોવાની તેમને અત્યારે સમાધાનીના જ પ્રસંગે આશંકા ઉદ્‌ભવે તે ઠીક નહિ એમ પ્રેમજીને લાગતું હતું.

અમરજી જતો હતો તે વખતે બક્ષીએ તેને કહ્યું: "જમાદાર મહમદશાહને મોકલજે."

"જી!" કહીને અમરજી ગયો અને એ પળમાં મહમદશાહ દિવાનખાનામાં આવ્યો.

"જમાદાર!" દોલતરાયે કહ્યું: "આપણી અને પ્રેમજી ભા વચ્ચે હવે કશોયે મતભેદ રહ્યો નથી. આપણા ઉપર પરદેશીઓ ચડી આવ્યા એથી એક રીતે લાભ જ થયો છે, કારણકે તે વગર આટલી સરલતાથી સમાધાની ન થાત. હવે સાહિબાબાનુની સંભાળ આપણે રાખવાની જરૂર નથી. પરંતુ સમાધાનીની વિગત હું તમને જણાવું: સુલતાન બીબીને આપણે છૂટાં કરવાં અને બાંટવા, શાહપુર, રાણપુર તથા વેરાવળ તેમને આપવાં. નવાબ સાહેબને તેઓ મુક્ત કરે તથા જુનાગઢના ધણી તે પોતે. હવે તમે કરો તૈયારી."

"અમે સહુ તો તૈયાર જ છીએ. માત્ર આપની આજ્ઞાની જ વાર છે." મહમદશાહે જવાબ આપ્યો.

"બહુ સારૂં, ત્યારે હવે તમે અત્યારથી જ દારૂગોળો વગેરે સરંજામ અને અનાજની ગુણો એકઠી કરાય તેટલી કરીને ઉપરકોટપર પહોંચતી કરો કારણકે પ્રેમજી ઠક્કર સાથે મારે થયેલી વાતો ઉપરથી મને એમ લાગે છે કે આપણે જુનાગઢમાં રહીને તેમો

બચાવ કરી શકીએ તેમ નથી; એટલે આપણે પણ ઉપરકોટપર ચાલ્યા જવું. પાછળથી જેવો વખત આવશે તે પ્રમાણે વર્તીશું. હાલ તુરત સામા થવા કરતાં પૂરી તૈયારી કરીને જ મેદાનમાં ઉતરવું તે વિશેષ સલાહકારક છે." બક્ષીજીએ સૂચના કરી.

"જેવી આજ્ઞા." એમ કહીને મહમદશાહ ઉઠયો અને તે બક્ષીજીની સૂચના અમલમાં મૂકવાના કામે લાગ્યો.

બક્ષીજી કેટલોક સમય વિચારગ્રસ્ત સ્થિતિમાં બેસી રહ્યા. પ્રેમજી ઠક્કર સાથેની વાતચીતમાંથી એક મુદ્દાની હકીકત તેમના જાણવામાં આવી ગઈ હતી. તેનો નિકાલ તાબડતોબ કરવાની જરૂર હતી. તે કાર્યને માટે અમરજીને યોજવાનો તેમનો ઇરાદો હતો. અમરજી પોતાના ચાતુર્ય અને વ્યક્તિત્વની છાપ તેમના ઉપર પાડી શક્યો હતો, એટલે બક્ષીજીનો તેના ઉપરનો વિશ્વાસ અધિકાધિક વૃદ્ધિંગત થતો જતો હતો.

તેમણે અમરજીને બોલાવવા પહેરેગીરને આજ્ઞા કરી. બે-ચાર પળ પછી અમરજી તેમની પાસે આવી પહોંચ્યો. તેને જોઇને બક્ષીજી બોલ્યા: "આવ, અમરજી ! આ ગાદીપર બેસ."

પોતાની સન્મુખ ગાદી ઉપર બેસવાનું માન બક્ષીજી થોડાને જ આપતા. એ માન પોતાને મળેલું જોઇ અમરજીનું અંતર સ્વાભાવિક રીતે જ પુલકિત બન્યું. તેણે વિનમ્ર ભાવે કહ્યું: "બક્ષીજી ! ફરમાવો-શી આજ્ઞા છે ?"

"તેં એક કાર્ય બરાબર રીતે પાર પાડ્યું છે. હવે તને એથી પણ વિશેષ કપરૂં એક બીજું કામ સોંપવાનું છે, પરંતુ પ્રેમજી ઠક્કર તારા કહેવાથી એકદમ માની ગયો ? અને મને મળવાને અહીં આવતાં કદાચ પોતાની પણ મુલતાન બીબીના જેવી દશા થશે એવી તેને ભીતિ ન લાગી ?"

"અત્યારના સંયોગો જોતાં એવી ભીતિ લાગવાનું કારણ ન હતું." અમરજીએ કહ્યું: "તથાપિ પ્રેમજી ઠક્કર જેવો મનુષ્ય કોઇનો પણ વિશ્વાસ તો ન જ કરે એટલે અહીં આવતાં પહેલાં તેણે મને હામી તરીકે ઉપરકોટની એક કોટડીમાં પરહેજ કર્યો હતો."

"એમ ! ત્યારે તું ત્યાં પ્રેમજી ઠક્કર પહોંચીને તને ખુલ્લો કરે તે પહેલાં અહીં કેવી રીતે આવી શક્યો ?" બક્ષીજીએ પ્રશ્ન કર્યો.

અમરજીએ આ પ્રશ્નના ઉત્તરમાં પોતાના [illegible]

હેવાલ ટુંકામાં રજુ કર્યો. બક્ષીજીએ તેની આવી સહાસિકતા જાણીને પોતાની નાગર જ્ઞાતિનો અમરજી જેવો આવા સમયે પોતાને સાંપડવા માટે મનમાં ને મનમાં હાટકેશ્વરનો આભાર માન્યો. પછી તેમણે કહ્યું: "અમરજી! તારા સાહસની હું જરૂર પ્રશંસા કરૂં છું, પરંતુ જો તું સ્હેજ ચૂકયો હોત તો પેલી કાંપની ખાઇમાં ખુંચી ગયો હોત અને ઉપરથી મકરાણીઓની ગોળીઓએ તને વીંધી નાખ્યો હોત. માટે મારી તને એટલી સલાહ છે કે કોઇ પણ કાર્ય કરતાં પહેલાં શક્યાશક્યતાનો પૂરો વિચાર કરવો. આ પ્રસંગમાં તારી સહાસિકતા અદ્‌ભુત છે, પરંતુ તેમાંથી તું સલામત રીતે પાર ઉતર્યો તે માટે ખરી રીતે તો આપણે શ્રી હાટકેશ્વરનો જ આભાર માનવો જોઇએ."

અમરજીને પણ બક્ષીજીના આ સૂચનની યોગ્યતા સમજાઇ. તેણે કહ્યું: "આપની આજ્ઞા હું શિરોમાન્ય ગણીને તેનો આભારપૂર્વક સ્વીકાર કરૂં છું. હું કબૂલ કરૂં છું કે હું હજી આવાં કાર્યોમાં બાળક છું, બીનઅનુભવી છું, એટલે આપ સમા મુરબ્બીની સલાહ અને આજ્ઞા પ્રમાણે જ હું સદાય વર્તીશ."

"બહુ સારૂં, હવે તારે બીજા કામ માટે અત્યારે જ રવાના થવાનું છે. વખત ઘણો થઇ ગયો છે એટલે જો ઢીલ થાય તો કદાચ બાજી કથળી જાય. સાંભળ, પ્રેમજી ઠક્કર સાથે મારે થયેલી વાતચીત ઉપરથી મારા જાણવામાં એવી હકીકત આવી છે કે સાહિબાબાનુની સૂચનાથી નથુ નાયક ગુજરાતના સુબા તથા મરેઠાઓની મદદને માટે ગયો છે. તે ત્યાંથી જવાબ લઇ આવીને નવાગઢમાં રોકાવાનો છે. એ લેખિત જવાબ તેની પાસેથી મેળવવાને માટે જમાદાર સાલમીને નવાગઢમાં તેને મળવું એ પ્રમાણે નક્કી કરવામાં આવ્યું છે. માટે તું બની શકે તેટલી ત્વરાથી નવાગઢ જા અને કોઇ પણ યુક્તિ, પ્રયુક્તિ કે છેવટે બળાત્કારથી પણ સુબાનો રૂક્કો હસ્તગત કરીને ઉપરકોટપર આવી પહોંચજે. હું અહીંથી બધા આરબોની સાથે ઉપરકોટપર જવાનો છું."

"બીજું કાંઇ વિશેષ ફરમાન છે?"

"ના, એટલું કાર્ય શીઘ્રતાથી કરીને ત્વરાથી પાછો આવી પહોંચ. જા ફતેહ કર." બક્ષીજીએ આશીર્વાદ આપ્યો.

અમરજી નમન કરીને ચાલ્યો ગયો. તે એક [illegible]

સિવાય એક તાજા તથા મજબૂત અશ્વપર સવાર થઇ, આવશ્યક શસ્ત્રો ધારણ કરીને જુનાગઢની બહાર નીકળી ગયો.

એ આખો દિવસ અને આખી રાત્રિ બક્ષીજીના આરબોએ પુષ્કળ કામ કર્યું હતું. અહીંથી બક્ષીજી તમામ સરંજામ તપાસતા, યાદ કરતા, કેટલો સમય ઉપરકોટ પર રહેવું પડશે તેનો દીર્ઘદૃષ્ટિપૂર્વક વિચાર કરતા અને પછી એકઠો કરેલો સરંજામ ઉપરકોટપર મોકલી આપતા હતા, જ્યાં પ્રેમજી ઠક્કર તેને સુવ્યવસ્થિત રીતે ગોઠવાવતો હતો. હવે બક્ષીજી અને પ્રેમજી ઠક્કરના દિલની જુદાઇ નષ્ટ થઇ ગઇ હતી. બન્ને મુત્સદ્દીઓનાં હૃદય ખૂલ્યાં હતાં. એકબીજાને પરસ્પર લેશ પણ અણવિશ્વાસ રહ્યો ન હતો.

બીજે દિવસે પરોઢમાં જ્યારે સૂર્ય ભગવાને કોર કાઢીને ઉપરકોટના કિલ્લાને સોનેરી કિરણોથી રંગી દીધો તે વખતે એ અભંગ પહાડી કિલ્લો દારૂગોળો, અનાજ, ઘાસચારો વગેરે સરંજામ તથા માલિકને ખાતર પ્રાણાર્પણ કરતાં પાછું વાળી ન જૂએ તેવા આરબ અને મકરાણી યોદ્ધાઓથી ઠાંસી ઠાંસીને ભરાઈ ગયો હતો. એ રીતે કરેલી બાર મહિનાના ખાંડવખેલની વિનાશક જોગવાઇ ઉપર બક્ષીજી અને પ્રેમજી ઠક્કર આત્મસંતોષથી જોઈ રહ્યા.

ઉપરકોટમાં બક્ષીજીએ નવાબ મહોબતખાનની મુલાકાત લીધી. એ બાર વર્ષનો ગભરૂ બાળક બક્ષીજીને જોઇને રડી પડ્યો. મડાગાંઠની ચોક્કસાઈથી બક્ષીજીને ગળે બાઝી પડેલો એ બાબી કુળનો બાળક નબીરો છાતીફાટ રડતો, પોતાના બક્ષી કાકાને અહીંથી પોતાને જુનાગઢ લઇ જવાને માટે વિનવવા લાગ્યો. બક્ષીજીએ એ બાદશાહી બાળકને છાતી સરસો ચાંપ્યો અને પોતાના હૈયા સાથે દબાવેલા એ બાળકના ભુરા વાળવાળા અને અત્યારે તાજ વગરના પણ પ્રતાપી મસ્તકપર પોતાનો ધ્રૂજતો હસ્ત ફેરવ્યો. તેમનાં નેત્રોમાં પણ અશ્રુ ઉભરાઈ આવવાથી થોડી વાર તો તે બોલી પણ શક્યા નહિ.

કેટલીક વારે તેમના મુખમાંથી માત્ર "મારા માલિક! મારા નવાબ!" એટલા જ શબ્દો નિકળ્યા. આંખમાં ઉભરાતાં અશ્રુને ખાળવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો અને તેમણે બાળક મહોબતખાનના મસ્તકને પોતે હલાલ કરેલા નિમકનાં ખારાં અશ્રુથી ભીંજવી દીધું.

આ દૃશ્ય એક સેવક અને માલિકની શિષ્ટાચારપૂર્ણ મુલાકાતનું

નહિ પણ અતિ દીર્ઘકાળના વિયોગથી વ્યાકુળ બનેલા પિતા-પુત્રની પ્રેમાળ ભેટ સમું લાગતું હતું. કેટલાક સમય પર્યંત તેઓ એક બીજાને દબાવી, આત્મભાન ભૂલેલા હૈયાસુના જેવા બની રહ્યા. દૂર ઊભેલો જમાદાર મહમદશાહ પોતાનાં અશ્રુભીનાં વૃદ્ધ નેત્રોને આ દૃશ્યથી સંતુષ્ટ બનાવી રહ્યો હતો તે હવે નજીક આવ્યો-વ્હાલભરી ધીમાશથી, માનભર્યા વિવેકથી નજીક આવ્યો અને ધીમેથી તેણે નવાબના કોમલ હસ્તને પોતાના ખડબચડા અને કસાયલા વૃદ્ધ હસ્તમાં લીધો. તે હસ્તને પોતાની આંખોનો સ્પર્શ કરાવતો મહમદશાહ બોલ્યોઃ "બક્ષીજી! બક્ષીજી!"

બક્ષીજી આ જાગૃત સ્વપ્નમાંથી ચોંકયા અને બોલ્યાઃ "કેમ, જમાદાર!"

"હવે બસ થયા કરો! નવાબ સાહેબને પણ સમતા આપો! હજી આપણે બીજાં ઘણાં કામ કરવાનાં છે."

"શું?"

"એક તો હજુરને તખ્તનશીન કરવાનું અને મકરાણીઓ તથા આરબો વચ્ચે ઉપસ્થિત થયેલ વૈરની લાગણીને ભુંસી નાખવાનું. જો તેમની વચ્ચે સમાધાની નહિ થાય તો પરદેશીઓ સામે કિલ્લો શી રીતે ટકી શકશે?" મહમદશાહ જમાદારે વિનયપૂર્વક જણાવ્યું.

"હા, એ તમે ઠીક યાદ આપ્યું! ચાલો." બક્ષીજી નવાબ સાહેબને છોડી દઇને જવાને માટે તત્પર થયા.

મહમદશાહ નવાબ પાસે ગયો અને તેમને પોતાના બાહુમાં ઉપાડતો બોલ્યોઃ "આવો મારા અન્નદાતા! હું હવે તો ઘરડો થયો છું. પરંતુ ઘરડો તોય આપનો તો તાબેદાર! આપને ન્હાનપણમાં બહુ ખેલ ખેલાવ્યા છે, મારા માલિક!"

"મહમદ! મહમદ!" કરતો આ બાળક નવાબ આનંદથી થનથની ઉઠ્યો. બધા જ્યાં સુલતાનબીબી અને પ્રેમજી ઠક્કર હતાં ત્યાં ગયા.

સુલતાનબીબી અને પ્રેમજી ઠક્કરની મુલાકાત પણ એટલી જ કરૂણ હતી. પરંતુ આ મુલાકાતમાં આનંદ કે ઉલ્લાસ ન હતો, કારણકે તેમણે રાખેલી સર્વ આશાઓ હણાઈ ગઇ હતી. અત્યારે તેમને માટે તો સર્વત્ર નિરાશા જ છવાઈ રહી હતી.

નવાબ મહોબતખાન પોતાની ફોઇને જોઇને હર્ષઘેલો બની

ગયો અને જમાદાર મહમદશાહના બાહુમાંથી છૂટો થઈ દોડતો સુલતાન બીબીની ગોદમાં છૂપાઈ ગયો. સુલતાન બીબીએ પણ વ્હાલ-પૂર્વક તેના કોમળ કપોલપ્રદેશને ચુમ્બનોથી ભીંજવી દીધો. આ બિચારો બાળક અથવા તો ભાગ્યશાળી બાળક સુલતાન બીબીના કારસ્થાનથી બિલકુલ માહિતગાર ન હતો. કોઈએ તેને માહિતગાર બનાવવાની જરૂર પણ જોઇ નહિ.

આ રીતે, વિખુટા પડેલા સંબંધીઓ અને અસંબંધીઓનાં સેવકો વચ્ચેની ખટપટનો અત્યારે તો અંત આવી ગયેલો લાગ્યો અને એ પ્રભાતે ઉપરકોટમાં તેઓ એકત્ર થઈ ગયાં. તે જ વખતે દૂરથી ઉડતી ખેપટની વચ્ચે પંદર હજારની ફોજનાં ભાલા ઉપર સૂર્યનાં કિરણો ચમકવા લાગ્યાં. મહાસાગર ઉપર સૂર્ય તપતો હોય એવા ચળકાટથી આવેશભર્યા પરદેશીઓના ઘોડાઓના ડાબલા નજીક ને નજીક ગાજવા લાગ્યા. ઉપરકોટના અભંગ કિલ્લાની રાંગ ઉપરથી બક્ષી દોલતરાય અને પ્રેમજી ઠક્કર એ પરદેશીઓના ધરતી ધ્રૂજાવતા કટકને મીટ માંડીને એકી ટસે જોઇ રહ્યા !

પ્રકરણ ૨૬ મું.

વફાદારીનાં મૂલ્ય !

દૂર દૂર જણાતી આછા ડુંગરાઓની લાંબી ને લાંબી ધાર વીંધીને પ્રુલ્લધારે ભેંકાર ભાદરનાં નીર ઉતાવળે વહ્યાં જાય છે. એના ભોંત-ળમાં સમાયેલી કાળી પડછંદ શિલાઓ સાથે પછડાતી, વિફરેલો સાવજ પોતાની કેશવાળી ધ્રૂજાવતો ગર્જે તે પ્રમાણે ગાજતી અને સાથે આસપાસનાં નાળીયેરીનાં વનને ગજાવતી, બન્ને બાજુની ઉંચી ભેખ-ડોને થથરાવતી ભાદરના પાણીના પડઘા "માર માર !" નો અવાજ સુણાવે છે ! કાંઠે વસનારા માનવ પ્રાણીઓનાં હૈયાંમાં પણ પડઘા ઉઠે છે કે "માર-માર-માર !" લગભગ એ તમામ માનવ પ્રાણીઓ હૃદયના બધાય ભીના ભાવોને દબાવી, મારતાં કે મરીને માર્ગ કર-નારાં થયાં છે, રહ્યાં છે !

સોરઠના કઠોર, પ્રતાપી અને ઉગ્ર શૌર્યની પ્રતિમા સમી, એ સોરઠના સીમાડાને સાંધતી સફેદ પટી સમી નીલી ભાદરને કિનારે નવાગઢ ગામ વસેલું છે. આ નવાગઢને પાધર એક ધર્મશાળા છે.

એ ધર્મશાળામાં ક્વચિત્ જ કોઇ મુસાફરનું આગમન થાય છે, પરંતુ અત્યારે આ આખાય મુસાફરખાનામાં તેના રક્ષક સિવાય બીજો એક મુસાફર જોવામાં આવે છે. તે મુસાફરખાનાના એક ખંડમાં બેઠો બેઠો નિશ્ચિંત જીવે પાન ચાવતો આપણી દૃષ્ટિએ પડે છે. આ મુસાફર તે આપણો અમરજી એ તો વાચકો સમજી ગયા હશે જ.

થોડી વારસુધી એ સ્થિતિમાં બેસી રહેવાથી તે કંટાળ્યો, એટલે ઊભો થયો અને ઓરડામાંથી બહાર નીકળીને ઓશરીપર ટહેલવા લાગ્યો. એમ કરતાં તેની દૃષ્ટિ દૂર બેઠેલા મુસાફરખાનાના રક્ષક પ્રત્યે ગઇ. એ રક્ષકને જોતાં જ અમરજીના મનમાં અમુક વિચાર ઉદ્ભવ્યો. તે પોતાના ઓરડામાં ગયો અને પેલી પાનની ચીમચીમાં સુડી, કાથાચુનાની ડાબલીઓ તથા પાનવાળું કપડું વિંટાળી તે ચીમચી લઇને રક્ષક પાસે ગયો. ત્યાં રક્ષક તરફના કશાયે આદર-સત્કારની દરકાર વગર તેણે તેની પાસે આસન લગાવ્યું અને ચીમચી કાઢીને પાન બનાવવા લાગ્યો. એક પાન રક્ષકને આપ્યું, બીજું પોતે ખાધું.

આ પ્રમાણે પોતાને પાન આપનારની સાથે કાંઇક વાતચીત કરવી જ જોઇએ એમ લાગવાથી રક્ષકે પ્રશ્ન કર્યો: "કેમ, ભાઇ! કયાંથી આવો છો?"

"હું બહુ આઘેથી આવું છું. મારૂં વતન માંગરોળ." અમરજીએ સરલતાના ભાવપૂર્વક પ્રત્યુત્તર વાળ્યો.

"માંગરોળથી આવો છો? ઠીક ઠીક, આમ કઈ બાજુએ જશો?" રક્ષકે વાર્ત્તાલાપ વધાર્યો.

"ક્યાં જાવું એ તો કાંઇ નક્કી કર્યું નથી, પરન્તુ જ્યાં આપણી કદર થાય અને પાંચ પૈસાની પ્રાપ્તિ થાય એવા સ્થળે જવાનો વિચાર રાખ્યો છે." અમરજીએ જણાવ્યું.

"તમારી કદર કરે એવા તો ગોંડલના ભા કુંભાજી કે જામનગરના મેરૂભા. બાકી જુનાગઢ કદર કરે એવું ખરૂં. પણ હમણાં ત્યાંનો મામલો વિફરેલો છે." રક્ષકે કહ્યું.

"હા, તમારી વાત તદ્દન સાચી છે. જુનાગઢમાં અત્યારે મારા જેવાનો ધડો થાય એવું લાગતું નથી. પણ હાં, ઠીક યાદ આવ્યું. તમે જુનાગઢનું નામ લીધું એ ઉપરથી મને એક મારો ભાઇબંધ યાદ આવ્યો છે. તેણે ને મેં એવો સંકેત કરેલો કે અમારે બન્નેએ અહીં નવાગઢના મુસાફરખાનામાં મળવું. એ છે જુનાગઢનો અને

હું છું આંગરોળનો; પણ એ જુનાગઢથી તેના ઘરકામે બહારગામ ગયેલો તે એને ઘેર કહેતો ગયેલો કે હું જો આંગરોળથી જુનાગઢ આવું તો મને અહીં નવાગઢ આવીને તેની રાહ જોવાનું કહેવું, તો આપને પૂછવાનું કે એવો કોઇ મુસાફર આજ કાલમાં અહીં આવ્યો છે કિંવા આવ્યો હતો ખરો ? "

" એ તમારો ભાઇબંધ કેવો છે ? " રક્ષકે પ્રશ્ન કર્યો.

" મારા કરતાં સ્હેજ ઉંચો, બાકી શરીરમાં માગ જેવો, જોકે સ્હેજ ભીનેવાન ખરો. પાસે હથિયારો રાખે છે. " અમરજીએ જવાબ આપ્યો.

" અહીં એવો તો કોઇ આવ્યો હોય એમ લગતું નથી, પણ રહો–હા–અરે ના ના–એ તો ન હોય. " રક્ષકે જણાવ્યું.

" એટલે ? કોણ નહિ હોય ? શું અત્યારે આ મુસાફરખાનામાં મારા સિવાય બીજો કોઇ મુસાફર છે ? " અમરજી જાણે પોતાના મિત્રને મળવાને માટે અધીરો બની ગયો હોય તેવા ભાવપૂર્વક બોલ્યો.

" હા, એક છે ખરો. પણ રજપૂત જેવો લાગે છે. ક્યાંથી આવે છે ને ક્યાં જવું છે તે કહેતો નથી. બિચારો અહીં આવ્યો તે રાત્રિથી જ માંદો પડી ગયો છે. બે દિવસથી તો કાંઇ ખાતો પીતો હોય એવું ય લાગતું નથી. " રક્ષકે લાગણીપૂર્વક કહ્યું.

" એમ ! એટલો બધો માંદો છે ? પણ એ છે ક્યાં ? કયા ઓરડામાં તેને રાખ્યો છે ? " અમરજીનું હેયું ધબકવા લાગ્યું.

" સામે પેલા ખૂણામાં છેલ્લો ઓરડો છે તેમાં એણે ઉતારો કર્યો છે પરંતુ એ તમારો ભાઇબંધ નહિ હોય, કોઇ બીજો હશે, કારણકે આ તો કોઇ કાંટીયા વર્ણનો લાગે છે અને તમે તો ગોર મહારાજ લાગો છો. "

" હા. ભાઇ ! અમે છીએ તો બ્રાહ્મણ; પણ બધાય બ્રાહ્મણ ગોરપદું જ કરે એવો કાંઇ નિયમ નથી. અમે બ્રાહ્મણ તો હોલશૂરા કહેવાઇએ, કારણકે વાણીયા કલમે શૂરા, રજપૂત બરછીએ અને ખવાસડા કડછીએ શૂરા, જ્યારે અમે બ્રાહ્મણભાઇ તો કલમ, કડછી ને બરછી ત્રણેમાં પૂરા ! સમજ્યા ને ? એટલે કાંટીયા વરણની સાથે અમારે ભાઇબંધી ન હોય એમ માનવાનું કશુંયે કારણ નથી. મને લાગે છે કે કદાચ એ જ મારો મિત્ર હશે અને મારી રાહ જોતો અહીં રોકાયો હશે, તેમાં વળી બિચારો માંદો પડી ગયો હશે માટે મારે તેની તપાસ કરવી જોઈએ. કદાચ મારો મિત્ર નહિ ને બીજો કોઇ

હશે તો એક માંદા મનુષ્યની સેવા કરવાનું પુણ્ય થશે.” એમ કહીને અમરજી ત્યાંથી ઉઠયો.

તેણે જે ખંડમાં ઉતારો કર્યો હતો ત્યાં તે આવ્યો. પાનની ચીમચી અંદર મૂકી દીધી. પોતાની તલવાર ઉપાડી અને પછી બહાર નીકળી, દ્વાર બંધ કરીને સામી બાજુએ ખૂણામાં આવેલા ઓરડામાં જ્યાં પેલો માંદો મનુષ્ય પડયો હતો ત્યાં ગયો. એ ઓરડાનું દ્વાર બંધ હતું. તેણે બારણાની તડમાંથી અંદર દૃષ્ટિ કરી તો એક મનુષ્ય અંદર બિછાના ઉપર લંબાયલો જોયો. એ મનુષ્ય બીજો કોઇ નહિ પણ પોતે જેને માટે આવેલો તે પોતાનો જૂનો પરિચીત, જેણે જુનાગઢમાં પ્રવેશ કરતી વખતે પોતાનું અપમાન કરેલું તે નથુ નાયક જ હતો.

તેણે દ્વારને ધક્કો માર્યો. દ્વાર અંદરથી બંધ હતું. તેના ધક્કાથી થયેલા અવાજને લીધે નથુ નાયક બિછાનાપર બેઠો થઇને બોલ્યોઃ “બહાર કોણ છે?”

“એ તો હું! બારણું ખોલો!”

નથુ નાયક અવાજ પિછાની શક્યો નહિ. તે ક્ષણવાર દ્વાર સામે જોઈ રહ્યો, પછી ઉઠયો. તેણે અંદરની સાંકળ ખોલી. બીજી જ ક્ષણે બહારથી પડેલી અમરજીની લાતથી દ્વાર ખૂલ્યું અને અમરજી અંદર દાખલ થયો. તેણે દ્વાર પુનઃ બંધ કરી દીધું.

નથુ નાયક આ અપરિચીત યુવકને જોઇને આશ્ચર્યથી સ્તબ્ધ બની ગયો. તેણે ધાર્યું હતું કે અહીં સાહિબાખાનુ તરફનો કોઇ મનુષ્ય જ પોતાને મળવાને આવેલો હોવો જોઇએ. સાલમીન આવી શકે એમ નહિ હોવાથી કોઈ બીજાને મોકલ્યો હશે, પરંતુ તેને બદલે તો આ કોઇ બીજો જ જણાયો! નથુ નાયકે અમરજીને જુનાગઢમાં એકાદ-બે વાર જોયો હશે. પણ ઘણો સમય થવાથી તેને તેનું સ્મરણ રહ્યું ન હતું. તેણે પૂછયું: “કેમ રે! તું કોણ છે અને અહીં શામાટે આવ્યો છે?”

“નથવા! મને એટલી વારમાં બિલકુલ ભૂલી ગયો? હું જુનાગઢમાં પહેલવહેલો આવ્યો ત્યારે પેલી લાકડીવડે તેં મારૂં અપમાન કરેલું તેનું સ્મરણ થાય છે ખરૂં? હા, હવે તને યાદ આવ્યું. હું એ અપમાન સહન કરનાર પોતે જ. મારા એ વેરને અત્યારે પૂર્ણ કરવાને માટે અહીં આવ્યો છું.” અમરજીએ પોતાની ઓળખાણ આપી.

"કોણ! તું કોણ છે?—પેલો—"

"હા-હા, હું અમરજી! માંગરોળનો નાગર! સમજ્યોને? પરંતુ આપણે આપણો એ જૂનો હિસાબ ચૂકતે કરી લઈએ તે પહેલાં મારે તને થોડુંક કહેવાનું છે."

"મને કહેવાનું છે! પણ હું હજી તને પિછાની શકતો નથી. તું કહે છે ત્યારે મને યાદ આવે છે કે એક-બે વખત મેં તને જોયો હશે અને કદાચ મેં તારું અપમાન પણ કર્યું હશે; પરંતુ તારે મને એ સિવાય બીજું શું કહેવાનું હોય તે હું સમજી શકતો નથી."

"હું તને કહીશ એટલે સમજાશે. જો સાંભળ! પ્રથમ તો તારી પાસે પેલો ગુજરાતના સુબાનો રૂક્કો છે તે મને આપી દે. ચાલ, ઉતાવળ કર!"

"રૂક્કો! ગુજરાતના સુબાનો? એ વળી તને કોણે કહ્યું?"

"તને ગુજરાતના સુબા પાસે મોકલનાર સાહિબાબાનુએ પોતે જ આ વાર્તા મને જણાવી છે. જમાદાર સાલમીનને તેઓ તારી પાસે મોકલી શકે તેમ નથી, એટલે તે રૂક્કો તારી પાસેથી લઈ આવવાની તેમણે મને આજ્ઞા કરી છે. કેમ, હવે તો સમજાયું ને?"

"ના, હજી હું કશુંય સમજી શકતો નથી. તેમ મારી પાસે ગુજરાતના સુબાનો કે દિલ્હીના બાદશાહનો કોઈનો પણ રૂક્કો છેય નહિ." નથુ નાયકે ઈન્કાર કર્યો.

"નથુ નાયક! મારી પાસે જૂઠું બોલીશ તે કામ આવવાનું નથી. આ અમરજીને હજી તું પૂરો પિછાનતો નથી. તે દિવસે હું ગમ ખાઈ ગયો હતો, કારણકે મારે જુનાગઢમાં દાખલ થઈને મારો હેતુ સિદ્ધ કરવાનો હતો. અત્યારે હું સહન કરવાનો નથી. હજી પણ એક વાર તને હું જણાવું છું કે જો તું મને એ રૂક્કો આપી દઈશ તો હું તને કશું પણ કરીશ નહિ. મારા અંગત વૈરનું વિસ્મરણ કરીશ અને તને જીવતો જવા દઈશ. નહિતો—"

"નહિતો! તું મને શું કરવાનો છે? તું-તું-તારું વેર ભૂલી જઈશ અને મને જીવતો જવા દઈશ!" એમ બોલતો નથુ નાયક ખડખડ હસવા લાગ્યો: "અલ્યા જુવાન! મારા ઉપર એટલી બધી મહેરબાની કરવાની કશી પણ જરૂર નથી." એમ કહીને તેણે તલવાર મિયાનમાંથી બહાર કાઢી અને કહ્યું: "જો, હું તને એક વાત કહી દઉં. આરબની બંદૂક, કાઠીની બરછી અને મકરાણીની તલવાર. અને તેમાં પણ હું તો કહેવાઉં છું નથુ તલવારીઓ! એટલે જો તને

જીવવાની ઈચ્છા હોય તો આ ઘડીએ જ મારી સામેથી ચાલ્યો જા. હું તારા લોહીમાં મારા હાથ બોળવા માગતો નથી. પરંતુ જો તેં મને ખીજવ્યો તો મારા જેવો ભુંડો બીજો કોઇ પણ સમજીશ નહિ. માટે ભલો થઇને આવ્યો એ માર્ગે પાછો ચાલ્યો જા."

અમરજીએ પણ પોતાની તલવારને મિયાનમાંથી ખુલ્લી કરીને કહ્યું: "હું અહીંથી પાછો જઈશ ખરો, પણ રૂક્કો લઇને જ. તે સિવાય એક ડગલું પણ ખસનાર નથી. તું તલવાર વાપરી જાણે છે તો મને પણ તેનું થોડુંઘણું જ્ઞાન તો છે જ."

"બાપુ ! તું હજી બાળક છે અને તારા જેવા બ્રાહ્મણની હત્યા કરવામાં મારૂં શૂરાતન પણ ન ગણાય. સાવજ પોતાના શરીરપર બણબણતી માખીને મારે નહિ પણ ઉડાડી મેલે. તેમ હું પણ તને મારવા નથી ઇચ્છતો. છતાં પણ તારા ભગવાને જ તને ભુલવ્યો હોય તો જેવાં તારાં નસીબ !"

"હવે નકામી વાતો જવા દે. તારા કરતાં મારો વખત વધારે કીમતી છે. કાંતો રૂક્કો કાઢી આપ, નહિતો મરવાને તૈયાર થા. તે સિવાય ત્રીજો માર્ગ તારે માટે નથી." એમ કહીને અમરજી તેની સામે ધસ્યો.

હવે નથુ પણ સાવચેત થયો અને તે પોતાના રક્ષણને માટે તૈયાર થયો. અમરજીએ તલવારના પટ્ટાનું શાસ્ત્ર તદ્દન સ્વતંત્ર રીતે નિપજાવ્યું હતું. તેની સ્થિર મનોવૃત્તિ ઉપર આરબ જમાદાર મહમદશાહે અને કાઠી જમાદાર વજેસંગે પોતાના સકળ જ્ઞાનને ઠાલવી દીધું હતું.

એ વખતે તલવારના પટ્ટા ખેલવાની કુશળતા અત્યારે રંગભૂમિ ઉપર નાટકના ખેલોમાં બતાવવામાં આવે છે તેવા પ્રકારની હતી. જે ખૂબ કૂદકા મારે, ઘડીમાં આગળ આવે ઘડીમાં બાજુએ જાય, પાછળ હઠે, ફુદડી ખાય, મસ્તક ઉપરથી, પગ વચ્ચેથી, ઘડીમાં જમીનપર બેસી જઇને, સૂતાં સૂતાં, હવામાં કૂદકા મારીને. એમ જૂદી જૂદી રીતે તલવાર ફેરવીને ઘા કરી શકે તે કુશળ ગણાતો. જેના કૂદકા જેટલા લાંબા અને ઉંચા, જેની પરિભ્રમણની ગતિ વધારે ઉતાવળી અને જે પ્રમાણમાં અવિશ્રાંત તે વિશેષ કુશળ ગણાતો.

પરંતુ અમરજીએ તલવારના પટ્ટાશાસ્ત્રમાં એક ખાસ સુધારો કર્યો હતો. એ બહુ કૂદકા મારતો નહિ અને ગોળ ચક્કાવો ફરતો નહિ. એની લાંબી અને તીક્ષ્ણ તલવાર એના હસ્તમાં તેના શરીરની આસપાસ જાણે વિજળી રમતી હોય કે પ્રજ્વલિત આગનું ચક્ર

સતત ફર્યા કરતું હોય, તેમ ઝબકતી ચમકતી ફરતી હતી. તે એક જ સ્થળે સ્થિર રહેતો અને તેનો હરિફ જે દિશામાં હોય એ દિશા તરફ માત્ર પોતાનું મુખ જ ફેરવ્યા કરતો હતો. તેનો એક હસ્ત તલવારને ફેરવતો. એ હાથનું કાંડું અને તલવારની મૂઠ સ્થિર રહેલાં લાગતાં. મૂઠ આગળના ભાગથી તલવાર નેતરની માફક વળી જતી સુસવાટા કરતી હતી.

નથુ નાયકે પોતાની હમેશની રીત મુજબ અમરજીપર સામો ધસારો કરતાં તલવાર ફેરવીને તેના પર ઘા કર્યો. પરંતુ અમરજીએ એક પણ ડગલું પાછળ હઠયા સિવાય એ ઘાને રોકી લીધો. એથી નથુ નાયકને પાછા હઠવું પડયું. એક રીતે નહિ ફાવવાથી નથુએ આગળ પાછળ, ડાબી બાજુ, જમણી બાજુ, ઉપરથી, નીચેથી, સીધેથી, આડેથી દરેક રીતે હુમલા કરી જોયા. પરંતુ તે દરેક હલ્લામાં તેને સમ્પૂર્ણ નિષ્ફળતા જ મળી. અમરજીની મુદ્રા આ આખોય સમય શાંત અને હાસ્યપૂર્ણ દેખાતી હતી. તેની સજીવ બનેલી તલવાર ચમકારા મારતી તેની આસપાસ ફરતી હતી.

જ્યારે વસ્તુસ્થિતિ પોતાને સાનુકૂળ ન હોય ત્યારે મનોબળ વિહીન મનુષ્યની આંખોમાં ભયની જે ચમકારી આવે છે તેવી ચમકારી નથુની આંખોમાં દેખાવા લાગી. તેનો નિરર્થક નિવડતો શ્રમ તેની કાયાને ઉત્તરોત્તર થકવતો હતો. હવે આ દ્વંદ્વયુદ્ધનો જલ્દીથી નિવેડો લાવવાનો તેણે નિશ્ચય કર્યો અને પાછળ હઠીને છેવટના ઉપાય તરીકે એક રાક્ષસી કૂદકો મારી અમરજીના મસ્તક ઉપર તલવારનો ભયંકર ઘા તોળ્યો.

પોતાના નિયમ મુજબ અમરજીએ આ ઘાને પોતાની તલવારથી રોકવાને પ્રયત્ન કર્યો નહિ. તે નથુની તલવાર હવામાં ઉંચી થઇ તે જ વખતે સમયસૂચકતાથી એક બાજુએ ખસી ગયો અને નથુના છેલ્લા મરણીયા સામર્થ્યથી તોળાયેલી તલવાર પાછળની પત્થરની દિવાલ સાથે જોરથી અફળાઇ અને તેના હસ્તમાં તલવારના પ્રત્યાઘાતની આગ સમી વેદના ઉત્પન્ન કરનારી ઝણઝણાટી આવી ગઇ. તે જ વખતે તેના પડખામાં કોઇએ જાણે ગરમ પાણી રેડયું હોય તેવી ગરમાગરમ ઠંડક તેને લાગી. એથી તેની દૃષ્ટિ સ્વાભાવિક રીતે જ એ તરફ ગઇ તો અમરજીની તલવાર તેના પડખામાં ખૂંચી ગયેલી તેના જોવામાં આવી. એ ઘામાંથી લોહી ધડધડાટ વહેવા લાગ્યું.

એ દૃશ્ય નથુને માટે અસહ્ય થઇ પડ્યું. તેણે એક કારમી ચીસ નાખી. જેટલું તેને જખમનું દર્દ થતું હતું એ કરતાં યે અધિક ભીતિ તેને મૃત્યુના આગમનની હતી. તે મોતની સાથે ખેલતો હતો, પરંતુ મોતને સત્કારવાને તૈયાર ન હતો. એટલે તેના નેત્રો સામે લીલાંપીળાં અજવાળાં હવામાં નાચતાં દેખાયાં. તેના મુખમાંથી લોહીનો કોગળો નીકળી પડ્યો અને "યા ખુદા!" કરતો તે જમીનપર તૂટી પડ્યો અને તત્કાળ બેભાન બની ગયો.

તે લોહીના ખાબોચીયામાં કેટલો સમય મૂર્છિત અવસ્થામાં પડ્યાં રહ્યો હશે તેનું તેને જરીયે ભાન કે જ્ઞાન રહ્યું ન હતું, પરંતુ કેટલીક વારે તેની બુઝાતી જીવનજ્યોતિ એક છેલ્લો પ્રકાશ નાખતી તેનાં નેત્રોમાં થોડા સમયને માટે જળહળી ઉઠી. તે સમયે તેના પ્રાણના બુઝાતા દીપકના ઉજળા અંધકારમાં લાલપીળા તારાઓના ચક્રની વચ્ચે કોઇ દૈવી ફિરસ્તા સમો, જાણે આ દુનિયા ઉપરની પોતાની અંતિમ ઘડી સાચવવાને આવી ચડ્યો હોય તેવો જમાદાર સાલમીન તેની પડખે ધુંટણભર બેઠેલો તેના જોવામાં આવ્યો.

જમાદાર સાલમીન દૃષ્ટિએ પડતાં તેનામાં કાંઇક નવીન ચૈતન્ય પ્રકટ્યું. તેના અનંત આત્માનું આ દુનિયાપરનું છેલ્લી વારનું સામર્થ્ય તેના દુઃખથી પીડાતા શરીરપર અજમાવીને તે અર્ધો બેઠો થયો.

તે અચકાતો અચકાતો બોલ્યો: "સાલમીન! જમાદાર! મારો કાળ મને પહોંચી ગયો છે! ભાઇ! તું આવ્યો તો ખરો, પણ જરીક મોડો આવ્યો!"

"નથુ! નથુ! દોસ્ત! એવો કોણ વૈરી જાગ્યો કે જેણે તારા ઉપર વગર કારણે આવો જૂલ્મ વરસાવ્યો?" સાલમીને સવાલ કર્યો.

"પહેલી વેરણ થઇ મારી વફાદારી અને બીજો વેરી થયો પેલો અમરજી! દૌલતરાય બક્ષીનો માણસ. તું એને ઓળખતો હશે."

"હા-હા, હું એને પૂરેપૂરો ઓળખું છું. એણે જ આપણી બાજી ઉંધી વાળી નાખી. એણે જ સાહિબાબાનુને પરહેજ કર્યાં, તેને લીધે જ મુજફરખાનને જુનાગઢનો ત્યાગ કરીને પલાયન કરી જવું પડ્યું. જ્યાં હોય ત્યાં તે આગળનો આગળ!" સાલમીન નિઃશ્વાસ નાખીને બોલ્યો.

"શું! સાહિબાબાનુ પરહેજ થયાં? ક્યારે અને કેવી રીતે? અને તેઓ હાલમાં ક્યાં છે?" નથુ નાયકે પૂછ્યું.

"એ બધી વાત બહુ લાંબી છે પરંતુ હાલમાં તેઓ મુક્ત થયાં છે અને તેમને મુક્તિ મળતાં તેમની સૂચનાથી જ હું તારી પાસે પેલો રૂક્કો લેવા આવ્યો છું. લાવ, દોસ્ત ! એ રૂક્કો તો સલામત છે ને ?"

"હું શુદ્ધિમાં હતો ત્યાંસુધી તે સલામત હતો, પરંતુ હવે છે કે નહિ એ તું જ તપાસી લે. જો મારા બિછાનાની વચ્ચે પડ્યો હશે. ત્યાં તપાસ એટલે જો અમરજી લઈ નહિ ગયો હોય તો મળી આવશે. તે એ રૂક્કો લેવાને માટે જ અહીં આવ્યો હતો અને મેં તેને રૂક્કો ન આપ્યો તેથી જ તેણે મને ઘાયલ કર્યો. સાહિબાબાનુના કહેવાથી હું એ રૂક્કો લાવી અહીં કેટલાક દિવસથી માંદો હોવાનો ઢોંગ કરીને તારી રાહ જોતો રોકાયો હતો. ઘણા દિવસ રાહ જોવા છતાં તું નહિ આવવાથી મને ચિંતા થતી હતી. પરંતુ હવે સમજાય છે કે મને સાહિબાબાનુએ રૂક્કો લેવાને મોકલ્યા પછી તુરત જ તે પરહેજ થયાં હશે; તેથી તને સૂચના આપી શકાઇ નહિ હોય."

"હા, એમ જ બન્યું છે. પણ પ્રથમ એ રૂક્કાની તપાસ કરવા દે. જો એ મળી આવે તો હજી પણ ગયેલી બાજી કદાચ હાથ આવે ખરી." એમ કહીને સાલમીન ઉઠ્યો. તેણે બિછાનું ફેંદ્યું, ચોતરફ જોયું પરંતુ રૂક્કો હોય ત્યારે પત્તો લાગે ને ! એ તો નથુ નાયક બેભાન થયો કે તુરત જ લઈને અમરજી અહીંથી પલાયન કરી ગયો હતો.

સાલમીને કહ્યું: "નથુ ! રૂક્કો તો ન મળે. નક્કી અમરજી ઉપાડી ગયેલો હોવો જોઇએ."

"હા, દોસ્ત ! હવે એ રૂક્કાનો ખેલ ખલાસ ! અને મારો પણ ખેલ ખલાસ ! મેં બાજી ખેલી લીધી ! જીવન જીવી લીધું ! સાલમીન ! હવે હું તો જાઉં છું. પણ મારો છેવટનો સંદેશો સાહિબાબાનુને પહોંચાડજે કે નથુ જ્યાંસુધી જીવતો હતો ત્યાંસુધી આપને પૂરો વફાદાર રહ્યો હતો. કહીશ ને ?"

"જરૂર કહીશ. પણ હવે તું તારા આત્માને શાંતિ આપ અને છેવટની ઘડીયે ખુદાનું સ્મરણ કર."

"સાચું છે. તારી સલાહ સાચી છે. હું મુસલમાન હોવા છતાં જીવતાં તો મેં કદીયે ખુદાને યાદ કર્યો નથી; પરંતુ હવે એ પાક પરવરદિગારના નામથી જીભને પવિત્ર કરૂં. યા ખુદા ! યા પાક પરવરદિગાર ! મારા ગુનાહ માફ કર !" એમ બોલતો દેહના કેદથી છૂટ્યો

નથુ પુનઃ ભોંયપર ઢળી પડયો. તે પડવાને લીધે તેનું કપડું જખમ સાથે ચોંટી ગયેલું તે ખેંચાયું અને કપડું ચોંટવાને લીધે બંધ થયેલો જખમ પુનઃ સજીવન થયો તથા તેમાંથી લોહી ધસારાબંધ બહાર પડવા લાગ્યું. તેનાં વસ્ત્રો વગેરે તેના રક્તથી જ રંગાવા લાગ્યાં. છતાં પણ મકરાણી જાતિને સુલભ સહનશીલતાપૂર્વક શાંતિપૂર્ણ રીતે તેના મુખમાંથી "યા ખુદા ! યા ખુદા ! અલ્લા બેલી !" નો જાપ સરવા લાગ્યો.

પોતાના જાની મિત્ર અને સાથીના અંતિમ કાળને સાચવતો જમાદાર સાલમીન મૂઢની માફક જેની તે સ્થિતિમાં નથુના વદનપર પ્રસરતી પ્રેતકળા સામે નિરાશાપૂર્ણ દૃષ્ટિ ફેંકતો બેસી રહ્યો.

થોડી વારે નથુએ પુનઃ ઉઠવાનો પ્રયત્ન કર્યો અને જમાદાર સાલમીનના સશક્ત હાથોએ તેને મજબૂત ટેકો આપ્યો. તે બેઠો થયો. તે કાંઇક કહેવા ઇચ્છતો હોય એમ લાગતું હતું. તેના ફિક્કા હોઠ હલ્યા. જમાદારે પોતાના કાન હોઠ પાસે ધર્યા. નથુનું મુખ ખુલ્યું, પરંતુ ખુલતાંની સાથે જ મ્હોંમાંથી લોહીનો કોગળો બહાર નીકળ્યો. જમાદારનું મસ્તક મિત્રના લોહીથી રક્તવર્ણું બન્યું. સાલમીને પોતાની આંખ, ગાલ અને માથાપરથી નીતરતું પોતાના મિત્રનું રક્ત લૂછી નાખ્યું. એ વખતે નથુ નાયક ભોંયપર ઢગલો થઇને પડયો હતો. જમાદાર સાલમીને પોતાનો ધ્રૂજતો લોહીભર્યો હસ્ત તેના ઉપર મૂક્યો.

નથુ નાયકનું શરીર બિલકુલ ઠંડું થઇ ગયું હતું. લોહીનો ધોધ બંધ પડી ગયો હતો નથુની આ જગતની જીવનયાત્રા પૂરી થઇ ચૂકી હતી. હવે તેનો વફાદાર આત્મા તેના મિત્ર સાલમીનની દૃષ્ટિએ આ સૃષ્ટિના પ્રલયની અને કયામતના દિનની રાહ જોતો સનાતન શાંતિમાં સુષુપ્ત બની ગયો હતો.

પ્રકરણ ૨૭ મું.

પેશાયેલું તાજ.

એક બાજુ જ્યારે નથુની જીવનજ્યોતિ બુઝાતી જતી હતી તે વખતે બીજી બાજુ અમરજી પોતાનો હેતુ સિદ્ધ કરી—નવો ગાદીનો ગુજરાતના સૂબાનો રૂક્કો હસ્તગત કરી ઘોડેસવાર થઇને નવાનગરની પંથે પડયો હતો. નવાગઢથી બે–ત્રણ કોસના અંતરે એક ડુંગરની

ધાર આવી. તે ધારની તળેટીમાં સપાટ મેદાનમાં અમરજી ઘોડાપરથી નીચે ઉતર્યો. આસપાસ સર્વત્ર નિર્જનતા વિલસતી હતી. તેણે પોતાની ચકોર દૃષ્ટિ ચોતરફ ફેરવી અને પોતાનું આસન એક શીલા ઉપર જમાવ્યું. પછી તેણે પહેરણની તળે પહેરેલા કબજાનાં અંદરના ગજવામાંથી એક લીલા કપડાની ન્હાની પોટકી કાઢી. એ પોટલી છોડી. અંદર પેસો સુબાનો રૂક્કો હતો. એ રૂક્કો ખોલીને તેણે વાંચી જોયો. તે ઉર્દુ ભાષામાં લખાયલો હતો. ઉર્દુ વાંચીને સમજી શકવા જેટલું અમરજીએ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એ રૂક્કો વાંચતાં અમરજીની મુદ્રાપર અનેક વિકારો તરવરી ઉઠયા. જો તેમાં જે લખવામાં આવેલ છે તેનો અમલ થાય તે પહેલાં બક્ષી દોલતરાય બધી તૈયારી ન કરી શકે તો તેમની અત્યારસુધીની તમામ મહેનત નિષ્ફળ થવાની ભીતિ હતી.

રૂક્કા પરથી જોઇ શકાતું હતું કે ગુજરાતના સુબા ફકરૂદ્દૌલાએ મુજફ્ફરખાનનો જુનાગઢના નવાબ તરીકેનો હક્ક સ્વીકાર્યો હતો અને તેની તાજપોશીની સંમતિ આપી હતી; એટલું જ નહિ પણ જુનાગઢના આંતરિક વિરોધને લીધે મુજફ્ફરખાનના ડગમગતા સિંહાસનને સ્થિર કરવાને માટે અમરેલીના મરાઠા થાણામાંથી કાનાજી તાકપોરને તથા વડનગરની પેશ્વાઇ છાવણીમાંથી રૂપાજી સીંધીયાને જુનાગઢના નવાબ મુજફ્ફરખાનની વ્હારે ચઢી જવાનાં કહેણ મોકલાવ્યાના સમાચાર પણ આ રૂક્કાની સાથે જણાવ્યા હતા.

આ રૂક્કા અમરજીએ બે વખત ફરીફરીથી વાંચી જોયો. પછી તેને પુનઃ પોતાના કબજાના અંદરના ગજવામાં સુરક્ષિત સ્થળે સેરવી દીધો. ત્યારબાદ તે વિચારમગ્ન બની ગયો. તે હવે ગણતરી કરવા લાગ્યો. રૂક્કામાં અને તેની સાથેના પત્રમાં નાખેલી તારીખનો ખ્યાલ કરીને ગણતરી કરતાં તેને લાગ્યું કે હવે ફક્ત આઠ–દસ દિવસમાં જ મરાઠાની ફોજના ડગલા બાહરની બેખડ ઉપર ગાજવા જોઇએ.

તે ચમક્યો. આ સમાચાર જેમ બને તેમ બક્ષીજીને ત્વરાથી મળવા જોઇએ એમ તેને લાગ્યું. તે તુરત જ પુનઃ ઘોડાપર સવાર થયો અને પોતાના અશ્વને તેણે ઉતાવળો ચલાવ્યો. અશ્વની ઝડપ વધતી જતી હતી, પરંતુ અમરજીની ઉતાવળ એથીએ અધિક ઝડપી બની હતી. ઘોડો પણ પોતાની પીઠપર સવાર થયેલા પોતાના માલિકની મનોવૃત્તિ સમજી ગયો હોય તે પ્રમાણે તેણે પોતાની ગતિને

વધારી અને જાણે તે પવનની સાથે હોડ ખેલતો હોય તેમ દોડવા—ઉડવા લાગ્યો!

આઘે આઘે ગિરના વાંસના સળગતા વનની લાલપીળી જ્વાળાઓ અમરજીને દૃષ્ટિગોચર થઇ. બીજી બાજુએ સંધ્યાનો રક્તવર્ણીય ભાનુ જગતપર પાથરેલા પોતાના તેજને સંકેલી લેતો જણાતો હતો. ક્ષિતિજ ઉપર જેતલસરનો ડુંગરી કિલ્લો સૂર્યનાં તેનાપર પડતાં કિરણોથી ચમકતો હતો. પેઢલા અને મંડલિકપુરના સીમાડાને ચીરતો અમરજીનો અશ્વ આગળ અને આગળ, જમીનપર ઉતરતા અંધકારમાં મોટી અને મોટી ફાળો ભરતો-હરણની માફક ઠેકતો દોડ્યો જતો હતો. પાછળ શિયાળવાંની લાળી થતી હતી. આગળ ભૂલા પડેલા કોઇ વન-પશુની ગગન ગજાવતી ત્રાડના આછા નાદ કર્ણપુટપર અથડાતા હતા.

પોતાના ઊભા કર્ણને વધુ ને વધુ સરવા બનાવતો અમરજીનો અશ્વ પોતાના માલિકને બરોબર દીવા પ્રકટાવવાને સમયે જેતલસરના પાધરમાં ઉપાડી લાવ્યો.

અહીં અમરજીએ અશ્વને ધીમો પાડીને ઊભો રાખ્યો. તેણે આસપાસ દૃષ્ટિ ફેંકી અને કોઠાના ખુણાપર આવેલા માતાના મંદિર તરફ દૃષ્ટિ કરીને માનસિક વંદન કર્યું. પરંતુ એ તરફ દૃષ્ટિ કરતાં એક બાવો તુંબીપાત્ર સાથે બેઠેલો તેની નજરે પડ્યો. એ બાવાને જોતાં તેની નજર ઠરી ગઇ. આ બાવાજી નીચું મસ્તક રાખીને બેઠા હતા. પરંતુ એ શરીર, એ મસ્તક, એ હાથ કાંઈ ભૂલાય એવાં ન હતાં. અમરજી આ બાવાને પિછાની ગયો અને તેણે મોટેથી "જય હાટકેશ" નો ઉચ્ચાર કર્યો. એ પરિચીત સ્વર સાંભળતાં બાવાએ મસ્તક ઉંચું કર્યું. બન્નેની નજર એક થઈ. અમરજીને જોતાં બાવાજીનાં નેત્રો આનંદપૂર્ણ બની ગયાં. તે પુનઃ પૂર્વવત્ નીચું જોઈ ગયો.

થોડી વારે એ જટાધારી બાવો પોતાની બાજુમાં પડેલું તુંબીપાત્ર લઇને ઊભો થયો અને તેણે ગામને બદલે બહારનો રસ્તો પકડ્યો. અમરજીએ પણ બાવાને સ્હેજ આગળ જવા દઈ પોતાનો અશ્વ તેની પાછળ પાછળ ધીમે ધીમે ચલાવ્યો. અંધારામાં આગળ બાવો અને પાછળ અમરજીનો અશ્વ જેતલસર છોડીને દૂર દૂર જવા લાગ્યા. કેટલાક અંતરપર એક કુવો આવ્યો. આ કુવા પાસે એક વિશાળ વડનું વૃક્ષ હતું. બાવો એ વડની નીચે જઇને ઊભો રહ્યો. અમરજી પણ ઘોડાપરથી નીચે કૂદ્યો અને ઘોડાને દોરતો બાવા પાસે પહોંચ્યો.

"કેમ, સુરજસિંહ! તમે અહીં અને આવા વેશે ક્યાંથી?" અમરજીએ પેલા વેશધારી બાવાને પ્રશ્ન કર્યો.

"અમરભાઇ! વાત વસમી છે. રાધનપુરના નવાબે ઉપરકોટને એવો તો ઘેર્યો છે કે એક ચકલી પણ ઉડીને અંદર જઈ શકે નહિ કે અંદરથી કોઇ બહાર ફરકી શકે નહિ." સુરજસિંહે જણાવ્યું.

"પરંતુ બક્ષીજી ક્યાં છે?" અમરજીએ બક્ષીજીની સલામતી માટે ચિંતા દર્શાવી.

"બક્ષીજી પણ ઉપરકોટપર છે. પ્રેમજી ઠક્કર અને બક્ષીજી હવે તો એક થઈ ગયા છે એ તમારા જાણવામાં હશે જ. નવાબ સાહેબ મહોબતખાનજીનો રાજ્યાભિષેક પણ થઇ ગયો છે અને એ બધા તથા બક્ષીજીના બધા સૈનિકો પણ તેમની સાથે ઉપરકોટપર જ છે." સુરજસિંહે વિગત દર્શાવી.

"બક્ષીજી ઉપરકોટપર જવાના હતા એ હું જાણું છું, સમાધાન થઈ ગયાની પણ મને માહિતી છે. પરંતુ ઉપરકોટની અંદરની સ્થિતિ કેવી છે?"

"ઉપરકોટપર અનાજ પાણી પુષ્કળ છે. દારૂગોળાનો જથ્થો તો જ્યાં બક્ષીજી હોય ત્યાં પુષ્કળ હોય જ. માણસોની સંખ્યા પણ અઢી હજારની છે. તેમનાપર બાર માસસુધી ઘેરો રહે ત્યાંસુધી તેમને કોઇ વાતે વાંધો આવે તેમ નથી અને ઉપરકોટ સર કરવાનું કાંઇ રસ્તામાં પડ્યું નથી." સુરજસિંહે જણાવ્યું.

"પણ એ બધા અંદર છે, ત્યારે તમે કેમ બહાર રહી ગયા?" અમરજીએ સવાલ કર્યો.

"હું બાતમી મેળવવાને માટે બહાર રહેલો, પરંતુ મને મોડું થયું અને ઉપરકોટ ઘેરાઇ ગયો એટલે હવે અંદર જઇ શકાય તેવું રહ્યું નથી. તમે પણ મારી માફક બહાર જ છો ને! શું કરીએ? જેવાં આપણાં બેયનાં નસીબ! આવા મશહૂર અને મોટા ધીંગાણામાં ભાગ લેવાનું આપણું ભાગ્ય નહિ હોય. સહુ આ ધીંગાણામાં ભાગ લઈ પોતે દર્શાવેલી બહાદૂરીની વાતો કરશે, તે વખતે બીજાને તેણે કેવું પરાક્રમ કર્યું તે વિષે સવાલો કરશે. જો આપણને કોઈ સવાલ કરે તો આપણે શો જવાબ આપીશું?" એમ કહીને સુરજસિંહે એક નિઃશ્વાસ મૂક્યો.

અમરજી કશું બોલ્યો નહિ. તે કોઇ બાબતનો વિચાર કરી રહ્યો હતો. તેના ઉંડા વિચારમાં પડેલા ચહેરા સામે જોતા સુરજસિંહ

પણ મૌન બની ગયો. કેટલીક વારે અમરજી વિચારસ્વપ્નમાંથી ઝબકી ઉઠયો અને આ બાવાના વેશમાં પોતાની સન્મુખ બેઠેલા સુરજસિંહને સંબોધીને બોલ્યોઃ—

"ભાઇ સુરજસિંહ! કાંઈ વિચાર થાય છે? જો લડવાનો વિચાર થતો હોય તો આપણે એવું લડી બતાવીએ કે બક્ષીજી પોતે પણ આપણી વાતો સાંભળવાને આતુર બની રહે. આપણી વાતો સાંભળતાં આરબોના કાવા અને કાઠીના કસુંબા પણ થંભી જાય! અરે ખરો રજપુત બચ્ચો પણ આપણી વાતો સાંભળીને છક બની જાય!"

"એમ!" સુરજસિંહ અત્યંત આનંદમાં આવીને આવેશપૂર્વક બોલ્યોઃ "જો એવું કંઇક થાય તો બહુ જ સારૂં. પણ આપણે બે એટલા બધા માણસોની સામે લઢીશું કેવી રીતે? તમારી પાસે કોઇ ઇલમ કે જાદુ છે ખરો?"

"ના, ઇલમ કે જાદુ તો નથી પણ એક બીજો ચમત્કાર છે. તમારી પાસે આ લાકડી છે તે લાવો."

અમરજીએ સુરજસિંહની લાકડી લીધી અને જે લીલા કપડાના કકડામાં પેલો રૂક્કો બાંધ્યો હતો તે લીલો કકડો લાકડીના એક છેડે બાંધ્યો અને પછી તે લાકડી આ વેશધારી બાવાને આપીને કહ્યું: "સુરજસિંહ! જુઓ, ગિરના જંગલમાં રાવલ નદીને કિનારે પહોંચી જાઓ. ત્યાં કોઇ પણ મનુષ્ય પેલા મોટા ડુંગર પાસે કે એટલામાં મળશે. તેને આ લીલો કકડો બતાવજો એટલે પછી તે તમને પોતાના મુખીની પાસે લઇ જશે. તમે એ મુખીની સન્મુખ પહોંચો એટલે એને કહેજો કે 'જે યુવકને તમે આ નિશાનીએ મદદ આપવાનું વચન આપેલું તે યુવક તમને તમારી ટોળી સાથે પોતાની પાસે બોલાવે છે. જો તમે તેને આપેલું વચન પાળશો તો તે જીવતો હશે તો તેણે તમને જે કોલ દીધો છે તે કદી પણ ચૂકશે નહિ!' જાઓ, કરો ફતેહ."

એક વિનયશીલ રાજસેવકને છાજતી રીતે કશાયે વિશેષ જિજ્ઞાસા દાખવ્યા સિવાય સુરજસિંહ એ અંધકારમાં અમરજીની આજ્ઞાથી તેના ઘોડાપર સવાર થઇને અલ્પ સમયમાં અદૃશ્ય બની ગયો. ત્યારબાદ કેટલીક વારસુધી ઘોડાના ડાબલાનો અવાજ અમરજીના કાન ઉપર આવતો હતો તે પણ આછો ને આછો થવા લાગ્યો. છેવટે સર્વત્ર નીરવતા પ્રસરી રહી.

પ્રકરણ ૨૯ મું.

બહારવટીયાનો સેનાનાયક.

દૂર દૂર ઘણે દૂર ભાદરની દેખાતી સાંકડી સફેદ કિનારી ઉપર આવેલું જેતપુર ક્ષિતિજમાં અસ્પષ્ટ રેખાઓ સ્વરૂપે દૃશ્યમાન થતું હતું. આસપાસ સર્વત્ર ઉંચી ઉંચી નાળીયેરી, ખજુરીઓ તથા બીજાં વૃક્ષોની ગીચ ઝાડી પથરાયેલી હતી. એક મોટા વડની નીચે અને આસપાસ આશરે પાંચસો ઘોડેસવારો પોતપોતાના અશ્વોને બાંધીને ગોળ કુંડાળામાં વાતો કરતા બેઠા હતા. તે પ્રચંડ દેખાતા બોકાનીબંધ બહાદુરો માંહેથી એક મનુષ્ય બોલ્યોઃ—

"ત્યારે હવે બોલો, અમરજીભાઇ! તમારે અમને શું કહેવાનું છે?"

આપણી આ નવલકથાની રંગભૂમિપર અનેક વાર દૃષ્ટિગોચર થતાં એ માંગરોળવાસી નાગર યુવકે જવાબ આપ્યોઃ—

"રૂપાભાઇ! અરાવત પણ કાચા સુતરને તાંતણે બંધાય છે અને એ બંધનને તે મદોન્મત્ત ગજરાજ સમ્પૂર્ણતઃ સ્વીકારે છે, એ વાત તમે આજે સિદ્ધ કરી આપી છે. મેં તમને જુનાગઢની તમામ સ્થિતિ પૂર્ણપણે સમજાવી દીધી છે. તમે તમારા નિર્દોષ વસતી ઉપરના મરણીયા બ્હારવટાંપર આજે સુવર્ણનો કળશ ચડાવી શકો છો. તમે મારા બોલાવ્યાથી મારી મદદે આવી પહોંચ્યા એટલે તમારા વચનથી છૂટા છો, પરંતુ તમે બધી વાતથી પૂરેપૂરા પરિચીત થઈ ચૂક્યા છો. તમે મરદ છો એટલે મરદાઇનાં લક્ષણ તમારાથી અજાણ્યાં તો ન જ હોય. જીવન-મરણના ખેલ ખેલી જાણનારાં અને ટેક તથા હક્કો ખાતર પોતાના મસ્તકને પણ ફુલ કરવાને તત્પર થનારાં તમારાં ઉજ્જવલ ખમીર કેમ શોભશે, કેમ ઓપશે, એ બધું તમે ન જાણો એમ તો શી રીતે મનાય? હવે જો તમારે માત્ર લૂટફાટ જ કરવી હોય તો આજે જુનાણાની રૈયત બિલકુલ અનાથ અને નિરાધાર અવસ્થામાં પડેલી છે. કોઈ હાકોટો કરી શકે તેમ નથી. બાકી બહારવટાંની સાચી અને ક્ષત્રીવટભરી રમત રમવી હોય તો ચાલો મારી સાથે."

"ભલે, અમરજીભાઇ! આ રૂપાને બહુ બોલતાં નથી આવડતું.

ચાલો ત્યારે, તમે કહો તે પ્રમાણે તમારી સાથે આવવાને અને તમારી આજ્ઞા ઉઠાવવાને અમે બધા તૈયાર જ છીએ."

"સાબાશ! રૂપાભાઈ! એક રંગ છે તમને અને બીજો તમારી જનેતાને! વચનના પાળનારા તો તમારા જેવા જ હજો. હું પણ અત્યારે પ્રતિજ્ઞા કરૂં છું અને મારા ઇષ્ટદેવ હાટકનાથને મારી દૃષ્ટિ સમીપ રાખીને કહું છું કે જો હું જીવતો હોઈશ, જો જુનાગઢની ગાદી અભંગ રહેશે અને મારા તથા એ ગાદીના ઉપર આભમાંથી સૂરજનારાયણ તપતા હશે તો હું તમને તથા તમારા સાથીઓને જરૂર ઇન્સાફ અપાવીશ."

"બહુ થયું, અમરજીભાઇ! મરદના એક જ પ્રાણમાં એક જ વચન સમાય, એટલે થોડે ઝાઝું માની લેશું. લ્યો, ત્યારે હું પોતે અને આ પાંચસો સવારો—અમે બધા આજથી આપને સુપ્રત થઇએ છીએ; મૂકો બધાને વ્હેતા." રૂપો કોળી બોલ્યો.

બાવાનો વેશ ધારણ કરનાર સુરજસિંહ અમરજીનો સંદેશો લઇને ગિરના જંગલમાં રાવલ નદીને કિનારે ગયો હતો. જ્યાંથી માર માર કરતી વહી જતી હિરણ નદીનાં મૂળ પ્રકટે છે, જ્યાંથી ભયંકર ભેખડોને વીંધતી, ધરતીને ખોદતી રાવલ નદીનાં પાણી ગાજે છે, એ ગિરના જંગલમાં અડગ ઊભેલા ગિરના ડુંગરાથી બની ગયેલા કુદરતી પહાડી કિલ્લાસમા એ ડુંગરાળ પ્રદેશમાં ગિરના વનશૂરા વનરાજ સમા રૂપા કોળીની મુલાકાત તેણે લીધી. રૂપા કોળીને પોતે એક યુવક બ્રાહ્મણને એક વાર આપેલું વચન સાંભર્યું. તે પોતાનાં એ વચનને પાળવાને માટે પોતાની આખી ટોળીની સાથે અમરજી જે સ્થળે તેની રાહ જોઇને બેઠો હતો ત્યાં આવી લાગ્યો. અમરજી અને તેની વચ્ચે ત્યાં વાતચીત થઇ, જેને પરિણામે તે પોતાની બહાદુર ટોળી સાથે અમરજીની આગેવાની નીચે ઝૂકી પડવાને તૈયાર થયો એ આપણે જોઈ ગયા. હવે આ બહારવટીઆઓની ટોળી તથા તેમના જૂના નાયક રૂપા કોળી અને નવીન સરદાર અમરજીએ શું કર્યું તે આપણે જોઇએ.

આ મુલાકાત રાત્રે થઈ હતી. વળતી પ્રભાતે અમરજી, રૂપો, સુરજસિંહ તથા બીજા પાંચેક બહારવટીઆ મળીને આઠ માણસો આસપાસનો પ્રદેશ અને તે પ્રદેશની તાસીર જોવાને માટે નીકળી પડયા. બાકીના તમામ મનુષ્યોને ભાદરની ભેખડોની વચ્ચે આવેલી કેદારેશ્વર મહાદેવની જગ્યા તરફ મોકલી આપ્યા.

ભાદરના કાંઠા ઉપરનું એ નાળીએરીનું વન એમ ને એમ આગળ લંબાતું હતું. એને નાળીએરીનું વન કહેવાનું કારણ એટલું જ કે તેમાં નાળીએરીનાં ઝાડ વધારે હતાં. બાકી તે ઉપરાંત ખજુરી અને બીજાં વૃક્ષોની ઘટા પણ કાંઇ ઓછી ન હતી. આજે તો એ જંગલનાં નૂર હણાઈગયાં છે. જે છે તે માત્ર સરધારના ડુંગરની તળેટીમાં એક આછો અતિ આછો પાઘડીપટ્ટો છે. પરંતુ જે સમયની વાત કરી રહ્યા છીએ તે સમયે તો એ વનની વિશાળતા, લંબાઇ અને ગીચતા ઘણી જ હતી. તે સમયે બરડાના ડુંગરની બાજુમાંથી નીકળેલી અને ચોટીલાના ડુંગર સાથે લગભગ મળી જતી એ નાળીએરીના વનની લાંબી હારની બન્ને બાજુએ ધોળે દિવસે પણ બીષણ અંધકારનો ભાસ કરાવતી ગીચ ઝાડીઓ ફેલાયેલી હતી..

એ ઝાડીઓમાં સોરઠનાં અનેક ધીંગાણાં ખેલાણાં છે. સેંકડો કાઠીઓ અને રજપુતોના અડગ શૌર્યની, અનેક આરબોની અવર્ણનીય વફાદારીની–ઇતિહાસના અંધકારમાંથી ઉત્પન્ન થતી–અભંગ સ્મૃતિના ચિહ્‌ન સમી સરધારની એ લોહીભીની ધારોએ અનેક અણલખ્યાં પણ અણવિસર્યાં સોરઠી શૌર્યના ઇતિહાસનાં પાનાં પોતાના ઉરમાં ભરી રાખ્યાં છે. જ્યાંસુધી સોરઠમાં શૂરાતનનો રંચ માત્ર પણ અવશેષ રહ્યો ત્યાંસુધી તો એ ડુંગરો આગળ પરદેશી ધાડાંઓ આથડાઈ અથડાઇને પાછાં જ ફર્યાં છે. એ ધારોની દક્ષિણે ધારના શિખરપરથી નજરમાં સમાતી ભવ્ય ભાદર આજે પણ એ ભૂતકાલિન ઘટનાઓની ભવ્ય, ઉગ્ર અને પ્રતાપી ગાથા ભારે ખાસ ગંભીર સ્વરથી અને સ્થિર પ્રૌઢતાથી ગજાવતી સર્વ પ્રકારના સોરઠી તત્ત્વની પ્રતિમૂર્તિ સમી અભંગ તરંગે આગળ સરતી સોરઠના સીમાડાને જાણે સંભાળતી હોય એમ લાગે છે.

એ સર્વ આસપાસના પ્રદેશમાં પ્રસ્તુત ટોળી ભમી આવી તેનું બારીક નિરીક્ષણ કરી લીધું અને પછી તે ટોળી ત્યાંથી પાછી ફરીને કેદારેશ્વર મહાદેવના સ્થાનમાં આવી પહોંચી; અને જ્યાં પાંડવોએ પોતાના બાર વર્ષના વનવાસનો કેટલોક સમય વિતાવેલો કહેવાય છે તે સ્થળે–કેદારેશ્વરના સ્થાનમાં તેમણે પોતાના સેંકડો સાથીઓ સાથે પડાવ નાખ્યો.

અહીં મુકામ નાખ્યાને વિશેષ દિવસ થયા નહિ હોય ત્યાં જાસુસી કાર્યમાં ચતુર ગણાતા સુરજસિંહ એક રોજ એવા સમાચાર લાવ્યા

કે ત્રણથી ચાર હજાર મનુષ્યોનું એક લશ્કર દડમંજલ કૂચ કરતું સોરઠના સીમાડા તરફ ધસમસતું આવે છે. આ સમાચાર મળતાં બહાદૂર બ્હારવટીઆ રૂપાના ચુંવાળીઆ કોળીઓમાં નવચેતન પ્રકટયું. આ બહારવટું ખેડતા કોળીઓ રાક્ષસ સમા ક્રૂર અને અસુર સમા શૂરવીર ગણાતા. ગામડાંઓની નિરાધાર વસતીને તેઓ કાળ સમા ભાસતા. મેરૂ ખવાસ, ભા કુંભાજી, બામણાજી સરવૈયા, જીવા સેતા અને કચ્છી જમાદાર ફતેહમહમદ આદિનાં અદ્દભુત પરાક્રમોથી ગાજી ઉઠતા કાઠિયાવાડના ડુંગરો અને જંગલોમાં પણ હાકોટા બોલાવી, ભલભલાનાં પાણી ઉતારનારા આ ચુંવાળીઆઓ આજે પરદેશી લશ્કરનો સામનો કરી પોતાના શૌર્ય અને ચાલાકીને માપી લેવાને માટે તત્પર બન્યા. અત્યારે એમના ઉલ્લાસનો પાર ન હતો. બહારવટાં તો અનેક ખેડયાં, ઘણાંયે ગામ ભાંગ્યાં અને નિરાધારોને સમ્પૂર્ણ આધાર વગરનાં બનાવ્યાં, પરંતુ આજે તો કસાએલા સૈનિકોની સાથે શસ્ત્રયુદ્ધમાં ઉતરવાનું હતું. આજે માત્ર મારવાનું જ નહિ પરંતુ મારવું કે મરવું એ સૂત્રને અનુસરવાનું હતું. એથી એ સમાચાર મળતાં બે ઘડીની અંદર તો એ પાંચસોય શસ્ત્રધારી કોળીઓનું કટક નાગર વીર અમરજીની સરદારી નીચે વહેતું થયું.

ગુજરાત ઉપર ગાયકવાડી સત્તા બેસવાને હવે કાંઇ વિશેષ વાર ન હતી. પરંતુ હજીયે મોગલ બાદશાહનો માત્ર નામનોય અંધેરો દોર તેના સુબાની મારફત ચાલતો હતો જોકે તેમ છતાં પણ પેશ્વાઇ અને ગાયકવાડી મરાઠાઓ કોઇ કોઇ વાર ફેરો મારવાને નીકળી પડતા હતા. તેઓ ચોથ ઉઘરાવતા અને બાહ્યતઃ નામની મોગલાઇની નોકરી બજાવતા.

એ મરાઠાઓએ સોરઠના નવાબ મહમદ બહાદૂરખાનના વખતમાં સોરઠમાં પગ મૂકી ઠરી ઠામ થવા માટેનો એક પ્રયાસ કરી જોયો હતો. પરંતુ વંથલીની નજીકમાં નવાબ મહમદ બહાદૂરખાનના સિપેહસાલાર મુબારકખાને રંગ રાખ્યો. એ મુબારકખાનના અભંગ લશ્કરી કિલ્લાની દિવાલ સાથે અથડાઇને મરાઠા કટકની ભરતીનાં મોજાં પાછાં વળ્યાં અને સોરઠી લશ્કર તેમની પાછળ પડી એ મરાઠાઓને સરધારની હારોની પેલી પાર પહોંચાડી આવ્યું. મરાઠાઓને એ બનાવથી બહુ જ લાગી આવ્યું હતું, એટલે પોતાની સોનાની સોનાની થાળીમાંથી જો જુનાગઢની સોઢાની મેખ નિકળી શકતી હોય

તો તેને કાઢવાને પોતાને મળતી તકનો લાભ લેવાને તેઓ તૈયાર થાય એમાં કશું પણ આશ્ચર્ય ન હતું.

ગુજરાતનો સુબો ફક્રદ્દોલા અત્યારે સંયોગવશાત્ ઝાલાવાડમાં લીંબડી નજીક મુકામ નાખીને પડ્યો હતો. ત્યાં જ તેને સુલતાન બીબી તરફના સમાચાર મળ્યા હતા. એ સમયે અમરેલીનો ગાયકવાડી થાણદાર કાનાજી તાકપોર પણ ઝાલાવાડમાં ગાયકવાડી ચોથ ઉઘરાવવાને માટે નીકળેલો હોવાથી તે લીંબડીથી બહુ દૂર ન હતો. સુબાએ નથુ નાયક સાથે બાદશાહી રૂક્કા તથા સુલતાન બીબી ઉપરનો પત્ર મોકલાવીને પછી કાનાજી તાકપોરને પોતાની મુલાકાતે બોલાવ્યો. તેને પોતાનો ઇરાદો દર્શાવ્યો. કાનાજી તાકપોરને એટલું જ જોઇતું હતું. એટલે સુબો અને થાણદાર બન્ને જુનાગઢને પોતપોતાની વચ્ચે વહેંચી લેવાને તત્પર થયા. કાનાજી તાકપોર પોતાનું તથા સુબાનું લશ્કર લઇ તોફાની વંટોળીયાની માફક સોરઠના સીમાડા તરફ રવાના થઇ ગયો.

સુબો સમજ્યો 'હું થાણદારને રમાડું છું!' થાણદારે માન્યું કે 'હું સુબાને બનાવું છું!' બન્ને પોતપોતાની ગતમાં ખેલતા હતા. પરંતુ આ રીતે માયા અને મોહના સનાતન છતાં નિત્ય નવીન લાગતા બંધનમાં ફસાયેલા મૂર્ખ મનુષ્યો સમજતા નથી કે આખા વિશ્વની તંત્રદોરીને પોતાના હસ્તમાં રાખનારો ઇશ્વર આખા જગતને રમાડી રહ્યો છે! વિધિના લેખો હથેલીમાં ચાંદ બતાવે છે!

દડમંજલ કુચ કરતું, ચોથ ઉઘરાવતું, મારફાડ કરતું, ગામો સળગાવતું, વસતીના કકળાટથી જેનો માર્ગ ગાજી રહેતો, ગામોને સળગાવતી જળહળતી જ્વાલાઓથી જેનો રસ્તો પ્રકાશિત થતો, એવું આ મરાઠાઓનું કટક ધસમસતું આવતું એક દિવસે લગભગ નમતા પ્રહરે સોરઠની સરહદપર આવેલા પેલા નાળીયેરીના વનમાં દાખલ થયું.

સાંજ પડવાથી તેમણે ત્યાં પડાવ નાખી, રાત્રિ ત્યાં ગાળવાનો નિશ્ચય કર્યો. રાવટીઓ તાણવામાં આવી. તંબુ નખાયા. સૌ રાત્રિ-ભોજનને માટે તૈયારી કરવા લાગ્યા. કાનાજી તાકપોર વગેરે સરદારો વાળુની રાહ જોતા બેઠા બેઠા ગપ્પાં હાંકતા હતા. રસોઇ તૈયાર થતાં "જય ભવાની" કહેતા સર્વ ઉઠ્યા અને થોડી વારમાં જ એ આખું મરાઠાઓનું દળ ભોજનકાર્યમાં મશગુલ બની ગયું.

પ્રકરણ ૨૯ મું.

આગનું ચક્ર.

થાળીઓ પીરસાઇ અને જ્યાં કાનાજી તાકપોર અન્નનો પહેલો કોળીઓ પોતાના મુખમાં મૂકવા જાય છે, ત્યાં અચાનક એક બંદૂકનો અવાજ થયો અને તેના કાન પાસે થઇને સનસનાટ કરતી પસાર થયેલી ગોળીથી તેનો એક આદમી નોંધાયો! તુરત જ એ અવાજની પાછળ જ બંદૂકોની સામટી ધાણી એક ધારે અને એક અવાજે ફુટવા લાગી અને એથી ભોજન કરવાને માટે થાળીપર બેઠેલા એ મરાઠા સૈનિકો માંહેના ઘણા મનુષ્યો જખમી થઇને ભાણાં ઉપર જ ઢગલો થઇને પડયા. આમ અચાનક ન સમજી શકાય તેવી રીતે હલ્લો થયેલો જોઇને કાનાજી તાકપોર ચમકયો. તે ઊભો થયો. સૈનિકો પણ ભોજનને અધૂરૂં રાખીને ઊભા થયા અને સર્વ પોતપોતાનાં હથિયારો સમાલી સાવધ બની ગયા. પરંતુ એકેય દુશ્મન તેમને દૃષ્ટિગોચર થયો નહિ.

કાનાજીએ આસપાસ ચોગરદમ દૃષ્ટિ ફેરવી. એક બાજુએ ઝાડીની વચ્ચે થઇને સરધારની ઉંચી અને લીલી દેખાતી અખંડ દિવાલ સમી ડુંગરની ધાર નજર પહોંચે ત્યાંસુધી પૂર્વ-પશ્ચિમમાં લંબાતી હતી. બીજી બાજુ ભાદર નદીનાં નીર ખળખળ વહેતાં હતાં. એ ધાર અને એ નદી એ બન્નેની વચ્ચે તે બરોબર સપાડાયો હતો એમ તેને લાગ્યું.

દુશ્મનો નજરે પડતા ન હતા. માત્ર વૃક્ષઘટાની પાછળથી બંદૂકો સળગતી અને મોતનો વરસાદ ગાજતો, સુસવાટા કરતો, અવિરત વરસતો જોવામાં આવતો હતો. મરાઠા સૈનિકો ઘોડેસવાર બની ગયા. પરંતુ એ ગીચ ઝાડી તથા ડુંગરાઉ વનસ્પતિ અને રોપાઓથી તથા ખાડાખડબાથી ભરેલી જમીનમાં ઘોડાં દાખલ થઇ શકે તેમ ન હતું એટલે કાનાજીએ પોતાના સૈનિકોને એકદમ તમામ સરંજામ ઉઠાવીને અહીંથી કૂચ કરી જવાનો હુકમ આપ્યો.

મરાઠા લશ્કર પોતાના સરદારના હુકમ પ્રમાણે આગળ વધ્યું. બન્ને બાજુએ આગળ અને પાછળ દુશ્મનોની બંદૂક ગાજતી હતી. પરંતુ એ ઝાડીમાં જળોની માફક ચોંટેલા અને ચિત્તાની માફક તેમનો તેમનો પિછો નહિ છોડનારા તેમના ભેદી દુશ્મનો અહિંથી એક જણ

માણસ તેમની દૃષ્ટિએ પડ્યો નહિ. માત્ર આખું કટક કોઈ જંગલી દવથી વીંટળાઇ વળ્યું હોય તેમ પોતાની ચારે બાજુએ તેઓ માત્ર આગનું ભયંકર ચક્ર જોઇ શકતા હતા. પોતાના સાથીઓ સનસનાટ કરતી આવતી ગોળીઓથી જખમી થઇ તેમના અશ્વોપરથી ગબડી પડતા દેખાતા હતા. ઘોડાઓ પણ ઘાયલ થઇને પડતા, ન્હાસતા, હઠ કરી ઊભા રહેતા. વળી જમીનપર પડેલા પોતાના સાથીઓને જે ને તે સ્થિતિમાં છોડી, તેમને કચરતા અને કશા પણ ચોક્કસ નિશાન વગર પોતાની બંદૂકો જંગલ તરફ [illegible] મરાઠાઓ આગળ વધતા હતા.

આખી રાત્રિ તેમણે આવી સ્થિતિમાં કૂચ કરી. તેમનો એ મોતમો માર્ગ વિખરાયેલા લશ્કરી અસબાબથી અને મરતા અને મરેલા મનુષ્યો તથા ઘવાયેલા ઘોડાઓનાં શબોથી છવાઇ રહ્યો હતો. તેમને પોતાની આસપાસ વીંટળાયેલો લાલ દાવાનળ આજતો જણાતો હતો. ઝબકતી જામગરી અને સળગતી બંદૂકોના અસ્થિર અજવાળાથી લોહીવર્ણા રંગે રંગાયેલું આખુંય વન જાણે તેમને નાચતું દેખાતું હતું. દૂર દૂરના આછા ઉજાશમાં એ અગ્નિની મૃત્યુગંગાની પેલી મેર એક વૃક્ષની પાછળથી બીજા વૃક્ષ પાછળ નાચતા, કૂદતા, દોડતા પરંતુ અબોલ અને અસ્પૃશ્ય લાગતા ઓળા તેને દૃષ્ટિગોચર થતા હતા. અત્યારે તેઓ અત્યંત ગભરાઈ ગયા હતા અને તેથી તેમની એ ગભરાયેલી મનોદશામાં એ, ઓળા–મનુષ્યોના ઓળા ધીમે ધીમે મોટા અને મોટા વધતાં વધતાં પહાડી સ્વરૂપ ધારણ કરતા લાગતા હતા. તેમને ઘડીભર એવો ભ્રમ–વિભ્રમ પણ થતો કે આ આકારો મનુષ્યોના નથી, પરંતુ ભયંકર સ્મશાન સમા વેરાન વનમાં સળગતી આ ઉજ્જ્વળ ચિતાની આસપાસ પોતાના ભક્ષને જોઇ પિશાચી આનંદથી નાચતી અને ખેલતી કોઈ ભૂતાવળ જ હોવી જોઇએ.

આ મરાઠા સૈનિકો કરતાંયે કાનાજી તાકપોરનો ગભરાટ વિશેષ હતો. તેને પોતાની તમામ ધારણા ધૂળમાં મળતી લાગતી હતી. તે એકેક ડગલું આગળ વધતો હતો તેમ તેમ તેનું શૌર્ય ઓસરતું જતું હતું. તેણે અગાઉ અંગ્રેજી પ્લટનની પેરેડના અધૂરા શબ્દો સાંભળેલા. એ શબ્દોને પોતાની માતૃભાષામાં અપભ્રંશ બનાવીને તે પોતાના મનુષ્યોને "ફારવાર" (Forward) "ફારવાર"ના અર્થાત્ આગળ ને આગળ વધવાના હુકમો આપ્યા કરતો હતો. જેમ જેમ રાત્રિ વધારે જામતી [illegible] તેમ તેમ એ મરાઠા સૈનિકોની [illegible] વીંટળાયેલું દેખાતું [illegible] ભયંકર ચક્ર અધિક પ્રકાશિત થતું ગયું. તે પછીમાં [illegible]

સાંકડું, ઘડીમાં મોટું, ઘડીમાં ઘેરૂં થતું જાણે ચક્કર ચક્કર ફર્યા કરતું હોય એવો ભાસ થતો હતો. એ ચક્રમાંથી યંત્રગતિએ છૂટતી હોય એમ એકસરખી રીતે સતત ચારે તરફથી ગોળીઓનો વરસાદ વરસતો હતો. તેને પરિણામે ખેડુત જેમ ઘાસને નીંદીને ઢગલો કરે છે તેમ અત્યારે મહાકાળ પણ આ મરાઠા સૈનિકોનો મરણઢગ બનાવી રહ્યો હતો.

આખી રાત્રિ એક ક્ષણ પણ એ મૃત્યુનો સળગતો પાશ લગરીકે ઢીલો પડ્યો નહિ. વાચકો સમજી શકયા હશે કે એ ગોળીબહાર કરનારા અમરજીની સરદારી નીચેના રૂપા કોળીના પાંચસો બહાદૂર બહારવટીયા જ હતા. અમરજીએ ચોતરફ ફરીને આ વનને રજેરજ પારખી લીધું હતું અને કાનાજી તાકપોરના ત્રણ–ચાર હજાર મનુષ્યોને પોતાના ફક્ત પાંચસો માણસોવડે હંફાવવાને તેણે આ માર્ગ લીધો હતો. તેની તેના દરેક મનુષ્યને સૂચના હતી કે તેમણે દરેકે પોતાના શરીરને ઓથ વગર ખૂલ્લામાં જરીકે રાખવું નહિ. એથી વૃક્ષો જેમ જેમ નજીક અને દૂર આવતાં જતાં તેમ તેમ સળગતી જામગરી અને ધૂમાડો કાઢનારી બંદૂકોવાળા કોળીઓની હાર આગળ પાછળ થતી હતી. મરાઠા કટકની બન્ને બાજુએ એ પાંચસો મનુષ્યોને વહેંચી નાખવામાં આવ્યા હતા અને એ રીતે બન્ને બાજુએ થયેલી તેમની બે લાંબી હારો આગળ અને છેવાડે મળી જતી હતી. એથી તેમની સતત છૂટતી બંદૂકોમાંથી નિકળતા ભડકાને લીધે જાણે કે એક આખું લંબગોળ ચક્ર સળગતું હોય એવો ભાસ થતો હતો. એક બાજુ સુરજસિંહે સાચવી હતી અને બીજી તરફ રૂપો કોળી હતો. અમરજી પોતાના ઘોડાપર સવાર થઇ ચોતરફ ફરી વળતો અને તમામ મનુષ્યોપર નજર રાખતો તથા તેમને આવશ્યક સૂચનાઓ આપતો હતો. બંદૂકો અવિરતપણે ફુટે છે કે નહિ તેની એ ખાસ સંભાળ રાખતો હતો. અત્યારે નિશાન કે નેમની પરવા ન હતી. અત્યારે તો મૃત્યુનો પંજો ઢીલો કર્યા વગર, વચ્ચે સપડાયેલા મરાઠાઓ ઉપર, કોઇને વાગે છે કે નહિ, કોઇને વાગશે કે કેમ, કોઇ ઘાયલ થશે કે મરશે, એ કાંઈ જોયા કે જાણ્યા વગર કિંવા જોવા કે જાણવાની પરવા કર્યા વગર માત્ર એકસરખી રીતે બંદૂકો ગગડ્યે જ જવાની એની નેમ હતી.

આ ભીષણ હત્યાકાંડને લીધે આખી રાત્રિ ભાદરનો કાંઠો ચીસો, ફીકીયારીઓ અને બંદુકોના અવાજથી ગર્જી રહ્યો હતો. મરાઠાઓ પડતા આખડતા આગળ ને આગળ વધતા હતા અને તેમની સાથે આજુબાજુના અમરજીના સૈનિકો પણ આગળ ને આગળ જઇ તેમનો ધાણ કાઢવાનું શરૂ રાખતા હતા.

હવે રાત્રિનો અંત આવી ચૂક્યો હતો. આકાશમાં દેખાતા તારાઓનું તેજ ઝાંખું પડતું જતું હતું. રાત્રિનો ગાઢ અંધકાર હવે ઓગળવા લાગ્યો હતો. આકાશ અને પૃથ્વીએ વિશુદ્ધ વારિ સમો, માત્ર કુદરત જ જેને જમાવી શકે તેવો નિર્મળ રંગ સજર્યો. ઉઘડતી ઉષાનાં આછાં અજવાળાં જગત ઉપર અને એ વન ઉપર પણ રેલાવા લાગ્યાં. આકાશ પોતાનાં નેત્રો ખોલી, આરામભરી, ઉલ્લાસભરી શાંતિથી જગતને નિરખવા લાગ્યું. એ સર્વ દૃશ્ય જોઇને કાનાજી તાકપોરે પણ આખરે સંતોષનો એક ઉન્હો નિસાસો મૂક્યો.

તેણે હવે પોતાની દૃષ્ટિ પોતાના મનુષ્યો ઉપર ફેરવી. તેનું કઠોર હૈયું પણ અત્યંત ગમગીન બની ગયું. તેના હણહણાટ કરતા પહાડી તોખારો તેની નજરે પડતા ન હતા. જરૂર જણાય તો છ મહિના-સુધી જુનાગઢને મજબૂત ઘેરો ઘાલી શકાય, જરૂર પડે તો ઉપર-કોટના કિલ્લાને પણ તોડી શકાય એવો અને એટલો, વિશાળ અને મૂલ્યવાન લશ્કરી સરંજામ પોતે સાથે લાવેલો તે અત્યારે તેની દૃષ્ટિને દેખાયો નહિ. તેના ત્રણથી ચાર હજાર બહાદુર લડવૈયાઓમાંથી અત્યારે માત્ર ચારસો જેટલા મનુષ્યો હયાત રહ્યા હોય એમ એને લાગ્યું, જોકે એ ચારસો મનુષ્યોમાંથી પણ દરેકે દરેક સૈનિક ઓછો વધુ ઘાયલ તો થયો હતો જ. ઓછામાં ઓછો એક જખમ તો દરેકને થયો જ હતો. એ દરેક મનુષ્યનાં વસ્ત્રો તેના પોતાના જ રક્તથી લાલ રંગાયાં હતાં.

પરંતુ હજી આ ધાડા વનનો અંત આવતો દેખાતો ન હતો. વળી દુશ્મનોએ પણ હજી તેમનો પીછો છોડ્યો ન હતો. ઉષાના આછા અજવાળામાં પણ લાલ માણેક જેવું જણાતું અગ્નિનું ભયંકર નાચતું ચક્ર એટલી જ સ્થિરતા, એટલી જ ભીષણતા અને એટલી જ નિયમિતતાથી નાચતું અને ગાજતું હતું અને કાનાજીનો બહાદુર મરાઠો

ડગલે ને પગલે 'શય્યા ભૂમિતલમ્' નો અનુભવ કરતો સદાની શાંત નિદ્રાને અધીન બનતો જતો હતો.

કાનોજી તાકપોરે સોરઠ ઉપર ચઢી આવતી વખતે મનમાં જે જે આશાઓને ધારણ કરી હતી તે સર્વ માત્ર એક જ રાત્રિમાં અદૃશ્ય થઈ ગઈ. સોરઠની બાદશાહીનાં વિલાસી સ્વપ્નાંની ઝાકળ માત્ર આ એક જ રાત્રિમાં અવિરતપણે ફુટેલી બંદૂકોની ગરમીથી સૂકાઈ ગઈ. તેનો વિપુલ લશ્કરી સરંજામ, તેની મોટી ફોજ ઈત્યાદિ સર્વ સાધન સામગ્રી, જે સર્વ તેના વિષપૂર્ણ તીવ્ર ડંખ સમાન હતાં અને જેના હળાહળ વિષથી તેણે જુનાગઢને હાલહવાલ કરી તારાજ કરવાની ઇચ્છા રાખી હતી તે બધુંય માત્ર એક જ રાત્રિમાં નષ્ટભ્રષ્ટ બની ગયું. અત્યારે તે ડંખ કપાયેલા વીંછીની માફક કાઠિયાવાડના ઠાકોરો અને દરબારોના તિરસ્કાર, દયા અને શિકારને પાત્ર એક સાધારણ 'કીડા' સમો બની ગયો હોય એમ તેના મનને થતું હતું. તેણે પોતાના હોઠ દાંત તળે જોરથી પીસ્યા, પોતાના હાથની મરણમૂઠીઓ વાળી. તેના હોઠપર લોહીના ટસીયા દેખાયા, આંગળાંનાં નખ મૂઠીમાં પેસી ગયા! પણ એ સર્વ શા કામનું? સાધનવિહીન બનેલા મનુષ્યનો ક્રોધ શત્રુને ભયને બદલે હાસ્ય જ ઉપજાવે! તેણે એક નિરાશાપૂર્ણ નજર ગિરનારના ગગનગરવા આસમાની પહાડ પ્રત્યે ફેંકી, પુનઃ પેલા પ્રાણહારક જંગલ તરફ તેની દૃષ્ટિ આકર્ષાઇ અને છેવટે તેણે પોતાના ભયંકર વિનાશમાંથી બચેલા બાકી રહેલા મનુષ્યો ઉપર નજર નાખી. જાણે પોતાનું સર્વ સત્ત્વ હણાઈ ગયું હોય એમ તેને લાગ્યું. આ પહાડી મરાઠો, સેંકડો ધીંગાણાંનો વિજેતા, ગુજરાતની મોગલાઇ સુબાગીરીનાં સિંહાસનને ડગમગાવનાર ગાયકવાડી સત્તાનો એ નામચીન થાણદાર એક પત્થરપર બેસીને છાતીફાટ રોયો.

પોતાના પરાજયથી નિરાશ બનેલા પરંતુ તેનો સર્વ દોષ પ્રારબ્ધને આપનારા તેના અવશેષ રહેલા મરાઠા સૈનિકો પોતાના સરદારને વીંટીને ઉભા રહ્યા. તેમને માટે અહીંથી ન્હાસવાનો એક પણ માર્ગ ન હતો. તેમનો દારૂગોળો પણ વેરણ ખેરણ થઈ ગયો હતો. તેમનાં ઘોડાં ખપી પરવાર્યાં હતાં. દુશ્મન સામો આવતો ન હતો કે સામસામેની લડાઈમાં બે હાથ કરી શકાય! એથી નિરાશા અને મુંઝવણથી હતવીર્ય બનેલા એ મરાઠાઓ પોતાના લોહીથી ખરડાયેલી ખાલી બંદૂકોને જમીનપર ટેકવીને નીરવતાથી પોતાના સરદાર સામે જોઇને ઊભા રહ્યા હતા.

કાનાજી તાકપોર ઉઠ્યો. તેણે એક વાર ફરીથી “ ફાસ્વાર ” નો ઉચ્ચાર કર્યો એટલે કશા પણ નિશ્ચિત ધ્યેય વગર, કશું પણ કરી શકવાના સામર્થ્ય વગર, માત્ર કાંઇક કરવું જોઇએ એમ લાગવાથી સરદારના હુકમને અધીન થઈ એ મરાઠાઓનું પાંગળું બની ગયેલું કટક આગળ વધવા લાગ્યું.

પોતાના સહચારીઓનાં શબોથી ડગલે ને પગલે અંકિત થતો પોતાનો માર્ગ કાપતા કાપતા તેઓ છેવટે આ વિશાળ વનને બીજે છેડે આવી પહોંચ્યા અને પોતાની સામે બે કાંઠામાં ભરપૂર વહી જતી ભાદર તેમની દૃષ્ટિએ પડી.

અમરજી પણ જંગલમાંથી બહાર નિકળ્યો. તેણે અને તેના સાથીઓએ મરાઠાઓનાં આ શેષ રહેલા સૈન્યને જંગલને પાર કરીને બહાર પડેલું જોયું. તેઓ પણ આટલા ઓછા મનુષ્યોને જ બચેલા જોઇને સ્તબ્ધ બની ગયા.

મરાઠાઓનો આટલો બધો કચ્ચરઘાણ વળી જશે એવો તો તેમને ખ્યાલ પણ ન હતો. તેમને એમ લાગતું હતું કે હજી ભાદરની કોતરડોમાં અને ગિરના જંગલોમાં પણ ખૂબ લડવું પડશે. પોતાના માત્ર એક જ રાત્રિના કશી પણ નેમ વગરના ગોળીબહારથી આટલો બધો ભયંકર સંહાર થયેલો જોઇને તેમને અત્યંત આશ્ચર્ય થયા સિવાય રહ્યું નહિ, કારણકે આવા પ્રકારની લડાઇનો રૂપા બ્હારવટીઆના સાથીઓને આ પહેલવહેલો જ અનુભવ હતો. અમરજીને પણ કાંઈ ઓછું આશ્ચર્ય થયું ન હતું. તેણે પોતાના સાથીઓ તરફ નજર નાખી અને તેમને પૂછતાં તેને માલૂમ પડ્યું કે એ બહાદુર બ્હારવટીઆઓમાંથી ચાર-પાંચ જણાને માત્ર જખમ થયા હતા, જોકે એ જખમ એટલાબધા ભીતિકારક ન હતા.

ભૂખ, થાક, ઉજાગરો, નિષ્ફળ સંગ્રામ અને પોતાના હજારો સહચારીઓનું ભયંકર મોત, એ સર્વથી મૂઢ અને હતવીર્ય બનેલા લગભગ અઢીસોથી ત્રણસો મરાઠા પોતાની બંદૂકોના ટેકાથી ચાલતા અમરજીની દૃષ્ટિએ પડ્યા. પોતાના ઉદ્દેશની અપૂર્વ, અકલ્પનીય પરંતુ આશ્ચર્યજનક સફલતાથી તેની બુદ્ધિ અંજાઈ ગઇ. તેનું હૃદય જાણે કૂદકો મારીને તેની છાતીમાંથી બહાર નિકળવા માગતું હોય એવું તેને [illegible] થયું.

“ હર ! હર ! મહા ! મહા ! ” અમરજીના મુખમાંથી ઉદ્ગાર સરી પડ્યો.

નિરંતર મૃત્યુની સાથે ગેડીદડાની રમત ખેલતો રૂપો કાળી પણ આ ભયંકર વિજય જોઇને ચૂપ બની ગયો. તેના કોઈ સાથીએ પણ વિજયસૂચક હર્ષનાદ કર્યો નહિ. ગમે તેવા તોયે તેઓ મનુષ્ય હતા, ગમે તેમ તોયે તેમને હૃદય હતાં અને અત્યારે તેઓ યમરાજના ક્ષેત્રમાં ઊભા હતા.

ચિત્રવત્ ઉભેલા પોતાના સાથીઓને અમરજીએ આજ્ઞા કરી અને એ પાંચસો કોળીઓ હતાશ બનેલા બાકીના મરાઠાઓને એક પળ માત્રમાં ઘેરી વળ્યા.

અમરજી પોતાના ઘોડાને સર્વની મોખરે લાવી મરાઠા સૈનિકોને ઉદ્દેશીને બોલ્યોઃ "તમો સર્વમાં સરદાર કોણ છે ?"

"કેમ ! શું છે ?" જાણે કોઇ ઊંડા વિચારમાંથી જાગૃત થયો હોય તેવા સ્વરે કાનાજી તાકપોરે સામો પ્રશ્ન કર્યો.

"તમારાં હથિયારો છોડી દ્યો. અમારે તાબે થઇ જાઓ." અમરજીએ આ પરાજિત શત્રુઓને ફરમાવ્યું.

"ભાઇઓ ! હવે સામનો કરવામાં સાર નથી. હથિયાર નીચાં મૂકો. સૌ તાબે થઇ જાઓ." કાનાજીએ પોતાના મરાઠાઓને સલાહ આપી અને એક વાર તેમની તરફ તથા પછી અમરજી અને તેના સાથીઓ તરફ દૃષ્ટિ કરીને તેણે એક ઊંડો નિઃશ્વાસ મૂકયો.

સર્વત્ર ક્ષણવાર નિઃસ્તબ્ધતા પ્રસરી રહી, પરંતુ થોડી વારે એ શાંતિનો ભંગ કરતાં કાનાજી તાકપોરે પોતાનાં નેત્રોપર આવેલાં અશ્રુ લૂછતાં લૂછતાં જણાવ્યુંઃ "હું આ મરાઠા ટુકડીનો સરદાર કાનાજી તાકપોર ગાયકવાડનો અમરેલીના થાણાનો થાણદાર. હું મારાં હથિયાર છોડી દઈ તમારા સરદારને તાબે થાઉં છું. મારા માણસો પણ મારૂં અનુકરણ કરશે, પણ તમારા સરદારનું નામ શું ?"

"જી ! મારૂં નામ અમરજી !" અમરજી બોલ્યો. પછી તેણે કોળીઓને ઉદ્દેશીને કહ્યું; "ભાઈઓ ! આ સર્વ આપણા કેદીઓ છે, તેમને લઇને નવાગઢ તરફ ચાલો."

તેઓ તુરત જ નવાગઢ તરફ ઉપડયા અને એ પ્રભાતે જ અમરજીએ રીતસર નવાગઢનો કબજો લઈ કાનાજી અને તેના સાથીઓને તેઓ ન્હાસી જઇ ન શકે તેવો પાકો બંદોબસ્ત કરીને ત્યાં રાખ્યા.

પ્રકરણ ૩૧ મું.

સરહદ ઉપર.

નવાગઢના કિલ્લામાં કાનાજી તાકપોર અને તેના માણસોનો બરોબર પાકો બંદોબસ્ત કરીને અમરજી રૂપા કોળીને તથા તેના આશરે બસો માણસોને લઇને ગઇ રાત્રિના રણમેદાન ઉપર તપાસ કરવાને માટે ઉપડ્યો.

લગભગ એ જંગલનો બે કોસસુધીનો રસ્તો મરાઠાઓનાં શબોથી છવરાયેલો હતો. તેમનાં ઘોડાં પણ અહીંતહીં મરણાવસ્થામાં પડેલાં હતાં. તે ઉપરાંત દારૂ તથા ગોળા અને ગોળીઓના થેલા, અનેક પ્રકારનાં ન્હાનાં મોટાં હથિયારો, ખાધાખોરાકીના પદાર્થ, સોના રૂપાના સિક્કા, વગેરે પુષ્કળ મૂલ્યવાન્ સરંજામ તેમને હાથ લાગ્યો. ઉંચામાં ઉંચી અને આબાદ કામ આપતી જંજાળો–તોપો પણ જેવી ને તેવી સ્થિતિમાં હાથ લાગી. એથી તેમના આનંદનો પાર રહ્યો નહિ, કેમકે તેમના આ પ્રથમ જ સાહસમાં તેમને અતિ અલ્પ પ્રયાસે, પોતાની કશીયે ખુહારી નિપજ્યા સિવાય વિજય અને શ્રી બન્ને અણધાર્યા પ્રમાણમાં પ્રાપ્ત થયાં.

અમરજીએ એ તમામ સરંજામ નવાગઢ મંગાવી લેવાનો પ્રબંધ કર્યો. તે સંબંધમાં પોતાની સાથેના મનુષ્યોને આવશ્યક સૂચનાઓ આપી દીધી. પછી તે નવાગઢ તરફ ચાલ્યો.

સૂર્યના અવસાનથી શોકાતો સાંજ સજતું જગત ધીમે ધીમે શ્યામ રંગ ધારણ કરવા લાગ્યું હતું, રાત્રિનાં અંધારાં ઘેરાતાં જતાં હતાં, એ સમયે અમરજીએ રૂપા કોળી તથા તેના સાથીઓને કિલ્લાના ચોગાનમાં એકઠા થવાની સૂચના આપી દીધી.

બધા આવી લાગ્યા. ડાયરો જામ્યો. એટલે અમરજીએ પ્રશ્ન કર્યો: "કેમ, રૂપાભાઇ! પેલો બધો સરંજામ તો બરોબર અહીં પહોંચી ગયો ને!"

"હા, લૂંટનો ફેરો કરીને હમણાં જ બધા વાળુ કરીને તમારા બોલાવવાથી અહીં આવ્યા છીએ." રૂપાએ જવાબ આપ્યો.

"એ સરંજામમાં સોનારૂપાનું નાણું પણ છે કે ને!" અમરજી બોલ્યો.

"હા, હું ધારતો હતો, એ કરતાં વધારે છે." રૂપાએ

કહ્યું: "મેં એક મરાઠાને પૂછ્યું હતું. એટલે જવાબમાં તેણે કહ્યું હતું કે તેઓ આ તરફ આવતા હતા તે વખતે વચમાં જે કોઈ ગામ આવતું હતું તેની પાસેથી ચોથ ઉઘરાવતા હતા. જો કોઇ ગામવાળા આપવાની આનાકાની કરતા તો તેમને લૂંટી લેતા, સામા થતા તો કાપી નાખતા અને તેમનાં મકાનોમાં લૂટફાટ કરી ગામને સળગાવી દેતા. જો તેઓ રાજીખુશીથી આપી દેતા તો વળી ઉપરથી લડાઇનો ખર્ચ પણ માગતા. એવી રીતે મારા બેટાઓએ લૂંટી લૂંટીને ખૂબ ભેગું કર્યું છે. પરંતુ સાચું છે કે 'કીડી સંચે ને તેતર ખાય!' તેમ એ લોકોએ બાપડા અનેક માણસોના નિસાસા લઇને જે કાંઈ એકઠું કર્યું હતું તે ભાદરને કાંઠે ગૂમાવ્યું. ભાદરના કાંઠાનો તો એ પરચો છે પરચો. કળજુગમાં સાચો કેદારનાથ આ ભાદરના પાણીએ જ નાય છે અને ભાદરનાં નિરમળાં નીર પીએ છે."

"હા, એ સાચું છે. એ કેદરનાથ દાદાની કૃપાથી જ આપણને આ ફતેહ મળી છે." અમરજીએ 'પ્રભુ પ્રિત્યર્થે' ની આર્યોની જૂની પ્રણાલીનું અવલંબન કર્યું.

"હા ભાઇ! પ્રભુની કિરપા તો ખરી જ ને! તે વગર આમ કાંઇ સમૂળું ખેદાન મેદાન બની જાય ખરું? નહિ નહિ તોય આશરે ત્રણ–સાડા ત્રણ હજાર માણસો ખલાસ થઈ ગયાં હશે. પરંતુ ભા અમરજી! તેં યુક્તિ તો ભારે બતાવી. એ યુક્તિ એવી આબાદ નિવડી કે મરાઠાના એટલા એટલા માણસોની ખુહારી થવા છતાં આપણામાંથી એક પણ માણસને ઉની આંચ પણ આવી નહિ. રંગ છે રે જુવાન! રંગ છે તને અને તારી જનેતાને!" એક કોળી બોલી ઉઠયો અને અમરજીને 'રંગ' દેતો દેતો આવેશપૂર્વક ઊભો થઇ ગયો.

અમરજીએ અહંભાવના લેશ પણ અંકુર વગર ઉત્તર આપ્યો: "ભાઇ! એમાં મારા કરતાં ખરો રંગ તો તમો સૌ ભાઈઓને ઘટે છે અને સાચી વાત એ છે કે "ઝઝા હાથ રળિયામણા." બાકી ખરો યશ તો આપણે ભગવાનને જ આપવો અને તેમનો આભાર માનવો. વારુ, હવે જૂઓ રૂપાભાઇ!—"

"શું કહો છો? ફરમાવો!" રૂપા કોળીએ કહ્યું.

"આજની લૂંટમાં આપણને જે કાંઇ રોકડ નાણું મળ્યું છે તે સર્વ હું તમોને આપી દઉં છું, કારણકે તમે તથા તમારા માણ-

દૂર સાથીઓએ ભારે બજાવી છે. તમારી મહેનતનું મૂલ્ય તો હીરા મોતી જેવા ઝવેરાતથીયે થાય. તેમ નથી તો તેના બદલામાં સોના રૂપાની કોરીઓ તે શા હિસાબમાં? પરંતુ આપણને જે મળ્યું છે તેટલાથી જ અત્યારે તો તમે સંતોષ માની લેશો એવી હું આશા રાખું છું. વારૂ, તમે તમારૂં વચન પાળ્યું છે તે માટે હું તમારો આભાર માનું છું. હવે મારે મારૂં વચન પાળવાનું છે તે વખત આવ્યે હું જરૂર સ્મરણમાં રાખીશ. તે માટે તમે બેફિકર રહેજો. અત્યારે તો હવે હાલ તુરતને માટે રામ રામ છે. હવે હું તમારી રજા લઇશ."

રૂપો કોળી અમરજીના છેવટના શબ્દો સાંભળીને ઊભો થયો અને તેને બથમાં લઈ પુનઃ પોતાની પાસે બેસારતો બોલ્યો: "અમરજીભાઈ! હવે તે વળી 'રામ રામ' હોતા હશે ખરા? હવે તો આ ધીંગાણું ખલાસ થાય, જુનાગઢની આફત સદંતર દૂર થઇ જાય, ત્યાંસુધી અમે બિલ્કુલ ઠરી ઠામ બેસવાના નથી. તમે મારી આ ટોળીની સરદારી લીધી છે, તો એ સરદારીને જેમની તેમ નિભાવી જંગ જમાવો. જ્યાં તમારી આજ્ઞા થશે ત્યાં અમારાં માથાં ડુલ કરવા અમે તૈયાર છીએ."

અમરજીનાં નેત્રો પોતે અજમાવેલી આ યુક્તિની સમ્પૂર્ણ સફલતાથી પ્રકાશી રહ્યાં. તેનું હૈયું હર્ષભર્યા આવેશથી થનગનવા લાગ્યું. જો આ પાંચસો મરણીયા ભડવીરો, પોતાની હાકલ પડે ત્યાં મરવાને તૈયાર થવામાં પાછી પાની ન કરે તેવા નિડર લડવૈયાઓ પોતાની સરદારી નીચે ઝઝુમવાને તૈયાર થાય તો તેના કરતાં અધિક લાભદાયક બીજું શું હોઇ શકે? આ કોળી બહારવટીયા પોતાની સાથે ચાલુ દંગાની છેવટસુધી રહેશે એવી તેને પ્રથમ આશા ન હતી, એટલે જ તેણે તેમને લલચાવવાને માટે તથા ભવિષ્યની આશાનો મોહ લગાડવાને આજની લૂંટમાં પ્રાપ્ત થયેલ તમામ સોનારૂપાનું નાણું તેમને આપી દેવાનું જણાવ્યું હતું. તેનો એ હેતુ સિદ્ધ થયો ખરો.

વળી આ તરફ રૂપા કોળીના મનમાં પણ મોટું પરિવર્તન થયું હતું. ગઇ રાત્રે તેણે મરાઠાઓની સાથે જંગમાં ઝુકાવ્યું હતું તે માત્ર પોતાના વચનને ખાતર. તેમાં અમરજીની સરદારી [illegible] તેનો [illegible] ચાર [illegible] વખતનાં [illegible] પાછળથી બનેલી [illegible] [illegible]

પરાજય મળે તો તેનો અપયશ સરદારી લેનાર અમરજીને આવે અને એ પરાજયને કારણે તે પોતાના સાથીઓમાં હલકો પડે નહિ.

પરંતુ આ યુવાન અને પોતાની દૃષ્ટિએ બિલકુલ બિન-અનુભવી દેખાતા અમરજીની સરદારીનું ફક્ત એક જ રાત્રિમાં આવેલું અદ્ભુત અને ચમત્કૃતિભરેલું પરિણામ તેણે જોયું. તેણે જોયું કે આ યુવાન યુદ્ધમાં ઝંપલાવતો નથી; પોતાના માણસોને ઝંપલાવા દેતો નથી; કહેવાતી તથા સાધારણતઃ મનાતી શૂરવીરતાના ખ્યાલી તરંગોના વમળમાં એ ફસાતો નથી; એ લડાઇ કરે છે તે ચોક્કસ હેતુને સિદ્ધ કરવાને માટે; અમુક પ્રકારનું નિર્દિષ્ટ પરિણામ લાવવાને માટે; ખાલી પોતાની બહાદૂરી બતાવવાને માટે નહિ! પોતાનાં બળ અને બહાદૂરીથી ઘડી બેઘડી બધાંને ચકિત બનાવે, પરંતુ પોતે જે ધારણા રાખેલી હોય તે ધારણાને બર ન લાવી શકે એવા મરણીયા લડવૈયા માંહેનો આ અમરજી ન હતો. લડાઇના મેદાનમાં પોતાના નામને ખાતર કપાઇ મરે કે પોતાના માણસોને કપાવા દે એવો ટેકીલો આ યોદ્ધો ન હતો. અલબત્ત, તે આદર્શ ક્ષત્રિય યોદ્ધો તો ન હતો જ. પોતે જોયેલી, સાંભળેલી અને સ્વીકારેલી વીરતાનો આદર્શ રૂપા કોળીને અમરજીમાં લાગતો ન હતો.

તેમ છતાંય તે એટલું તો જોઈ શક્યો હતો કે અગાઉ મર્હુમ નવાબ મહમદ બહાદૂરખાન અને તેના સરદાર મુબારકખાનનાં સંમિલિત શ્રમ, બુદ્ધિ, બહાદૂરી અને તેમની મોટી ફોજથી તેઓ જે કાર્ય વંથળી પાસે અનેક અઠવાડિયાં પસાર થવા છતાં પણ સમ્પૂર્ણતઃ સિદ્ધ કરી શક્યા ન હતા તે કાર્ય આ અમરજીની સરદારીથી માત્ર એક જ રાત્રિમાં સિદ્ધ થઇ શક્યું હતું. અમરજી પોતે જાતે લડ્યો ન હતો. તેણે એક વાર પણ બંદૂક નોંધી ન હતી. છતાં પણ મેરાઠાઓની મોટી ફોજનો તેને લીધે જ ભયંકર સંહાર વળી ગયો હતો. ભવિષ્યમાં જે લડાયક મુત્સદ્દીગીરીથી જુનાગઢની જોરાવર બાદશાહીના પાયા નખાવાના હતા, અરબી સમુદ્રની ઉછળતી છોળોપરથી શરૂ થઈ જેનો ઉગ્ર તાપ સિંધના સીમાડા પર્યંતનાં ન્હાનાં મોટાં લગભગ તમામ રજવાડાંઓને પોતાની તીવ્રતાનો ચમત્કાર દર્શાવવાનો હતો, જે કચ્છી જમાદાર ફતેહમહમદ, જામનગરના મેરૂ ખવાસ અને ગોંડલના બા કુંભાજી તથા રાણા સુલતાનજીત આદિના અગંગત અને સમષ્ટિગત પ્રયાસોને પણ જે નિરર્થક કરી નાખવાનો હતો,

જેના જીવનપર્યંત ગાયકવાડી કે અંગ્રેજી સત્તાના પાયાને સ્થિરતા મળવાની સંભાવના ન હતી, એ મહાન્ લડાયક મુત્સદ્દીનું રૂપા કોળીને આ યુવાન અમરજીમાં સ્વપ્નદર્શન થતું હતું.

એથી આ યુવાનને માટે તેના અંતરમાં પ્રારંભમાં જ ઉદ્દ્ભવેલી માનની લાગણી વૃદ્ધિંગત થઇ અને તેની સરદારીને કાયમને માટે સ્વીકારવાનો તેણે નિશ્ચય કર્યો, કારણકે તેમાં તેને વિજય અને લક્ષ્મી બન્નેની સંપ્રાપ્તિની આશા જણાતી હતી. એટલે તેણે કહ્યું:—

" અમરજીભાઈ! તમે અમારો ત્યાગ શામાટે કરો છો? તમારામાં શક્તિ છે, બુદ્ધિ છે, ચતુરાઈ છે; પરંતુ તે સર્વનો ઉપયોગ તમે એકલા શી રીતે કરી શકશો? તેમાં બીજાઓના સહકારની મને જરૂર લાગે છે. જો તમારી સાથે મરણની ભીતિને અળગી કરીને લડનાર હોય તો તમે ઘણું કરી શકો એવું મારૂં માનવું છે. એટલે હું તથા મારા સાથીઓ તમે જ્યાં જાઓ ત્યાં તમારો સાથ કરવાને માટે તૈયાર છીએ. જો મારી આ સલાહ અને માગણીનો તમે સ્વીકાર કરતા હો તો તમે જ્યાં દોરો ત્યાં તમારી પાછળ પાછળ અમારામાંથી જે કોઇ ન દોરાય તે પોતાની જનેતાને નહિ પણ કોઇ ગધેડીને ધાવ્યો હતો એમ જાણજો. અમે તમારી પડખેના પડખે રહીશું, તમે કહેશો તે કરીશું અને પ્રસંગ આવતાં અમારી સર્વ શક્તિ તમારે ચરણે ધરીશું. માટે અમને 'રામ રામ' કરવાને બદલે હવે આપણે શું કરવાનું છે તે અમને જણાવો."

" ભાઈઓ! રૂપાભાઈએ અત્યારે જે કહ્યું તેની સાથે તમો સર્વ ભાઇઓ પણ સંમત છો ખરા?" અમરજીએ ત્યાં એકત્ર થયેલા તમામ કોળીઓ તરફ દૃષ્ટિ કરીને પ્રશ્ન કર્યો.

" એમાં અમારી સંમતિ લેવાની જરૂર જ ન હોય." એક કોળી બોલ્યો: " રૂપાભાઈ અમારા છત્ર, અમારા નાયક. તેમની પાછળ કેવળ તેમના વચને અમે અમારાં ઘરબાર, ખેતર પાધર છોડીને ચાલી નીકળ્યાં છીએ, વનવગડા વેઠીએ છીએ, આજ અહીં તો કાલ ક્યાં, એ સ્થિતિમાં દિવસો ગુજારીએ છીએ, તે રૂપાભાઈના બોલ અને અમારો બોલ બન્ને એક જ સમજવાં. તેમણે પોતે જ્યારે તમારી સરદારીનો સ્વીકાર કર્યો છે ત્યારે અમે પણ તમને અમારા સરદાર તરીકે માની જ લઈએ."

" હા, બાપુ હા." બીજા એક વૃદ્ધ [illegible]

રંગાયેલા કોળીએ અનુમોદન આપતાં જણાવ્યું: "તમે અમારા સરદાર, એક વાર નહિ પણ એક હજાર વાર સરદાર; કારણકે તમારી સરદારીમાં અમને તો ઉલટી મોજ મળે છે. જો તમે કહો તે પ્રમાણે અમે કરીએ તો તેમાં આપણી જ જીત થવાની. બીજો સરદાર હોય તો એમ કહે કે બહાદૂરીથી લડવું, ને ઘા કરવા તથા સહેવા પણ ખરા. વળી સામે પગલે લડતાં મરવું પણ ખરૂં. કારણકે એવી રીતે મરવાથી સીધું સ્વર્ગ મળી જાય છે. હું તો સાચાબોલો છું. કોઇ પણ રીતે મરવાથી આ દુનિયા છોડીને ચાલ્યા જઇએ એ વાત ચોક્કસ; બાકી પાછળથી તો જે થતું હોય તે ખરૂં. એવા ઉધાર સ્વર્ગ કરતાં રોકડી જીત અપાવનારી તમારી સરદારી મને વધારે પસંદ પડે છે, કેમકે એ જીત નજરે તો જોઇ શકાય ને!"

"હા, તમારા આ કથનની સાથે હું પણ મળતો થાઉં છું." અમરજીએ પોતાનો વિચાર પ્રકટ કર્યો: "મેં આપણા ક્ષત્રિયોએ રણક્ષેત્રપર બતાવેલાં પરાક્રમોનાં રોમાંચક વર્ણન સાંભળ્યાં છે. તેમની લડાઈ કરવાની રીતિને અવગણવાની મારી બિલકુલ ઇચ્છા નથી, પરંતુ તેમના કરતાં મારી યુદ્ધપદ્ધતિ જુદા પ્રકારની છે. ક્ષત્રિયો માને છે કે ગમે તેટલો ભોગ આપીને વિજય મેળવવો અને જો વિજય ન જ મળે તેમ લાગે તો આપણા શરીરને રણક્ષેત્રપર ખપાવી દેવું. મારૂં માનવું એવું છે કે વિજયપ્રાપ્તિને માટે જરૂર-જોગો ભોગ આપવામાં પાછી પાની ન કરવી, પરંતુ બની શકે ત્યાંસુધી આપણું રક્ષણ કરીને શત્રુનો પરાજય કરવો. તે માટે મળી શકે તેટલી યુક્તિપ્રયુક્તિનો આશ્રય લેવો. એથી એકાદ-બે વખત આપણે ન પણ ફાવીએ, પરંતુ અંતે તો વિજય આપણો જ થાય એ નિઃસંશય છે."

"અમરજીભાઇ! તમારી સામે દલીલમાં ઉતરવાનો મારો ઇરાદો નથી." રૂપા કોળીએ જણાવ્યું: "પરંતુ મારો મત તો એવો છે કે જય-પરાજય ઇશ્વરને અધીન છે એ સિદ્ધાંતનો સ્વીકાર કરી, આપણે તો યાહોમ કરીને આંધળીયાં કરવાં. પછી જે બને તે ખરૂં."

"રૂપાભાઇ! તમારી વીરતા અને તમારી શક્તિ ઉપરની અપૂર્વ શ્રદ્ધા તમારા મુખમાંથી આવા વીરત્વદર્શક છતાં નિરભિમાન-યુક્ત શબ્દો ઉચ્ચરાવે છે. હું પણ એટલું તો જરૂર સ્વીકારૂં છું કે જય-પરાજય એ ઇશ્વરને આધીન છે, પરંતુ તેની સાથે આપણે

આપણાં સાધનોની વિપુલતાને વિસરવી જોઇએ નહિ, કારણકે યુદ્ધમાં તો ઇશ્વર હમેશાં લાંબી બંદૂકોના જ સાથમાં હોય છે. પૂરતાં સાધનો અને સૈનિકો વગરનો મનુષ્ય આંધળીયાં કરવાથી ઇશ્વરની કૃપાને મેળવી શકતો નથી." અમરજીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"રંગ છે, જુવાન! રંગ છે, વીરા! આવી સાચી વાત આજે તારા મુખેથી સાંભળી. તારા જેવો સરદાર અમને મળે તો આ કોળી ભાઈઓ આખા કાઠિયાવાડને ગજાવી મૂકે. કેમ, કૃપાભાઇ! ખરૂં કે નહિ?" પેલા વૃદ્ધ કોળીએ આવેશપૂર્ણ સ્વરે જણાવ્યું.

"હા, ભાઇ! અમરજીભાઇનો થોડા વખતના સહવાસથી પણ તેમની બહાદૂરી, બુદ્ધિ, દીર્ઘદર્શિતા અને ચપળતાનો મને પૂરેપૂરો અનુભવ થઇ ચૂક્યો છે અને તેથી જ હું તેમની સરદારી સદાને માટે સ્વીકારવાને તૈયાર થયો છું. બોલો, અમરજીભાઇ! ત્યારે હવે શો હુકમ છે?"

"હુકમ તો નહિ પણ મારી સલાહ એવી છે કે આપણે બધાએ અત્યારે રાત્રે જ અહીંથી ઉપડવું. આપણી સાથેના મરાઠા કેદીઓને પણ લઇ લેવા. આપણે આપણું મથક જુનાગઢના સીમાડા ઉપર રાખવાની જરૂર છે. તે માટે મને જેતલસરનો ગઢ દરેક રીતે અનુકૂળ લાગે છે. તે હમણાં જ નવો બંધાયેલો છે. ત્યાં અત્યારે ગઢના રક્ષણ માટે પૂરતા માણસો પણ નથી. એટલે સ્હવાર પહેલાં તો એ ગઢનો કબજો આપણે સહેલાઇથી લઇશું." અમરજીએ પોતાનો વિચાર દર્શાવ્યો.

"પરંતુ એ ગઢ તો ગોંડળના ઠાકોર કુંભાજીનો છે. ભા' કુંભાને તો તમે જાણતા જ હશો. જો તે વિફર્યો તો આપણા ભૂક્કા કાઢી નાખશે." કૃપા કોળીએ શંકા કરી.

"મેં એ વાતનો વિચાર કરી જોયો છે અને અત્યારે ભા' કુંભો જુનાગઢનો મામલો તટસ્થ રહીને જોયા કરે છે. તેને અથવે એક નહિ તો બીજી રીતે એ પણ [illegible] એવી મારી ઇચ્છા છે. બાકી [illegible] આપણે હાથમાંને માથે રાખ્યા પણ નથી. આપણને તેનો [illegible] નહિ હોય ત્યારે તેની ખાનગી 'ભા' કુંભાની રહે તેમાં [illegible] નથી."

"[illegible] માર્યો, તમારી એ રાજરમતી [illegible] સમજીએ. સમજવાનો પ્રયત્ન કરીએ તો અમારું મગજ [illegible]

અમે તમને અમારા સરદાર નિમ્યા છે. તમે કહો તેમ કરવાને તૈયાર છીએ." રૂપા કોળીએ ભવિષ્યની સર્વ જવાબદારી અમરજી ઉપર નાખી.

અમરજીએ સૂચવ્યું: "બહુ સારૂં, ત્યારે તમો સર્વ તૈયાર થઇ જાઓ. મરાઠા કેદીઓને સાથે લેવાનો પાકો બંદોબસ્ત કરો અને લશ્કરી સરંજામ પણ જરૂર પડતાં ઉપયોગમાં લઇ શકાય તેવી વ્યવસ્થા સહિત સાથે લઇ લ્યો; અહીં કાંઇ પણ રહેવા દેવાનું નથી."

સૌ ઉઠ્યા. અમરજીની સૂચના મુજબ તૈયારી કરવા લાગ્યા. પછી અમરજીએ સુરજસિંહને પોતાની પાસે એકાંતમાં બોલાવીને કહ્યું: "સુરજસિંહ ! તમે છદ્મવેશ ધારણ કરીને જુનાગઢ તરફ ઉપડો. અને તો ઉપરકોટપર પહોંચી બક્ષીજીને મળીને આપણી તમામ હકીકત નિવેદન કરજો. ત્યાં જવાનું ન જ બની શકે તો જુનાગઢમાં જે કાંઇ બની રહ્યું હોય તેની બાતમી લઇ આવો. રાધનપુરની છાવણીનો વ્યૂહ કેવી રીતે ગોઠવાયો છે તેની પણ બારિક તપાસ કરતા આવજો; તેમાં કોઇ સ્થળે સરલતાથી છિદ્ર પાડી શકાય તેમ છે કે કેમ એ મુદ્દાનું ખાસ નિરીક્ષણ કરવાનું છે."

"બહુ સારૂં, હું અત્યારે જ ઉપડું છું. અહીંથી તો આ સ્વરૂપમાં જ જઉં છું. યોગ્ય સ્થળે પહોંચીને વેશપરિવર્તન કરી લઇશ. તમારી તમામ સૂચનાઓ લક્ષમાં રાખીશ."

એ પ્રમાણે કહીને એક ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય તે જ સમયે સુરજસિંહ ચાલતો થયો. તે વેળાએ અંધકારથી જામેલી રાત્રિનો સનસનાટ ભાદરના ઘેરા કલકલાટ સાથે મળી જઇ હવામાં ગુંજતો હતો. અમરજી સુરજસિંહની પાછળ જોઇ રહ્યો. તેનો આછો ને આછો થતો જતો આકાર અંધકારમાં ઓગળી ગયો. પછી પોતે પણ ઉઠ્યો અને પોતાને કરવાની સર્વ તૈયારી કરી લઇને તે બહાર પડ્યો અને તેણે હાકલ કરી: "સર્વ તૈયારી થઇ ગઇ હોય તો ચાલો, પ્રયાણ શરૂ કરીએ."

અશ્વો ઉપર પિલાણ મંડાયાં. મોટી તોપોના રેંકડાને અશ્વો જોડી દીધા. બીજો સરંજામ ગાડામાં ભરી દીધો. મરાઠા કેદીઓને પણ પાકા બંદોબસ્ત સાથે વચ્ચે રાખ્યા અને પૂરતી તૈયારી સાથે આ પાંચસો ભડવીરોની ટોળીએ અમરજીની સરદારી નીચે ત્યાંથી ત્રણ ગાઉ ઉપર આવેલા જેતલસરના ગઢ તરફ જવાને માટે જુનાગઢને અંધારી રાત્રિમાં એકલું છોડી દીધું.

તેઓ જેતલસર પહોંચ્યા તે વખતે લગભગ રાત્રિનો ત્રીજો પ્રહર વીતી ગયો હતો. ચોથા પ્રહરની શરૂઆત થઇ ગઈ હતી. અહીં તેમને ગઢ તાબે કરતાં કશો વિશેષ પરિશ્રમ કરવો પડયો નહિ, કારણકે ગઢમાં માણસો માત્ર થોડા જ હતા અને બહાર મોટા કટકને જંબાઓની સાથે આવેલું જોઇને તેમણે હાકલ થતાંની સાથે જ દરવાજા ખોલી નાખ્યા અને અમરજીએ અંદર પ્રવેશ કરી અંદરનાં હથિયારોનો કબજો લઇ લીધો તથા સિપાઇઓને પરહેજ કરી મરાઠા કેદીઓની સાથે રાખ્યા. જોકે તેની એ ખાસ નીતિ હતી કે લશ્કરી કેદીને કોઈપણ પ્રકારનો ત્રાસ આપવો નહિ કિંવા તેને અપમાનભર્યું લાગે તેવું વર્ત્તન તેની સાથે ચલાવવું નહિ. તેની એ નીતિને લીધે કેદી બનેલા દુશ્મનોનાં મન પણ તે જીતી શકતો હતો.

સ્હવારના પહોરમાં જેતલસરની વસતીએ પોતાના ગઢ ઉપર કોઇ નવો જ ચમત્કાર જોયો. જુનાગઢનો અર્ધચંદ્રાકાર વાવટો કોઠા ઉપર ફરકતો હતો, તોપો મંડાઇ ગઇ હતી અને કોઠાની અંદર પાંચસો માણસોની ફોજ પડી હતી.

પ્રકરણ ૩૧ મું.

સુરજસિંહે શું જોયું ?

સુરજસિંહ અમરજીનો મોકલ્યો રાત્રિના પ્રથમ પ્રહરના અંધકારમાં નવાગઢથી ચાલી નીકળ્યો હતો. જ્યારે ઉગતા સૂર્યનો સુવર્ણરંગી પ્રકાશ જગતપર વિસ્તારને પામતો હતો તે વખતે રાધનપુરના નવાબ કમાલુદ્દિનની વિશાળ છાવણી તેને દૃષ્ટિગોચર થઈ.

કમાલુદ્દિનખાને અરક્ષિત બનેલું જુનાગઢ અલ્પ પ્રયાસે જ હસ્તગત કરી લીધું હતું. વાઘેશ્વરીનો દરવાજો, દામોકુંડ, ગિરનારની તળેટી આદિ સ્થળોએ તેનો મજબૂત ચોકી પહેરો લાગી ગયો હતો. વચ્ચે વચ્ચે પણ જુદી જુદી ટુકડીઓ પડેલી જોવામાં આવતી હતી. સઘળું આખાય ઉપરકોટને જાણે હબસી ફોજના નાગપાશમાં બરાબર જકડી લીધેલો લાગતો હતો.

આ ઉપરકોટપર જવાનું સુરજસિંહને સહેલું ન લાગ્યું, કારણકે દુશ્મનની ફોજની વચ્ચે થઇને પસાર થવામાં પકડાઈ જવાની

ભીતિ તો ખરી જ ને ! એટલે તેણે પ્રથમ તો નવાબ કમાલુદ્દિનખા નની છાવણીની વ્યૂહરચનાનું નિરીક્ષણ કરી લેવાનો નિશ્ચય કર્યો અમરજી તરફથી તેને થયેલી સૂચના મુજબ પણ તેનિરીક્ષણ વિશેષ આવશ્યક અને અગત્યનું હતું.

તેણે અત્યારે અસલ ફકીરનો વેશ ધારણ કર્યો હતો લીલી કફની, પીળા મણકાની માળા અને કાળું ખપ્પર તેના છદ્મવેશને દીપાવતાં હતાં. શુદ્ધ ફકિરના જેવા જ ઉચ્ચારથી તે " અલ્લાહ કે નામ પેં–ખુદાકે વાસ્તે " ની ટેલ નાખતો હતો. તેના આ દિદારથી રાધનપુરની છાવણીના કોઇ પણ સિપાહીને તેને માટે શંકા આવે તેમ ન હતું. વળી તેમને શંકા નહિ આવવાનું એક બીજું પણ કારણ હતું તેઓ એમ માનતા હતા કે તેમના દુશ્મનો તો અત્યારે ઉપરકોટમાં જ ભરાઇ બેઠા છે. ઉપરકોટની બહાર જુનાગઢને માટે દાઝ ધરાવનાર કે તેના તરફથી લડનાર કોઇ પણ હોઇ શકે જ નહિ, હોય જ નહિ એથી તેઓ એ બાબતમાં તદ્દન નિશ્ચિંત હતા. તેમની એ નિશ્ચિંતતા તેમનું એ બેફામપણું તેમને કેટલું બધું ભયંકર નિવડયું તે આ વાર્ત્તાના વળામાં આગળ વધતાં જોઇ શકાશે.

સુરજસિંહે આ છાવણીનું નિરીક્ષણ કરવા માંડયું. રાધનપુરને કેસરીયો ચાંદ સરદારબાગ ઉપર ઉડતો દેખાયો. અહીં મોટા સરદાર અને અમલદાર જેવા લાગતા શસ્ત્રધારીઓ આવતા અને જતા તેની દૃષ્ટિએ પડયા. તે ઉપરથી તેણે અનુમાન કર્યું કે ખુદ નવાબ કમાલુદ્દિનખાને પોતાનો પડાવ આ સરદારબાગમાં નાખેલો હોવો જોઇએ

સુરજસિંહની ટેલ આગળ વધી. જુનાગઢનો કિલ્લો પરદેશીઓથી ઉભરાઈ જતો તેના જોવામાં આવ્યો. સરદારબાગથી જતા માર્ગ ઉપર ઉપરકોટના કિલ્લા નજીક તોતીંગ જંજાળો ગોઠવાયેલી તેની દૃષ્ટિએ પડી. દામાકુંડના સ્થાનકમાં અનાજનો મોટો જથ્થો સંગ્રહી રાખવામાં આવેલો જણાયો. ઘાસની ગંજીઓની ગંજીઓ ખડકાયેલી પણ જોવામાં આવી. વળી વધુ અનાજ તથા ઘાસ એકત્ર કરવાને માટે નિકળી પડેલી ટુકડીઓ અને એકત્ર કરી અનાજ તથા ઘાસ લઇને આવતી ટુકડીઓને જોવાથી સુરજસિંહને લાગ્યું કે નવાબ કમાલુદ્દિનનો ઇરાદો અહીં લાંબા સમયસુધી પડાવ નાખીને ઉપરકોટમાં પુરાયેલાઓને હંફાવવાનો કે બની શકે તો એ કિલ્લાને ખેદાનમેદાન કરવાનો હોવો જોઇએ.

હવે તેણે જુનાગઢ શહેરમાં પ્રવેશ કર્યો અને અંદરનાં દરબારી મકાનોનું નિરીક્ષણ શરૂ કર્યું. બક્ષીજીની હવેલીમાં દુશ્મનનાં થાણાં ગોઠવાયાં હતાં. જે કોટડીમાં તે પોતે રહેતો હતો ત્યાં તેણે રાધનપુરના એક સિપાહીને રોટી પકાવતો જોયો.

દરબારગઢમાં કમાલુદ્દિનખાનના સૈન્યના મુખ્ય અમલદાર સુલેમાનનો પડાવ હતો. ત્યાં ચોગાનમાં બે વ્યક્તિઓ ઉભેલી તેની દૃષ્ટિએ પડી. તે બે માંહેની એક વ્યક્તિનો પરિચય એક રાધનપુરીય સિપાહીએ સુલેમાન તરીકે કરાવ્યો, પરંતુ તેની સાથે ઊભેલી બીજી વ્યક્તિને જોઇને તો તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ વ્યક્તિ બીજી કોઇ નહિ પરંતુ જુનાગઢનો એક વખતનો દિવાન પેલો વસંતરાય પોતે જ હતો. આ બે વ્યક્તિઓ અત્યારે ધીમે ધીમે કાંઇક વાત કરી રહી હોય એમ તેને લાગ્યું. તે તેમની તરફ આગળ વધ્યો. વસંતરાય કદાચ પોતાને ઓળખી કાઢશે, એવી તેને ક્ષણવાર ભીતિ પણ ઉપજી. તથાપિ એ બે જણા વચ્ચેના સંવાદ માંહેના થોડા શબ્દો પણ સાંભળી લેવાની આતુરતાને તે અટકાવી શક્યો નહિ. તે સ્હેજ આગળ વધી તેમની તરફ પીઠ કરીને જાણે પોતે આસપાસ કશાય કારણ વગર જોતો હોય એવા ભાવપૂર્વક ઊભો રહ્યો. તે અત્યારે ફકિરના વેશમાં હોવાથી સુલેમાનને તેને માટે શંકા લાવવાનું કશું યે કારણ ન હતું. જ્યાં જ્યાં છાવણી પડતી ત્યાં આવા ફકિરો ભીખ માગવાને માટે આવી ચડતા હોવાનો તેને અનુભવ હતો, એટલે તે તો વસંતરાયની સાથે અગાઉની માફક નિશ્ચિંતપણે વાતો કરતો હતો. સુરજસિંહે પણ તે સાંભળવાને પોતાના કાન સરવા બનાવ્યા. તેના કર્ણપર એ બન્નેના સંવાદના તુટક તુટક શબ્દો પડ્યા, પરંતુ તે ઉપરથી તે એ સંવાદનો સાર સમજી ગયો. અમે વાચકોને યથાર્થ ખ્યાલ આવી શકે તે માટે એ બે વ્યક્તિઓ વચ્ચેના સંવાદનો એટલો ભાગ અત્ર ઉતારીએ છીએ:—

“ જુઓ, દિવાનજી ! અમારો શો હેતુ છે એ તો મેં તમને જણાવી દીધો છે. એ ઉપરથી તમે સમજી શક્યા હશો કે અમે અહીં કંઈ ખાલી સમય પસાર કરવાને માટે નથી આવ્યા.” રાધનપુરના સેનાનાયક સુલેમાનના મુખમાંથી શબ્દો નીકળ્યા.

“ એ બરાબર છે. મને પણ તમારા લશ્કરના આગમન વિષે ખબરથી જ વહેમ પડ્યો હતો અને તેથી જ હું તમારા નવાબ

સાહેબને મળ્યો હતો તથા જો જરૂર હોય તો મારી સેવા અર્પણ કરવાનું પણ મેં તેમને જણાવ્યું હતું." વસંતરાયે કહ્યું.

"જુનાગઢના સેવક થઇને ?" સુલેમાન હસ્યો. પરંતુ તેના એ હાસ્યમાં તિરસ્કારની અસ્પષ્ટ છાયા હતી.

"સરદાર સાહેબ! મેં મારે માટે એક એવો સિદ્ધાંત નક્કી કર્યો છે કે આપણે કોઈ પણ સમયે અને કોઇ પણ સ્થળે જે કાર્યથી આપણા સ્વાર્થને વિશેષ પુષ્ટિ મળતી હોય તે કાર્ય ગમે તેવું હોય તોપણ તેનો સ્વીકાર કરવામાં આંચકો ખાવો નહિ. વળી હું કાંઇ જુનાગઢનો વતની નથી. એટલે વફાદારીનું નાકું પકડી રાખવાની મને જરૂર લાગતી નથી. તેમજ મેં જ્યાંસુધી જુનાગઢનું નિમક ખાધું હતું ત્યાંસુધી મારી રીત મુજબ હલાલ કર્યું છે. હવે હું તેની નોકરીમાં છું નહિ. એટલે મારા કોઇ કાર્યથી જુનાગઢને નુકસાન થશે તેનો વિચાર કરવાની મને જરૂર ન જ હોય. મારે મન તો જુનાગઢની ગાદી ઉપર મહોબતખાન હોય, મુજફ્ફરખાન હોય કે નવાબ સાહેબ કમાલુદ્દિનખાન હોય એ બધું સરખું જ છે. માત્ર જ્યાં મારો લાભ જળવાતો હોય અને મારી સેવાની જરૂર હોય ત્યાં ઝુકાવવું એ મારો નિશ્ચય છે."

"તમારો એ નિશ્ચય અત્યારે અમને કામનો છે અને તમે આ પ્રદેશના અનુભવી હોવાથી અમને ઉપયોગી થઇ પડશો એમ લાગવાથી નવાબ સાહેબે તમારી સેવાનો સ્વીકાર કરવાની ધારણા રાખી છે." સુલેમાને જણાવ્યું.

"વારૂ, પણ નવાબ સાહેબનો ઇરાદો શો છે ? તેઓ જુનાગઢને હસ્તગત કરીને પછી શી વ્યવસ્થા કરવા ઇચ્છે છે ?" વસંતરાયે પ્રશ્ન કર્યો.

સુલેમાન તેના આ પ્રશ્નના ગર્ભમાં સમાયેલો તેનો હેતુ કળી ગયો; એટલે તેણે વસંતરાયની મહત્ત્વાકાંક્ષા ઉત્તેજિત બને તેવો જ ઉત્તર આપ્યો: "નવાબસાહેબનો ઇરાદો એવો છે કે જુનાગઢ ઉપર સંપૂર્ણ કાબુ બેસારી, ઉપરકોટનો પણ કબજો મેળવવો અને પછી આસપાસના પ્રદેશની વ્યવસ્થા જાળવવાને માટે શાહજાદા [illegible]ને અહીં રાખી જવા. તેમના સલાહકાર અને દિવાન તરીકે તમારી નિમણુંક કરવી."

"મને દિવાન તરીકે નિમવાનું ચોક્કસ છે ? વચન આપો છો ?" વસંતરાયના સ્વરમાં ઉત્સાહ હતો.

"બેશક, તમારા જેવા અનુભવી દિવાન મળેલો હોય તો મીયાંને લડવાની ભાંજગડમાં શામાટે પડવું જોઇએ ? વારુ, પણ અત્યારે તમારે એક કાર્ય કરવાનું છે. ઉપરકોટ ઉપર જેઓ ભરાઇ બેઠા છે તેમને અમે અહીં સમાલી લઇશું. દરમિયાન તમે રાણપુર [illegible] ત્યાં મુજફરખાન ભરાઇ રહ્યો છે એવી મને ચોક્કસ બાતમી [illegible]. એટલે મારા પાંચસો મનુષ્યો સાથે તમે ત્યાં પહોંચી જાઓ, રાણપુરને ઘેરી લ્યો અને મુજફરખાનને પકડી કરીને નવાબસાહેબ સમક્ષ ખડો કરી દો. એમ કરતાં કદાચ તે કામ આવી જાય તોપણ ચિંતા નહિ. માત્ર તેનો અંત આવવો જોઇએ કે જેથી વચ્ચેથી એક કાંટો તદ્દન દૂર થઇ જાય." સુલેમાને સૂચના કરી.

વસંતરાયે તેની સૂચનાનો સ્વીકાર કર્યો અને બન્ને જણા તે માટેની ગોઠવણ કરવાને માટે તત્પર થયા.

આ સંવાદનો સાર સુરજસિંહ પામી ગયો હતો. હવે તેને અહીં વધુ વખત રોકાવાની આવશ્યકતા લાગી નહિ. તે દરબારગઢમાંથી નિકળીને આગળ ચાલ્યો. સર્વત્ર [illegible] મોટી અને લાંબી લડાઇને માટે તૈયારી ચાલી રહેલી તેની દૃષ્ટિએ પડતી હતી. તેનો ઇરાદો કોઇ પણ રીતે ઉપરકોટ જઇને ત્યાંની સ્થિતિ તપાસવાનો તથા ઉપરકોટમાં ભરાઇ બેઠેલાઓને તેમની ચોપાસના વાતાવરણથી માહિતગાર કરવાનો હતો. ઉપરકોટની આસપાસ રાધનપુરના સૈનિકોનો ભયંકર નાગપાશ વિંટળાયેલો હતો. કોઇ પણ રસ્તે થઇને જવાને માટે એક–બે ચોકીઓ તો પસાર કરવી જ પડે.

એ તમામ વસ્તુસ્થિતિના અવલોકનથી ક્ષણવાર તો તેના મનમાં નિરાશા ઉદ્ભવી, પરંતુ એમ છતાં એ નિરાશાની સાથે જ તેના અંતરમાં એક મરણીયા લડવૈયાનો અમીરનો ઉછાળો આવ્યો. તે પણ અમરજીનો સહકારી હતો. જીવન–મરણની પરવા તેણે રાખી ન હતી. એટલે કોઇ પણ રીતે–યુક્તિપ્રયુક્તિવડે પણ પ્રથમ ઉપરકોટ પહોંચવાનો તથા ત્યાં સમાચારો અને વિચારોની આપ-લે કરવાનો તેણે નિશ્ચય કર્યો.

[illegible] રહીમ [illegible] હતી. તે [illegible] હાજર હતો. ખુદાના નામની ટેલ નાખતો હતો. એટલે તેને [illegible] [illegible] ન [illegible]

ચાલતાં ઉપરકોટપર જવાના એક માર્ગપરની ચોકી પાસે તે જઈ પહોંચ્યો. અહીં બાર–પંદર સિપાહીઓ હતા. ત્યાં તેણે એ ચોકીની પાસે જઇ અડ્ડો જમાવ્યો. થોડી વાર પ્રાસ્તાવિક વાતો થઇ, પોતાની ચલમ તથા ગાંજો કાઢ્યાં. ગાંજાને મસળી, તમાકુ સાથે મેળવી ચલમ ભરી અને દમ લગાવવો શરૂ કર્યો. ચલમ સિપાહીઓમાં ફરવા લાગી. પછી તો ઉપરાછાપરી ચલમો ભરાવા લાગી અને ગાંજાના નિશામાં ચકચૂર બનેલા સિપાહીઓ વચ્ચે અલકમલકની વાતો [illegible] લાગી. ધીમે ધીમે સર્વ શાંત થયા. કેટલાક ઘેનથી નિદ્રાધીન બની ગયા, કેટલાક અર્ધનિદ્રિત બન્યા. સુરજસિંહે પણ બાજુમાં જ લંબાવ્યું. થોડી વારે સર્વત્ર શાંતિ પ્રસરી રહેલી લાગી એટલે તે ધીમેથી ઉઠ્યો અને કશો પણ અવાજ થવા દીધા સિવાય ત્યાંથી પસાર થઈ ગયો. અંધકાર ચોતરફ ગાઢ જામેલો હોઇ તેને કશું પણ વિઘ્ન નડયું નહિ અને તે સલામત રીતે ઉપરકોટપર પહોંચી ગયો.

ઉપરકોટના કિલ્લાનો દરવાજો બંધ હતો. તેણે હાકલ મારી પોતાની ઓળખાણ આપી. બારી સ્હેજ ઉઘડી, ફકિરને બહાર ઊભેલો જોઇ દરવાને બારી પુનઃ બંધ કરી દીધી. દરવાન અંદર ક્યાંય જતો હોય એમ તેનાં પગલાંના અવાજપરથી સુરજસિંહને લાગ્યું. પુનઃ બે–ચાર પળ પછી બારી ખૂલી અને "કોન હૈ?" એવો અંદરથી મહમદશાહ જમાદારનો અવાજ આવ્યો.

"એ તો હું સુરજસિંહ. ફકિરના વેશમાં છું માટે શંકા લાવવાની જરૂર નથી." સુરજસિંહે જણાવ્યું.

મહમદશાહે બારી પૂરી ખોલી અને સુરજસિંહને અંદર લીધો. બારી પુનઃ બંધ થઇ ગઇ. જમાદાર ફકિર વેશમાં સુરજસિંહને જોઈ આનંદપૂર્વક બોલ્યો: "સુરજસિંહ! તું પણ આવી ગયો ખરો. ચાલ સારૂં થયું. બક્ષીજીએ તને ત્રણ–ચાર વખત યાદ કર્યો હતો. હવે અમરજી આવી જાય એટલે તેમને શાંતિ થાય, કારણકે અમરજીના કશાયે સમાચાર પણ નથી."

"અમરજી કુશળ છે. હું તેમને [illegible] આવું છું, તેમણે જ મને અહીં આવવાની તથા [illegible] કરી છે."

"એમ! અમરજીને તું મળીને આવે [illegible]

ઓથાનો ન્હાનકડો જુવાન અત્યારે છે ક્યાં ?" મહમદશાહે આ પ્રકારે અમરજી પ્રત્યેનો પોતાનો પ્રેમ અને લાગણી વ્યક્ત કર્યો.

"અમરજી જ્યાં છે ત્યાં કુશળ છે. તેની બહાદુરીની સર્વ વિગત હું આપને પછી જણાવીશ, પરંતુ પ્રથમ મને બક્ષીજી પાસે લઇ જાઓ. અત્યારે રાત્રિ ઘણી વીતી ગઇ છે એટલે કદાચ તેઓ પોઢી ગયા હશે તો તેમની નિદ્રામાં ખલેલ પહોંચાડવી પડશે."

"ફિકર નહિ. આવા પ્રસંગોમાં બક્ષીજીએ નિદ્રા કે આરામની કદી પણ પરવા કરી નથી. ચાલ, આપણે તેમની પાસે જઇએ. સંભવ છે કે તેઓ હજી જાગતા જ હશે."

તેઓ બન્ને બક્ષીજી પાસે ગયા. બક્ષીજી પરશાળમાં ગાદી તકીયાપર ખૂલી અને ઠંડી હવાનો અનુભવ કરતા બેઠા હતા. પ્રેમજી ઠક્કર પણ તેમની પાસે જ બેઠો હતો. બાલ નવાબ મહોબતખાન બક્ષીજી અને પ્રેમજીની વચ્ચે ગાદીપર આડે પડખે થયો હતો.

સુરજસિંહ મહમદશાહની સાથે તેમની પાસે ગયો. બક્ષીજીએ તેને જોયો અને જાણે પિતા પુત્રનો સત્કાર કરતો હોય તેવા ભાવપૂર્વક તેમણે કહ્યું: 'આવ, આવ, સુરજસિંહ! ઠીક પહોંચી ગયો હોં! છે તો કુશળને? અમરજીના કાંઇ સમાચાર છે?"

"આપના પ્રતાપે કુશળ છું અને અમરજીભાઇએ પણ આપને પ્રણામ કહેવરાવ્યા છે; તેમજ કેટલીક હકીકત આપને કહેવાનું મને જણાવ્યું છે."

"એમ! અમરજી છે તો કુશળ ને? અને હમણાં તે ક્યાં છે?" બક્ષીજીએ પ્રશ્ન કર્યો.

આ વાર્તાલાપ ચાલતો હતો તે વખતે સુરજસિંહને આવી પહોંચેલો જાણી, કેટલાક દિવસથી ઉપરકોટમાં ગોંધાઇ રહેવાને કારણે બહારની દુનિયાથી બેખબર રહેલા ફોજના કેટલાક નાયકો પણ તેની પાસેથી કાંઇક જાણવાનું મળશે એવી આશાથી અત્ર આવવા લાગ્યા.

સુરજસિંહે એ બધાની વચ્ચે બક્ષીજીના છેલ્લા પ્રશ્નના ઉત્તરમાં એક ગોળો ફેંક્યો: "અમરજીભાઇ તો બ્હારવટીયાની સાથે મળી ગયા!"

"શિવ! શિવ! શિવ! આ તું શું કહે છે? એ છોકરાને માટે તો મેં ઘણી આશા બાંધી હતી." બક્ષીજી આશ્ચર્યપૂર્વક નિરાશાથી બોલ્યા: "મને તો તે એવો લાગતો ન હતો. પરંતુ એ બ્હારવટીયાની સાથે મળી ગયો છે એવું તારે જાણવાનું કેવી રીતે

આવ્યું ? એ તને કયાં અને કયારે મળ્યો હતો ? મને તો એમાં કાંઇક ભેદ લાગે છે."

સુરજસિંહ સ્હેજ હસીને બોલ્યો: "હાજી, આપનું એ અનુમાન સાચું છે, કારણકે હું ય તેમની સાથે ભળેલો જ છું. આપ એ કથા સાંભળશો ત્યારે આપના મનમાં અમરજીભાઇને માટે જે કાંઇ ભાવ હશે તે બમણો થયા વગર નહિ રહે. ગમે તે રીતે અમરજીભાઇને બાતમી મળી હતી કે આપના ઉપર લગભગ ત્રણથી ચાર હજારની ફોજ લઇને પેલો અમરેલીવાળો થાણદાર કાનાજી તાકપોર ચઢી આવે છે."

"હેં! પછી?" બક્ષીજીએ પૂછ્યું. સર્વ કાન સરવા કરીને આતુરતાથી સાંભળવા લાગ્યા.

"પછી અમરજીભાઇ રહ્યા બ્હારવટીયા. એટલે તેમણે એ મરાઠાઓનો કચ્ચરઘાણ વાળી તેમને લૂટી લીધા."

"પરંતુ એ કેવી રીતે ? ખુલાસાથી કહે." બક્ષીજીની આતુરતા વધી.

સુરજસિંહે અમરજીની પોતાને પ્રથમ મુલાકાત થઇ ત્યારથી તે પોતે નવાગઢમાંથી અમરજીથી છૂટો પડયો ત્યાંસુધીની તમામ હકીકત બારિકબારિક વિગતની સાથે વર્ણવી બતાવી. રૂપા કાળીની જુનાગઢની વ્હારે ચડવાની વાત ખૂબ રસપૂર્વક કરી. કાનાજી તથા તેના બચેલા માણસો કેદ પકડાયાની તેમજ બ્હારવટીયાઓની ટાળીની સહાયથી રાધનપુરની ફોજની પણ સખ્ત રીતે ખબર લેવાનો અમરજીનો નિશ્ચય હોવાની હકીકત પણ નિવેદન કરી.

એકકાન બની બેઠેલી એ મંડળીમાં જમીનપર સોય પડે તો પણ તેનો અવાજ સંભળાય એટલી બધી શાંતિ હતી. બક્ષીજીનાં નેત્રો અવારનવાર ચમકતાં હતાં. તે સુરજસિંહે જણાવેલી હકીકત સાંભળીને શાંત બની ગયા. અત્યારે તેના મગજમાં અનેક પ્રકારના વિચાર ચાલી રહ્યા હતા.

"રંગ છે! રંગ છે! અમરજી જીતે રહો!" જમાદાર મહમદશાહ બોલી ઉઠયો. કાનાજી તાકપોર જેવા મરાઠા સરદારને પરહેજ કરવાનું પરાક્રમ જાણે પોતે જ કર્યું હોય એવો અંતરનો ઉમળકો તેને આવતો હતો.

"કાળીઓ બ્હારવટીયા ખરા, પરંતુ આખર [illegible] જ ને!" જમાદાર બોલ્યો.

એટલે બક્ષીજી બોલ્યાઃ "સુરજસિંહ ! અમરજીનું પરાક્રમ [illegible]ળી મને આનંદ થયો છે. તેની વફાદારી વખાણવા-[illegible] છે. એમાં તારો પણ તેના જેટલો જ હિસ્સો હશે એમ [illegible]માની લઉં છું. વારુ, હવે તું આજની રાત્રિ આરામ [illegible] જેવી રીતે અહીં આવ્યો હતો તેવી જ રીતે પુનઃ અહીંથી સરકી [illegible] અમરજીને મારા આશીર્વાદ કહેજે. તેને જણાવજે કે ઉપરકોટ [illegible]ટે કશી ચિંતા કરવાની જરૂર નથી. તમે બન્ને જણા બહાર [illegible]ને તમારાથી બની શકે તેટલું કરજો. શું કરવું અને કેવી રીતે [illegible]વું એ સંબંધમાં મારે તમને સૂચના કરવાની જરૂર ન જ હોય. [illegible]ત્ર તારાથી બની શકે ત્યારે પુનઃ અહીં આવીને અમને ખબર [illegible]ાંચાડતો રહેજે."

"હાજી, હું જરૂર મારાથી બની શકશે ત્યાંસુધી અહીં આવતો [illegible]શ અને અહીં રાત્રિ રોકાવાને બદલે અત્યારે જ અહીંથી જવાનું [illegible] યોગ્ય લાગે છે, કેમકે રાત્રિના સમયે બહાર ચોકી પહેરાવાળા [illegible]મ બનેલા હોવાથી જવાનું વધારે સલામત છે. વારુ, હું રજા [illegible] તે પહેલાં અમરજીભાઇનો એક સંદેશો આપને જણાવવાનો છે."

"શો સંદેશો ?" બક્ષીજીએ પૂછ્યું.

"આપે તેમને જે કાર્ય સુપ્રત કર્યું હતું તેમાં તેમને [illegible]ળતા મળી હતી. તે કાર્યમાં પ્રાપ્ત થયેલી વસ્તુનો તેમણે સદંતર [illegible]શ કરી નાખ્યો છે."

"એમ ! એ બહુ જ સારું કર્યું. એ વસ્તુના નાશથી એક [illegible]ફેલી દૂર થઈ છે, તેમજ કાનાજીને કેદ કરવાથી તેની તરફનો [illegible] [illegible]ુ ટળી ગયો છે. વારુ, તારે અત્યારે જ જવું હોય તો તારી ખુશી. [illegible]હાદાર ! સુરજસિંહને ખર્ચીને માટે જે કાંઇ જોઇએ તે આપવાની [illegible]વણુ કરજો. સુરજસિંહ ! અમરજીને કહેજે કે કાંઇ પણ નાસી [illegible] [illegible] નહિ અને એક વાર ઉપાડેલા કામના જોખમથી [illegible]ને પાછા પડશો નહિ" બક્ષીજીએ સલાહ આપી.

સુરજસિંહ નમન કરીને [illegible]. [illegible] જમાદાર તથા [illegible] [illegible] જે [illegible] [illegible] તેઓ [illegible] [illegible] બક્ષીજી, [illegible] ઠક્કર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આ સ્થળે રહ્યા.

"જુવાન પણ જબરો ખરો! એણે કાનાજી તાકચોરને કેદ કર્યો! વાહ, બક્ષીજી! આપનું ભાવી ચડિયાતું લાગે છે. નહિતો કાનાજીને કેદ કરવાની બુદ્ધિ અમરજીને ન હોય! મને લાગે છે કે ભવિષ્યમાં એ જુવાન નક્કી તમારૂં સ્થાન લેશે." પ્રેમજીએ અમરજી માટેનો પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

"હા, એ મને પ્રથમ મળ્યો ત્યારથી કુદરતી રીતે જ મારા મનમાં તેને માટે સારી છાપ પડી છે. એ બહાર છે એટલે આપણને વિશેષ ઉપયોગી થઇ પડશે એમ મને લાગે છે. સુરજસિંહ પણ બહાર રહેવાથી તેને સહાયક થઈ શકશે. તેણે મરાઠા થાણદારને અશક્ત બનાવી દીધો એ બહુ જ સારૂં કર્યું. મને તેની ચિંતા રહેતી હતી અને તેના વિચારથી મારૂં મન અસ્વસ્થ રહ્યા કરતું હતું. હવે તો આપણે રાધનપુરની સાથેજ ભરી પીવાનું રહ્યું."

"આપણા માણસો રાધનપુરના નવાબ સાથે મળી ન જાય તો સારૂં." પ્રેમજી ઠક્કરે મુઝફ્ફરખાનને માટે શંકા દર્શાવી.

"એ તરફનો ભય મને ઓછો છે. જોકે એમ ન જ બને એવું તો હું કહી શકતો નથી, તથાપિ મુઝફ્ફરખાનને પોતાની સલામતીની ભીતિ હોવાથી તથા સાહિબા બેગમ આપણી સાથે હોવાથી તે કમાલુદ્દિનખાન સાથે ભળે એ મને સંભવિત લાગતું નથી. બાકી મને હવે જે ભીતિ છે તે ગોંડલ, નવાનગર અને કચ્છની. જો એ ત્રણમાંથી એક અથવા એ ત્રણે અત્યારે લાગ જોઈને કૂદી પડવાને તત્પર બને તો–તો–" બક્ષીનો અવાજ ધ્રૂજ્યો: "તો જુનાગઢને માથે વસમા દિવસ છે." તેણે સૂતેલા નવાબના નિર્દોષ મુખ તરફ દૃષ્ટિ કરીને કહ્યું: "અને આ બાળકને બિચારાને ખ્યાલ પણ છે કે આજે તેની બાદશાહી ઉપર કેટલી ભયંકર આફત તોળાઇ રહી છે!" તેણે એક નિઃશ્વાસ મૂક્યો.

"એટલા માટે જ આપણા શિરે વિશેષ જવાબદારી રહેલી છે ને!" પ્રેમજી ઠક્કરે કહ્યું.

"ખરૂં છે. એ જવાબદારીમાં આપણે સફળ થઇએ અને આપણી વફાદારી નિષ્કલંક રહે એવી પરમાત્માને પ્રાર્થના છે." બક્ષીજીએ ઇશ્વરને આધારભૂત માન્યો.

પ્રકરણ ૩૨ મું.

નવાબનું તોપખાનું.

રાધનપુરના નવાબ કમાલુદ્દિનખાને પ્રથમ સમજાવટથી ઉપરકોટમાં ભરાઇ રહેલાઓને તાબે કરવાનો પ્રયત્ન કરી જોયો; પરંતુ તે પ્રયત્નમાં તેને સફળતા મળી નહિ. સફળતા મળશે એવું તેને લાગતું પણ ન હતું. તેને હવે લાગ્યું કે એ કિલ્લાને જમીનદોસ્ત કરવા સિવાય બીજો એક પણ માર્ગ છે જ નહિ. એટલે એક દિવસે તેણે પોતાના સિપેહસાલાર સરદાર સુલેમાનને પોતાની પાસે બોલાવ્યો. તેની સાથે મસલહત કરી અને ઉપરકોટપર સચોટ મારો ચલાવી શકાય તેવી રીતે તોપખાનું સ્હાંજસુધીમાં ગોઠવી દેવાની તેને આજ્ઞા કરી.

સુલેમાને એ આજ્ઞાનો તત્કાળ અમલ કર્યો અને તુરતમાં જ્યાં તોપખાનું રાખવામાં આવ્યું હતું ત્યાં આવી આવશ્યક સૂચનાઓ આપી દીધી. મોટી મોટી પડછંદ તોપો યથાસ્થાને ગોઠવાયેલી જોઇને નવાબ કમાલુદ્દિનખાનને સંતોષ થયો. પછી સ્હાંજે તેણે લશ્કરના તમામ મુખ્ય અમલદારોને એકત્ર કર્યા.

કોણે ક્યાં રહેવું, કિલ્લો તૂટે ત્યારે કોણે ક્યાંથી કેવી રીતે હલ્લો કરવો, કયા કયા ગોલંદાજે ક્યારે ક્યારે કઇ તોપ ફોડવી, દરેક તોપમાં કેવો અને કેટલો દારૂગોળો ભરવો, ઇત્યાદિ ઝીણી ઝીણી બાબતોને લગતી વિગતવાર સૂચના નવાબ ઝપાટાબંધ એક પછી એક દરેકને આપતો ગયો.

એ મંત્રણા લગભગ એક પ્રહરપર્યંત ચાલીને ખતમ થઇ. દરેક સરદાર આવતી કાલે પ્રભાતથી તે સ્હાંજસુધીમાં કેટલું, કેવું અને ક્યાં પોતાને કામ કરવાનું છે તેની વિગતવાર સૂચના મેળવીને પોતાના નિવાસસ્થાન તરફ ચાલતો થયો.

એ પ્રમાણે ચર્ચા કર્યા પછી સહુ વિખરાયા ત્યારે જગત ઉપર રાત્રિનાં કાળાં અંધારાં ઉતર્યાં હતાં. મંત્રણા સમાપ્ત થયા બાદ થોડા સમયમાં આવતી કાલે થનાર યુદ્ધનાં સ્વપ્નાં-વિજયી સ્વપ્નાં અને બીજી સ્વતન્ત્ર વિચારો ભરવામાં સેવતું સેવતું આખું લશ્કર મીઠી નિદ્રામાં પડ્યું. માત્ર દરેક ચોકી ઉપર જાગતા પહેરેગીરોનાં તાપણાં

અને "હોશિયાર"ના જાગૃતિસૂચક પરસ્પર પડકાર સિવાય બીજું કાંઈ પણ જણાતું કે સૂણાતું ન હતું.

અને હવે તો મધ્યરાત્રિ જામી હતી. વહી જતી રાત્રિની સનસનાટીમાં જીવડાંઓની ઝીણી ફીકીયારીઓ કઠોર સ્પષ્ટતાથી દૂર દૂર સંભળાતી હતી અને એ જ અવાજથી રાત્રિની સ્તબ્ધ શાંતિ વધારે ગાઢ લાગતી હતી.

સુસજ્જિત બનેલા તોપખાના ઉપરના પહેરેગીરો ગોઠવવામાં આવેલી તોપો તથા તેને માટે એકત્ર કરવામાં આવેલા દારૂગોળાની ચોકી કરતા વાતો કરતા હતા. તેઓ આવતી કાલના યુદ્ધને માટે અત્યંત આતુર બની રહ્યા હતા. ગોલંદાજો પણ તોપની ઉંચાઇ નીચાઇ કેવી રીતે રાખીને તોપને છોડવાથી તે વધારે સારો અને અસરકારક મારો ચલાવી શકશે તેની ચર્ચા કરતા બેઠા હતા. તેમની વચ્ચે બળતા તાપણા ઉપર ઉજાગરો કરવામાં ઉત્તેજન આપનારો ખુંદદાણાનો કાવો લાંબા નાળચાવાળી કાવાદાનીમાં ઉકળતો હતો.

એવામાં એકાએક રાત્રિની શાંત હવા બંદૂકોના અવાજથી કમ્પતી તૂટવા લાગી. ધડાધડ બંદૂકો ગાજવા લાગી. પહેરેગીરો અને ગોલંદાજોનો લોહી નીતરતો ઢગ ખડકાવા લાગ્યો. તે જ સમયે પાસેની ઝાડીમાંથી આશરે ચારસો જેટલા માણસો બહાર નિકળી આવ્યા. તે વખતે પણ તેમની બંદૂકોનો મારો તો ચાલુ જ હતો. સળગતી જામગરીઓના પ્રકાશમાં એ મનુષ્યો તોપખાના ઉપર ધસી ગયા. તે વખતે નવાબના લશ્કર માંહેના પણ તે સ્થળે રહેલા પાંચસો લગભગ મનુષ્યો જાગી ઉઠયા અને હથિયાર સજીને બહાર આવવા લાગ્યા.

પરંતુ અહીં આ આવનારા મનુષ્યો એટલે અમરજીની સરદારી નીચે આવેલા રૂપા કાળીના બહાદૂર બહારવટીઆઓએ બંદૂકોના સતત અવાજથી તોપખાનાની આસપાસના નવાબના મનુષ્યોને દૂર હઠાવી દીધા. પછી અમરજીએ હાકલ કરી: "હું સુરજસિંહની સાથે આપણા માણસોને રાખી આપણા ઉપર ધસી આવનારાઓને રોકી રાખું છું. સુરજસિંહ ! તમે તમારી સાથેના માણસોને લઇ એકદમ આગળ આવો."

રૂપો કાળી બોલ્યો: "પણ તમે—"

"રૂપાભાઇ ! આ વખત તમે અમેના કે 'આપ [illegible]' નો નથી. મેં જે કાર્ય કરવાનો તમને સમજાવ્યું આમાં [illegible]

આરોપી લ્યો. અત્યારે આપણી દરેકે દરેક પળ અત્યંત મૂલ્યવાન છે." અમરજીએ જણાવ્યું.

સુરજસિંહ તથા તેના બસો ઘોડેસવારો જુદા તરી આવ્યા. અમરજી તેમને લઈ આગળ ચાલ્યો. તેમાંથી પોતાની નીતિ અને રીતિ મુજબ લગભગ દોઢસો મનુષ્યોને આસપાસની ઝાડીમાં છૂપાવી દીધા. બીજા આશરે પચાસ માણસો ઘોડાપરથી નીચે ઉતરી પોતાના ઘોડાની આડ રાખી એ જીવતી વફાદાર દિવાલની પાછળ ઊભા રહ્યા.

રૂપા કોળી તથા તેની સાથેના બસો માણસોએ પોતાને કરવાના કાર્યનો આરંભ કરી દીધો. તેમણે પોતાની સાથે લાવેલા ખીલા અને હથોડા લીધા. તેમનામાંથી થોડા મનુષ્યોએ એ તોપોને દારૂ તથા ગોળાથી ભરવા માંડી અને બીજા મનુષ્યોએ તોપોના કાનમાં ખીલા રાખી તેના પર હથોડા ઠોકી ઠોકી ને મોટાં કાણાં પાડવા માંડયાં.

નવાબ કમાલુદ્દિનખાન સરદારબાગમાં પોતાના આવાસમાં મચ્છરદાનીવાળા પલંગપર મધુરી નિદ્રાને અધીન થઇ ગયો હતો. તેને આવતી કાલની ફતેહનાં મનોરમ સ્વપ્નાં આવતાં હતાં. પરંતુ તેનાં એ સ્વપ્નાં અને તેની એ નિદ્રામાં બંદૂકોના બહારથી વિક્ષેપ પડ્યો. તે જાગૃત થયો અને દૂર દૂર થતો કોલાહલ તેને કર્ણગોચર થયો તે બહાર આવ્યો. તેના અંગરક્ષક પહેરેગીરો જાગૃત અને સાવધ બની ગયા. જુદી જુદી ચોકીઓ ઉપર પણ જાગૃતિ આવી ગઈ હતી સહુને એક જ વિચાર આવતો કે આ શું હશે ?

નવાબ પોતાના અંગરક્ષકોની સાથે જે બાજુ તરફથી અવાજ આવતો હતો એ તરફ જવા લાગ્યો. માર્ગમાં તેનો સરદાર સુલેમાન પણ તેને મળ્યો. સુલેમાને પણ બંદૂકોના અવાજ સાંભળ્યા હતા અને તેથી તે જાગૃત બની તેનું કારણ જાણવાને માટે બહાર પડ્યો હતો. તેઓ જ્યાંથી અવાજ આવતો હતો એ તરફ જવા લાગ્યા.

આગળ ચાલતાં એક પહેરેગીર તેમને સામો મળ્યો. તેણે હાંફતાં હાંફતાં સમાચાર જણાવ્યા કે "કોળી બહારવટીઆઓએ આપણા તોપખાના ઉપર હુમલો કર્યો છે."

આ સમાચાર સાંભળતાં નવાબ તથા સુલેમાન બન્ને અતિ ચિંતાતુર બન્યા. તેઓ એકદમ તોપખાને જે [illegible] [illegible] હતું તે તરફ ત્વરિત ગતિએ જવા લાગ્યા. [illegible] [illegible] ત્યારે

જે દૃશ્ય તેમની નજરે પડ્યું એ જોઈને તેઓ સ્તબ્ધ બની ગયાં

નવાબના સિપાહીઓ તોપખાનાથી દૂર હતા. તોપખાના આગલે દિવસે બરોબર હલ્લો કરી શકાય તે માટે તેની મૂળ જગ્ય એથી ખસેડીને સ્હેજ આગળ લઇ જવામાં આવ્યું હતું. ત્યાંથી ત્ર તરફ જમીનપર તરફડતાં, લોહીભર્યાં શબ પથરાયેલાં દેખાયાં.

તોપખાનાની ચોકીને માટે રાખેલા પહેરેગીરો અને બીજ સિપાહીઓ તેનાથી દૂર ઊભા ઊભા કોલાહલ કરતા હતા અ પોતાની બંદૂકો કશી પણ નેમ વગર પોતાનાથી દૂર ઊભેલા દેખા ચોડાક કોળીઓ ઉપર નોંધતા હતા. પરંતુ તેમની એ ચોક્કસ ને ટુંકી પડતી હતી, એટલે શત્રુને કશુંએ નુકસાન કરી શકતી નહિ.

નવાબની હાજરીથી ઉત્તેજિત બનેલા પહેરેગીરો અને સૈનિકો સરદાર સુલેમાને આજ્ઞા કરી. એટલે લગભગ પાંચસો જેટલા સિપ હીઓએ પેલા દૂર ઉભેલા કોળીઓ તરફ ધસારો કર્યો.

તેઓ પોતાની બંદૂકોના અવાજ કરતા જ્યાં અર્ધા રસ્ત પહોંચ્યા હશે, ત્યાં બન્ને બાજુએ આવેલી ઝાડીમાંથી તેમના ઉપ ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો. દૂર પોતાના ઘોડાની પાછ ઉભેલા કોળીઓ પણ છલંગ મારી ઘોડેસવાર થઇને આગળ ધસ આવ્યા. તેમણે પણ અમુક અંતરસુધી આવીને બન્ને બાજુન મારાથી ગભરાયેલા નવાબના સિપાહીઓ ઉપર બંદૂકો છોડી અ પાછા તેઓ પોતાના મૂળ સ્થાનપર જઇને ઉભા રહ્યા.

આ પ્રમાણે એ સિપાહીઓ ઉપર ત્રણ તરફથી સતત મા ચાલતો હતો એથી તેમનામાંના ઘણા માણસો ઓછા થતા જત હતા. ઉશ્કેરાયેલો નવાબ બૂમો પાડતો હતો, પરંતુ એથી આ સિપ હીઓમાં શૌર્યને બદલે નિરાશા જ વધારે પ્રસરતી હતી.

એ કોળીઓની ભયંકર અને પ્રાણહારક દિવાલની પાછળ થતું હતું તે નવાબ જાણતો નહતો, સમજતો નહતો, સમજી શ તેમ પણ નહતું. કોળીઓ તોપોને લઇ જવા માગે છે કે શું ક વાની તેમની ધારણા છે એ તે કળી શક્યો નહિ. તે અત્યારે પોતા કિંકર્તવ્યમૂઢ મનોદશાથી વધારે ઉશ્કેરાયો. તેણે ફરી વાર પોતા સિપાહીઓને મોતના છટકામાં મોકલ્યા અને ફરી એક વાર વધારે સિપાહીઓ પોતાના ઘણા સાથીઓને ગુમાવીને પુનઃ પાછા ફરી ત્યાં તો પાછળથી વ્હાર આવી. સુલેમાનની આજ્ઞાથી

એક લશ્કરી અમલદાર લગભગ એક હજાર જેટલા હથિયારબંધ સૈનિકોની સાથે ત્યાં આવી પહોંચ્યો. નવાબે તે બધાયને એકસામટો હુમલો કરવાનું ફરમાન કર્યું.

તેઓ આગળ ધસ્યા, પરંતુ તેમના ઉપર પણ અગાઉની માફક જ ગોળીઓ છૂટવા લાગી અને સિપાઇઓ નોંધાઇ નોંધાઇને પડવા લાગ્યા. એ રીતે જમીનપર પડેલા, જખમી થયેલા કે મરણ પામેલા સૈનિકોને કચરતા છુંદતા બીજા સૈનિકો તોપખાનાની દિશા તરફ આગળ વધ્યા.

પરંતુ એ લોકો પણ બહુ આગળ વધી શક્યા નહિ. તેમના ઉપર બન્ને બાજુએથી મારો ચાલતો હતો. તેમજ સામેથી પણ પેલા કોળીઓ આગળ આવી મારો ચલાવી પુનઃ પોતાના અસલ સ્થાને ચાલ્યા જતા હતા એક તો અંધારી રાત્રિ અને આ પ્રમાણે ત્રણ બાજુનો સતત મારો અસહ્ય થવાથી છેવટે એ સૈનિકોને પણ પાછા હઠવાની ફરજ પડી.

પોતાના સૈનિકોના આ નિષ્ફળ પ્રયાસથી નવાબ અત્યંત ઉશ્કેરાઇ ગયો. તેનું આખું શરીર ધ્રૂજતું હતું. તેની આંખોપર કોપનાં અશ્રુ ચમકતાં હતાં. તેના હૃદયમાં પ્રાણ નિકળી જતા હોય તેવી ગભરામણ થતી હતી. જાણે પોતાના સર્વનાશની આગાહી થતી હોય તેથી રીતે ગભરાયેલો નવાબ "બસ ! જાઓ, દોડો ! એ કોળાંઓને કાપી નાખો ! ઠાર કરો !" એવી બૂમો એકસરખી રીતે પાડતો હતો.

પાછળથી વ્હાર આવ્યે જતી હતી. ફરી વાર નવાબના સિપાહીઓ સેંકડોની સંખ્યામાં આગળ ધસ્યા, પરંતુ જ્યાં ત્રણે તરફથી ગાબડાં પડે અને મારો કરનારા ઉપર પોતે ચલાવેલા મારાની કશી અસર થઇ શકતી ન હોય ત્યાં બિચારા આ સિપાહીઓ ક્યાંસુધી ટકી શકે ? તેઓ પણ વિધિની ભયંકર સ્થિરતા બતાવતા એ ઝટકામાંથી પોતાનો જાન બચાવવાને પાછા ફર્યા.

હવે સરદાર સુલેમાન આગેવાન થયો. તેણે બીજે રસ્તેથી હુમલો કરવાની આજ્ઞા કરી. પ્રતિક્ષણ વધતી જતી વ્હારને તેણે મોટા ચક્કરમાં લઇ જઇ, તોપખાના અને ઉપરકોટની વચ્ચેના મોખરેથી બહારવટીયાઓ ઉપર હુમલો કરવાને માટે મોકલી આપી.

પરંતુ સિપાહીઓની એ ટુકડી પોતાના નિર્દિષ્ટ સ્થાને જાય જોતાં તે પહેલાં બહાદુરીને પાયામાંથી હલાવી નાખતો ભયંકર

ધરતીકમ્પ સમો એક સખ્ત આંચકો લાગ્યો. એ આંચકાની સાથે જ જાણે જમીનની અંદરથી આગ પ્રકટ થતી હોય તે રીતે ગિરિનાર સમા આગના મોટા ડુંગરમાંથી આભને પહોંચતી જ્વાળા તેમને દૃષ્ટિગોચર થઇ અને તે જ સમયે જાણે સેંકડો સિંહો એકી સાથે ગાજતા હોય કે અચાનક ગિરિનારમાંથી જ્વાળામુખી ફાટતો હોય તેવો કાનને બધિર બનાવનારો ભયંકર અવાજ સંભળાયો. તે અવાજ પછી બીજા પણ ઘણા ન્હાના ન્હાના અવાજો થયા અને પેલી આગની જ્વાળા ચોતરફ પ્રસરવા લાગી.

આ સર્વ ક્યાં અને શી રીતે બન્યું તે આપણે જોઇએ. અમરજીની સૂચના અનુસાર રૂપો કોળી તથા તેના માણસોએ પોતાના કાર્યનો આરંભ કરી દીધો હતો તે આપણે જાણીએ છીએ. તેમણે તોપોને ખૂબ ઠાંસી ઠાંસીને ભરી દીધી હતી અને તેમાં દારૂ, ગોળા, ગોળીઓ પત્થરા જે હાથ આવ્યું તે ભર્યું હતું. બીજી તરફથી એ તોપોના કાન વજનદાર હથોડાઓવડે મોટા મોટા ખીલા ઠોકીને ફાડી નાખ્યા હતા. તેઓ આ કાર્ય કરી રહ્યા હતા ત્યારે પોતાના બકીના સાથીઓ નવાબના સૈન્યને અટકાવવાનો જે પ્રયાસ કરી રહ્યા હતા તેના તરફ પણ તેમનું લક્ષ હતું. તેઓ નવાબના સૈન્યના નિષ્ફળ પ્રયાસો જોઇ શકતા હતા તેમની ખાત્રી થતી જતી હતી કે અમરજીભાઇ કોઇને તોપખાના પાસે પહોંચવા દે તેમ નથી. એથી તેમનો ઉત્સાહ વધતો જતો હતો અને તેઓ વધારે ચીવટ તથા ઉલ્લાસથી પોતાને સૂચવવામાં આવેલું કાર્ય પૂરૂં કરી રહ્યા હતા.

તોપો બરોબર ઠાંસીને ભરાઇ ગઈ. તેમનાં છિદ્રો મોટાં થઇ ગયાં, એટલે દારૂના થેલા તેમણે તોપોની આસપાસ ગોઠવવા માંડ્યા. એટલું જ નહિ પણ એ તોપો જ્યાં ગોઠવવામાં આવી હતી ત્યાંથી તે દારૂનો ભંડાર તેનાથી સ્હેજ દૂર રાખેલો ત્યાંસુધી પણ તેમણે દારૂના થેલા બિછાવી દીધા. એ પ્રમાણે સર્વ કાર્ય પૂર્ણ થઇ ગયું એટલે રૂપા કોળીએ સાંકેતિક અવાજ કર્યો. એ અવાજ સાંભળીને ચારસોએ બહારવટીઆઓ એ સ્થળે એકત્ર થઇ ગયા. બરોબર એ જ સમયે નવાબના સરદાર સુલેમાને પાછળથી હલ્લો કરવાને માટે પોતાના સૈનિકોને રવાના કર્યા હતા.

અમરજીએ સર્વને ઘોડેસવાર થઇ દૂર ચાલ્યા જવાની આજ્ઞા કરી. સર્વ બહારવટીયા ઘોડેસવાર થયા અને તે સ્થળનો ત્યાગ કરી એક બાજુએ ચાલ્યા ગયા. અમરજી માત્ર એકલો પોતાના [illegible]

સાથે ત્યાં રહ્યો. તેણે દારૂના એક મોટા થેલાને તોડ્યો અને તે સ્થળેથી તે સાંહેનો દારૂ જમીનપર વેરતો વેરતો તે એ થેલાને ઘસડીને આશરે પચાસ કદમસુધી દૂર ગયો. આ સ્થળે પહોંચ્યા પછી તેણે મ્હાવટીયાઓને તેમનાં ઘોડાં વ્હેતાં મૂકવાની સૂચના આપી દીધી અને પોતે પોતાની સળગતી જામગરી પેલા જમીનપર વેરાયેલા દારૂપર ચાંપી, કુદકો મારીને પોતાના અશ્વપર ચઢી બેઠો તથા પોતાના સાથીઓ પાસે પહોંચી ગયો. તે સર્વ થોડે દૂર જઇ, એક સ્થળે ઊભા રહ્યા અને તોપખાના તરફ મીટ માંડીને જોઇ રહ્યા.

અમરજીએ જે સ્થળે જામગરી ચાંપી હતી ત્યાંથી દારૂ સળગતો સળગતો, જાણે કોઇ મોટો આગીયો આગળ ને આગળ દોડતો જતો હોય, તે પ્રમાણે જમીનપર આગળ વધવા લાગ્યો. એ પ્રમાણે વધેલી જ્વાળા દારૂના ગોઠવેલા થેલાની નજીક પહોંચી ગઇ. જેવી તે જ્વાળા ત્યાં પહોંચી કે તે જ ક્ષણે અમરજીએ પોતાના સાથીઓને બની શકે તેટલા અંતર પર નાસી જવાની સૂચના આપી. તે બધા એકદમ ત્યાંથી પલાયન કરી ગયા. એકાદ-બે પળમાં જ જાણે એકાએક આખું વન સળગી ઉઠ્યું હોય તેવો લાલ પ્રકાશ થયો અને તુરત જ એક આંચકો લાગ્યો એની સાથે જ ભયંકર અવાજ થયો. એ ચારસોયે માણસો કાનમાં આંગળીઓ રાખીને એક બીજાની સામે જોઈ રહ્યા. ક્ષણભર તો તેઓ પણ દિગ્મૂઢ જેવા બની ગયા. પરંતુ પછી પોતે ધારેલું કાર્ય સિદ્ધ થયેલું જોઈ, તેઓ પોતાના અશ્વોને પવનવેગે ચલાવી, જેતલસરના ગઢમાં પહોંચી જવાની આતુરતાથી એ દિશા તરફ આગળ વધવા લાગ્યા.

અહીં ઠાંસી ઠાંસીને ભરેલી તોપો અંદરનો દારૂ સળગવાથી ભોંકી સાથે ફાટી અને તેમાંથી ગોળા, ગોળીઓ, પત્થરા, દારૂ ઠાંસવાના ગજ, સળગતાં ચીંથરાં, લોખંડના ન્હાના મોટા ટુકડા આદિ સર્વ ચેતનવંતા જ્વાળામુખીમાંથી સળગતી રાખ અને બળતા પત્થર ઉડે તે પ્રમાણે આસપાસ વેરાયાં.

એ જ્વાળામુખીએ ત્યાં એકત્ર થયેલા નવાબ કમાલુદ્દિનખાનના ઘણા મનુષ્યોનો ભોગ લીધો. ચોતરફ ધુમાડાના ગોટેગોટ ફેલાવા લાગ્યા અને ભયત્રસ્તતાને લીધે બેભાન બનેલા માણસો એ ભયંકર અને આશ્ચર્યકારક જ્વાળામુખી કે જ્યાંથી મોતનાં તેડાં આવતાં હતાં ત્યાંથી દૂર જઇને તે દિશામાં નાસવા લાગ્યા. નવાબ પોતે પણ નાઠો.

તેના મસ્તકના પાછળના ભાગમાં સનસનાટ કરતો આવેલો ગરમીથી લાલચોળ બનેલો પત્થરો વાગ્યો. એ પત્થરની ગરમીથી મસ્તકના વાળ બળી ગયા અને તે વાગવાથી થયેલા જખમમાંથી લોહી વહેવા લાગ્યું.

"અલ્લાહ !" નવાબના મુખમાંથી ઉદ્દગાર સરી પડ્યો. પ્રથમ તો તે જખમને જોરથી દબાવતો દોડવા લાગ્યો પરંતુ લગભગ પચાશેક કદમ આગળ ગયા બાદ જખમમાંથી લોહી વિશેષ વહી જવાને લીધે તેની શક્તિ ક્ષીણ થઈ ગઈ અને તે જમીન પર પડ્યો તથા મૂર્ચ્છિત થઈ ગયો. અત્યારે સહુને પોતપોતાનો જાન બચાવવાની પડી હતી, એટલે અહીં પડેલા નવાબની કોણ પરવા કરે ? પરંતુ થોડી વારે ત્યાંથી પસાર થતા એક સિપાહીની દૃષ્ટિ જમીનપર પડેલા નવાબ તરફ ગઇ. તેણે પોતાના બીજા સાથીઓને બોલાવ્યા અને તે બધા એક ડોળી લાવી તેમાં નવાબને સૂવાડી તેને સરદારબાગમાં પહોંચાડી આવ્યા, તેમજ સરદાર સુલેમાનને પણ તેમણે નવાબને થયેલી ઈજાના સમાચાર પહોંચાડ્યા.

પ્રકરણ ૩૩ મું.

નવાબનો ક્રોધ.

જ્યારે નવાબ શુદ્ધિમાં આવ્યો ત્યારે સરદાર સુલેમાન તેના પલંગ પાસે ઊભો હતો. નવાબના જખમને ધોઇ, તેનાપર યોગ્ય ઔષધ લગાડી પાટો બાંધવામાં આવેલો હોવાથી અત્યારે પીડા થતી ન હતી. પરંતુ પોતે જે દૃશ્ય જોયેલું એથી તેનો માનસિક પરિતાપ અત્યંત વધી ગયો હતો. તે આ વિષયમાં જ અત્યારે સુલેમાનને કેટલાક પ્રશ્નો કરતો હતો, જેના તેનો સરદાર યોગ્ય ઉત્તર આપતો હતો.

નવાબ ગુસ્સાથી હાથ ચોળતો બોલ્યો: "પણ—ત્યારે તમે શું એમ કહેવા માગો છો કે એ મૂઠીભર કોળી બહારવટીયા આપણા પંદર હજારની ફોજથી ઘેરાયેલા તોપખાના ઉપર કૂદી પડ્યા અને તેમ છતાં પણ સલામત ચાલ્યા જઇ શક્યા ?"

આવેશને લીધે તેના મસ્તકપર થયેલા જખમમાં પીડા થવા લાગી, એટલે તે સ્હેજ નરમ પડી ગયો. થોડી વાર શાંત રહ્યા પછી તેણે પૂછ્યું: "તમે એ બહારવટીઆઓની તપાસ કરાવી હતી ?"

"જી હા, આખી રાત્રિ આપણા સેંકડો માણસો આસપાસ ચોતરફ ઘૂમી વળ્યા, પરંતુ એક પણ કોળી હાથ લાગ્યો નહિ." સુલેમાને જવાબ આપ્યો. તેના ચ્હેરાપર નિરૂત્સાહ અને લજ્જાની છાંયા સ્પષ્ટ જણાતી હતી.

"ગજબ! ગજબ! થોડાક માણસો આપણી જંગી ફોજ ઉપર હલ્લો કરે, આપણા સિપાહીઓને કાપી નાખે અને તેમ છતાં પણ આપણે તેમનો એક પણ માણસ ન પકડી શકીએ એ તો મોટી શરમની વાત ગણાય. જાઓ, તમામ ચોકીઓ ઉપર સાવધ રહેવાની સૂચના આપી દો અને એક હજારની બેરખને આસપાસના જંગલમાં ગમે ત્યાં રખડી એ બદમાશ કોળીઓને જીવતા કે મુએલા પકડી લાવવાને રવાના કરી દો."

નવાબ કમાલુદ્દિનખાન એ પ્રમાણે ફરમાન કરીને ચૂપ રહ્યો. તે માનતો હતો કે જે વાર્તા જાણવાને પોતે ઈન્તેજાર છે તે સરદાર જાતે જ શરૂ કરશે; પરંતુ અત્યારે નવાબને અત્યંત ગુસ્સે થયેલો જોઇને તેના સ્વભાવને પિછાણનાર સુલેમાને એક પણ બિનજરૂરી કે વધારે પડતા શબ્દનો ઉચ્ચાર કર્યો નહિ. એથી કંટાળીને નવાબે તે જ તેને પ્રશ્ન કર્યો:–

"સુલેમાન! આપણા તોપખાનાનું કેમ છે? એ તો સલામત છે ને?"

"જહાંપનાહ! આપણું તોપખાનું!" સુલેમાનનો અવાજ જરીક કંપ્યો.

"કેમ! બોલતાં શામાટે અચકાઓ છો?"

"આપણું તોપખાનું તો હણાઇ ગયું!" સુલેમાને વાક્ય પૂરૂં કર્યું.

"એટલે? હણાઇ ગયું! શી રીતે?" નવાબને પોતાની શંકા સાચી ઠરતી જણાઇ.

"જનાબ! એ બહારવટીઆઓએ આપણી તોપોનો નાશ કરી નાખ્યો છે. ઘણીખરી તોપોનો બિલકુલ વિનાશ થઇ ગયો છે. તેના ન્હાનામોટા કકડા અને કરચો જ આસપાસ વેરાયલાં પડ્યાં છે. એ સમ્પૂર્ણ વિનાશમાંથી જે ત્રણ–ચાર તોપો બચેલી છે તે પણ એવી સ્થિતિમાં છે કે જેમાં કશો સુધારો થઇ શકે તેમ નથી કે જે કોઇ પણ રીતે હવે કામ આપી શકે તેવી રહી નથી."

"યા ખુદા! આપણી તમામ તોપો ગઈ?"

"જી હા, પરંતુ તે માટે વિશેષ અફસોસ કરવા જેવું નથી લાગતું, કારણકે એ તોપો અત્યારે હસ્તી ધરાવતી હોત તોપણ આપણને કશાય કામની ન હતી." સુલેમાને આગળ ચલાવ્યું.

"કેમ? હું સમજી શકતો નથી." નવાબ બોલ્યો.

"આપણી પાસે દારૂગોળો ક્યાં છે?"

"દારૂગોળો! દારૂગોળાનો તો મોટો ભંડાર ભર્યો છે. ગઈ કાલે જ એ ભંડાર આપણે તપાસ્યો હતો એ તું કેમ ભૂલી જાય છે!"

"હું ભૂલતો નથી પરંતુ આપની પાસે કશું છૂપાવવામાં હું સાર જોતો નથી. ગઈ કાલે દારૂગોળાનો મોટો ભંડાર આપણી પાસે હતો એ વાત સાચી, પરંતુ આજે તેમાંનું કશું પણ નથી. બહારવટીઆઓએ તે દારૂગોળાથી જ આપણી તોપોનો વિનાશ કરી નાખ્યો અને સાથે ભંડાર પણ સળગાવી દીધો." સુલેમાને પોતાના જાણવામાં આવેલી સર્વ વિગત નવાબ પાસે રજુ કરી.

નવાબ નિરાશ બની ગયો અને આ પ્રમાણે પોતાની બાજી નિષ્ફળ થતી જોઇને તેના ક્રોધનો જ્વાળામુખી જોરથી ભભુકવા લાગ્યો. તે ઉશ્કેરાઇને બોલ્યો: "સુલેમાન! એ બદમાશોએ આપણો સર્વનાશ કરી નાખ્યો. આપણી તમામ મહેનતને એક રાત્રિમાં ધૂળ ભેગી કરી નાખી. જાઓ, એ બહારવટીઆઓને ગમે ત્યાંથી પકડી લાવી મારી સન્મુખ હાજર કરો. મારા રાજ્યમાં ખુદ મારી વિરૂદ્ધ આવું કારસ્થાન કરનારા એ બદમાશોને તેમનાં કર્મોનો હું બરોબર બદલો આપીશ-તેમને દરેકને હાથીના પગ તળે કચરાવીશ!"

આ પ્રમાણે નવાબ અત્યંત ઉશ્કેરાઈ ગયો હતો. બહારવટીઆ સામે શબ્દોદ્વારા પોતાના ગુસ્સાને ઠાલવતો હતો તે જ વખતે એક મનુષ્ય સરદારબાગમાં આવ્યો. પહેરેગીરને તેણે પોતાનો પરિચય આપવાથી પહેરેગીરે તેને અંદર જવા દીધો.

એ મનુષ્યને દિવાનખાનામાં દાખલ થયેલો જોઇને નવાબે તેની સામે દૃષ્ટિ કરી અને તે બોલ્યો: "કોણ? દિવાનજી! આવો, તમારા શા સમાચાર છે?"

"જનાબ! સેવકના સમાચાર કાંઈ સારા તો નથી જ." આવનારે જવાબ આપ્યો.

"કેમ! તમારે વળી શી મ્હોંકાણુ માંડવાની છે?" નવાબે અશિષ્ટ ભાષાનો ઉપયોગ કર્યો. જેમ જેમ સમય પસાર થતો હતો તેમ તેમ તેના ક્રોધનો આવેશભર્યો ઉદ્રેકરાટ વૈરભાવની દૃઢ મનોવૃત્તિમાં પરિણત થતો જતો હતો. જેમ લોખંડને તપાવવાથી પ્રથમ તેનો લાલ રંગ બની જાય છે, પરંતુ જો એથીયે વિશેષ આંચ તેને આપવામાં આવે તો એ ભયંકર બાળી નાખનારી ગ-મી અંતે લોખંડને સફેદ રંગનું બનાવી દે છે; તે પ્રમાણે નવાબ કમાલુદ્દિન-ખાનના ચ્હેરાપરની લાલી ધીમે ધીમે સફેદાઇમાં પરિણામ પામતી જતી હતી. તેના એ સફેદ બનતા જતા ચ્હેરાપર જણાઈ આવતી ભયંકર અપાર્થિવતા અને તેની તગતગતી આંખો તેના મનોભાવને વ્યક્ત કરી રહી હતી.

નવાબે કરેલા પ્રશ્નનો ઉત્તર આપતો દિવાન વસંતરાય બોલ્યોઃ 'નવાબ સાહેબ! સરદાર સુલેમાનની સૂચના મુજબ હું ફોજ લઇને મુજફરખાનને પરહેજ કરવાને માટે શોણપુર તરફ જતો હતો ત્યાં અમે લગભગ મધ્યરાત્રિના સુમારે એક આગનો મોટો પહાડ સળગતો જોયો અને મેઘની ઘેરી કારમી ગર્જના જેવો એક મોટો કડાકો સાંભળ્યો. એ વખતે અમે એક સ્થળે રાત્રિ ગાળી નાખવાને માટે મુકામ કર્યો હતો. જેઓ જાગતા હતા તેઓ વિચારવા લાગ્યા કે આ શું હશે ! અને જેઓ નિદ્રાધીન બની ગયા હતા તેઓ આ કડાકાથી ચમકીને જાગૃત બની ગયા. અમને કશી સમજણ પડી નહિ, પરંતુ કુદરતનો કોઇ ગેબી બનાવ હશે એમ માની લઈ, અમે પાછા આરામ લેવાની તૈયારી કરવા લાગ્યા. થોડી વારમાં જ લગભગ બધાયે પુનઃ નિદ્રાધીન પડયા રહ્યા. માત્ર હું એકલો જ બિછાનાપર પડ્યો પડ્યો વિચારગ્રસ્ત બની ગયો હતો."

"વારૂ પછી?" નવાબે પૂછ્યું.

"એ સ્થિતિમાં કેટલોક સમય પસાર થઇ ગયો હશે. રાત્રિના ત્રણ પ્રહર વીતી ગયા, ચોથો પ્રહર બેસી ચૂક્યો હતો, રાત્રિનો અંધકાર વિખરાવા લાગ્યો હતો, તે વખતે—" વસંતરાય ચૂપ થઇ ગયો.

"હાં, પણ પછી બન્યું શું તે કહી નાખોને!" નવાબની અધીરતા વધી ગઇ હતી. તેને દિવાનની વાતને વચ્ચે [illegible] [illegible] ઠીક લાગી નહિ, જો કે પોતાનો એ મનોભાવ તેણે બહાર [illegible] [illegible] [illegible] નહિ.

"જનાબ ! જાણે એ જ વખતે જંગલના પેટામાંથી ફૂટી નિકળતી હોય એવી રીતે બંદૂકની ધાણી આસપાસથી ફૂટવા લાગી. કોઇ પણ આદમી કળાતો ન હતો. માત્ર ગેબમાંથી ગોળી છૂટતી હોય તેમ ચોતરફથી અમારાપર ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો. એથી આપણા સિપાહીઓ એકદમ જાગૃત થઈ ગયા, સાવધ બની ગયા અને હથિયાર ધારણ કરીને ઊભા થઇ ગયા. ઊભા તો થયા અને પાસે બંદૂકો પણ હતી, પરંતુ તેનું કરવું શું ? હું સિપાહીઓ સામે જોઇ રહું, તેઓ મારી સામે જોઇ રહે. એમ અમે એ ગોળીઓના વરસાદની વચ્ચે પરસ્પર એકબીજાની સામે જોઈ રહ્યા. અમને કશું સૂજતું ન હતું. દુશ્મન સામે કઇ બાજુથી કેવી રીતે હલ્લો કરવો એ તો દુશ્મન નજરે પડે તો જ નક્કી કરી શકાય. એટલામાં પેલો માંગડાવાળો ભૂત થઇને લડાઇઓ કરે છે એમ કહેવાય છે, એ વાર્તા કદાચ સાચી હોય અને તે જ હોય તો ? આખરે મેં મરદને છાજે એ રીતે પડકાર કર્યો: 'અલ્યા નામર્દો ! છૂપાઇને ઘા શાના કરો છો ? મેદાનમાં અમારી સામે આવો તો અમે તમને આંકી લઇએ !' પરંતુ મારા એ પડકારનો ઉત્તર ન જ મળ્યો. માત્ર મારી હાકલના પડઘા એ વનમાં ઉઠ્યા એવા જ પાછા સમાઈ ગયા. છેવટે અમે આશરે આશરે આજુબાજુની ઝાડીઓ તરફ તાકીને બંદૂકો ફોડવા માંડી, પરંતુ એક બાજુએ ધસારો કરીએ તો બીજી તરફથી મારો આવે ! એથી આખરે આપણા માણસોને પ છા હઠવું પડતું.

"એ મારાને પરિણામે આપણા સિપાહીઓ ઓછા થતા ચાલ્યા, મુડદાંનો ઢગ થવા લાગ્યો અને કેટલાક વિખરાઇને ભાગવા લાગ્યા. એ વખતે સૂર્યોદય થઇ ચૂકયો હતો. ઘણા મૂઆ, બીજા નાઠા, એટલે છેવટે મેં પણ બાકીના એક સો જેટલા સિપાહીઓને લઈ ન્હાસી જવાનો વિચાર કર્યો, કેમકે તે સિવાય બીજો એકકે આરોવારો રહ્યો ન હતો. હું ન્હાસવાની તૈયારી કરતો હતો ત્યાં આસપાસની ઝાડીમાંથી લગભગ ત્રણસો-ચારસો જેટલા ઘોડેસવારો નિકળી આવ્યા અને તેમનો સરદાર અમને ઉદ્દેશીને બોલ્યો: 'તમારા હથિયાર નીચાં મૂકી દો ! નહિતો હમણાં બધાને ફુંકી નાખીશ !'"

"આપણા માણસો સામે થઇ શકે એમ હતું જ નહિ. એટલે મને પૂછવાની પણ પરવા કર્યા વગર તેમણે હથિયાર છોડી દીધાં.

પરંતુ હું તો એ સવારો અને તેમના સરદારને જોઇને દિગ્મૂઢ સમો બની ગયો. તે સરદાર બીજો કોઇ નહિ પણ જુનાગઢના બક્ષી દોલતરાયની એક બેરખનો જમાદાર અમરજી હતો. તેના સાથીઓ ચુંવાળીયા કોળી જેઓ કેટલાંય વર્ષો થયા જુનાગઢ સામે બહારવટું ખેડી રહ્યા છે તે મને જણાયા."

નવાબ શાંતિથી વસંતરાયની હકીકત સાંભળતો હતો. પરંતુ 'ચુંવાળીયા કોળી' અને 'બહારવટું' એ શબ્દો સાંભળતાં તેનો પિત્તો ઉછળ્યો અને તેણે દાંત કચકચાવ્યા. પણ કશુંયે બોલ્યા વગર વસંતરાયને આગળ ચલાવવા દીધું.

વસંતરાયે આગળ ચલાવ્યું: "અમરજીએ મારા કહેવાતા દેશદ્રોહ અને મારી નિમકહરામી પ્રત્યે તિરસ્કાર દર્શાવીને મને કહ્યું: 'જા, એક વિશ્વાસુ અને ભોળા બાદશાહના નિમકહરામ સેવક, જા! હું તને જીવતો છોડી દઉં છું. કારણકે તારા જેવા નીચ અને કૃતઘ્નીના રક્તથી મારા હાથ ખરડવાની મારી ઇચ્છા નથી. જા, અહીંથી ચાલતો થઇ જા!'

"એ વખત મારા મનમાં તો એવું થયું કે મારી તલવારવડે ત્યાંનો ત્યાં જ હું તેને ઠાર કરી દઉં. પરંતુ તલવાર તથા બંદૂક મારે પ્રથમથી જ નીચે મૂકી દેવી પડી હતી અને કદાચ હાથમાં હોત તોપણ તેની બંદૂક તેના હાથમાં ભરેલી તૈયાર હતી તથા જામગરી ટપકતી હતી. એટલે મેં તો તમારી મુત્સદ્દીની રીત મુજબ 'વાણીયામૂછ નીચી' કરી જવામાં જ સાર જોયો અને તેને કશો પણ જવાબ આપ્યા વગર ત્યાંથી નિકળી સીધો આપની પાસે આવ્યો છું."

આ પોતાને મુત્સદ્દી કહેવડાવનાર નફ્ફટ મનુષ્યના આત્મકથનથી નવાબને તિરસ્કાર ઉપજ્યો. પરંતુ એ તિરસ્કારને અત્યારે દબાવી દઇને તે બોલ્યો: "તમે અહીં આવ્યા તે બહુ સારૂં કર્યું, પરંતુ તમારી સાથેના માણસો ક્યાં છે?"

"એ લોકોનું શું થયું તે મારા જાણવામાં નથી. મને લાગે છે કે પેલા અમરજીએ તે હથિયાર વગરના બહાદુર સિપાહીઓને કાપી નાખેલા હોવા જોઇએ. મને તો તે કોઈ ક્રૂર કસાઇ જેવો જ લાગે છે. તેનામાં મેદાનમાં સામે આવીને લડવાની બિલકુલ તાકાત નથી. એ ઉપરથી મારૂં માનવું છે કે તેનામાં [illegible] ચોરનો [illegible]

ગુણ કે લક્ષણ નથી. માત્ર તે કોઇ હિસાબી વાણીઆ જેવો લાગે છે.” વસંતરાય દિવાને જણાવ્યું

“હા, એ અમરજી હિસાબી વાણીઆ જેવો હશે પરંતુ તેનો હિસાબ આપણને બહુ જ મોંઘો પડી ગયો છે. તમારા એ ‘હિસાબી વાણીઆ’ એ એક રાત્રિમાં આપણી કેટલીએ તોપો, લાખોની કીંમતનો દારૂગોળો અને સેંકડો જાન હિસાબ પેટે વસુલ કરી લીધાં છે! આપણને તેણે પાયમાલ કરી નાખ્યા છે. અમે એ અમારી કથા માંડતા જ હતા, ત્યાં વળી વચ્ચે તમારી કથા ઉમેરાઇ. એ તો જે બન્યું તે ન બન્યું થવાનું નથી, પરંતુ સુલેમાન! હવે આપણે શો રસ્તો લેવો?” છેવટે નવાબની દૃષ્ટિ સુલેમાન ઉપર ઠરી.

“હજુર! એ કાંટાને તો આપણે જડમૂળમાંથી ઉખેડી નાખવો જોઇએ કે જેથી તે ફરીથી આપણને હેરાન ન કરે.” સુલેમાને પોતાનો વિચાર દર્શાવ્યો.

“હા, સરકાર! એ બધાયને પકડીને હાથીના પગતળે જ કચરાવવા જોઇએ. તેમના ઉપર બિલકુલ દયા ન દર્શાવવી. મને તો એટલી બધી ઝાંઝ ચડે છે કે અમરજી મારા હાથમાં સપડાય તો તેને હું કદી પણ જીવતો છોડું નહિ.” વસંતરાયે ઉમેર્યું.

“સુલેમાન! તમે તમને યોગ્ય લાગે તે રીતે એ બહારવટીઆની ટોળીની તપાસ કરાવો અને તે આખીયે ટોળીનો સંદતર નાશ થઇ જાય તેવો પાકો બંદોબસ્ત કરો. તે માટે જેને અને જેટલાને મોકલવા હોય તેમને મોકલી તે લોકોનો નિકાલ જલ્દી લાવી દો.” નવાબે છેવટે ફરમાન કર્યું.

નવાબ ઊભો થયો અને તે દિવાનખાનામાંથી બહાર નિકળ્યો. સુલેમાન તથા વસંતરાય પણ તેની પાછળ ચાલ્યા. તેઓ બહારના ચોગાનમાં આવ્યા. ત્યાં એક મનુષ્યને જોઈને વસંતરાય આગળ આવ્યો અને તેને સંબોધીને બોલ્યોઃ “કેમ રે રમજાન! તું અહીં ક્યાંથી? મેં તો ધાર્યું હતું કે તમે બધા ખુદાની હજુરમાં પહોંચી ગયા હશો.” પછી નવાબ તરફ ફરીને તેણે કહ્યું: “જનાબ! મારી સાથેના બચેલા મનુષ્યોમાં આ રમજાન પણ હતો.”

રમજાને નવાબ સમક્ષ શિર ઝુકાવી સલામ કરી. એટલે નવાબે તેને પૂછ્યું: “કેમ! તારા બીજા સાથીઓનું શું થયું?”

“એ બહારવટીઆઓએ અમારાં હથિયાર લઇ લીધાં અને અમને બધાને છુટા કરી જવા દીધા. તેમના સરદાર જેવા દેખાતા

એક જુવાને કહ્યું કે ‘જાઓ, તમે છૂટા છો. અમારી લડાઇ તો તમારા નવાબ સાથે છે. અમારું કામ સરી જાય, એટલે પછી અમે અજ્ઞાન અને આજ્ઞાપાલક નિઃશસ્ત્ર સિપાહીઓને મારવાનું પસંદ નથી કરતા.’ એ પ્રમાણે કહી અમને મુક્ત કરવાથી અમે બધા અહીં આવ્યા છીએ.”

“તમારો જાન બચ્યો તે માટે હું ખુદાનો આભાર માનું છું.” નવાબ માત્ર એટલું જ બોલ્યો. તે ઊંડા વિચારમાં ગર્ક બની ગયો. અત્યારસુધી તે અમરજીને લૂટફાટ કરનારા બહારવટીઆની ટોળીનો સરદાર માત્ર સમજતો હતો, પરંતુ હવે તેની એ ભ્રમણા ભાંગી. હવે તો ઉપરકોટમાં પૂરાઈ રહેલા બક્ષી વગેરે કરતાં યે અમરજીની બીતિ તેને વધારે લાગી અને પોતાના દેશને ખાતર લડનાર એ જુવાનની સખ્ત ખબર લેવાનો તેણે નિર્ધાર કર્યો.

પ્રકરણ ૩૪ મું.

અગ્નિનારાયણને આહુતિ.

સુલેમાને નવાબની સૂચના મુજબ પાંચસો-પાંચસોની બે ટુકડીઓને ગિરના જંગલમાં બહારવટીઆને શોધી કાઢી તેમને જીવતા કે મૂએલા પકડી લાવવાને માટે મોકલી આપી.

નવાબ હવે શો રસ્તો લેવો તેના વિચારવમળમાં અટવાયો. તેણે ઉપરકોટના કિલ્લાપર તોપોનો સતત મારો ચલાવી કિલ્લાને તોડવાની જે ધારણા રાખી હતી તે તો તદ્દન ધૂળમાં મળી ગઈ. વળી ઉપરકોટમાં ભરાયેલાઓને પોતાની જંગી તોપો અને દારૂગોળાના ભંડારનો લગભગ સદંતર નાશ થયાની બાતમી મળે તો તેઓ જોરમાં આવે અને નિશ્ચિંત બને એ પણ નવાબને વિચાર આવ્યો. તે પહેલાં ઉપરકોટપર હલ્લો કરી, કિલ્લો ન તૂટે તોપણ ચારે બાજુએ સીડીઓ મૂકીને પોતાના માણસોને અંદર દાખલ કરી શકાય તો એ પ્રયત્ન કરી જોવો એવું નવાબને થયું.

એટલે તેણે ઉપરકોટ ઉપર ચારે બાજુએથી હલ્લો કરીને કોઇ પણ રીતે માણસોને અંદર દાખલ થઇ જવું એવી પોતાના સરદાર

સુલેમાનને સૂચના આપી દીધી અને તે પોતે જે સ્થળે તેનું નાશ પામેલું તોપખાનું ગોઠવવામાં આવ્યું હતું ત્યાં આવ્યો.

નવાબના સિપાહીઓ ઉપરકોટ તરફ ધસ્યા, પરંતુ ઉપરકોટના પહેરેગીરો દિવસ અને રાત્રિના આઠે પ્રહર સાવધ રહેતા હતા. તેમણે આ સિપાહીઓની મોટી ફોજને ધસી આવતી જોઇને હાકલ કરી અને થોડી વારમાં જ ઉપરકોટની રાંગે રાંગે બક્ષીના કસાયેલા આરબો અને કાઠીઓ ઉભરાવા લાગ્યા.

બક્ષીજી પોતે પણ તેમની સાથે જ હતા અને પ્રેમજી ઠક્કર તથા તેના મકરાણીઓ પણ આ વખતે કાંઇ શાંત રહ્યા ન હતા. અત્યારે ઉપરકોટની અંદરના તમામ સૈન્યની સરદારી બક્ષીજીએ લીધી હતી.

નવાબનાં સૈનિકો બહુ જ નજીક આવી લાગ્યા ત્યાંસુધી અંદરના માણસો બિલકુલ શાંત રહ્યા. જ્યારે પેલા નજીક આવી પહોંચ્યા એટલે બક્ષીજીએ પોતાના માણસોને હુકમ કર્યો કે “ બંદૂકો ચાંપો ! ”

તે જ વખતે ધડાધડ સપાટાબંધ બંદૂકોની તડાતડી થવા લાગી, તેમજ વચ્ચે વચ્ચે અંદરની કોઠા ઉપર ગોઠવાયેલી તોપોના ઘેરા નાદ પણ ગાજવા લાગ્યા. આ મારા સામે આગળ ધસારો કરી શકાય એમ ન લાગવાથી નવાબના સૈનિકો પાછા હઠ્યા. થોડી વાર પછી તેમણે પુનઃ હલ્લો કર્યો. પરંતુ તેમાં પ્રથમ કરતાંયે વિશેષ ખુવારી સહન કરવી પડી. એ રીતે ત્રણ વાર તેમને પાછા હઠવું પડયું અને તેમાં સેંકડો સિપાહીઓના જાન ગૂમાવવા પડયા. આ માર્ગ અસરકારક નહિ લાગવાથી નવાબે પોતાની ફોજને પાછી બોલાવી લીધી. હવે તેને લાગ્યું કે આવી સાધારણ તૈયારીથી ઉપરકોટપર હલ્લા કરવામાં તો લાભને બદલે હાનિ જ વિશેષ થવાનો સંભવ છે. એટલે કોઈ વધારે અસરકારક ઉપાય શોધવામાં તેણે પોતાના મગજને રોકયું.

પેલા સુરજસિંહે રાત્રિએ જ ઉપરકોટ ઉપર પહોંચી જઇને બક્ષીજીને અમરજીના અદ્દભુત પરાક્રમની બાતમી આપી દીધી હતી. ઉપરકોટમાં ઘેરાયેલાઓ જાણી ગયા કે નવાબનું તોપખાનું નષ્ટ થઇ ગયેલું હોવાથી હવે તેનો ડર રાખવાનું કશુંયે કારણ નથી. એ તોપખાનાની તેમને મોટી ભીતિ હતી. તે દૂર થવાથી તેઓ ઉત્સાહમાં આવી ગયા હતા અને તેથી નવાબની ફોજના સામાન્ય હુમલાને હઠાવી કાઢવાની તેમની તાકાત દ્વિગુણિત થઇ ગઇ હતી.

સુલેમાને મોકલેલી બે ટુકડીઓ જંગલે જંગલે ઘૂમી વળી, પરંતુ તેમને ક્યાંય પણ બહારવટીઆનો ભેટો થયો નહિ કે તેમની બાતમી મળી નહિ; એટલે તેમની ખાત્રી થઇ કે એ બહારવટીઆ કોળીઓ તોપખાનાને પાયમાલ કરી, નવાબ કમાલુદ્દિનખાનના પ્રતિકારી વેરની ભીતિને લીધે કયાંય દૂર પલાયન કરી ગયેલા હોવા જોઇએ અર્થાત્ એ પ્રયત્નમાં યે નવાબની ઇચ્છા સફળ તો ન જ થઇ.

આમ ચોતરફથી દેખાતી નિરાશાથી તે મુંઝાવા લાગ્યો. બીજો કોઇ અસરકારક માર્ગ સૂજતો ન હતો. નવી મોટી તોપો લાવવી, તેને માટે જોઇતો દારૂગોળો એકઠો કરવો, તેમાં સમય અને નાણું બન્ને પુષ્કળ જોઇએ, ત્યાંસુધી તો ઉપરકોટ ઉપર સખ્ત ઘેરો રાખી તેની અંદરના માણસોને ભૂખમરો સહન કરવાની ફરજ પાડયા સિવાય બીજો એકે રસ્તો નવાબ જોઇ શકતો નહિ. તેણે ઉપરકોટની આસપાસ ચોકીપહેરો તો અગાઉના જેવો જ રાખ્યો હતો. બીજી તરફથી તે બાંટવાના સામતખાન, માંગરોળના શેખમીંયા આદિની સાથે સંદેશા ચલાવતો હતો. વળી પેલા બહારવટીઆનો નાશ કરવા માટેનો તેનો ઉદ્યમ પણ ચાલું જ હતો, પરંતુ બહારવટીઆ તો જાણે પૃથ્વીના પડમાં છૂપાઇ ગયા હોય તેમ ક્યાંય પણ તેમનો પત્તો લાગતો ન હતો.

હવે તે દરમિયાન અમરજી ક્યાં હતો અને શું કરતો હતો તે આપણે જોઇએ. અમરજી અત્યારે રાવલ નદીના કિનારાપર ગિરનાં ડુંગરાની કોતરોમાં પડયો હતો. સુરજસિંહ અને એક માનભા નામનો કોળી એ બે જુદા જુદા વેશમાં પેલી નવાબની બે ટુકડીઓની પાછળ ફરતા હતા, તેમને આડે માર્ગે દોરતા હતા અને તેમની રજેરજ બાતમી અમરજીને આપતા હતા. બીજા પાંચેક કોળીઓ તેને નવાબ કમાલુદ્દિનખાનની હીલચાલના સમાચાર આપતા હતા.

એક દિવસ સુરજસિંહ અમરજી પાસે આવ્યો. તેણે બાતમી આપી કે "નવાબની એક ટુકડી અત્યારે જેતલસરની આસપાસના પ્રદેશમાં ભમે છે અને બીજી ટુકડી કેશોદ તથા મેંદરડા વચ્ચેના પ્રદેશમાં તપાસ કરી રહી છે."

અમરજી એ [illegible] સાંભળીને સહેજ વિચારમાં પડી ગયો. પછી તેણે પોતાની [illegible] માણસોને એકદમ તૈયાર થવાની [illegible] આપી દીધી. તેઓ તુરત તૈયાર થઇ ગયા અને રાવલના કિનારા[illegible]

ઉપરથી બહારવટીઆઓનું આ કારમું કટક ઉપડયું. ધીમે ધીમે ચકરાવો લેતા, આસપાસના પ્રદેશને બારિકીથી જોતા જોતા તેઓ જુનાગઢની નજીકમાં પહોંચી ગયા. ઉપરકોટના કાળા કિલ્લાપર ફરફરતા જુનાગઢના અર્ધચંદ્રથી અંકિત થયેલા વાવટાનું તેમને દર્શન થયું.

અહીં આવ્યા બાદ અમરજીએ પોતાની ટુકડીના બે ભાગ પાડી નાખ્યા અને તેમાંથી એક ભાગને કેટલીક સૂચના આપીને નવાબ કમાલુદ્દિનખાને પોતાનો પડાવ જ્યાં રાખ્યો હતો ત્યાં એટલે કે સરદાર-બાગપર હલ્લો કરવાને માટે મોકલી આપ્યો અને બીજા ભાગની આગેવાની પોતે લઈ તેનો એક અતિ ભયાનક પરંતુ અગત્યના કાર્યમાં ઉપયોગ કરવાનો તેણે નિશ્ચય કર્યો.

આ વખતે સમી સ્હાંજ થઇ ગઇ હતી. તે વેળાએ સરદારબાગ ઉપર આસપાસની ઝાડીમાં છૂપાયેલા બહારવટીઆઓએ ત્યાંથી નિકળીને હલ્લો કર્યો. તેમને જોતાં જ ત્યાંના પહેરેગીરોનાં ગાત્ર ગળી ગયા. સર્વ અચાનક આ કટકને આવેલું જોઈને સ્થંભી ગયા, કારણકે બહારવટીયાના નામનો ત્રાસ તેમને બહુ જ લાગતો હતો. 'બહારવ-ટીયા—બહારવટીયા' ની કારમી ચીસ આખાય લશ્કરમાં આગની ઝડપે પથરાઇ ગઇ. જેના હાથમાં જે કાંઈ આવ્યું તે લઇને નવાબના સિપાહીઓ બહારવટીઆને જેર કરવાને માટે બહાર પડયા. ધડાધડ બંદૂકો છૂટવા લાગી. ઘડીભર બહારવટીઆએ ટકાવ કર્યો. તેમના બે—ચાર માણસો ઘાયલ પણ થયા.

પરંતુ તેમનો મુદ્દો સિદ્ધ થઇ ગયો હતો. તેઓ નવાબની ફોજમાં આ રીતે જાગૃતિ લાવીને એકદમ ત્યાંથી પાછા હઠયા અને જેતલ-સરના માર્ગે ન્હાસવા લાગ્યા. તેમની પાછળ નવાબની ફોજ પણ "પકડો—પકડો" નો પોકાર કરતી પડી. આ હાથતાળી આપીને, કેટલાયે દિવસો થયા જેમને જેર કરવાને માટે ભીષણ પ્રયાસ ચાલી રહ્યો છે, તે બહારવટીઆ પલાયન કરી જાય એ નવાબની ફોજ શી રીતે સહન કરી શકે? લગભગ આખીયે ફોજ આ બહારવટીઆની પાછળ પડી. એ ટોળીઓ પણ જાણે જીવ લઇને ન્હાસવા માગતા હોય તેમ તેમણે પોતાના અશ્વો ખૂબ જોરથી દોડાવવા માંડયા. પાછળ પડેલાઓ પણ આજે કોઇ પણ રીતે એ ભયાનક દુશ્મનોનો અંત લાવવા માગતા હતા. સુલેમાને તેમની આગેવાની લીધી હતી.

નવાબનું અંગેઅંગ આજે આનંદથી ઉછળતું હતું, કારણ કે તેનો સરદાર સુલેમાન એક પણ બહારવટીઆને જીવતો નહિ મૂકે એવી તેની ચોક્કસ ખાત્રી હતી. હવે આજથી તેને અમરજી કે તેના માણસોનો લેશ પણ ભય રાખવાનું કારણ ન હતું; અને એ બહારની ભીતિ ન હોય તો પછી એકલા ઉપરકોટમાં ઘેરાયેલાઓને ઠેકાણે લાવવાનું તેને સહેલું લાગતું હતું. તેને તો એમ જ થતું હતું કે અમરજી તેના જીવનનો છેલ્લો શ્વાસ લઇ રહ્યો છે. કાંતો તે આ ઝપાઝપીમાં કામ આવી જશે અને જો જીવતો પકડાશે તો હાથીપગે બંધાશે!

નીચે આ પ્રમાણે ધમાધમ ચાલી રહેલી એ ઉપરકોટપરના માણસોના જાણવામાં આવતાં તેઓ મશાલો સળગાવી તેના પ્રકાશથી કોલાહલનું કારણ જાણવા પોતાની આંખોને ઝાંખા પ્રકાશમાં બને તેટલી દૂર પરોવવાને મથતા હતા; પરંતુ તેઓ કશું કારણ કળી શકતા ન હતા.

અત્યારે અમરજી એક સ્થળે પોતાની સાથેના ચુનંદા કોળીઓની સાથે ઝાડીમાં છૂપાઈ રહ્યો હતો. જે તકની તે રાહ જોતો હતો તે આવી પહોંચી હતી. ઉપરકોટના કિલ્લા ઉપર ફરતી મશાલો તેણે આ ઝાડીમાંથી આગના તણખા સમી જોઇ. તેને વિચાર આવ્યો કે બક્ષીજી અત્યારે ઉપરકોટના કિલ્લા ઉપર ઊભા હશે અને પોતાને આ રીતે જુનાગઢની સેવા બજાવવાની, વફાદારી દર્શાવવાની તથા પોતાની બુદ્ધિ ને શક્તિનો ઉપયોગ કરવાની તક આપનાર એ બક્ષીજીની આ સ્થળ ઉપર અર્થાત્ પોતાના ઉપર પણ માયાળુ દૃષ્ટિ પડતી હશે. એ વિચાર આવતાં તેનું યુવાન હૈયું ઉછળવા લાગ્યું. "જય શાંભ!" કરતો તે ઉઠ્યો અને તેણે એક ઝીણી સીસોટી કરી. એ સીસોટી થતાંની સાથે જ તેના સાથીઓ કશો પણ અવાજ કર્યા વગર ખડખડાટ ઘોડાંને દોરતા સરકી ગયા. પોતાના સાથીઓનો આવો અવર્ણનીય ઉત્સાહ અને આવા સમયે પણ જળવાયેલી શાંતિની ભયંકરતાને તે મનમાં ને મનમાં પ્રશંસી રહ્યો. "જય હાટકેશ" કહીને તે પણ અંધારામાં સમાઇ ગયો.

જેમ શિકારીના સિંહનું ટોળું પોતાના શિકારપર પડે તેમ આ કોળીઓ નવાબનો જે સ્થળે અનાજનો ભંડાર અને ઘાસની ગંજીઓ રાખ્યાં હતાં તેના ઉપર તૂટી પડ્યા. નવાબની ફોજમાં [illegible]
[illegible]
[illegible]

[illegible]એ પોતાનાં લાંબાં ભાલાંની અણીઓ સાથે જડી દીધા. પહેરેગીરોની મરતી વખતની ચીસો ક્ષણભર ગાજીને પવનથી થતાં ઝાડીઓના ખડખડાટમાં સમાઇ ગઇ. અમરજીના માણસોએ ઘાસની ગંજીઓમાંથી પુળા કાઢીને અનાજના ભંડારની આસપાસ તથા ઘાસની ગંજીઓની ફરતા ગોઠવીને તેમાં પોતાની તેલ નીતરતી સળગતી જામગરીઓ ચાંપી દીધી.

ધીમા પવનથી વધારે ને વધારે ઉત્તજિત થતી એ ભયંકર આગથી આસપાસનો પ્રદેશ લાલ રંગે રંગાઈ ગયો. એ અજવાળામાં ભૂતાવળની માફક દોડતા દેખાતા કોળીઓ ઘાસના સળગતા પુળા અનાજનો ભંડાર જ્યાં રાખવામાં આવેલો તેના છાપરાપર તથા ઘાસની ગંજીઓપર ફેંકવા લાગ્યા. એ ઘાસની મોટી ગંજીઓ અને અનાજના ભંડારવાળા મકાનને પોતાના ગર્ભમાં સંકેલી લઇ, અગ્નિનારાયણની એ જળહળતી જ્વાળાની લાંબી લાંબી અનેક જીભો ધૂમ્રના ગોટા ઉપર ગોટાનાં વમન કરતી ઉંચે અને ઉંચે-દૃષ્ટિમર્યાદાની પણ જાણે પેલી મેર ચડતી હોય એવો ભયાનક દેખાવ થઇ રહ્યો.

એ આગથી ફોજમાં ચોમેર ગભરાટ ફેલાવા લાગ્યો. જેઓ ત્યાં હાજર હતા, તેઓ દોડતા આવી પહોંચી આગને વધતી અટકાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. કેટલાક નવાબને સમાચાર પહોંચાડવા દોડ્યા. નવાબ પણ એકદમ કેટલાક માણસો સાથે અત્ર આવી પહોંચ્યો. પરંતુ જ્યાં પ્રલયાગ્નિ સમી જ્વાળા ચોતરફ ફેલાઇ રહી હોય ત્યાં તે એકલો શું કરી શકે ?

અમરજીનું કાર્ય પૂરૂં થઇ ગયા બાદ તે ત્યાં એક ક્ષણ વાર પણ રોકાય તેવો ન હતો. તેણે બંદૂકનો એક બહાર કરતાંની સાથે જ બહારવટીઆ આગ લગાડવાનું કાર્ય છોડી દઇ અમરજીની આસપાસ એકત્ર થઇ ગયા. તેઓ ઘોડેસવાર થઇને નવાબના સિપાહીઓ ત્યાં આવી પહોંચે તે પહેલાં ત્યાંથી પલાયન કરી ગયા. જે સિપાહીઓ હાજર હતા તેમને તો એ કોળીઓએ સ્વધામ પહોંચાડી દીધા હતા, એટલે આગ કોણે સળગાવી તે જાણનાર કોઇ રહ્યું ન હતું.

ઉપરકોટના કિલ્લા ઉપરથી બક્ષીજી, [illegible] ઠક્કર તથા તેમના સહચારીઓએ આ ભયાનક આગની જ્વાળાઓ જોઇ. [illegible] [illegible]

એ આગના સ્થળેથી ત્વરિત ગતિએ પસાર થઇ જતા જોયા !

થોડી વારે ઉપરકોટનાં કિલ્લાની બહાર નીચેથી એક અવાજ આવ્યો: " ભાઇ ! એ રાંગ ઉપર કોણ છે ? જરીક બક્ષીજીને બોલાવો તો. "

બક્ષીજીનું ભાવભીનું હૈયું એ અવાજ સાંભળીને હર્ષથી ઉછળવા લાગ્યું અને તે આવેશથી ધ્રૂજતા સ્વરે બોલ્યા: " મહમદ ! મહમદ ! દરવાજાની બારી ખોલી નાખ. કોણ, અમરજી તો ન હોય ? "

ગઢની રાંગપર ઊભેલા સેંકડો મનુષ્યો નજર નોંધી નોંધીને નીચેથી અવાજ આવ્યો હતો તે દિશા તરફ જોવા લાગ્યા. હજી તો માત્ર થોડા સમય પહેલાં જ નવોસવો આવેલો જુવાન અમરજી, કે જેણે ચુંવાળીઆ કોળીઓને વશ કરી તેમનો મરણાંત પ્રેમ પ્રાપ્ત કર્યો હતો, જેણે મરાઠાઓના અજીત ગણાતા કટકને પણ કાપી નાખી કાનાજી તાકપોર સમા શૂરવીરતા અને ક્રૂરતામાં રાક્ષસનું બિરૂદ પામેલા યોદ્ધાને કેદ કરી લીધો હતો, જેણે નવાબ કમાલુદ્દિનખાનનું જંગી તોપખાનું અને દારૂગોળાનો ભંડાર સળગાવી, પાયમાલ અને ફના કરી નાખી ઉપરકોટ ઉપરની લટકતી તલવારને ઉડાડી મૂકી હતી, તેવા તેમના યુવાન સાથીનું નામ બક્ષીજીના મુખમાંથી નિકળતાં તેને નજરે નિરખવાની આકાંક્ષાને એ લડાયક દીલના સિપાહીઓ દબાવી શક્યા નહિ.

બક્ષીજીએ ફરીથી ઉચ્ચાર કર્યો: " કોણ અમરજી છે ! "

" જી હા, " નીચેથી અમરજીએ જવાબ આપ્યો: "હું મારે કાર્ય પૂર્ણ કરીને જતો હતો, ત્યાં વિચાર થયો કે અત્યારે તક છે ત્યારે આપની સલામ લેતો જાઉં. નવાબ સાહેબ કુશળ છે ને ? પ્રેમજી કાકાની મારા ઉપર મહેરબાની જેવી ને તેવી જ હશે ! "

" કોણ ! અમરૂ ! ઉપર આવને. બક્ષી કાકા તારી બહુ વાતો કરતા હતા. મારે તને જોવો છે. ઉપર આવ. " નવાબ મહોબતખાન—બાર વર્ષનો બાળક—બક્ષીજીની આંગળીએ વળગીને ઊભેલો મહુમ નવાબ મહમદ બહાદુરખાનનો શાહજાદો બોલ્યો.

બક્ષીજીએ પણ કહ્યું: " હા, અમરજી ! મહમદ બારી ખોલે છે: તું ઉપર આવતો રહે. "

" ના જી, હમણાં તો મને બહાર જ રહેવા દો. આપની સલામ [illegible] [illegible] વખતે [illegible] સિવાય [illegible] [illegible]

સંભળાવતો જાઉં છું. રાધનપુરના નવાબનો અનાજનો ભંડાર અને ઘાસની ગંજીઓ તમામ અત્યારે સળગી ગયાં છે !"

"એમ ! શી રીતે ? કોણે સળગાવ્યાં ?" પ્રેમજીએ પ્રશ્ન કર્યો.

"આગ લાગવાથી સળગી ગયાં અને સળગાવનારા તો જુનાગઢના વફાદાર અને બહાદુર બહારવટીયા." અમરજીએ જવાબ આપ્યો.

"વાહ ! રંગ છે રે અમરજી ! તેં પણ બહુ ભારે કરી" પ્રેમજી બોલ્યો.

"વારૂ, અમરજી !" બક્ષીએ જણાવ્યું: "જો તારે જવું જ હોય તો હવે રોકાવાની જરૂર નથી. બહાર તું એકલો છે. રૂપો કોળી તારી સાથે જ હતો કે બીજે ક્યાંય ?"

"જી, એ તો બીજા કામપર રોકાયેલ છે."

"ઠીક, એને કહેજે કે 'તને તારી સેવાનો બદલો જુનાગઢ રાજ્ય પૂરેપૂરો આપશે અને રાજ્ય સાથેની તારી જે કાંઈ ફરિયાદો હશે તેમાં તને સમ્પૂર્ણ ઇન્સાફ મળશે.'" બક્ષીએ જણાવ્યું.

એ વખતે નીચે અંધકારમાંથી એક માણસે આવી અમરજીને કહ્યું: "રાધનપુરીઆ આ તરફ આવતા લાગે છે, હોં !"

"એ બીજો કોણ છે ?" ઉપરથી બક્ષીજીએ પૂછ્યું.

"જી, એ તો હું સુરજસિંહ છું." નીચેથી નવા આવનારે જવાબ આપ્યો.

"ઠીક, પણ હવે તમે જાઓ. નકામું જોખમ ન ખેડો. જાઓ, ફતેહ કરો." બક્ષીજીએ બન્ને જુવાનોને આશીર્વાદ આપ્યો.

તે બન્ને જણ બીજે રસ્તેથી ઉતરીને અદૃશ્ય થઇ ગયા.

"આ જુવાન પણ ભારે જબરો છે." તેમના ગયા પછી અહમદ જમાદાર બક્ષીજીને સંબોધીને બોલ્યો.

"જો, આ છોકરા પાસે આખી ફોજ હોય તો શું ન કરે ?" પ્રેમજી ઠક્કરે પણ અમરજીની પ્રશંસા કરી.

"મને લાગે છે કે તેનામાં જેટલી મુત્સદ્દીગીરી છે તેટલો જ લડાયક જુસ્સો પણ છે." બક્ષીજીએ અમરજી માટેનો પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

હવે તેઓ નીચે સળગતી આગ તરફ જોઈ રહ્યા. [illegible]રના નવાબ કમાલુદ્દિનખાને એકત્ર કરેલ અનાજ અને [illegible]મિ-નારાયણને આહુતિ અપાતી હતી અને એથી તેઓ [illegible]

રાક્ષણુ જાણે આનંદપૂર્વક નાચતા હોય તેમ પોતાની જ્વાળાઓને ચોતરફ ફેરવતા હતા.

પ્રકરણ ૩૫ મું.

કમાલુદ્દિનખાનની વિષમ સ્થિતિ.

ગયા પ્રકરણમાં વર્ણવેલી ઘટનાને આશરે એક અઠવાડિયું વીતી ગયું હશે, તે દરમિયાન રાધનપુરના નવાબ કમાલુદ્દિનખાનની સ્થિતિ વધારે વિષમ થતી જતી હતી.

તેનું તોપખાનું તથા દારૂગોળો બિલકુલ નાશ પામ્યાં હતાં અને લગાડવામાં આવેલી આગને લીધે અનાજ ને ઘાસચારો પણ સદંતર ભસ્મીભૂત થઈ ગયાં હતાં. હવે તો તેની ફોજને અનાજ તથા ઘાસચારા માટે ફેરા કરવાની તથા જ્યાં ત્યાંથી સીધી રીતે કે જોર-જૂલ્મથી લાવીને નિર્વાહ ચલાવવાની ફરજ પડી હતી.

નવાબે મોકલેલી પેલી ટુકડી સરદાર સુલેમાનની આગેવાની નીચે બહારવટીઆઓની પાછળ પડી હતી. બહારવટીઆ એ ટુકડીને પોતાની પાછળ કેટલેક દૂર ગિરના ગાઢા જંગલમાં લઇ ગયા, જ્યાં અગાઉથી કરી રાખેલા સંકેત મુજબ અમરજી તથા તેની સાથેના માણસો પ્રથમથી જ આવીને ગોઠવાઇ ગયા હતા. નવાબની ટુકડી તેમની જાળમાં સપડાઈ એટલે તેમણે પોતાના રીવાજ મુજબ તેના ઉપર મારો ચલાવ્યો. એટલે માંડ માંડ થોડા ઘણા માણસો પોતાનો જાન બચાવીને એ જાળમાંથી ન્હાસી છૂટયા; તેમાં સરદાર સુલેમાનને બે-ત્રણ ઘા લાગવાથી તેની સ્થિતિ ભયંકર થઇ પડી હતી.

અનાજ માટે ફેરો કરવા નિકળતી નવાબની ટુકડીઓને પણ શાંતિ ન હતી. અમરજી પોતાના જાસુસો દ્વારા તેમની બાતમી મેળવતો અને જુદી જુદી ટુકડીઓ ઉપર પોતાના માણસોને મોકલી આપતો. હવે તેની પાસે પણ કાંઈ ફક્ત પાંચસો જ કોળીઓ ન હતા. એ કોળીઓનાં અદ્ભુત પરાક્રમો સાંભળીને બીજા તેમના નાતીલા તેમજ જુનાગઢ તાબાના આહિરો, કાઠીઓ તથા બીજા કોળીઓ વગેરેના લોકો ભેળાયા હતા. એટલે અમરજી પાસે અત્યારે લગભગ બે હજાર [illegible] માણસો એકઠાં થઈ ગયા હતા. જેથી તેનું બળ [illegible] ઝપાઝપીઓમાં

તેના માણસોને કાંઇ નુકસાન ન જ થતું તેમ નહિ; કેટલાક ઘવાતા, કેટલાક મરણ પણ પામતા, પરંતુ બનતાંસુધી તે સામો મારો કરવા દેતો નહિ અને શત્રુને જાળમાં સપડાવી પોતાની નીતિ મુજબ તેમના પર છૂપી રીતે મારો ચલાવવાનું પસંદ કરતો હોવાથી નુકસાન બહુ જ ઓછું થતું. બદલામાં શત્રુ પક્ષની ખુવારી થતી અને ન્હાસતા શત્રુઓનાં હથિયારો અને બીજી સામગ્રીઓનો લાભ પુષ્કળ મળતો હતો. જેતલસરમાં તેણે કાનાજી તાકપોર વગેરે કેદીઓને રાખેલા તેમના ઉપર પહેરો રાખવા તથા એ કિલ્લાને સાચવવાને પણ તેણે પૂરતા માણસો રાખ્યા હતા અને કોઠાઓ ઉપર કાનાજીની તોપો ગોઠવી દીધી હતી.

એ પ્રમાણે તેની ચોતરફની જબ્બર તૈયારીને લીધે નવાબની ફોજના માણસોને દરેક સ્થળેથી પાછા હઠવાની ફરજ પડતી હતી. નવાબના માણસો ગામડાંમાંથી અનાજ લાવવાને ઉપડતા, ત્યાંથી લાવતાં રસ્તામાં તેમને અમરજીના માણસોનો ભેટો થઈ જતો અને બહારવટીઆ તેમની પાસેથી અનાજ લૂટી લેતા, ઘણાને ઠાર કરતા, બાકીના જીવ બચાવી ન્હાસી છૂટતા. ખુદ ઉપરકોટની આસપાસની કમાલુદ્દિનખાને ગોઠવેલી ચોકીઓ ઉપર પણ કોઇ વાર મધ્યરાત્રે તો કોઇ વાર મધ્યાન્હે, કોઈ વાર દિવસ ઉગતાં તો કોઈ વાર સમી સ્હાંજે બહારવટીઆ અચાનક તૂટી પડતા અને બને તેટલી ખુવારી કરીને પાછા પલાયન થઈ જતા હતા. એથી આખીયે ફોજમાં બહારવટીયાના નામનો હાકોટો બોલી ગયો હતો.

નવાબે એ લોકોને જેર કરવાને નવી નવી ટુકડીઓ ચોતરફ મોકલવી શરૂ કરી. પરંતુ એ ટુકડીઓ બહારવટીઆને શોધી શકે તે પહેલાં એ લોકો નવાબની નબળી પડેલી ફોજ ઉપર ચડી આવી, તેમાં વધારે ગભરાટ ફેલાવતા. નવાબે વધુ મદદ માટે રાધનપુર મોકલેલા કાસદોનાં રઝળતાં, લોહીનીતરતાં માથાં તેની ટુકડીઓએ લાવીને નવાબ સમક્ષ રજુ કર્યાં. એ સર્વને લીધે નવાબ વધારે ને વધારે ગુસ્સે થયો પરંતુ કશુંયે નહિ સૂજવાથી કિંકર્તવ્યમૂઢ બની ગયો. અત્યારે તેનો ખાસ સલાહકાર અને સિપેહસાલાર સુલેમાન મરણ અને જીવનનાં સામસામાં પલ્લાંમાં જોખાતો હતો: એટલે મારી સલાહ લેવી તે નવાબને સૂજતું ન હતું.

ફોજને બે દિવસના ફાકા થયા હતા અને ભૂખ [illegible]

[illegible]ની ઉત્પાદક હોય, કોઈપણ રીતે પોતાના માણસોને ભૂખમરાથી તો બચાવવાં જ જોઈએ એમ નવાબને લાગ્યું. આખરે તેનો રસ્તો શોધવાને માટે વસંતરાયની સલાહ લેવાનો વિચાર તેને સૂઝ્યો. તેણે એ [illegible] પોતાની પાસે બોલાવ્યો.

તેણે સર્વ પરિસ્થિતિ વસંતરાયને જણાવી. વસંતરાય પણ એ સર્વ સ્થિતિથી માહિતગાર તો હતો જ. તેણે કહ્યું: "સરકાર! મને એક રસ્તો સૂઝે છે. આપ જુનાગઢના નગરશેઠ પાસે એક કાસદને મોકલી તેમને જણાવો કે અમુક મુદતમાં આટલું અનાજ એકત્ર કરીને અમને પહોંચતું કરો. જો તે મુદતમાં અનાજ પહોંચતું નહિ થાય તો જુનાગઢ શહેર આખાને સળગાવી મૂકવામાં આવશે. હું ધારું છું કે નગરશેઠ એ ધમકીથી ડરીને જરૂર માગણી પ્રમાણેનું અનાજ એકત્ર કરી આપશે."

નવાબને પણ એ સલાહ રૂચી. તેણે પોતાના એક કાસદને ફોજ માટે જોઈતા અનાજ અને ઘાસની વિગત સાથે નગરશેઠ પાસે મોકલ્યો. તે કાસદે નગરશેઠ પાસે જઈને તેમને જોઈતા અનાજ અને ઘાસની વિગત જણાવીને કહ્યું કે "જો આવતી કાલની સ્હાંજ-સુધીમાં આટલું અનાજ અને ઘાસ તમે પહોંચતું નહિ કરો તોપછી તમારા શહેરમાં આગ મૂકવામાં આવશે. તેમાં બિલકુલ દયા દર્શાવવામાં આવશે નહિ."

નગરશેઠે તેને જવાબ આપતાં પહેલાં મહાજનને એકત્ર કર્યું. તેમણે વિચાર કરી જોયો, પરંતુ ગમે તેટલો ઉપાય કરવા છતાં નવાબની માગણી પ્રમાણેનું અનાજ અને ઘાસ શહેરમાંથી આપેલી મુદતમાં એકઠું થઇ શકે તેમ ન હતું, એટલે નગરશેઠ તથા મહાજનના બીજા શેઠીઆ નવાબ કમાલુદ્દિનખાન પાસે ગયા. તેમણે શહેરમાંથી મળે તેટલું અનાજ અને ઘાસ આપવાની તથા બાકીને માટે રોકડ દામ આપવાની વિધિ કરી. પરંતુ રોકડ દામ અત્યારે નવાબને કોઇ પણ રીતે ઉપયોગી થઇ શકે તેમ ન હતું. તેણે તો એક જ ઉત્તર આપ્યો કે "મારે દામનું કામ નથી. મારે તો અનાજ અને ઘાસ જોઈએ અને તે પણ મારી માગણી પ્રમાણે જ મળવું જોઈએ. માટે જો તમારે તમારા શહેરને આગથી બચાવવું હોય તો [illegible]; નહિ તો તમારા શહેરની સાથે [illegible] ?

નિરાધાર બનેલા મહાજને જોયું કે નવાબ સમજાવ્યો સમજે તેમ નથી. સહુ નિરાશ બની પાછા જુનાગઢમાં આવ્યા. શહેરના દરેક દરવાજે નવાબના સિપાહીઓ પહેરાપર હતા. કોઈ માણસ શહેર છોડી શકે તેમ ન હતું. આવતી કાલની સ્હાંજસુધીમાં નવાબને માગણી મુજબનું અનાજ તથા ઘાસ મળવું જ જોઈએ, નહિતો પોતાનાં ઘરબાર અને સચરચીલાની સાથે સહુએ બળી મરવું પડશે. કશો રસ્તો ન સૂજવાથી નિરાધાર મહાજન નિરાશ શાંતિથી પ્રારબ્ધને ભરોંસે બેઠું.

આખી રાત્રિ ગામમાં કોઇને નિદ્રા આવી નહિ. બીજો દિવસ થયો. સર્વત્ર આ એક જ વાતની ચર્ચા થયા કરતી હતી. સમય પસાર થવા લાગ્યો. મધ્યાહ્ન વીતી ગયો. આજે કોઇને ખાવા પીવાનું પણ સૂજતું ન હતું. સ્હાંજ પડવા આવી. શહેરનો પુરુષવર્ગ નગરશેઠની દુકાન પાસે એકત્ર થયો હતો. સર્વનાં નિરાશ મુખોપર મૃત્યુની શ્યામ છાયા છવાઈ રહી હતી.

એકાએક એ માનવમેદનીને આરેથી એક મનુષ્ય બૂમ પાડી ઉઠ્યો: "એય! બધા સાંભળો! છાના રહો, સાંભળો—સાંભળો!"

જમીનપર તણખલું પડે તોપણ તેનો અવાજ સાંભળી શકાય એટલી શાંતિ વ્યાપી રહી અને આખીયે માનવમેદની પોતાના ભયથી સરવા બનેલા કાનવડે શું સાંભળી શકાય તેમ છે એ જાણવાને આતુર બની ગઈ.

હવા ઉપર ચાલી આવતી એક ધીમી ઘુજરીએ તેમના કર્ણપુટનો સ્પર્શ કર્યો. કોઇ અતિ દૂરથી અવાજ આવતો હોય એમ તેમને લાગ્યું. ધીમે ધીમે એ અગાઉ કરતાં વધારે સ્પષ્ટ થતો લાગ્યો:—ધીજાંગ—ધીજાંગ—ધક—ધીજાંગ—ધીજાંગ—ધક—ધીજાંગ—ધીજાંગ—ધક!

હવે તો એ અવાજ વધારે ને વધારે તીવ્ર બનતો જતો હતો અને નજીક ને નજીક આવતો જતો હતો. સહુ સ્પષ્ટપણે સાંભળી શકતા હતા. એથી રૂંધાયેલા શ્વાસની મુક્તિ સૂચવતો એક લાંબો સુસવાટ આખી મેદનીમાં ફરી વળ્યો. આખી મેદનીમાં કોઇ અપૂર્વ આનંદનો ચમકારો થયો. લોકો બોલી ઉઠ્યા: "આવ્યા! આવ્યા! આરઝીના બહારવટીઆ આવ્યા! અને આ સંભળાય છે એ તો સ ચુંવાળીઆનો નામીચો ઝુંબીઓ!"

નગરશેઠ આવેશથી ઉભા થઇ ગયા. તેમની આંખોપર હર્ષના અશ્રુબિન્દુ ચમકતાં હતાં. તેમણે કહ્યું: "ભાઇઓ! સર્વ પોતપોતાને ઘેર જઇ બૈરાં છોકરાંઓને આશ્વાસન આપો. પ્રભુની ઇચ્છા તો હવે આપણે બધા અને આપણું શહેર બચી ગયાં, સમજી લ્યો. સો વરસના આય એ બહારવટી[illegible]નો હાથ એ ફૂટલી મૂછાળો મર્દ બચ્ચો અમરજી."

અમરજીને સુરજસિંહ તથા પોતાના [illegible] નવાબનો ઇરાદો જુનાગઢ શહેરને આગથી તારાજ કરવાનો હોવાના સમાચાર મળી ગયા હતા. એથી તે પોતાના માણસો લઇને શહેરના લોકોની બહારે આવી પહોંચ્યો હતો. તેણે લોકોને ચેતવવા માટે એક વાર શહેરો અને ગામોમાં ભયનો સન્નાટો છવરાવી દેતો ચુંવાળીયા કોળીનો જુંગીઓ ગજાવ્યો હતો. તેમનામાંના કેટલાક માણસો જુનાગઢની બહાર આવી પહોંચ્યા. ત્યાં ગઢની દિવાલ પાસે એક ઉપર બીજો અને તેની ઉપર ત્રીજો, એમ માણસોની સીડીઓ મંડાઇ ગઇ. કેટલાક કોળીઓ એ સીડીઓ વાટે કિલ્લા ઉપર ચઢી ગયા અને ઉપર મજબુત રસીઓ બાંધી તેને નીચે લટકતી રાખી તે રસીના આધારે પણ ઘણા રાંગ ઉપર ચઢી આવ્યા. સુરજસિંહ પણ તેમની સાથે જ હતો. તે રાંગેથી નીચે ઉતરી નગરશેઠની પાસે પહોંચી ગયો અને તેમને નિર્ભય રહેવાની સૂચના આપી દીધી.

અમરજી પોતાના બાકીના સાથીઓ તથા ઉપર ચઢી ગયેલા માણસોનાં ઘોડા લઇને આસપાસની ઝાડીમાં થઇને વાઘેશ્વરીના દરવાજા પાસે જઇ પહોંચ્યો. એ દરવાજાથી થોડે દૂર વૃક્ષોની ઘેરી ઘટા હતી. ત્યાં તેણે પોતાના માણસોને છૂપાવી દીધા.

[illegible]માં દાખલ થયેલા બહારવટીઆઓએ જુદા જુદા દરવાજાપર એકીસાથે હલ્લો કરીને દરવાજાપર રાખેલા તમામ પહેરેગીરોને કબજે કરી તેમના હથિયાર ઝુંટવીને તેમને કેદી બનાવી દીધા. તેઓ બધા દરવાજા બંધ રાખીને વાઘેશ્વરીના દરવાજા પાસે જઇ પહોંચ્યા. નવાબને આ[illegible] ખાતરી પહોંચતાં તેણે પોતાના સિપાઇઓને [illegible]. તે સિપાઇઓ વાઘેશ્વરીના દરવાજા પાસે [illegible] છૂપાયેલા [illegible] તેમના ઉપર મારો ચલાવ્યો. [illegible]

અને તેમણે જઈને નવાબને સમાચાર જણાવ્યા; તે જ વખતે અમરજીએ પણ પોતાના અમુક માણસોને શહેરના રક્ષણ માટે રાખી બીજા માણસોની સાથે સરદારબાગ ઉપર હલ્લો કર્યો. ભૂખના દુઃખથી પીડાતા નવાબના સૈનિકોમાં આ હલ્લાનો જવાબ વાળવાની શક્તિ ન હતી, એટલે કેટલાક ન્હાસવા લાગ્યા, કેટલાક સામા થયા તે જમીનદોસ્ત થવા લાગ્યા, આખી ફોજમાં ભંગાણ પડી ગયું અને નવાબ પાછલે દરવાજેથી નાઠો. અમરજીએ એ મકાનને ચોતરફથી આગ લગાડી. ફોજની છાવણીમાં જુદે જુદે સ્થળે તે તથા તેના માણસો ઘૂમી વળ્યા. જ્યાં લાગ ફાવ્યો ત્યાં આગ લગાડી અને બીજી રીતે બન્યું તેટલું નુકસાન પહોંચાડ્યું.

નવાબની સર્વ આશા અસ્ત થઈ ગઈ. બહારવટીઆનો ત્રાસ તેને અસહ્ય થઈ પડ્યો. તેમના આગેવાન અમરજીને હાથીના પગતળે છુંદાવવાને આતુર બનેલો નવાબ એ અમરજીના એકથી એક ચડિયાતાં પરાક્રમોની કથા સાંભળીને વધુ ને વધુ ગુસ્સે થતો હતો. પરંતુ એ ગુસ્સો મર્દનો ન હતો. એ ગુસ્સાની પાછળ જોઈતું બળ ન હતું. હવે તો નવાબને માટે માત્ર બે જ માર્ગ હતા. કાંતો ઘેરો ઉઠાવી લેવો અને કાંતો બહારવટીઆનો નાશ કરવો. બીજો માર્ગ વધારે પસંદ કરવાયોગ્ય હતો પરંતુ તેને અમલમાં મૂકવાને જોઈતી તાકાત નહિ હોવાથી નવાબે પહેલો માર્ગ લીધો. તે ઉપરકોટ તરફ એક ક્રોધ અને નિરાશાભરી નજર નાખી પોતાનો મુકામ અહીંથી ઉઠાવીને વડાળ તરફ ચાલતો થઈ ગયો.

વડાળ ગિરના જંગલની બહાર મેદાનમાં હતું, એટલે બહારવટીઆ ઝાડીઓનો આશ્રય લઈ અચાનક હુમલો કરી શકે તેમ ન હોવાથી તે સ્થાન એટલે અંશે નિર્ભય હતું. પરંતુ જુનાગઢથી વડાળસુધી પહોંચતાં બહારવટીઆએ માર્ગમાં તેને પોતાની રીતિ મુજબ બન્યું તેટલું નુકસાન પહોંચાડ્યું છતાં તે પણ જેમ તેમ વડાળ ભેગો થયો ખરો.

તે જ્યારે વડાળથી જુનાગઢ આવવાને માટે ઉપડ્યો હતો ત્યારે તેની તાજી, ઉત્સાહભરી, સાધનસંપન્ન ફોજ જુનાગઢને મૂઠીમાં સમાયેલું માની આવેશથી આગળ વધતી હતી. આજે તે જ ફોજ પોતાના અર્ધા કરતાં વધારે માણસો ગૂમાવી, સાધનહીન બની નિરાશ વદને પાછી વડાળ આવી પહોંચી.

એ રીતે નવાબને ચાલ્યો ગયેલો જોઇને ઉપરકોટનો કિલ્લો ભયમુક્ત થયો છે એમ બક્ષીજીને લાગ્યું; પરંતુ તેમણે વિચાર્યું કે અત્યારની સ્થિતિમાં એ કિલ્લાનો ત્યાગ કરવો તે કોઈ પણ રીતે ઇચ્છનીય નથી. હજી રાધનપુરની ફોજ કાંઇ ચાલી ગઇ ન હતી. એટલે તેનો ડર તો હતો જ. તેમાં પણ બાંટવા, માંગરોળ આદિના સરદારો અને જુનાગઢના સેનાનાયક મુબારકખાનના ખૂનથી ઉશ્કેરાઇ ગયેલી જુનાગઢની ફોજ જો ફરી બેસે અને રાધનપુરની સાથે મળી જાય તો ?—

તો તો જુનાગઢનું ભાવી ભયંકર જ ગણાય. માટે જ્યાંસુધી બીજો કોઇ ચોક્કસ રસ્તો ન નિકળે ત્યાંસુધી પોતાના સૈનિકો અને ઉપરકોટનો કિલ્લો બન્ને સુરક્ષિત જ રહેવા જોઇએ એમ બક્ષીજી માનતા હતા; જોકે તેમણે પોતાના થોડા મનુષ્યોને જુનાગઢ શહેરના રક્ષણને માટે મોકલી આપ્યા હતા ખરા.

અમરજી હવે જુનાગઢની આસપાસનું જંગલ છોડીને જેતલસરના કિલ્લામાં પહોંચી ગયો હતો. હજી પણ તેના માણસો રાધનપુરની ફોજની ટુકડીઓ અનાજ તથા ઘાસ માટે ફેરો મારવા નિકળતી તેને હેરાન કરતા. કોઈ કોઇ વાર વડાળ પાસે છાવણી નાખીને પડેલી ફોજ ઉપર છાપો મારતા, પરંતુ તે છાપો અસરકારક થઇ શકતો નહિ.

અમરજી અવારનવાર બક્ષીજીને મળી આવતો, તેમને પોતાની તમામ હકીકત જણાવતો અને તેમની સલાહ લેતો. એમ કેટલાક દિવસો અર્ધશાંતિમાં પસાર થવા લાગ્યા.

પ્રકરણ ૩૬ મું.

કમાલુદ્દિનખાનનો છેલ્લો પાસો.

નવાબ કમાલુદ્દિનખાન પોતાના બળથી જુનાગઢ સર કરી શકે એમ તેને ન લાગ્યું એટલે તેણે એક છેવટનો ઉપાય અજમાવી જોવા પ્રયત્ન કર્યો. તેણે સરદાર મુબરકખાનના ખૂનથી જુનાગઢ તરફ બેદિલ બનેલા તેના પુત્ર મુસાફરખાનને, જુનાગઢની પ્રાપ્તિ માટે પોતે કરેલા પ્રયાસમાં નિષ્ફળ થવાથી કર્ત્તવ્યમૂઢ બનેલા મુસાફરખાનને, તેમજ બાંટવાના ફોજદાર અને સાહિબાબાનુના પતિ સામંતખાનજી તથા માંગરોળના ફોજદાર શેખમીયાંને જુદી જુદી લાલચો આપી જુનાગઢ સામેની લડાઇમાં પોતાને મળી જવાને સંદેશા મોકલાવ્યા.

મુસાફરખાન અત્યારે પ્રભાસપાટણ આગળ પોતાની ફોજ સાથે પડયો હતો. મુજફ્ફરખાન સાહિબાબાનુના વિશ્વાસુ સેવક જમાદાર સાલમીન સાથે રાણપુરમાં પોતાના નિરાશાપૂર્ણ દિવસો ગુજારતો હતો. સામંતખાન બાંટવામાં અને શેખમીયાં શીલ ખાતે પડયા હતા.

નવાબ કમાલુદ્દિનખાનને ગિરના જંગલના નામથી પણ ભય પેદા થતો હતો, એટલે તેણે હવે બહારવટીઆનો પીછો લેવાનું લગભગ છોડી દીધું અને વડાળમાં મુકામ નાખી તે પોતે મોકલેલા સંદેશાના પ્રત્યુત્તરની રાહ જોવા લાગ્યો.

તે દરમિયાન તેણે બહારવટીઆના થાણા ઉપર–જેતલસરપર એક હલ્લો કરી જોયો, પરંતુ હલ્લાપર ચડેલા તેના માણસો ચાર–છ કલાકમાં તો હતાશ બનીને પુનઃ પાછા આવી પહોંચ્યા. નવાબ હવે પૂરેપૂરો સમજી ગયો કે સિંહની બોડમાં હાથ નાખવામાં જરા પણ ડહાપણ નથી, એટલે હવે તેણે મોકલેલા સંદેશામાં સફળતા મળે તો જ તેની ધારણા બર આવે તેમ છે એમ તેને લાગ્યું.

થોડા દિવસ પસાર થઈ ગયા. તે રોજ પોતે મોકલેલા કાસદોની રાહ જોતો હતો. કદાચ એ લોકોનો બહારવટીઆએ નાશ કરી નાખ્યો હશે એવો પણ ભય તેને ઉપજતો હતો. એવામાં એક દિવસ તેણે મોકલેલા તમામ કાસદો લગભગ એકીસાથે પાછા આવી લાગ્યા.

એ સમયે નવાબ પોતાના સરદારોની વચ્ચે બેઠો હતો. કાસદો તેને કુરનસ બજાવી આદાબસર ઊભા રહ્યા. નવાબે એક કાસદને પ્રશ્ન કર્યો: "કેમ! બાંટવા જઈને તું શો જવાબ લઈ આવ્યો?"

તમામ સરદારો એ પ્રશ્નનો ઉત્તર સાંભળવાને આતુરતાથી કાસદ સામે જોઇ રહ્યા. નવાબને તો કાસદનો જવાબ પોતાની ધારણાને સફળ બનાવનારો હોવાની ખાત્રી જ હતી, કેમકે તેણે બાંટવા ચોવીશી સામંતખાનને આપવાનું જણાવ્યું હતું. તેના પુત્ર મુજફ્ફર-ખાનને રાણપુર ચોવીશી આપવામાં આવશે એમ પણ કહેવરાવ્યું હતું. તેમજ સુલતાન બીબીને શાહપુર ગામનો પટ્ટો લખી આપવાની ખુશી દર્શાવી હતી. એ કારણથી તેમજ પોતાની પત્ની સુલતાન-બીબીને જુનાગઢના બક્ષીએ કેદ કરેલી હોવાથી તથા પોતાના શાહજાદા મુજફ્ફરખાનનો સખ્ત વિરોધ કરવામાં આવેલો હોવાથી સામંતખાન તેનું વેર લેવાને માટે ઇન્તેજાર રહેવો જ જોઇએ એમ નવાબ કમાલુદ્દિનખાન માનતો હતો.

તેના પ્રશ્નના ઉત્તરમાં કાસદે નમ્રતાથી જણાવ્યું: "સરકાર! મેં બાંટવા જઈને સામંતખાનજી સમક્ષ આપનો રૂક્કો પેશ કર્યો. તેના ઉત્તરમાં તેમણે પણ એક રૂક્કો મોકલેલ છે જે હું આપ નામદારની હજુરમાં રજુ કરૂં છું."

નવાબે એ રૂક્કો લીધો અને બીજા કાસદની સામે જોયું. તેણે પણ એક રૂક્કો રજુ કર્યો. એથી નવાબ બોલ્યો: "બધાય રૂક્કા જ લઇને આવ્યા છો?"

એટલે બીજા એક કાસદે પણ રૂક્કો આપ્યો, જ્યારે ચોથા કાસદે જણાવ્યું: "સરકાર! મારે તો આપને સર્વ હકીકત શબ્દોદ્વારા નિવેદન કરવાની છે. પરંતુ મારી વિનતિ છે કે તે સાંભળીને આપ મારા ઉપર ગુસ્સો લાવશો નહિ."

નવાબે તેની સામે દૃષ્ટિ કરીને પૂછ્યું: "તું કયાં ગયો હતો? હા-હા, યાદ આવ્યું. તને તો પેલા મુસાફરખાન પાસે મોકલ્યો હતો, ખરૂં ને?"

"હાજી, અને ત્યાં જે કાંઇ બન્યું તે સર્વ આપને જણાવવું જોઈએ એવું મને લાગવાથી જ હું ગુસ્સે નહિ થવા આપને અરજ ગુજારૂં છું." કાસદ નમ્રતાથી બોલ્યો.

"બહુ સારૂં, તારે જે કહેવાનું હોય તે કહે. અત્યારના સંયોગોમાં મારા વફાદાર માણસો પોતે મેળવેલી માહિતીથી મને વાકેફ કરે, તે માટે મારે તેમનાપર ક્રોધ કરવાનો હોય જ નહિ." નવાબે અભયવચન આપ્યું.

એટલે કાસદે કહ્યું: "જનાબ! મેં સરદાર મુસાફરખાન પાસે જઇને તેમને આપનો રૂક્કો આપ્યો. તે વાંચીને પ્રથમ તો તે ખૂબ વિચારમાં પડી ગયા. પછી તેમણે પોતાની ફોજના કામદાર મ્હેતા મામા કિકાણીને બોલાવ્યા અને તેમને તમામ હકીકત જણાવી તેમની સલાહ માગી."

"વારૂ, પછી?" નવાબની ઇન્તેજારી તીવ્ર બની.

"હજુર! એ મ્હેતાએ મુસાફરખાનને કહ્યું: 'તમારી પાસે તમારા વાલિદનું વેર લેવાના બે માર્ગ છે. એક નિમકહરામ થઇને અને બીજો નિમકહલાલી દાખવીને.'"

"પણ પછી આગળ શું બન્યું?" નવાબની સ્વસ્થતા ઉડી ગઇ.

"જનાબ! મુસાફરખાને મ્હેતાને સ્પષ્ટ રીતે બોલવાની સૂચના

કરતાં પુનઃ મ્હેતાએ કહ્યું: 'તમે તમારા વાલિદના ખૂનનું વૈર લેવાને આતુર હો એ સ્વાભાવિક છે. તેનો હું વિરોધ પણ કરતો નથી. પરંતુ એ વૈર આપને લેવાનું છે ખૂન કરનાર પાસેથી, નવાબ મહોબતખાન પાસેથી નહિ. એ ખૂનમાં નવાબ મહોબતખાન કિંવા તેમના વફાદાર સેવકોનો સીધો કે આડકતરો પણ હાથ ન હતો એ આપ જાણો છો. તો પછી કોઇ બીજાએ સરદાર મુબારકખાનનું ખૂન કર્યું, તેટલા ખાતર આપ પેલા બહારવટીયા કોળીઓ કરતાંયે જશો ? એક આજકાલનો આવેલો જુવાન છોકરો જુનાગઢને માટે મોટાં પરાક્રમો ગજાવે તે જુનાગઢની બાદશાહીને જમાવનાર સરદાર મુબારકખાનનો વીર પુત્ર શાંતિથી જોઈ રહે ? અરે એ જુનાગઢી વીરનાં પરાક્રમોનો ."વિરોધ કરવાની માગણી સ્વીકારવાને તૈયાર થાય ?'

"'પણ મ્હેતા ! એ ક્યો છોકરો ? અને ક્યા બહારવટીઆ ?' મુસાફરખાને પૂછ્યું.

"પછી મ્હેતા મામા કિકાણીએ અમરજી તથા રૂપા કોળી અને તેમના સાથીઓએ અત્યારસુધીમાં જે કાંઈ કરેલ છે તેનું આવેશપૂર્ણ ભાષામાં વર્ણન કરી સંભળાવ્યું. મુસાફરખાન તથા તેના બીજા સરદારો પણ એ સાંભળીને અમરજી અને રૂપા કોળીની પ્રશંસા કરવા લાગ્યા. એ વર્ણન પૂરૂં કર્યા પછી મ્હેતાએ કહ્યું: 'જનાબ ! હું મારા વતન કાળાવડ ઘરકામ પ્રસંગે ગયો હતો ત્યાંથી ગઇ કાલે જ આવ્યો છું તે આપ જાણો છો. તે દરમિયાન જે કાંઈ મારા જોવા અને જાણવામાં આવ્યું છે તે ઉપરથી હું કહી શકું છું કે અત્યારે ચોતરફ અમરજી અને રૂપા કોળીની બોલબાલા થઇ રહી છે. એ લોકો આ રીતે તમામ યશ ખાટી જાય અને આપ જુનાગઢની ફોજના અત્યારે સરદાર ગણાઓ ને શાંત બેસીને જોયા કરો એ મારાથી—આપના વફાદાર સેવકથી સહન થઈ શકતું નથી. આપણે મુજફરખાનની સાથે જરૂર વૈર છે, પરંતુ તેમાં જુનાગઢ રાજ્યના હિતને આપણા દ્વારા નુકસાન પહોંચવું જોઇએ નહિ; એટલું જ માત્ર નહિ પણ જુનાગઢ રાજ્ય ઉપર કોઇ આફત આવી પડી હોય એવા પ્રસંગમાં તો આપણે એક ઘડીનો પણ વિલંબ નહિ કરતાં તે આફતને ટાળવાને માટે તત્પર થવું જોઇએ. જો આપ તે પ્રમાણે કરો તો જ મર્હુમ સરદાર મુબારકખાનના અમર આત્માને સારી શાન્તિ મળે.'

"મ્હેતાનાં પ્રસ્તુત વચનો સાંભળીને મુસાફરખાન ઊભો થયો અને બોલ્યો: 'મ્હેતા! મ્હેતા! બહુ થયું. ચાલો, ઉઠો! વગાડો મરફો અને ફોજને કરો ચાલતી. અત્યારે તમે મને મારી ફરજનું બરાબર ભાન કરાવ્યું છે. એ અમરજીના પગ પાસે બેસવાને પણ હું લાયક નથી. અરે, પોતાનાં ગામો જુનાગઢ રાજ્યે સળગાવી દીધેલાં હોવા છતાં પણ એ વૈરનું વિસ્મરણ કરી તે રાજ્યને ટકાવી રાખવાને આગળ આવનાર રૂપા કોળી સાથે હાથ મિલાવવાને પણ હું લાયક રહ્યો નથી, કેમકે મેં મારા તોર અને ધૂનમાં જુનાગઢ રાજ્યને લગભગ પાયમાલ જેવું બનાવી દીધું છે. તે રાજ્યની અત્યારની સ્થિતિ માટે હું મને જ જવાબદાર લેખું છું. આજે હું મારી એ ભૂલ સુધારીશ. જે રાજ્યમાં મારા વાલિદનું ખૂન રેડાયું છે, તે રાજ્યને-તે જુનાગઢ શહેરને બચાવીને જ હું મારૂં વૈર તૃપ્ત કરીશ.'

"એ પ્રમાણે કહી તે મારી સામે જોઇને બોલ્યો: 'કાસદ, જા! હવે એક પણ શબ્દ તારે ઉચ્ચારવાની જરૂર નથી. તું તારા નવાબને જઈને કહેજે કે મુસાફરખાન આવે છે; તેમનો સાથ કરવાને નહિ પરંતુ તેમના બળની ચકાસણી કરવાને માટે. જા, મારો આ જવાબ છે. તારા નવાબને વગર વિલંબે સંભળાવજે.' એ જવાબ સાંભળ્યા પછી એક ક્ષણ વાર પણ નહિ રોકાતાં હું ત્વરિત ગતિએ આપની પાસે આવી પહોંચ્યો છું અને મુસાફરખાનની રવાના થયેલી ફોજ પણ હવે થોડા રોજમાં જ અહીં આવી લાગશે."

નવાબે એ કાસદ તરફથી મુખ ફેરવી લીધું અને આવેલા રૂક્કા વાંચવાનું એક સરદારને ફરમાન કર્યું. તે તમામ જવાબમાં નવાબની વિષ્ટિનો સ્પષ્ટ અનાદર જ હતો, એથી તે નિરાશ બની ગયો. તેના ચહેરાપર ગ્લાનિ છવાઇ રહી.

પ્રકરણ ૩૭ મું.

સુલેહનો વાવટો.

મુસાફરખાને કમાલુદ્દિનખાનના કાસદને જવાબ આપી રવાના કર્યા બાદ તે પણ પોતાની ફોજ લઈને જુનાગઢ તરફ જવાને માટે તત્પર થયો. તેણે પોતાના કામદાર મ્હેતા મામા કિકાણીને અગાઉથી અમરજીને મળવાને માટે મોકલી આપ્યો. મ્હેતો જેતલસર આવ્યો

અને અમરજીને મળીને તેણે મુસાફરખાનના આગમનની હકીકત જણાવી, જુનાગઢની ફોજની સરદારી લેવાની અમરજીને મુસાફરખાન તરફથી વિનતિ કરી.

મ્હેતાના આ શબ્દોથી અમરજીનો ઉત્સાહ અનેકગણો વધી ગયો. જુનાગઢની મોટી ફોજ પોતાની પડખે હોય તો પછી વિજયને માટે સ્હેજ પણ આશંકા હોય જ નહિ. તે મ્હેતા સાથે એ ફોજે આવીને કયાં પડાવ નાખવો, શું કરવું તે સંબંધમાં ચર્ચા કરતો હતો તે જ વખતે એક માણસે આવીને તેને કહ્યું: "ભાઇ! બે–ત્રણ માણસો આપને મળવા ઇચ્છે છે."

"વારૂ તેમને અંદર મોકલ." અમરજીએ આજ્ઞા કરી.

ત્રણ મનુષ્યો અંદર આવ્યા. તે માંહેનો એક બોલ્યો: "અમરજીભાઈ! મારા માલિક બાંટવાના સામંતખાનજી સાહેબે મને આપની પાસે મોકલેલ છે. તેમણે કહેવરાવ્યું છે કે તેમનાં બેગમ સુલતાન બીબી સાહેબા અને તેમના શાહજાદા સાહેબ તરફ જે વર્ત્તન ચલાવવામાં આવેલ છે તેનો બદલો તેઓ લેવા ઇચ્છે છે ખરા, પરંતુ એ તો જુનાગઢના નવાબ પાસેથી. અત્યારે તો જુનાગઢ જોખમમાં છે. માટે જુનાગઢના રક્ષણ સારૂ બીબી સાહેબે પોતાના તરફથી પાંચસો સિપાહીઓ રવાના કર્યા છે. બીબી સાહેબનું આરોગ્ય બરોબર નથી, નહિતો તેઓ જાતે જ આવત."

બીજા બે કાસદો સાંગરોળના શેખમીંયા તથા રાણપુરથી મુજફરખાન તરફના હતા, તેમણે પણ જણાવ્યું કે શેખમીંયા અને મુજફરખાન પોતે પોતાના માણસોની સાથે જુનાગઢની મદદને માટે રવાના થઇ ચૂકયા છે.

આ પ્રમાણે ચોતરફથી આવી પહોંચતી મદદના સમાચારથી અમરજીનો ઉત્સાહ વધ્યો. જુનાગઢના બાળ નવાબ મહોબતખાનનું ઉજ્જવળ ભાવી તેની દૃષ્ટિ સમક્ષ તરવરવા લાગ્યું.

તે જ વેળાએ બારી તરફ દૃષ્ટિ જતાં દૂર ઘોડેસવારોની એક ટુકડી તેની નજરે પડી. પહેલાં તો એ ટુકડી કદાચ નવાબ કમાલુદ્દિનખાનની હશે એવી તેને શંકા ગઈ. એથી તેણે પોતાના માણસોને તૈયાર થવા સૂચના કરી. પરંતુ પેલી ટુકડી નજીક આવતાં તેમની વચ્ચે એક ધોળો વાવટો ઉડતો નજરે પડયો. એટલે કશું પણ કર્યા વગર અમરજી તેમની રાહ જોતો બેસી રહ્યો.

એ ટુકડીમાં પચાસેક સવારો હતા. તેઓ ગઢના દરવાજા પાસે આવી પહોંચ્યા, એટલે સવારો બહાર થંભી ગયા અને તેમની વચ્ચેથી એક મુત્સદ્દી જેવો દેખાતો મનુષ્ય દરવાજા પાસે આવ્યો. તેણે મસ્તક પર હાલારી પાઘડી ધારણ કરી હતી. શરીરપર લાંબું અંગરખું પહેરી ભેઠ બાંધી હતી અને ભેઠમાં જમૈયો ખોસ્યો હતો તથા બગલમાં ખેસમાં વિંટાળેલી તલવાર હતી. તેની પાઘડીમાંથી એક બરૂની કલમ ડોકીયાં કરતી હતી. તેના વૃદ્ધ અને પ્રતાપી ચહેરાપર સફેદ ભવાંની નીચે પાણીદાર આંખો ચમકતી હતી. તે કપાળે પડેલી કરચલીઓપરના પરસેવાને લૂછતો દરવાનને ઉદ્દેશીને બોલ્યોઃ "ભાઈ! મારે તમારા સરદાર અમરજીને મળવું છે. મને તેમની પાસે લઈ જશો ?"

દરવાને તેને અંદર લીધો. તેઓ અમરજી જ્યાં હતો ત્યાં ગયા. તેણે અમરજીની રૂબરૂ જઇને તેના દેખાવપરથી તેને ઓળખી લઇને પૂછ્યું: ' અમરજી તમે જ ને ? "

" હા જી, હું જ અમરજી ! તમે ક્યાંથી આવો છો ? "

અમરજીના કપાળમાં ભસ્મની રેપાઓ જોઇને આગંતુક બોલ્યોઃ " ન્યાતે કેવા—બ્રાહ્મણ છો ? "

" જી, હું માંગરોળનો નાગર છું. આપનો પરિચય આપશો ? "

" નાગર છો ! ઠીક ઠીક ! હું તને જ મળવાને આવ્યો હતો. જય હાટકનાથ ! " કહેતો તે નીચે બેઠો અને બોલ્યોઃ " હા, મારો પરિચય આપવો જોઇએ. તું મને તો કયાંથી ઓળખે ? હું ગોંડળનો છું. મારૂં નામ વાસણજી બુચ. "

અમરજીના હૃદયમાં જાણે ગરમ સીસું રેડાયું. ગોંડળનાં હાલાજી ઠાકોરના વિશ્વાસુ અને સમર્થ કામદાર, મુત્સદ્દીઓમાં શ્રેષ્ઠ ગણાતા, અઢારમી સદીના રાજ્યવહિવટ અને રાજ્યખટપટમાં પારંગત નિવડેલા, ગોંડલના સમર્થ ઠાકોર ભા' કુંભાના આ પ્રતાપી અને પ્રભાવશાળી દિવાનના નામથી સમસ્ત કાઠિયાવાડ કમ્પતું હતું. ભા' કુંભાની તાતી તલવાર કરતાંયે જેની તીવ્ર મગજશક્તિ દુશ્મનોનાં હાડ ધ્રુજાવતી હતી, એ વાસણજી બુચના નામથી કોઇ સોરઠીઓ અજાણ્યો હોય એ સંભવિત જ ન હતું.

વાસણજી બુચે અમરજી ચમક્યો તે જોયું અને કહ્યું: "બહાદુર ! મારો જરાયે ડર રાખવાનું કારણ નથી. તેં જેતલસરનો કિલ્લો અમને પૂછ્યાગાછ્યા વગર કબજે કરી લીધો એવા સમાચાર કુંભાજી બાપુને

મળ્યા. પરંતુ તેની સાથે સાથે તારી બહાદૂરી તથા તારાં પરાક્રમોની હકીકત પણ જાણવામાં આવી, એટલે બાપુએ ખાસ મને તારી પાસે મોકલ્યો છે. કાઠિયાવાડમાં કોઇ પણ પરદેશીનો પગ દાખલ થાય એ કુંભાજી બાપુને ન જ રૂચે એટલે પેલા કાનાજી તાકપોરને તેં તારાજ કર્યો તથા એ કાનાજી મરાઠો પોતાના કિલ્લામાં કેદી અવસ્થામાં પૂરાયેલો પડયો છે એ જાણીને તો કુંભાજી બાપુ ઘણા જ ખુશ થયા છે. પરદેશી લૂટારાઓને તો એવી રીતે જ જેર કરવા જોઇએ. બાપુએ મને કહેલ છે કે જો તારે જરૂર હશે તો તું કહીશ તેટલી મદદ અમે પણ તને આપીશું, માટે બોલ, તારે શી મદદની જરૂર છે?"

"બુચ કાકા! કુંભાજી બાપુ તથા આપની મહેરબાની માટે હું આપ બન્નેનો આભાર માનું છું. અમે કાનાજી તાકપોર અને તેના માણસોને કેદ કરીને પ્રથમ નવાગઢમાં લાવ્યા, પરંતુ ત્યાં અમને સુરક્ષિતતા ન લાગી અને તે સ્થળ જુનાગઢથી વિશેષ દૂર. વળી જેતલસર જુનાગઢના સીમાડાપર અને નવો બાંધેલો મજબૂત કિલ્લો અમને દરેક રીતે વધારે ઉપયોગી અને બચાવને માટે જરૂરનો લાગવાથી તેનો અમે કબજો લીધો હતો. જોકે તેમ કરતાં અમે આપના એક પણ માણસને બિલકુલ નુકસાન પહોંચાડયું નથી. તેમ અમારૂં કાર્ય પતી રહ્યા પછી એ કિલ્લાની અમને એક ક્ષણને માટે પણ જરૂર નથી. હવે મદદને માટે અત્યારે ચોતરફથી સારા સમાચાર મળતા જાય છે. તોપણ જો બની શકે તો આપ પણ બને તેટલા માણસો મોકલાવો એટલે રાધનપુરના નવાબને ચોતરફથી ઘેરી લઇને તેનો બિલકુલ સફાલગોટો ઉડાવી દઇએ."

"બહુ સારૂં, ત્યારે હું એકદમ આશરે પંદર સોથી બે હજાર માણસો સાથે આવીને મજેવડી પાસે પડાવ નાખીશ. પરંતુ કુંભાજી બાપુ તને તથા રૂપા કોળીને જોવાની ઇચ્છા રાખે છે."

"ઘણી જ ખુશીથી. આ કાર્યમાંથી ફારેક થઇને અમે બન્ને બાપુની હજુરમાં શિર ઝુકાવીશું. કેમ રૂપાભાઇ?"

"હા, ભાઈ! હું પણ તમારી સાથે તૈયાર જ છું." રૂપા કોળીએ કહ્યું.

વાસણજી બુચ ગયો અને તેણે કહ્યા મુજબ તે ગોંડલના માણસો લઇને હાજર થઇ ગયો. અમરજીએ ઉપરકોટપર પણ સુરજસિંહને મોકલ્યો હતો. બક્ષી દોલતરાય પણ પોતાના સિપાહીઓની

સાથે આવી પહોંચ્યા. આમ ચોતરફથી રાધનપુરના નવાબને ઘેરી લેવામાં આવ્યો. રાધનપુરનો નવાબ ગભરાયો. તેની પાસે સિપાહીઓ હતા પરંતુ લડવાને જોઇતો સરંજામ ઘણો ઓછો હતો, એટલે આટલા બધા માણસો સામે ટકાવ થઇ શકે એમ તેને લાગ્યું નહિ. તેણે સામે થવામાં દરેક રીતે પોતાનો વિનાશ જ જોયો. એટલે હાથમાં આવેલી જુનાગઢની સરી જતી નવાબીને છેવટના સલામ કરી, તેણે પોતાના સરદારો સાથે મસલત કરી લીધી. દરેકે સમાધાની કરી રાધનપુર પહોંચી જવાની સલાહ આપી.

નવાબે સુલેહનો વાવટો ચડાવ્યો અને વિષ્ટિના સંદેશા ચલાવ્યા. તેણે પોતાનો પરજય સ્વીકાર્યો. બક્ષીજીને વિશેષની જરૂર ન હતી. નવાબ અહીંથી ચાલ્યો જાય એટલું જ તેઓ ઇચ્છતા હતા. પરસ્પર સમાધાની થઇ ગઇ અને આશાભર્યો સૌરાષ્ટ્રમાં દાખલ થયેલો નવાબ નિરાશ વદને સોરઠના સીમાડાનો ત્યાગ કરી રાધનપુર તરફ ચાલતો થઈ ગયો.

પ્રકરણ ૩૮ મું.

નવાબ મહોબતખાન.

વાયુના વેગવાળા પાણીપંથા અશ્વોપર સવાર થઇને કાસદો સોરઠને ગામડે ગામડે પહોંચી ગયા. તેમના દ્વારા જાણેલા સમાચાર સર્વત્ર પ્રસરી ગયા કે રાધનપુરનો દળપાંગળો નવાબ જુનાગઢથી પરાજય પામ્યાનું કલંક વહોરીને પાછો ચાલ્યો ગયો છે અને જુનાગઢની વિજયથી ઉન્મત બનેલી ફોજ વડાલમાં પડી છે તે એક અઠવાડિયા પછી મોટી ધામધૂમપૂર્વક જુનાગઢમાં પ્રવેશ કરવાની છે. એથી સોરઠી પ્રજા હર્ષઘેલી બનીને વિજેતાઓના સ્વાગત માટે જુનાગઢ તરફ પ્રયાણુ કરવા લાગી.

આજે જુનાગઢના આનંદનો પાર નથી. ગૃહો અને દુકાનોપર આસોપાલવનાં લીલાં તોરણો લાગી ગયાં છે. સ્થળે સ્થળે પાણીની પરબો મંડાઇ છે. બજારમાં ઓટલા અને મેડીઓપર અને ગૃહોમાં બારી, અટારી, અગાશી અને છાપરાં ઉપર મનુષ્યો ખીચોખીચ ઉભરાયાં છે. આજે જુનાગઢનો નવાબ મહોબતખાન પોતાની વિજયવતી ફોજ સાથે નગરપ્રવેશ કરવાનો છે. તેના સામૈયા માટે

નગરશેઠના અગ્રપદે મહાજન વ્યાપારીઓ, મુત્સદ્દીઓ, ગામ લોકો અને તેમની પાછળ સ્વચ્છ ચકચકિત સોના–રૂપાની ઝારીઓપર શ્રીફળ મૂકી, મધુર સ્વરે ગાતી ગાતી શહેરની સુંદરીઓ વાઘેશ્વરીને નાકે પોતાના નવાબને નિરખવાને પહોંચી ગયાં.

થોડી વાર થઇ હશે ત્યાં તોપનો અવાજ થયો. સમસ્ત પ્રજાજનોમાં આનંદ છવાઈ રહ્યો : “આવે છે! આવે છે!” સર્વત્ર ગણુગણુાટ પ્રસરી રહ્યો.

દૂર દૂર થતી મેઘગર્જનાના ઘેરા ગંભીર અવાજ સમો સ્થિર પ્રૌઢતાથી ગાજતો હાથીનગારાનો મરફો વધારે ને વધારે સ્પષ્ટતાથી નજીક ને નજીક સંભળાવા લાગ્યો. થોડા થોડા સમયને અંતરે સમસ્ત જનસમૂહના એકત્ર થતા કોલાહલને પોતાની અંદર સમાવી, પ્રચંડ અવાજથી ધરણી ધ્રૂજાવતી, હવાને કમ્પાવતી, તોપની ધૂમાડાભરી ગર્જના ઉઠતી હતી.

મરફો નજીક ને નજીક આવતો જાય છે. ઘોડાના ડાબલાનો અવાજ સંભળાય છે. વચ્ચે નગરનારીઓના કર્ણમધુર સ્વાગત ગીતનું આસ્વાદન લઇ શકાય છે. છૂટા છૂટા બંદૂકનાદ પણ થાય છે. ચોકના છેડાપર હાથણી પણ દેખાય છે. લોકોમાં એકદમ હર્ષધ્વનિ ઉઠે છે.

હાથીના મરફાની પાછળ ગોંડલની ફોજ પસાર થાય છે. પ્રજા એ દુઃખીયાના સહાયકોને આનંદથી વધાવે છે. તેની પાછળ નવાબ મહોબતખાન ઉપર જાન કુરબાન કરનારા, ઉપરકોટને ટકાવી રાખનારા આરબો અને મકરાણીઓ આવે છે. જમાદાર મહમદશાહ તેમને મોખરે દેખાય છે. હર્ષભર્યા સત્કારને સ્વીકારતા તેઓ આગળ ચાલ્યા જાય છે.

ત્યારપછી આવ્યા પેલા કોળી બહારવટીઆ. “જીતે રહો!” “આમીન!” “આફ્રીન!” “રંગ રે રંગ!” ના અવાજો ઉઠયા અને તેની સાથે “બહાદુર બહારવટીઆ!” નો એક લાંબો ધ્વનિ એક પારથી બીજે પાર પહોંચી ગયો. અટારીઓ, અગાશીઓ, છાપરાં, વૃક્ષો અને ઓટલા ઉપરથી પ્રજાજનો લળીલળીને જોવા લાગ્યા. જુનાગઢ રાજ્યના દુશ્મનોને મારીને કાઢી મૂકનારા, પંદર હજારને એકલે હાથે તોબા પોકરાવનારા, જંગી તોપખાનું તોડનારા, દુશ્મનનો અનાજનો ભંડાર સળગાવનારા, તેમને ભૂખના દુઃખનો

અનુભવ કરાવનારા, જુનાગઢને પણ આગની આફતમાંથી બચાવનારા એ ટોળી બહારવટીઆને જોતા જનતાનાં અંતરમાં અતુલ આનંદ સ્ફુરી ઉઠ્યો.

જૂઓ, નીચેના સાંકડા રાજમાર્ગ ઉપર એ મોતને હાથમાં લઈને ઘૂમનારા બહારવટીઆ પસાર થાય છે. જુનાગઢની ફૂલવાડીઓ માંહેનાં પુષ્પવૃક્ષોપરથી ચુંટીચુંટીને જનતાએ એકત્ર કરેલાં પુષ્પો આ બહારવટીઆઓને ગભરાવી નાખે એટલા જથ્થામાં તેમના ઉપર પડે છે. શ્રીમંતોનાં મકાનોની અગાશીઓ અને અટારીઓમાંથી કુલવધૂઓ તેમનાં ઓવારણાં લઇ લઇને સોના રૂપાની મહોરોનો વરસાદ વરસાવે છે. આ બહારવટીઆનાં દર્શનથી જનતાના આ- બાલવૃદ્ધ દરેકના અંતરમાં એક પ્રકારનો અપૂર્વ ભાવ સ્ફુરે છે, કેમકે તેમના સાચા રક્ષકો તો તે જ છે.

જે શહેરમાં પગ મૂકતાં પણ પોતાને શિરે મોતના ડંકા ગાજતા, જયાંથી દૂર ન્હાસીને પોતાના પ્રાણની રક્ષાને માટે ડુંગરો અને કોતરોમાં છૂપાવું પડતું, તે શહેરમાં આજે સમગ્ર જનતા પોતાને આટલા ઉમળકાથી આનંદભર્યું અભિનંદન આપી રહી છે તેનું કારણ એ બહારવટીઆને પણ આજે સમજાયું. તેઓ સમજી શકયા કે બહારવટાનો ખેલ નિર્દોષ અને અરક્ષિત જનતાના વિનાશને અર્થે નહિ પણ રક્ષાને માટે હોય. જુનાગઢની રાજસત્તા સાથે તેમને વૈર હતું; જુનાગઢની જનતા સાથે નહિ કિંવા જુનાગઢ રાજ્યની સાથે નહિ. અર્થાત્ એ રાજસત્તા સાથેના વૈરનો વિચાર બાજુએ રાખીને જુનાગઢ રાજ્ય અને તેની જનતાના રક્ષણને માટે તેમણે અમરજીની સરદારી સ્વીકારી તો જ આ અપૂર્વ માન આજે તેમને પ્રાપ્ત થયું.

તેમની પછી સાહિબાબાનુનો શાહજાદો મુજફરખાન, આંગરો- લના શેખ અને બાંટવાનો સામંતખાન પણ પોતાના સૈનિકો સાથે પસાર થયા. લોકોએ તેમને સત્કાર્યા, પરંતુ એ સત્કારમાં અંતરનો ઉમળકો ન હતો. તે પછી જાણે કાળા ગિરનારનો ન્હાનકડો સજીવ નમૂનો હોય તેવો લાંબા દંતુશળવાળો વૃદ્ધ હાથી પોતાની પીઠપર હીરે મઢેલા મૂલ્યવાન બોજા સાથે ગંભીરતાથી આવ્યો. મર્હુમ નવાબ અહમદ બહાદુરખાન જ્યારે તખ્તનશીન થયા હતા, ત્યારે સવારીમાં આ જ હાથી ઉપર બીરાજ્યા હતા. એ હાથીપર હીરાજડિત અંબા-

ડીમાં જુનાગઢનો બાર વર્ષનો બાળનવાબ–મહોબતખાન મૂલ્યવાન પોશાક ધારણ કરીને બેઠો હતો. તેની પડખે તેના કોમળ મસ્તક અને શરીરપર પોતાનો રાઠોડી હસ્ત ફેરવતો ગોંડલનો ગરવો ધણી ભા' કુંભોજી બેઠેલો દૃષ્ટિએ પડતો હતો. તેમની પાછળની બેઠકપર બક્ષીજી દોલતરાય, પ્રેમજી ઠક્કર અને વાસણજી બુચ બેઠા હતા. બક્ષીજી અને પ્રેમજી એકબીજાના હાડવૈરી સમા હતા, તેમની વચ્ચે રાધનપુરના નવાબના આગમને આજે ગાઢ મૈત્રી જમાવી દીધી હતી. તે મૈત્રીની જમાવટમાં એક રહસ્ય પણ હતું. પ્રેમજી ઠક્કરને સાહિબાબાનુનો શાહજાદો મુજફરખાન ગાદીએ બેસે તે કરતાંયે પોતાનો સ્વાર્થ સાધવાની તાલાવેલી વધારે હતી. મુજફરખાનને માટે તેને આશા રહી ન હતી, એટલે પોતાનો હેતુ સિદ્ધ કરવાને માટે બક્ષીજી સાથે મળી જવા સિવાય બીજો એક પણ માર્ગ તેને દેખાતો ન હતો.

જુનાગઢની જનતા પોતાના બાળનવાબને નિરખી નિરખી આનંદથી ગાંડી ઘેલી બની જતી. પરંતુ એ કરતાંયે વિશેષ આનંદ પ્રકટ કરવાનો તેને પુનઃ પ્રસંગ પ્રાપ્ત થયો. પાછો અગાઉના જેવો જ હર્ષનાદ, અગાઉની માફક જ પુષ્પો અને સુવર્ણ ચાંદીનો વર્ષાદ થઈ રહ્યો; કારણકે નવાબના હાથીની પાછળ બે અશ્વો ઉપર સવાર થઈને અમરજી તથા રૂપો કોળી ચાલતા દૃષ્ટિએ પડતા હતા. અમરજીને જોઇને તો જનતા ગાંડી ગાંડી બની જતી હતી. તે અમરજીને જ પોતાનો તારણહાર માનતી હતી, કારણકે તેની મુત્સદ્દીગીરીવાળી વીરતાથી જ જુનાગઢનું રક્ષણ થયું હતું, તેના શૌર્યભર્યા ચાતુર્યથી જ નવાબ મહોબતખાન આજે જુનાગઢમાં ધામધુમથી પ્રવેશ કરી શક્યો હતો.

ધીમે ધીમે સરઘસ રાજમાર્ગપર થઇને પસાર થતું આગળ વધ્યું અને લોકો પણ વિખરાઇને દરબારગઢ તરફ જવા લાગ્યા, કારણકે નવાબ મહોબતખાન દરબારગઢમાં પહોંચ્યા બાદ થોડી વારે જ કચેરી ભરવાની હતી. તે કચેરીને માટે દરબારગઢના વિશાળ ચોકમાં મોટો શમીયાનો નાખવામાં આવ્યો હતો અને તેમાં દાખલ થવાને દરેક પ્રજાજનને છૂટ હતી.

નવાબ મહોબતખાન દરબારગઢમાં ઉતરીને રાજમહેલમાં ગયો. ત્યાં તેણે થોડો સમય આરામ લીધો. આ તરફ પેલા વિશાળ શમીયાનામાં લોકો આવવા લાગ્યા. મહાજનના આગેવાનો, નગરશેઠ તથા અન્ય પ્રજાજનો અને રાજ્યનો મુત્સદ્દી વર્ગ એક બાજુએ ગોઠવાયા. સામી બાજુએ

અમીર, ઉમરાવ, સરદારો તથા ફોજના અમલદારોને માટે ગોઠવણુ રાખવામાં આવી હતી. સર્વ પોતપોતાને સ્થાને ગોઠવાયા. "નિધા રખીયે મહેરબાન" ની નેકીની સાથે નવાબ મહોબતખાને બક્ષી દોલતરાય અને પ્રેમજી ઠક્કરની સાથે શમીયાનામાં પાછળના દ્વારેથી પ્રવેશ કરી, મધ્યમાં ગોઠવેલા સુવર્ણમંડિત સિંહાસનપર બેઠક લીધી. તુરત જ ભા' કુંભોજી વાસણજી બુચ સાથે પધાર્યા. આખી કચેરીએ ઊભા થઇને તેમનું સ્વાગત કર્યું. ભા' કુંભોજી નવાબની જમણી બાજુએ એક ખુરશીપર બિરાજ્યા અને વાસણજીએ બક્ષીજીની બાજુમાં સ્થાન લીધું.

આજના દરબારમાં સમાધાનીની શરતો જાહેર કરવાનો તથા મહોબતખાનની ડગમગતી નવાબીને દૃઢ કરનારની સેવાની કદર કરવાનો ઉદ્દેશ હતો, એટલે પ્રાથમિક વિધિ થયા પછી બક્ષી દોલતરાયે ઊભા થઇને ગંભીર સ્વરે નીચે પ્રમાણે જાહેર કર્યું:—

"નામદાર નવાબ સાહેબ, કુંભાજી બાપુ, અમીર ઉમરાવ તથા સરદાર સાહેબો તથા વ્હાલા પ્રજાજનો,

"આપણે આપણા બુલંદ નસીબે પરદેશીઓના હલ્લા સામે ટક્કર ઝીલી શક્યા, એટલું જ નહિ પરંતુ તેમને નામોશીની સાથે પાછા ફરવાની ફરજ પાડી શકયા તે માટે આપણે દરેકે પોતાના ઇષ્ટ દેવને અંતરનું અભિવંદન અર્પવું જોઇએ.

"એ કાર્ય તો થયું પરંતુ તે કરતાંયે મોટો ભય આપણી આંતરિક ખટપટનો હતો એ સહુ કોઇ જાણે છે. તે ભય એટલો તો ગંભીર હતો કે જો તેનો નિવેડો લાવવામાં ન આવે તો જુનાગઢને માટે શાંતિ કેવળ સ્વપ્નવત્ જ થઈ પડે. પરંતુ આપણાં સદ્‌ભાગ્યે આપણને ગોંડલના ઠાકોરસાહેબ કુંભાજી બાપુ અને મ્હેતા વાસણજી બુચ સમા સાચા સલાહકાર સાંપડયા. તેમની સલાહ સર્વને રૂચી છે અને તેથી મને જણાવતાં હર્ષ ઉપજે છે કે આપણી આંતર ખટપટનો અંત આવી જાય છે. તેનો એવો નિવેડો લાવવામાં આવ્યો છે કે શાહજાદા મુજફરખાન જુનાગઢની નવાબીનો દાવો છોડી દે છે અને તેમને રાણપુર ચોવીશી વંશપરંપરાને માટે આપવામાં આવે છે. સાહિબાબાનુને શાપુર તાલુકો અને વેરાવળ બંદર આપવાનું ઠરાવ્યું છે. એ રીતે આંતર ખટપટનો અંત લાવી સાચી શાંતિને સ્થાપનારો આ માર્ગ આપ સર્વને યોગ્ય લાગશે એમ હું માનું છું. હવે નામદાર

નવાબ સાહેબ મહોબતખાનજી સ્વમુખે પોતાના સલાહકારો, સહાયકો અને સેવકોનો યોગ્ય સત્કાર કરવા ઇચ્છે છે જેને સર્વ કોઈ વધાવી લેશે એવી મને ખાત્રી છે."

ત્યારબાદ મહોબતખાને પોતાની સુકોમળ વાણીથી જણાવ્યું:—

"આજનો પ્રસંગ આનંદનો છે. આ પ્રસંગે અમારા હિતૈષીઓ અને સેવકોનો યોગ્ય સત્કાર કરવો, તેમની સલાહ અને સેવાની કદર કરવી એ અમારૂં કર્ત્તવ્ય છે. પ્રથમ તો આપણા હિતૈષી અને સમોવડીઆ ભા' કુંભાજી ઠાકોરે આપણને યોગ્ય સમયે સાચી મદદ કરી છે અને પોતાની લાગવગ તથા ચાણાક્ષ બુદ્ધિનો ઉપયોગ કરીને આપણી અંદરની ખટપટનો અંત લાવી દીધો છે. એટલે આ રાજ્ય તરફથી તેમની એ અમૂલ્ય સેવાની સાચી જ કદર તરીકે ઉપલેટા અને ધોરાજી ગામ તેમને યાવતચંદ્રદિવાકરો માંડી આપવામાં આવે છે.

"પરદેશીઓની સામે લડવામાં બાંટવા અને માંગરોળના ફોજદારોએ અમારી સાથેના કેટલાક મતભેદો છતાં પણ અમને જે સહાય આપી છે તથા રાધનપુરના નવાબે આપેલી લાલચની અવગણના કરી જુનાગઢ રાજ્ય પ્રત્યેની વફાદારી દર્શાવી છે તેના બદલા તરીકે તેઓ પોતપોતાના મહાલનો સ્વતંત્રતાપૂર્વક ઉપભોગ કરી શકે એવો તેમને અધિકાર આપવામાં આવે છે.

"જુનાગઢની ફોજના મર્હુમ સિપેહસાલારનું ખૂન થવા બાદ તેમના બેટા મુસાફરખાને વિફરેલી ફોજને બક્ષીજીની સલાહથી કાબુમાં રાખી તેમ જ અણીને સમયે પરદેશીઓને હાંકી કાઢવાના કાર્યમાં તે ફોજનો ઉપયોગ કર્યો છે એ તેમની વફાદારીનું સૂચન છે અને તેથી તેમને તેમના પિતાના પદે નિયત કરવામાં આવે છે.

"આ પ્રસંગે પ્રેમજી ઠક્કરને અમે વિસારી શકતા ન હતા. સર્વને વિદિત છે કે અમારી પાસેથી નવાબી ખુંચવી લેવાના પ્રયત્નમાં તે એક મોટા સહાયક હતા. તેમને રાધનપુરના નવાબે મોટી લાલચ આપી હતી, તેમ છતાં પણ તેમણે એ લાલચનો તિરસ્કાર કરી જુનાગઢ રાજ્યની સ્વતંત્રતા જાળવી રાખવાના કાર્યમાં જે ઉત્તમ ભાગ ભજવ્યો છે તેની કદર તરીકે તેમને અમારા દિવાન નિમવામાં આવે છે. અમને આશા છે કે દિવાન તરીકે તેમની શુભ નિષ્ઠાથી પૂર્ણ સલાહ અમને હર પળે અત્યંત ઉપયોગી થઈ પડ્યા સિવાય રહેશે નહિ."

મહોબતખાન આ રીતે જાહેર કરતો ગયો તેમ તેમ દરબારમાં વધુ ને વધુ આનંદ પ્રસરતો ગયો. હવે **મહોબતખાને** બક્ષીજી સામે જોયું:-

"બક્ષીજી! તમને અમારે શું આપવું? તમે જ આ સર્વ અમને આપ્યું છે. અમારા મર્હુમ વાલીદના સમયમાં જુનાગઢની નવાબીને જમાવવામાં તમે ભારે મદદ આપી છે અને તેમની ગેરહાજરીમાં અમારા હક્કના રક્ષણને માટે પણ તમે મોટી જવાબદારી ઉઠાવી છે. તેનો બદલો અમારાથી કદી પણ વળી શકે તેમ નથી, એટલે અત્યારે તો તમને અમારી રિયાસતના વઝીર બનાવી તમારૂં બહુમાન કરીને જ સંતોષ માનવો પડે છે."

એટલું કહ્યા પછી તેણે રૂપા કોળીને બોલાવવા ચોપદારને ઇશારત કરી. ગિરનારના પહાડી જંગલનો પુત્ર ભીમ સમી પોતાની પહાડી કાયા ઉંચી કરી, ઊભો થઇ નવાબની સામે આવ્યો અને બે હાથ જોડીને ઊભો રહ્યો. નવાબે તેની સામે જઇ તેનો હસ્ત પકડી પોતાના તરફ ખેંચીને કહ્યું:—

"રૂપાભાઈ! તમારા જેવા બહારવટીઆ ઠેર ઠેર પાકજો! જો તમારે આવું બહારવટું જ ખેડવું હોય તો તમને અમારા રાજ્યમાં હમેશાં આશ્રય મળશે. બાકી તમારે ઇન્સાફ જોઇતો હોય તો હું તમને યોગ્ય ઇન્સાફ આપીશ."

"મારા નામવર! અમે તો કાળા કોળી ગણાઇએ. માત્ર અમે દુવા દઇએ અમારા **અમરજીભાઇને** કે તેમણે અમને આવાં કામ સમજાવ્યાં અને અમારી પાસે કરાવ્યાં."

"**અમરજીએ** તમને કેવી રીતે સમજાવ્યા? તમારો ને તેનો પરિચય ક્યાંથી?" **વાસણજી** બુચે પ્રશ્ન કર્યો.

રૂપા કોળીએ **અમરજી** અને પોતાની પ્રથમ મુલાકાત ક્યાં અને કેવી રીતે થઇ તે વિસ્તારથી કહી બતાવ્યું. આ વાર્તાના પ્રારંભમાં એ હકીકત આવી ગયેલ હોવાથી અત્ર તેનો પુનરુલ્લેખ કરવાની આવશ્યકતા નથી. પછી તે નવાબને સંબોધી બોલ્યો:–

"નવાબ સાહેબ! જો અમે કશું પણ કરી શક્યા હોઇએ તો અમને સુજાડનાર અને દોરનાર **અમરજીભાઈ** છે. બાકી આપ અમારી સેવાની કદરને અર્થે અમને ઈન્સાફ આપવા ઇચ્છતા હો તો અમને અમારાં બાર ગામ પાછાં મળે તેવી મહેરબાની ફરમાવવા વિનંતિ છે."

"ભાઇ ! તમારી સેવાનાં ઋણુ રાજ્યથી શે ઉતરે ? તમે પાંચસોએ પંદર હજાર સામે બાથ ભીડી, ભલભલાંનાં હૈયાં થરથરી ઉઠે એવાં કાર્યો તમે કર્યાં છે, એટલે શરૂઆતમાં રાજ્યને તમારી સાથે પડેલો વાંધો ગમે તેવા પ્રકારનો હોય તેનો કશો પણ વિચાર નહિ કરતાં તમને તમારાં બાર ગામ તથા તમારૂં મૂળ ગામ મેંદરડા અને તેની આસપાસનાં બાર ગામ મળી મેંદરડા ચોવીશી તમો બધાને સમભાગે આપવામાં આવે છે. તદુપરાંત તમને, સુરજસિંહને તથા અમારા તરફની વફાદારીને ખાતર પોતાનો જાન આપનાર વજેસિંહનાં બાળબચ્ચાંને મેંદરડા ચોવીશીને લગત એકેક ગામ તમે પસંદ કરો તે આપવામાં આવે છે."

ગળગળો બનેલો રૂપો કોળી નવાબના ચરણુ ચૂમીને બેસી ગયો. પછી નવાબનું લક્ષ બક્ષીજીની પાછળ બેઠેલા અમરજી તરફ ગયું. તેણે આવેશભર્યા સ્વરે અમરજીને પોતાની પાસે બોલાવીને કહ્યું:—

"અમરજી ! ભલભલાંનાં હૈયાં બેસી જાય, મોટા મહારથીના પણ છક્કા છૂટી જાય તેવા સમયે તમે એકલાએ જ આ રાજ્યનું નાક જાળવ્યું છે. અત્યારે અમારી આ રાજ્ય ઉપરની સત્તાનું અસ્તિત્વ તમને જ આભારી છે એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. તેનું ઋણુ આ એક ભવમાં તો શું, પરંતુ અનેક ભવમાં યે વાળી શકાય તેમ નથી. અમે માત્ર એટલું જ કહીએ છીએ કે જ્યાંસુધી અમે અને અમારા વંશ વારસો જુનાગઢની ગાદી ઉપર રહીશું ત્યાંસુધી તમને તથા તમારા વંશ વારસો પ્રત્યે કૃતઘ્નતા દર્શાવીશું નહિ. એ સિવાય બીજી કઇ રીતે તમારી સેવાની કદર કરવી તે અમને સૂજતું નથી. માત્ર અમારી ઇચ્છા એવી છે કે અત્યારે બક્ષીની જગ્યા ખાલી પડી છે તે તમે સાચવો અને જેવી રીતે બક્ષીજીએ અમારી રક્ષા કરી છે તેવી રીતે તમે પણ રાજ્યના રક્ષણને માટે તત્પર રહો."

"નવાબ સાહેબ ! હું જુનાગઢ રાજ્યનો વતની છું. મારા માલિક પ્રત્યેની વફાદારીને અંગે મારાથી જે કાંઇ બની શકયું તે મેં કર્યું છે અને તે માટે ખરો આભાર તો મારે મુરબ્બી બક્ષીજીનો જ માનવાનો છે. હું આપની આજ્ઞા શિરપર ચડાવું છું અને જ્યાં-સુધી જીવીશ ત્યાંસુધી જુનાગઢ રાજ્યની સેવાનો સ્વીકાર કરૂં છું." અમરજીએ જણાવ્યું.

આજના કાર્યની પૂર્ણાહુતિ થઈ ગઈ. કચેરી બરખાસ્ત થઇ.

નેકી પુકારાઇ, એક પછી એક નવાબ, કુંભોજી, બક્ષીજી, વાસણજી, પ્રેમજી, વગેરે સર્વ વિદાય થયા. ધીમે ધીમે પ્રજાજનો પણ વિખરાયા. થોડી વારમાં સભાસ્થાન ખાલી બની ગયું.

એકાએક સિંહાસનની પાછળનો ચક એક બાજુએ ખસી ગયો અને હીરામાણિક્ય આદિ રત્નોથી ચળકતી સાહિબાબાનુ બહાર નિકળી. તે કેટલોક સમયપર્યંત એકી ટશે સુવર્ણમંડિત સિંહાસન સામે આંસુભરી આંખે જોઈ રહી. તેના હૃદયમાં પ્રકટી રહેલી નિરાશા તેનાં નેત્રોમાં સળગી રહી.

એ રીતે એકીટશે સિંહાસન સામે જોઇ રહેલી સુલતાનબીબીની આંખે અંધારાં આવ્યાં. તેની હચમચી ગયેલી આશાની ઇમારત જાણે પડી જતી હોય એમ તેના ગળામાંથી ખોખરો અવાજ નિકળ્યો અને એ મહત્ત્વાકાંક્ષી રમણી તેની જીંદગીમાં પહેલી વાર લાગણીના આવેશથી બેભાન બનીને જમીન ઉપર પડી.

તેની પરિચારિકાઓ ચકની પાછળ જ હતી. તેમણે બૂમાબૂમ કરી મૂકવાથી બે-ચાર માણસો આવી લાગ્યા. સર્વ એ સમાલીને સાહિબાબાનુને ત્યાંથી ઉપાડી અને તેને રાજમહેલમાં લઇ જવામાં આવી. ત્યાં કેટલીક વારે તે શુદ્ધિમાં આવી.

નવાબને એ સમાચાર મળતાં તેણે જલ્દી પોતાની ફોઇને અહીંથી રવાના કરવાનો છેવટનો નિશ્ચય કર્યો અને તે કાર્ય અમરજીને સુપરત કરવામાં આવ્યું.

અમરજી—હવે બક્ષી અમરજી કચેરીમાંથી છૂટો થઇને પોતાના મિત્ર સમા જમાદાર મહમદશાહ, ખેંગાર, સુરજસિંહ, રહેમાન, રૂપો કોળી વગેરેની સાથે આનંદની મિજલસમાં ગુફતેગો કરતો હતો. ત્યાં તેને નવાબનું ફરમાન મળવાથી તે સુલતાનબીબીને તેના ખાવિંદ સામંતખાન પાસે બાંટવા પહોંચાડવાનો પ્રબંધ કરવાને ઉઠયો.

પ્રકરણ ૩૯ મું.

ઉપસંહાર.

નવાબ મહોબતખાનનો દંગાથી શરૂ થયેલો અમલ કાવાદાવામાં અને અનેક રાજખટપટોમાં જ પૂરો થયો. સાહિબાબાનુનો માનિતો

પ્રેમજી ઠક્કર જુનાગઢના દિવાનપદા ઉપર લાંબો સમય ટકી શક્યો નહિ. વઝીર દૌલતરાય પણ સ્વર્ગવાસ પામ્યા, પરંતુ તેમની બુદ્ધિ અને વીરતાનો વારસો અમરજીને સોંપતા ગયા હતા, એટલે નવાબની અસ્થિર મનોદશાને વશ રાખવાની જવાબદારી અમરજી ઉપર આવી પડી.

અમરજીને દિવાનગીરી આપવામાં આવી અને જવાબદારી વધવાની સાથે તેની બુદ્ધિ પણ વિરાટ સ્વરૂપને પ્રાપ્ત કરવા લાગી. જ્યારથી તે દિવાનપદે આવ્યો ત્યારથી જુનાગઢની બાદશાહીના સીમાડા આગળ ને આગળ વધતા ચાલ્યા.

આખાય કાઠિયાવાડમાં તેનો હાકોટો બોલી રહ્યો. ભાં'કુંભોજી, મેરામણ ખવાસ, કચ્છી જમાદાર ફતેહમહમદ વગેરે તેના સમયના મુત્સદ્દી વીરો અમરજીની મુત્સદ્દીગીરી અને વીરતાને વખાણતા હતા પરંતુ અમરજી તેમને પોતાની મહત્ત્વાકાંક્ષાપર એક મોટા અંકુશ સમાન લાગતો હતો, કારણકે તેમના છૂટા અને એકત્ર પ્રયાસોને અમરજીએ અનેક વાર પોતાની વીરતાભરી મુત્સદ્દીગીરીથી નિષ્ફળ કર્યા હતા. જો કાઠિયાવાડનો સાંગોપાંગ ઇતિહાસ એક કાઠિયાવાડીની દૃષ્ટિથી લખાય તો કાઠિયાવાડના અઢારમી સદીના પ્રિન્સ બિસ્માર્ક એ સમર્થ અને લડાયક મુત્સદ્દીનું નામ એ ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન રોકે.

સરદાર મુબારકખાન પછી જુનાગદની ફોજનો સિપેહસાલાર બનેલો મુસાફરખાન યુવાવસ્થામાં જ આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયો. પ્રેમજી ઠક્કર પોરબંદરનો દિવાન બન્યો જ્યાં તે લાંબો સમય ટકી રહ્યો. પેલો નિમકહરામ વસંતરાય ઇતિહાસના અંધકારમાં ગૂમ થઇ ગયો.

સુલતાન બીબી ઉર્ફે સાહિબાબાનુએ જીવનપર્યંત પોતાની ખટપટ છોડી નહિ, પરંતુ તેમાં તેનો ઉદ્દેશ સિદ્ધ ન થયો. તેણે બે–ત્રણ દંગા ઉઠાવેલા અને છેવટના દંગામાં તેનું મૃત્યુ નિપજ્યું.

જમાદાર સાલમીન પાછળથી અમરજીનો મિત્ર બની ગયો હોવાથી અમરજી દિવાન થતાં તેણે સાલમીનને બક્ષીગીરી આપી જે પદવી તે લાંબો વખત ભોગવી ન શક્યો, કારણકે નવાબને હાથે જ તેનું ખૂન થવા પામ્યું! જમાદાર મહમદશાહ માટે નાયબ બક્ષીની જગ્યા ખોલવામાં આવેલી, પરંતુ વૃદ્ધાવસ્થાને કિનારે પહોંચેલો એ જમાદાર એ પદ મેળવવાને ભાગ્યશાળી થાય તે પહેલાં જ તેનો અંત આવી ગયો.

એંગાર અને રહેમાનને નવાબ મહોબતખાનના ખાસ અંગરક્ષક નિમવામાં આવ્યા હતા અને રૂપો કોળી સોરઠનાં મુત્સદ્દી અમરજીને છેવટપર્યંત મિત્રતાના ભાવથી વળગી રહ્યો હતો.

કાંઇ કાંઇ મુશ્કેલીઓની વચ્ચે પણ નવાબ મહોબતખાનના વખતમાં અમરજીની દીવાનગીરી અખંડ રહી હતી. મહોબતખાન સંવત ૧૮૩૧ માં બેહેસ્તનશીન થયો ત્યારબાદ તેનો શાહજાદો હામીદખાન નવાબ થયો. એના વખતમાં ખટપટ ખૂબ જામી. હામીદખાન અને અમરજીને અણબનાવ ચાલ્યા કરતો, અને બીજી બાજુએ મેરામણ ખવાસ તથા ભા' કુંભાજી અમરજીની બાહોશી તથા તેણે વધારેલા જુનાગઢના વિસ્તારથી તેનો નાશ થએલો જોવા ઇચ્છતા હતા. આ બધી બહારની ખટપટ અને નવાબ મહોબતખાનની વિધવાની ખટપટનો ભોગ અમરજી સંવત ૧૮૪૦ માં થઈ પડયો. એ વર્ષની હોળી ફાગણ સુદ ૧૫ ની સાંજે જુનાગઢના મહોલ્લાઓમાં પ્રકટી અને અમરજીનું ખૂન થયું ! જો તેનું ખૂન ન થયું હોત તો સોરઠનો ઈતિહાસ કાંઇક જૂદો જ લખાયો હોત. અત્યારે તો આપણે એ વીર મુત્સદ્દીની આટલી કીર્તિરેખાનું અંકન કરીને જ વિરમીશું.

સમાપ્ત.




રાજા મહારાજાઓ,

નવાબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કમાન્ડર ઈન ચીફ બરોડા ગવર્નમેન્ટ, જનરલો, કર્નલો, મેજરો, કેપટનો, નામદાર લેટ વાઇસરોયના ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજન્ટો, સરકારી સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજયનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડોકટરો તથા યુરોપીયન અને દેશી અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી યાકુતી** નામની જગજાહેર દવા બહુ વપરાય છે એ જ તેની ઉપયોગીતાની નીશાની છે- ગવર્નમેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનાલાઇઝ થયેલ છે.

બાદશાહી યાકુતી.

(રજીસ્ટર્ડ.)

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને ખરૂં પુરૂપાતન આપે છે. ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઇ પણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂપીઆ દશ.

ડાકટર **કાલીદાસ મોતીરામ-રાજકોટ-કાઠીયાવાડ.**

હીસ્ટિરિયા કયોર-પેટંટ વાયુમુકતા.

મુર્છા-હીસ્ટિરિયા મૃગી-ફેફરૂં (વાઇ), ગાંડપણ અને રાંઝણ-સણકા,



પક્ષાઘાત અને લકવાદી વાતરોગ ઉપર નિરમાણ થયેલી દવા છે. કેટલાક સરજન, ગવર્નમેન્ટ ડાકટરો, વૈદ્યરાજો પોતે નિત્ય ઉપયોગ કરી રહ્યા છે. બાળક અને સગર્ભાની સંપુર્ણ રક્ષક છે. એના ઉપયોગથી ૨૪ કલાકમાં તણાવું, ગભરામણ, મુર્છા, બેભાનપણું, ચકરી, અંધારા, શીત, દાંત બંધાવા, ડચુરો, ડચકી, ઉંઉં, રડવું, ધુણવું, હસવું, કાળજાનો ગોળો, પ્રદર અટકી શકે છે. **કીં. રૂ. ૫). પોસ્ટ જુદું.**

છગનલાલ લલ્લુભાઇ દેશીનામાવાળા. પેલેસ રોડ નાકે, **વડોદરા.**